મુદ્રક અને પ્રકાશક
અમૃતલાલ દલપતભાઈ શેઠ

આવૃત્તિ પહેલી
પ્રત ૫૦૦૦
ઓગસ્ટ ૧૯૨૮

મુલ્ય : એક રૂપીઓ
પાકું પુંઠું : સવા રૂપીઓ
સળંગ કપડું : દોઢ રૂપીઓ

મુદ્રણસ્થાન
સૌરાષ્ટ્ર મુદ્રણાલય : રાણપુર


VISIT…

LANZAROTE Caliente.COM

સાંકળિયું

સુધારો.

પૃષ્ઠ ૧૬૨ : ઇ. સ. ૧૯૬૭ ને બદલે ૧૮૬૭



નિવેદન

પહેલા ભાગમાં અપાએલા વચન અનુસાર આશરે ૮૦ પાનાંનો એક લાંબો, વિગતભર્યો. અને તુલનાત્મક દૃષ્ટિ આપવા યત્ન કરતો પ્રવેશક લખાઇને આ ભાગમાં જ દાખલ કરવા માટે તૈયાર પડેલો છે. પરંતુ આ પુસ્તકનાં ત્રણ જ વૃત્તાંતોનું દળ, એની બહુવિધ ઘટનાઓને લીધે અણધાર્યું વધી પડવાથી નિરૂપાયે પ્રવેશક રાખી લેવો પડ્યો છે.

તેમ છતાં હજુ બાકી રહેલા બહારવટીયા રવાજી-કલાજી, ગીગો મહીયો, રામવાળો, મોવર સંધવાણી, કાદુ મકરાણી વગેરેનાં વૃત્તાંતો સંઘરી લેવાની મારી ફરજ ઉભી જ રહે છે. સારાં અને નરસાં, છતાં તે ઇતિહાસનાં અંગો છે. એની કાળી અને ધોળી બન્ને તેટલી ઘટનાઓ બની શકે તેટલા વિશ્વસનીય સ્વરૂપે સંઘરાઇ જવી જ જોઇએ, ને તેની સાથોસાથ, આ વૃત્તાંતોના પુંજ ઉપર મેં યથામતિ લીધેલું એક સંક્ષિપ્ત અવલોકન પણ સંધાડી દેવું જ જોઇએ. એ નેમ હોવાને લીધે ઉક્ત પ્રવેશક ટુંક જ સમયમાં બાકીનાં વૃત્તાંતોની સાથે ત્રીજા ભાગ રૂપે પ્રગટ થશે.

મને સાંપડેલાં આ વૃત્તાંતો ઐતિહાસિક છે, અર્ધ-ઐતિહાસિક છે, કે અનૈતિહાસિક છે, તે નિર્ણય પર પહોંચવા માટે કોઇ સરકારી દરબારી અથવા પ્રજાકીય દફતરો નથી. તેમજ એ બધાં કેવળ ચારણ ભાટનાં જ કહેલાં નથી. બહારવટીયાનાં સગાં સંબંધીઓ, પોલીસ અધિકારીઓ, ગ્રામ્ય પ્રજાજનો, ખુદ બહારવટામાં શામિલ થયેલાઓ. નજરો નજરના સાક્ષીઓ, વગેરે બન્યા તેટલા જૂજવા જૂજવા જાણકારોમાં ફરીને આ દોહન કર્યું છે. તેથી ઇતિહાસના અંધકારમાં. અમુક અંશે પણ હું આ સામગ્રીને માર્ગદર્શક માનું છું. અને તેનો આધાર લઇને હું બહારવટીયાનાં કૃત્યોની સાંગોપાંગ છણાવટ કરવા માગું છું. એ છણાવટના મુદ્દા આ પ્રકારના રહેશે.

૧. ઈતર દેશોના તેમજ પ્રાંતોના બહારવટીયા : તેની પ્રત્યે દેશવાસીઓનાં દિલસોજ વલણ : એ દિલસોજીનાં કારણો : બહારવટીયાનાં જીવન-વૃત્તાંતોનું યુરોપી સાહિત્યમાં ગુંથણ.

૨. આપણે ત્યાં બહારવટીયાનાં ઐતિહાસિક પુસ્તકો : કીનકેઇડ અને બેલનાં લખાણો પર સમાલોચના : અંગ્રેજ ઇતિહાસકારોની ઉપરછલીયા પ્રકૃતિ : રા. સા. ભગવાનલાલ સંપતરામનો વાઘેરોના બળવાનો સંગીન ઇતિહાસ.

૩ સોરઠી બહારવટીયાઓના વિભાગો : બહારવટે નીકળવાનાં કારણો. સત્તાના જૂલ્મો : નિરાશા : પોતે માનેલા અન્યાય સામે મરણીયો પડકાર :

૪ તેઓનાં સંકટો : એકલા હાથે અન્યાય સામે ઝૂઝવામાં કેટકેટલાં વર્ષોનું અડગ ધૈર્ય : બાળબચ્ચાંથી

અને ઘરબારથી વંચિત બનીને નોતરેલા ભૂખમરા ને દગલબાજીયુક્ત કરૂણ મૃત્યુઓ:

૫ તેઓનાં ઠામ ઠેકાણાં : લશ્કરો · હથીઆરા સાલ સંવત · સત્તાનાં સૈન્યો મોટી સંખ્યામાં તેમજ વિપુલ સામગ્રીવાળાં હોવા છતાં ધરપકડમાં વિલંબ થવાનાં કારણો · બહારવટીયાને આશરો આપનાર સ્થાનો સૈન્યોની કુનીતિ પ્રજાપીડક તપાસનીતિ બહારવટીયાને જતો કરવામાં સિપાઓની બદદાનત.

૬ બહારવટીયાના વ્હેમો ઇષ્ટ દેવતાઓની ઉપાસના · ગેબી મદદગારો પર વિશ્વાસ અમુક જાતનાં તાવીજો અને અમરત્વ અપનારી વસ્તુઓ · દેવોપાસનાનાં સારાં માઠાં તત્ત્વો

૭ નારી–સન્માન ચારિત્ર્યની નિર્મળતા· વીરધર્મ· શત્રુ પ્રત્યેનો ધર્મ નેકી એકવચનીપણું · Code of honour. પરંતુ તે બધાંની વિચિત્ર ગતિ.

૮ શારીરિક તપશ્ચર્યા.

૯ મોજીલી પ્રકૃતિ · પરોપકાર વૃત્તિ : ધનસંચયની વાંછનાનો અભાવ.

૧૦ લૂંટફાટનાં કારણો · શાહૂકારો પ્રતિ દાઝ ; ચોપડા શા માટે બાળે ? પ્રજા જાલીમ રાજા સાથે શા માટે સહકાર કરે એ એની રીસ : મૂડીદારોની ચૂસણ નીતિનો કિનો.

૧૧ ખેડુતો પ્રતિ રોષ · સાંતી શા માટે છોડાવે ? જમીન પર કોનો હક્ક ? અન્યાયથી ઝૂંટાવી લીધેલી

પોતાની ધરતીમાંથી એક કણ પણ શત્રુ–રાજસત્તાના કોઠારમાં જવા ન દેવાનો નિરધાર.

૧૨ અંગ્રેજો પ્રત્યેની દાઝ : ગોરાઓની કતલ : તેનાં ઉંડાં કારણો : તેનાં યશગીતો અંગ્રેજ રાજસત્તા સામે નિર્ભય બની હથીયાર ધરવાનો ચોરસ : પ્રજાને નિશસ્ત્ર બનાવી દઇ, નિર્વીર્યતામાં ઉતારવા માટે કંપનીના કારોબારનું આગમન હોવાનો તેઓનો સંદેહ

૧૩ લોકોનો સહકાર : પ્રજાની દિલસોઝી : કેટલી હદે સાંપડી શકી ? પૂરેપૂરી કેમ ન પ્રાપ્ત થઇ ? થઇ હોત તો તેઓને ન્યાય જલ્દી મળી શકત કે નહિ ? બહારવટીયો લોકસત્તાને કેમ ન અપનાવી શકયો ?

૧૪ ઘાતકી આચરણો · કેટલે અંશે બચાવ કરવા યોગ્ય· કેટલે અંશે ધિક્કારપાત્ર· યુગનાં તત્ત્વોનો રંગ કેટલો, ને કેટલી આત્મગત ક્રૂરતા . યુદ્ધ–નીતિની આવશ્યકતાને લીધે કેટલું આસૂરીપણું અને અંતઃકરણમાં ઉતરેલી અધમતા કેટલી.

૧૫ યુગ–સંસ્કારોનો અભાવ : ન રાષ્ટ્રભાવ, ન ધર્મભાવ, ન માલીકી–હક્કની પવિત્રતાનો ખયાલ· ન કોઇ ન્યાય તોળનાર મધ્યસ્થ સત્તા વા સંસ્થાનું અસ્તિત્વ : ન કોઇ વિશ્વાસપાત્ર વગદાર પક્ષ સમાધાની કરાવનાર : અહિંસાવાદનો યુગ વર્ત્યો નહોતોઃ ન શિક્ષણ : ન વીરત્વના અન્ય આદર્શોની હાજરી : બહુમાં બહુ તો રામાયણ મહાભારતનું જ શ્રવણ અને તેમાંથી નીપજતું યુદ્ધ–સંસ્કારનું સીંચન : બાકી તો પોતાના જ પૂર્વજોની વિચિત્ર કુલિનતાનું રક્ષણઃ બલવંત મનુષ્યોઃ શરીરે ને આત્માએ કરી બલવંતઃ આત્મૌદાર્યના ચમકારઃ શિયળના

વ્રતધારી : શૌર્યની સામે વંદના દેનારા : ભોળા : મરણોન્મુખ : અડગ ને અણનમ : મહોપ્રાણ : પરંતુ મધ્યયુગની પરિમિતતાનાં પાંજરમાં પૂરાયેલાંઃ જ્ઞાનની જ્યોત પહોંચેલી નહિઃ અણઘડયું રહી ગયેલું વીરત્વઃ પાસ પાડીને તેજસ્વી બનાવનારૂં કોઈ પડખે ન મળે:

૧૭ તેઓનાં પ્રશસ્તિ-ગીતો : રણકાવ્યો : નાન દોહાથી લઈ મોટાં epic નાં અનુકારી ગવ્યો. એ કાવ્યન રચનારા કોણ કોણ ! લૂંટારાનાં ઇનામો લેવાની અધમ લોલુપતામાંથી જ અવતરેલાં ? કે વીરપૂજા અને શૌર્યપ્રેરણાની ભાવનામાંથી પણ જન્મેલાં ?

૧૮ બહારવટીયાને શુરવીર કહેવા કે નહિ ? જગતે વીરત્વનાં બિરદ વડે કોને કોને નવાજેલા છે ? વિશ્વની તવારીખના મહાવીરોથી લઇ નાના મોટા યુદ્ધવીરો, ત્યાગવીરો, દાનવીરો, કલાવીરો, સુધારક વીગે, સ્ત્રીસન્માનના વીરો નક્કો કરવામાં દુનિયાએ કઈ તુલા ને કયાં તોલાં વાપરેલાં છે ? એ તુલા પર બહારવટીયો જોખાય તો તેનું કેટલું વજન ઉતરે છે ? આદર્શ વીરનરો ઇતિહાસના આરંભથી માંડીને આજ સુધી કેટલા ? ઘણાખરા heroes in making : વત્તે ઓછે અંશે.

૧૯. આજનાં તોલાં ત્રાજવાં : મૂડીવાદના હત્યાકાંડો : યુદ્ધ, વેપાર, જાહેર જીવન, કલા સાહિત્ય, પત્રકારિત્વ, સમાજ સુધારણા, પાંડિત્ય, વિદ્વતા, વગેરેમાં દતા-રહે ભરે લેતા-રહે રાજ કરતા દંભ, દુરાચાર, સંહાર-નીતિ, પ્રજાનો હ્રાસઃ તેની સરખામણીમાં બહારવટીયો કેટલો પાપી ઠરવો ઘટે ?

૨૦ રાજસત્તાઓની મદાંધતા ને સ્વાર્થાંધતા: રાજ્યવિસ્તારની લોલૂપતા તેમજ આવશ્યકતા: વીરનરો પ્રતિના અનાદર: ઇન્સાફની અદાલતોમાં ન્યાયનાં નાટકો: અંગ્રેજ સરકારની લશ્કરી સહાય પર અવલંબન: અંગ્રેજ સત્તાએ એ અવલંબન આપવામાં ધારણ કરેલી મનાતી પક્ષકાર નીતિ: નાનાઓને પોતાની રાવબૂમ સાંભળનાર કોઇ નહિ હોવાના નિરાશાજનક ખયાલો: એજન્સીની મોટી જવાબદારી.

૨૧ બહારવટું તો સદાકાળ ચાલ્યું છે. રાજસત્તાના અન્યાયો હશે ત્યાં સુધી ચાલશે: દરેક યુગનું બહારવટું જૂદી ભાતનું, પણ સિદ્ધાંત તો એક: રાજસત્તા, ધર્મસત્તા, હર કોઇ સત્તાના અધર્મ સામે મરણીયો હુંકાર: મધ્યયુગી બહારવટીયાનાં મક્કમતા, મરણીયાપણું, ત્યાગ, સહન શક્તિ, પ્રભુશ્રદ્ધા, આત્મશ્રદ્ધા, ઔદાર્ય ને વીરનીતિ, નવા યુગને આરે અવતારવા લાયક: એનું મૃત્યુંજયત્વ આદરને યોગ્ય: એનાં ઘાતકીપણાં, નિર્દયતા, સંહારનીતિ, વગેરે ત્યજવા ને તિરસ્કરવા લાયક:

૨૨ સોરઠની લડાયક જાતિઓનું ભાવી: એની ખાસીઅતો: નેકી, નીતિ, ભોળપ, વગેરે કુલપરંપરા. એના ભાવીનો આંટી ઉકેલ: એની અત્યારની ગુન્હાહિત દશા: એને માટે કોણ જવાબદાર: એનાં નાશ થકી સમાજને લાભ હાનિ: એનું અસ્તિત્વ ઇષ્ટ કે અનિષ્ટ? ઇષ્ટ હોય તો તે કેવે સ્વરૂપે?

બધાને રૂચે તેવો દાવો કોઇનો ન હોઇ શકે. ઉપરાંત આ આખો વિષય જ નવીન હોવાથી તેમજ બીજી બાજુ વર્તમાન યુગે આપણી વિવેકબુદ્ધિ ઉપર ઘણા ઘણા પ્રશ્નોના એક જ વખતે એકસામટા હુમલા કરેલ હોવાથી સીધી અને તટસ્થ દૃષ્ટિએ આ વિષયને તપાસવાનું મુશ્કિલ પણ થઇ પડે છે. નૈતિક અને સામાજીક ધોરણોની કસોટીએ 'બહારવટીયા' ઉપર ચાહે તે વિચારો ફેંકી શકાય છે. પરંતુ તે છતાં મેં વીણેલી સામગ્રીનું સામગ્રી તરીકેનું સ્થાન તો ઉભું જ રહે છે. ઇતિહાસકારને માટે એમાં સ્થિર બળતી વિદ્યુત–જ્યોત જડાય કે ન જડાય. પણ ઝાંખી વાટે બળતી દીવીનો અર્થ તો અવશ્ય એ સારી શકશે. વ્યક્તિઓ તરીકે બહારવટીયાના ગુણદોષનો નિર્ણય આ યુગમાં બહુ આવશ્યક પણ નથી રહ્યો. છતાં ભૂતકાળના સમષ્ટિ–જીવનના થરો ઉખેળવામાં એ વ્યક્તિ–જીવનના બધા પોપડા મદદગાર થશે.

ને સાહિત્યની શી શી સેવાઓ આ વૃત્તાંતો વડે સંભવિત છે ? યુરોપી સાહિત્ય એનો ઉત્તર આપશે. વીરશ્રીનો આરાધક સર વૉલ્ટર સ્કૉટ એ વાત બોલશે. યુરોપ અમેરિકાના રોમાંચક અને શૌર્યપ્રેરક ચિત્રપટો, એ 'ગોશો' અને 'બેનહૂર' બોલશે. ગોવર્ધનરામભાઇનું 'સરસ્વતીચંદ્ર' બોલી રહ્યુ છે. આપણા આધુનિક નવલ–સાહિત્ય અને નાટ્ય–સાહિત્યમાં પણ 'બહારવટાં'નું તત્વ ગુંથાતું થયું છે. તેવે સમયે બહારવટીયાને નામે રચાતી કૃતિઓ અસંભવિત અથવા અસંગત કલ્પનાઓએ કરીને વિકૃત અથવા ભ્રામક ન બને; એ

નેકી અને નોક ટેકનાં જૂનાં દષ્ટાંતોમાંથી પ્રેરણા મેળવીને નવાં સર્જનો વધુ સ્વાભાવિક તેમજ ઓછાં નાટકીય બને; એ ઉદ્દેશની સફલતા માટે પણ જૂનાં વૃત્તાંતો સંઘરવાનો ઉપયોગ છે.

આ સંગ્રહની અંદર સહાય આપવા માટે રા. રા. રાણાભાઇ આલા મલેકનો, બેટવાળા રા. રા. રતનશી લધુભાઇનો, ચીરોડાવાળા રા. રા. દેવીસીંગજીભાઇ સરવૈયાનો, રા. રા. ધીરસિંહજી વેરાભાઇનો તથા મિત્ર હાથીભાઇ વાંકનો આભાર માનું છું. "ઓખામંડળના શૂરવીર વાઘેરો" નામના પુસ્તકના સંપાદકોનો પણ ઋણી છું. આંસોદરના ગઢવી દાદાભાઇને પણ કેમ ભૂલાય?

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર : ૪-૮-૨૮ } સંપાદક



જોગીદાસ ખુમાણ



કવિશ્રી ન્હાનાલાલે 'સોરઠી તવારીખના થરો' ઉખેળતા જોગીદાસને અત્યત માનભેર સભાર્યો છે અને પોતે 'જોગી બહારવટીઓ' કહી બિરદાવેલ છે પોતે સોરઠનુ 'શેબરોય' લખે તો જોગીદાસને વિષે જ લખે, એ એમની ભાવના છે

ભાવનગર રાજને એણે દુશ્મનાવટથી પણ શોભા ચડાવી. વજેસગ–જોગીદાસની શત્રુ–જોડલી તો અપૂર્વ બની ગઇ છે, બન્નેએ પરસ્પર વીરધર્મના પાલનમા જાણે કે સ્પર્ધા ચલાવી હતી

છતાં જોગીદાસને ભાવનગરના ઇતિહાસમા સ્થાન નથી 'The Bhavnagar Statistics નામનુ એકનુ એક રાજમાન્ય તેમજ સરકારમાન્ય ઇતિહાસ-પુસ્તક વજ્રજોગાની અન્યોન્ય નેકીનો શબ્દ સરખો યે નોધતુ નથી અને કૅપ્ટન બેલનો ઇતિહાસ તો ઉક્ત પુસ્તકમાથી જ ઉતારો કરે છે । વાર્તાને છેડે બેલનુ કથન'મે ટાકયુ છે

જોગીદાસે ભાવનગર રાજ્ય સિવાયના ગામ ભાગ્યા કયારે સાભળવામા નથી લૂટ કરવામા સીમાડો ભાવનગરનો જ છે ને, એ વાતની ચોકસી રાખતો સીમાડાનો એનો પાકો માહેતગાર હતો, માટે જ અમરેલી-ભાવનગર વચ્ચેના સીમાડાની તકરાર એના ફેસલા માટે સોપાણી હતી એમ કહેવાય છે

એક ખુલાસો ૧૫ મે પાને પ્રસગ ચોથામા જોગીદાસ દાદભા કુવરને ખરખરે શિહોર ગયાનુ લખ્યુ છે પરતુ પાછળથી માલૂમ પડયુ કે એ મૃત્યુ-પ્રસગ દાદભાનો નહિ, પણ દાદભાથી નાનેરા કુવર મેરામસિહનો હોવો જોઇએ

"મારા દાદા સામત ખુમાણે ભાઇ બેટાઓના લીલાં માથાં વઢાવી વઢાવી કુંડલાની ચોરાશી ઘેરે ફરી, રાવણ જેવા ખસીઆઓનું જડાબીટ કાઢી મીતીઆળા સરખા કિલ્લા હાથ કર્યા, અને શું આજ ઠાકોર આતોભાઇ પોતાની બંદુકડીયું બતાવી અમારા ચોરાશી પાદર આંચકી લેશે? ના, ના, અમે સામત ખુમાણના નવે પોતરા, બાપ આલા ખુમાણના અમે નવે બેટડા બારવટા ખેડશું."

"આપા દાદા! તમારા આઠ ભાઇઓની આશા તો હવે મેલી દ્યો" ખબર દેનારે કહ્યું.

"કાં?"

"એને તો ઠાકોર વજેસંગે પાળેલા પશુડાં બનાવી લીધાં. ઇ તો એ પૂંછડીયું પટપટાવે!"

"એટલે?"

"એટલે શું? સહુ પોતપોતાના ૭ ૭ ગામ દબાવીને બેસી ગયા, ત્યાં તો ઠાકોરનો સંદેશો આવ્યો કે મારી શરત નહિ માનો તો શેત્રુંજીને કાંઠે ફરીને તોપખાનું ફેરવીશ; ખુમાણોને ફુંકી દઇશ"

"શી શરત ?"

"અકેકે ગામ ડુંગરી (સુવાગ) અને પાંચ પાંચ ગામમાં ભાવનગર દરબારના ત્રણ ભાગ : ફક્ત ચોથ જ તમારી ખુમાણોની: એમ જો ગરાસ ખાવો હોય તો જ ખાવા દેશું. નીકર ભીંસીને ભાંગી નાખશું."

"વાહ ઠાકોર ! કરામત સારી કરી પછી ? કોણે કોણે કરાર કબુલ કર્યો ?"

"પેલો ભાઇ ભોજ ખુમાણે અને એની વાંસે બાકીના સાતે જણાએ"

"પીઠાએ, વીરાએ, સરાએ, લૂણાએ તમામે ?"

"તમામે"

"ડાડા સામત ખુમાણના પોતરાએ ? ખોરડું વેચી નાખ્યું ? બંદુકડીથી બીના ?"

"મરવું દોયલું છે આપા ! ભાવનગરને પોગાય એમ નથી. સૂરજ સામી ધુડ ઉડાડવી છે ને ? તમે પણ બેસી જાવ. ઠાકોર કે'વારે છે."

"કે ?"

"કે આપા હાદાને પણ એક ડુંગરી ગામ, ને બાકીનાં પાંચમાં ચોથ."

"નીકર ?"

"નીકર તોપખાનાને મોઢે બાંધશે ભાઇયુંનું જોર તો હવે ભાંગી ગયુ. હવે કોનાં બાવડાં માથે ઝુઝશો આપા હાદા ?

"મારા ત્રણે વીરભદરનાં બાવડા માથે ! મારા ગેલા, ભાણુ ને જોગીદાસનાં બાવડાં માથે. ભલે ભોજ કુવાડાનો હાથો બન્યો. ભલે ભાઇયું બેસી ગયા. ભગવાને દીકરા શીદ દીધા છે ? શોભા સારુ નહિ, મરવા મારવા સારુ. અમે મરશું. પણ ભાવનગરનાં અઢારસેં ય ઉજ્જડ કરશું. ઠાકોર દૂધ ચોખાની તાંસળીમાં રોજ

ખુમાણોનાં ભાલાં ભાળશે. ઉઠો બાપ ગેલા ! ઉઠો ભાણ ! ઉઠો આપા !"

ત્રણ દીકરા, ને ચોથો બુઢ્ઢો બાપ: ઘોડે ચડી ચાલી નીકળ્યા.

"આપા ! શું કરછ બાપ !" હાદા ખુમાણે કુંડલાની નદીમાં ઉભા રહી ગયેલા પુત્ર જોગીદાસને સાદ કર્યો. જોગીદાસને સહુ 'આપો' જ કહીને બોલાવતા.

"કાંઈ નહિ, બાપુ ! આ તો કુંડલા ન કામીએ ત્યાં સુધી નાવલીનું પાણી અગરાજ કરતો આવું છું."

નાવલીનાં અખંડધારાં નીર: નીલો ઘટાદાર કિનારો: કાંઠે ચરતી ભેંસો: અને કાંબી કડલાં પહેરીને ત્રાંબા-બેડે પાણી ભરતી કણબણો: એને માથે મીટ માંડીને બાપ બેટા ચાલી નીકળ્યા.

સંવત અઢાર પંચોતરે
ફળહળીઆ ફરંગાણ,
ધર સોરઠ જોગો ધણી
બોલબળતલ ખુમાણ

[સંવત ૧૮૭૫માં જે વખતે ફીરંગાઓ (અંગ્રેજો) સોરઠ ધરામાં હતર્યા, તે વખતે જોગો ખમાણ સોરઠની ધરતીને રાખી શકી હશે રહ્યો.]

૨

ફીફાદ ગામને પાદર ઘાટી ઝાડી છે, અને ઝાડીની અંદર ત્રણ ચાર જૂની આંબલીઓની ઘેરી ઘટામાં ધનંતરશા પીરની દરગાહ આવેલી છે. સવાર સાંજ એ સ્થળે લોબાનના ધૂપની એવી ભભક છૂટે છે, કે આપોઆપ ખુદાની યાદ જાગે, વિચારો ગેબમાં રમવા માંડે.

એક દિવસ સાંજ નમે છે. બુઢ્ઢો મુંજાવર મુરાદશા એક નળીઆની અંદર દેવતા ભરી તે ઉપર લોબાન ભભરાવી રહ્યો છે,

ગામમાંથી હિન્દુઓના ઠાકરની પણ આરતી સંભળાય છે. પીરો અને દેવતાઓને બહાર નીકળવાની વેળા છે.

એવામાં ઓચીંતો એ ઝાડીમાં એક બંદૂકનો ભડાકો થયો. ધૂમાડા નીકળ્યા. અને ક્રીયો ! ક્રીયો ! ક્રીયો ! એવી કારમી ક્રીક્રીઆરી પાડતો એક રૂપાળો મોરલો ઉડ્યો. ઉડતો ઉડતો, ઉડવાની તો તાકાત નહોતી તેથી અરધો પરધો હવાની ઉપર જ તરતો તરતો મોરલો નીચે ઉતર્યો. અને દરગાહ પર ધપ દેતા બુઢ્ઢા મુંઝાવર મુરાદશાના પહોળા ખોળામાં પોતાના આખા ક્લેવરનો ઢગલો કરીને મોરલો પડી ગયો.

ધોળી દાઢી ને માથે સેંથો પાડી ઓળેલા ધોળા લાંબા વાળ વાળો, સફેદ ધાટાં ભવાં અને સફેદ પાંપણોથી શોભતો, ગળે પીળા પારાની તસબી અને અંગે લીલી કફની વાળો એ સાંઇ મૌલા ચમકી ઉઠે છે. મોરલાનાં મસ્ત શરીરમાંથી ધખધખતા લોહી વડે એની લીલી કફની લાલ ચોળ બનવા લાગે છે, ને પોતાના પ્યારા મોરલાના બદનને ગોદ સાથે ચાંપી લઇ, એની ઢળી પડેલી, આસમાની મખમલ શી મુલાયમ લાંબી ડોક પર હાથ ફેરવી પંપાળે છે, અને છેલ્લાં દમ ખેંચતા એ દેવપંખીને બેબાકળો બની પૂછે છે કે "અરે ! અરે બચ્ચા મોતીયા ! તીજે કયા હુવા ! એ મેરા પ્યારા ! કોન શયતાનકા બચ્ચાને તીજે ઝખમી કીયા ! મોતીયા ! મોતીયા ! મોતીયા !

ત્યાં તો ઝાડીમાં ખડખડાટ થયો. 'મેલી દે એય સાંઇ !' એવી ત્રાડ પડી. ને હાથમાં સળગતી જામગ્રીવાળી લાંબી બંદૂક હીંડોળતો એક મહોન્મત્ત સંધી પોતાની ખુની આંખો ખેંચીને શ્વાસભર્યો ધસી આવ્યો. આવીને ફરીવાર હાકલ દીધી કે "મેલી દે ઇ મોરલાને ! શિકાર તેં નથી કર્યો, મેં કર્યો છે. મેલી દે જલ્દી !"

"અરે કમબખ્ત ! તીને યે મોરલા પર ગોલી ચલાયા ! ધનંતરશા પીરકા અસવારી કરનેકા યે દુલ્દુલ પર ગોલી ચલાયા ! તીને ઇસ જગામેં શિકાર કીયા હેવાન ?"

" હવે મેન મેન હેવાનના દીકરા ! ઝટ મોરને મેલી દે, નીકર માર ખાઇશ '

" અરે જાલીમ ! યે પીરકા મોરના !'

હવે પીરનો મોરનો કેવો ઉતુ ? ઝાડીનો વગડાઉ મોરલો હતો ને આજ રોજા ખોલવા છે તે શાક કરવા સારૂ શિકાર કર્યો, એમા કયા તારા દીકરાને માર્યો છે, મેલી દે ! "

એટલુ બોલીને સંધીએ જોરાવરીથી મોરલાને મુજાવરના ખોળાની બહાર ખેંચ્યો મોરલાની છેલ્લી તગતગતી આંખો મુજાવરના મ્હો સામે જોઇ રહી પોચે પોચે હાથે એ ઝખ્મી પક્ષીને ઝાલી રાખવા ફકીરે ઘણી મહેનત કરી પણ દૈત્ય જેવા શિકારીએ મોરલાને ગરદન પકડીને ખેંચી, મરડ્યો પ્રાણ વિનાનુ દેહપીંજર લઇને શિકારી ચાલી નીકળ્યો

ધનતરશા ! પીર ધનતરશા ! ઓલીયા ધનતરશા ! " એમ ત્રણ ભયંકર અવાજ દેતો દતો બુઝર્ગ મુજાવર પીરની દરગાહ સામે ઘુંટણીએ પડીને બેસી ગયો ઝાડવાની ઘાટી ઘટામાંથી આથમના સૂરજની પચરંગી તડકીઓ દરગાહ અને ફકીરને માથે ઢોળાવા લાગી લોબાનનો ધૂપ ગોટેગોટ ધૂમાડા ચડાવીને પીરના થાનકની ચોપાસ ઝાડવાને પાંદડે પાંદડે છવાઇ ગયો દરગાહનો ઓટો મુજાવરના અવાજથી થરથરી ઉઠ્યો પીર જાણે પોતાની સફેદ રેશમ નીચે સળવળવા લાગ્યા હોય તેમ પવનમા કફન ફરકી ઉઠ્યુ અને આંસુડે નીતરતી આંખો મીંચીને મુજાવરે સાદ દીધો કે ' ઓ પીર ! આજ રમજાન મહિનાની ખુદાઇ સાંજને ટાણે, તારા દુલ્દુલ મોતીયાનુ લોહી પીને ખાનાર નાપાક સંધીઓ ઉપર મારી કકળતી આંતરડીની બદ્દુવા પુકારૂં છું ઓ બાપ ! જે મોરલો એના પેટમા જ હોય ત્યાં જ જો ખુમાણોના ભાલા એ મોરલાના ખાનારાના પેટમા પરોવાઇ ન જાય તો હું ફકીર નહિ, તુ પીર નહિ, ને આસમાનમા ખુદા નહિ ! '

એવા શાપ ઉચ્ચારીને મુંજાવરે ઓટાના પત્થર ઉપર પોતાના બન્ને પંજા પછાડ્યા. પછાડવાની સાથે જ એનાં દસે દસ આંગળાંના જીવતા નખ નીકળી પડ્યા. દરે આંગળીનાં ટેરવામાંથી લાલઘોળ લોહીની ધારાઓ વછૂટીને પારની ફરશબંધ પર દડ! દડ! દડ! દડ! પડવા લાગી. પચાસ સંધી સિપાહીઓ, ઝાડવાંની ઝુંડમાં થંભી જઈને આ કદુવા સાંભળી રહ્યા ને એ ડમકમાટી ભરેલો દેખાવ સંધ્યાના અંધારા-અજવાળામાં નિહાળી રહ્યા. સંધ્યા જાણે ગમગીન બની ગઈ. અંધારાં ફેલાવા લાગ્યાં તો પણ સાઈમોલા ઘુંટણભર બાંધ દરગાહની સામે સૂનસાન બનીને બેઠો જ રહ્યો. થોડીકવારે અંધારામાં જાણે ગેબની મશાલો પ્રગટ થઈ. ઘોડા પર ચડીને જાણે કોઈ દેવ-અસવારી ઝાડની ઘટામાં ચાલી ગઈ. માણસો વાતો કરતા કે કોઈ કોઈ વાર રાતે અંધારામાં આવા દીવા આંહીં જોવામાં આવે છે. ધનંતરશા પીરની જ એ સવારી નીકળે છે.

દાંત-કાઢના કાઢતા સંધીઓ માંહોમાંહે વાતો કરવા મંડ્યા કે "હવે એવા ફકીરડા તો બચારા કેક રખડે છે. એવાને તો રોના કૂટવાની ટેવ પડી. એવાની કદુવાયું તે ક્યાંય લાગતી હશે?"

"હા હા, એવા તમ તમારે ઝટ મોરલાને વનારી નાખો. ઝટ શાક રાંધીને રોજા છોડીએ. પેટમાં લા લાગી ગઈ છે. ને હજી તો પંથ બહુ લાંબો પડ્યો છે."

એવી વાતો કરતા કરતા આખા દિવસના ભૂખ્યા તરસ્યા બંદૂકદાર સંધીઓએ પાપની રસોઈ પકાવી સહુએ પેટ ભરી ભરીને રોજા ખોલ્યા. ફક્ત એક જ સંધીએ મોરલાનું માંસ ન ચાખ્યું.

પાસેથી કુંડલા પરગણાંનાં ચોરાશી ગામ આંચકી લઇને ભાવનગરના મહારાજાએ ઇસ્માઇલ જમાદારને એના પાંચસો બરકદાજ ઘોડેસવારો સાથે કુંડલાની નાવલી નદીને કાંઠે થાણું બેસાડીને રાખ્યો હતો. ખુમાણો ભાવનગરના જોર સામે બહારવટે ઝૂઝતા હતા કરડો, કદાવર અને નીમકહલાલીના પાકા રંગે રંગાઇ ગયેલો ઇસ્માઇલ જમાદાર તે દિવસે કુંડલાથી નીકળી, પચાસ ઘોડે ભાવનગર ગામે પોતાનો ચડત પગાર વસૂલ લેવા જાય છે. રમજાન મહિનો ચાલે છે : ૨૯ સંધીઓ રોજા રહે છે. તે દિવસની રાત ઢીફાદ ગામમા ગાળવા તમામ ઉતરી પડે છે. તે વખતે ધનંતરશા પીરની ઝાડીમાં આ બનાવ બને છે, અને ઇસ્માઇલ પોતે પણ પોતાના લશ્કરીને ભૂલાવ્યો એ પીરની ઝાડીના મોરવાની માટી ખાવા બેસી જાય છે સાંઇના શાપની એને પરવા જ નથી.

આખી રાત ઢીફાદ ગામમા રહી પરોઢયે સરગી કરી જમાદાર ઇસ્માઇલ પોતાના પચાસ ઘોડે ચાલી નીકળ્યો. મુરાદશા મુંજાવરે ખુમાણોનાં ભાવાં ભોંકાવાનો શાપ દીધો, પણ એને તો જરાય ઓસાણે નથી કે આસપાસ પચાસ પચીસ ગાઉમા બહારવટીયાનો પગરવ પણ કયાંયે હોય ખુમાણોને માથે ઠીકાઠીકનો જાબદો કર્યાની ખુમારીમાં મૂછે વળ દેતો સંધી ઘોડા હાંકયે જાય છે એમાં બરાબર થેઠી–ચ્યાદપરના કાંસામાં દાખલ થતાં જ મહારાજે કોર કાઢી, અને સામી બાજુએ જાણે બીજો એક નાનંકડો સૂરજ ઉગતો હોય એવુ દેખાડતા, કિરણો જેવા લાગતાં સોએક ભાલા ઝળેળાટ કરી ઉઠયા એ ઝળેળાટ અને એ સજાવટ ઉપરથી જ સંધીઓએ પારખી જઇને અવાજ દીધો કે "ઇસ્માઇલ જમાદાર ! કાઠીઓ આવે છે."

"અરે હોય નહિ !"

"હોય નહિ શું ? લ્યો ત્યારે, એ આ કટક વરતાણુ."

"ફકર નહિ. આપણે ખભે એકાવન બંદૂકું પડીયું છે, ને ઇ બચારા આઠ હથીઆરા છે હમણા વીંધી લઇએ. જામગ્રીયું ચેતાવો ઝટ !"

પલકમા તો ચકમક અને લોઢાના ઘસારામાથી એકાવન હાથમાં આગના તણખા ઝીણા રાનાં વગડાઉ ફુલની માફક રમવા લાગ્યા અને જામગ્રીઓ ઝળુકી ઉઠી "હા ફુકી દો !" એવો હુકમ થવાની સાથે એકાવન લાળી બંદૂકો અલમસ્ત ભુજાઓમા ઉપડીને પહોળી દાવ જેવી છાતીઓ ઉપર ટેકો લઇ ગઇ તીણી આખો પોતપોતાના વડીયાની સામે નિશાન લઇ રહી, સામેથી કાઠીઓના ઘોડા વેરણ છેરણ થઇ ગયા, કોઇ પોતપોતાની ઘોડીઓના પેટાળે ઉતરી ગયા, કોઇએ ઘોડીઓની ગરદન આડા માથા સતાડ્યા, કોઇએ હાનો હાકીને તનનારો ખેચી લીધી, પણ જ્યાં સધીઓ બંદૂકોના કાનમા દારૂ મેલીને સળગતી જામગ્રી દાબે છે, ત્યા તો ચુરરરર ! થઇને કાનનો દારૂ સળગી ગયો એકાવનમાથી એકે પણ બંદૂકનો ભડાકો ન થયો !

શુ કારણ બન્યુ હતુ ?

પાછલી રાતે મેવરવો પડેલો હોવાથી દારૂ હવાઇ ગયેલો એટલે બંદૂકો કાન પી ગઇ કોઇને એ વાતની સરત નહોતી રહી કેમકે મોરલાનો ભક્ષ કરનારનો કાળ આવવો નક્કી થઇ ચૂકેલો હતો. એકાવને બંદૂકો હાથમા રહી રહી, અને સામેથી ચોકાર કાઠીઓએ ઘોડીઓ ચાપી ભાલા ચકર ! ચકર ! સહુના હાથમા ફરવા લાગ્યા, અગ્નિઝરતા કોઇ કુડાળા સળગતા હોય એવો દેખાવ થઇ રહ્યો, ને મોદા આગળ સધીઓએ દાણો દાણો થઇ, વેરાઇ જઇ ભાગવા માડ્યુ

કાઠીઓએ જોયુ કે હમણા સધીઓ હાથમાથી ચાલ્યા જશે ઘોડાને આબળા નહિ આપે પલકમા તો કાઠીઓના આગેવાનને કરામત સુઝી ગઇ એણે હાકલ કરી કે "એલા જોજો હો, જો સધીડા ઓના ભૂતના કૂવામા પેસી જાશે ને, તો આપણને મારી પાડશે હો ! પછી આપણી કારી નહિ ફાવે"

ભાગતા સધીઓ સાભળે તેવી રીતે આ યુક્તિભર્યું વેણ બોલાયુ. સાભળતાની વારે જ સધીઓના કાન ચમકયા સાચે-સાચ જાણે ભૂતના કૂવામા દાખલ થઇ જવાથી આપણો બચાવ જશે ! એવી ભ્રમણામા આધળાભીંત બનીને એ એકાવને

જણાએ 'બૂટના કૂવા' નામની એક ભાડ થઇ ગયેલા મોટા કૂવાની કોરી ખાડયમાં ઘોડા કુદાવ્યા ફરીનાર બદૂકો તોળી. જામગ્રી ચાંપી પણ કાન પી ગયેલી બદૂકો ન જ વછૂટી ત્યારે એએ ખાડયને કાંઠે ઉભા રહીને ભાલા બરછી તેમજ તરવા રોના ઘા કરી સધીઓનો કચ્ચરઘાણ વાળી નાખ્યો

"બસ કરો બહાદૂરો ! હવે બહુ થયુ !" એટલુ બોલીને એ પચાસ લાશો વચ્ચેથી એક સધી અણિશુદ્ધ શરીરે બહાર નીકળ્યો

"અરે ! આ શુ ઠીક ? આખા ટટકનુ ખળુ થઇ ગયુ ને તું એક જીવતો ?"

"જીવતો છુ એટલુ જ નહિ, જોગા ખુમાણ ! પણ આ ડીલને માથે નજર તો કર ! તારો એક ઘા યે કયાંઇ ફૂટયો ભાળછ ?"

બ્હારવટીયો થંભીને જોઇ રહ્યો

"જોગીદાસ ખુમાણ ! આ પચાસને માર્યા તેના તને તો ઝાઝા રગ છે પણ એને મારનાર તો મુરાદશા મુજાવરની કદુવા હતી પીરનો મોકલ્યો ખાનાના પેટમા તાગ ભાલા પરોવાવાના જ હતા ને આહીં જો ! મે મોરચો નો'તો ખાધો, મને એક પણ જખમ નથી પુગ્યો !"

"કયા છે મુરાદશા ?"

"આ ફીફાદની ઝાડીમા ધનતરશા પીરને થાનકે અભે-માન કર્યા વિના એના પગમા પોગી જા, જો બહારવટે જશ લેવો હોય તો !",

મુખડે જેને પરનારીસિદ્ધ મહા જોગદરની જ્યોત પથરાઇ ગઇ છે, જેની આખોમાથી વેરની આગ સાથે ખાનદાનીનો રસ ઝરે છે, જેની ભ્રકુટિમા જીવતેજુ મક્કમપણાનું રામધનુષ્ય ખેચાયલુ દિસે છે, એવો સુરજસત બ્હારવટીયો જોગીદાસ પલ-કમા વિચાર કરી રહ્યો પટ ! દઇને એણે ઘોડી મરડી સહુ

વારો એની પાછળ ચાલ્યા ફીફાદની ઝાડીમાં પીરને ઓટે દસે આંગળાંમાંથી નખ કાઢી નાખીને મોરલાના અફસોસમાં ગમગીન બેઠેલા બુઢ્ઢા મુંજાવર મુરાદશાના પગમા જોગીદાસે હાથ નાખી દીધા.

સાંઇના શરીર પર એના પાળેલ ખીસકોલીઓ, કાબરો ને કબૂતરો રમતાં હતાં, એક કાળો કૂતરો એના પગ ચાટતો હતો.

પોતાના બન્ને હાથ બહારવટીયાના મસ્તક પર મૂકીને મુરાદશાએ દુવા દીધી કે "જોગીદાસ ! બચ્ચા ! પીર ઓલીયો ધનંતરશા તારાં રખવાળાં કરશે" .

૩

ઠાકોર વજેસંગજી અફસોસ કરી રહ્યા છેઃ

"ઓહોહો ! ખુમાણોએ મારું ઢીમ ઢાળી દીધું : આણંદજી દિવાનને મારી પાડ્યા ! આવો નાગર ફરી નહિ મળે."

"ફિકર નહિ બાપુ. આણંદજીની કાયા તો ભાવનગરની બાજરીને કણે કણે બંધાણી'તી ને ? ને ટાણું આવ્યે તો લેખે ચડી જ જાવું જોવે ને ?"

"શી રીતે વાત બની ?"

"બાપુ, આણંદજી ભાઇ તો મહુવે એના બાપનું શ્રાદ્ધ સારવા બેઠા હતા ઘેરે મહેમાનોનું જૂથ કયાંય માતું નો'તું, એમાં વાવડ સાંભળ્યા કે બહારવટીયા ભાણગાળામાં પડ્યા છે. શ્રાદ્ધ અધૂરું રહ્યું ને ઉઠ્યા. ભાણગાળેથી બહારવટીયાને ભગાડીને આણંદજી ભાઇએ ઉડળામાં લીધા ઐરાણીના ડુંગરાની અંદર દરખાવદરના ગાળામાં ભેટભેટા થઇ ગઇ એક આણંદજી ભાઇ ને બીજો સૈયદ બાગો: એક નાગર ને બીજો આરબ: બેય જણા નીમકની રમત રમી જાણ્યા બાપુ ! આણંદજી ભાઇને ઝાટકે ને સૈયદ બાગાને જમૈયે કાદીનું ખળું કરી નાખ્યું. અંતે જોગીદાસને જે ચાંપે ખુમાણે આણંદજી ભાઇને બરછીએ પરોવી લીધા.

સૈયદ બાગાને ડીલે પણ પૂરા બત્રીસ ઘા પડયા. ખુમાણો તો એ એને જ હાળીને ભાગી છૂટયા."

"ઠીક, જેવી મા ખોડીયારની મરછ ! રાજ તરફથી આણંદજી દિવાનના માથા સાટે એના કુટુંબને ત્રણ ગામ આજથી "જાવચ્ચંદર દીવાકરા" માંડી આપું છું: વીંસળીયું, વડલી, ને લુવારા."

આખી કચારીના એકેએક માણસને મહારાજ વજેસંગના માથા ઉપરથી ઓળઘોળ થઇ જવાના ઉમળકા આવ્યા.

"અને સૈયદ બાગાનું શું થયું ?" મહારાજે સવાલ કર્યો.

"સૈયદ બાગો તો અટાણે પડદે પડયા છે બાપુ ! સૈયદ બાગાના જખ્મોને જ્યારે અમે હીરના ટેભા લઇ સીવવા માંડયા, ત્યારે એણે હીરના ટેભાની ના પાડી. એણે તો બાપુ, હઠ જ લીધી કે મને ચામડાની વાધરીના મજબૂત ટેભા લીયો. આખું અંગ વેતરાઇ ગયું'તું તો પણ એક ચુંકારો કર્યા વગર આરબે વાધરીના ટેભા લેવરાવ્યા. મોઢા આગળ આણંદજી દિવાનની લાશ પડી'તી.

"રંગ છે આરબાણી જનેતાને. એના ધાવેલા તો જરૂર ઢગે ઉભા ને ઉભા કરવતે ય વેગઇ જાયને !"

કચારીમાં આરબ અમીર ઉમરાવો ને લશ્કરી અમલદારો બેઠા હતા એનાં ગુલાબી મોઢાં ઉપર બેય ગાલે ચાર ચાર સુમ-ફીઓ ઉપડી આવી. નીમકહલાલીનાં નિર્મળાં રાતાં લોહી સહુના શરીરની અંદરથી ઉછાળા મારતાં હમણાં જાણે કે ચામડી ફાડીને બહાર ધસી આવશે એવી જોરાવર લાગણી પથરાઇ ગઇ. ત્યાં તો ચોપદારે જાહેર કર્યું કે

"બાપુ ! ઝુભાઇ રાઘવજી દિવાન પધારેલ છે."

તુર્ત જ નાગર જોદ્ધો ઝુભાઇ રાઘવજી દેખાણો. કમ્મર પર કસકસતી સોનેરી ભેટમાં જમૈયા ધબેલા છે, ગળે ઢાલ, કાખમાં સિરોહીની તલવાર ને હાથમાં ભાલો લીધો છે.

પોતાના અમીરી દેખાવની રૂડપથી કચારીને નવા રંગે રંગતો જીભાઇ હાજર થયો. મહારાજ વજેસંગજી હેતેભર્યા મળ્યા.

"જી ભાઇ! આવી પોગ્યા? બદોબસ્ત બરાબર કર્યો છે ને?"

"મહારાજને પ્રતાપે આ વખતે તો આખા ખુમાણ પથકને માથે મગીયા જાળ પાથરીને હાલ્યો આવું છું. મગ જેવડું યે ઓજીનું-ખુમાણનું નાનકડુ છોકરૂ પણ કયાંય આઘું પાછું ન થઇ શકે એવાં સંધી બરકંદાજોનાં થાણાં કુંડલા, રાજુલા, ડુંગર, આંબરડી, મીનીઆળા વગેરે તમામ જગ્યાએ થાપી દીધાં છે, પાકેપાકી મગીયાજાળ પાથરી દીધી છે બાપા!"

"રંગ તમને, જી ભાઇ! બાકી તો બહારવટીઆએ આણંદજીને માર્યા ત્યારથી મારું રૂંવાડુ હેઠું બેસતું નથી. જોગીદાસના કયાંય વાવડ?"

"જ્યાં હશે ત્યાંથી મારી મગીયાજાળમાં ઝલાઇ જાશે. હવે ફકર નથી, જોગીદાસ બાપડો હવે કેટલા દિ'?"

"હાજ તો! ભાવનગરનો ચોર તો ભાગી ભાગીને કેટલેક જાશે?" એમ બીજા અમીરે ટાપશી પૂરી.

ત્યાં તો મહારાજને દુઃખ ભૂલવવા, હિમ્મત દેવા ને રૂડું મનાવવા બીજા બધા પણ હદ કુદાવીને બોલવા લાગ્યા કે "હવે બચાડી ચંદરમાની ભાગી શિયાળ તે કયાં જઇને રે'શે?"

"એસા? કીધર જાકે રે'ગા? ઇસ્કે નીચુમે રે'ગા!"

કચારીના ખુણામાંથી એવી વસમી ત્રાડ સંભળાણી, ચમકીને મહારાજે એ ત્રાડ પાડનાર તરફ જોયું. કચારીના તમામ માણસો એ અવાજ કરનારની ખુમારી દેખી સ્તબ્ધ થઇ ગયા અને ફરીવાર એ ધોળા, વાંકડીયા ખંભે ઢળકતા વાળ વાળા, સફેદ દાઢી મૂછના ભરાવવાળા, ધોળી પાંપણો ને નેણો નીચે તબકતી ઝીણી આંખોવાળા, લીલા અંચળા ને ગળામાં પીળા પારાની માળાવાળા ફકીરે ત્રાડ દીધી કે "ઇસ્મેં રે'ગા! યે મેરા ખપ્પરકે નીચુમેં રે'ગા!"

એટલું કહેવાની સાથે જ એ ફકીરે પોતાનું કાળું ખપ્પર કચારીમાં ઉંધું વાળ્યું.

"નખ્ખોદ વળ્યું!" મહારાજનો ઉદ્‌ગાર નીકળ્યો, "મુરાદશા ઓલીયાએ ખુમાણુને આશરો દીધો!"

પલકમાં જ ચતુર મહારાજાએ બાજી પલટી નાખી. મુંજાવર મુરાદશાનો કોપ હેઠો બેસારવા મીઠાશથી બોલવા માંડ્યું કે "અરે હાં! હાં! હાં! સાંઇ મૌલા! ગુસ્સો શમાવી દ્યો બાવા! દઃખ ધોખો ન લગાડો. હોય. એ તો થયા કરે."

"મહારાજ!" મુરાદશાએ બોખા મ્હોંમાંથી દુઃખનો અવાજ કાઢ્યો, "મને દઃખ કેમ ન લાગે? જોગીદાસ જેવા લાખ રૂપીઆના કાઠીને ચોર લુંટારો બનાવી મેલ્યો એ તો ઠીક, પણ પણ ઉપર જાતાં એને નામે આ કચારી ફાવે તેમ બકે? તારી કચારીની કીર્તિ ધૂળ મળે છે, રાજા સા'બ? એમાં જોગીદાસને કાંઇ નાનપ નથી ચોંટતી."

"સાંઇ મૌલા! તમારી વાત સાચી છે. છીછરા પેટનાં મારાં માણસોએ મારું સારું દેખાડવા માટે જોગીદાસને નાનપ દેવામાં ભૂલ કરી છે. મારા દિલમાં એવું કાંઇ જ નથી. જોગીદાસ મારા મનથી તો માઇનો પુત છે. અને એના ગરાસ સાટુ એ અમને સંતાપે એમાં પણ કાંઇ ખોટું નથી સાંઇ! આપનો ગુસ્સો શમાવો."

ઉંધું વાળેલું ખપ્પર મુરાદશાએ ઉંચું ઉપાડી લીધું. ઉપાડતાં જ નીચે એક ઘોડીના ડાબલાનું તાજેતાજું પગલું ને બીજું ઘોડીની તાજી કરેલી લાદનું પોચકું દેખાયું. કચારીમાં સહુએ એ નજરોનજર જોયું, ને મહારાજ વજેસંગ પોતાના મનમાં પામી ગયા કે મુરાદશાની જગ્યામાં હવે જોગીદાસને જબ્બર ઓથ મળી ચૂકી! પણ પછી ઉપાય રહ્યો નહોતો. કામઠીમાંથી તીર વછૂટી ગયું હતું.

ભાવનગરમાં ગંગાજળીયા તળાવને આથમણે કાંઠે વડવાની જમીનના ખુણા પર આજ પણ જે 'જગ્યા' પીર મુરાદશાના

તળીઆ તરીકે ઓળખાય છે, ત્યાં વારંવાર અસૂરી વેળાએ આવીને બહારવટીયો ઉતરતો, દિવસોના દિવસ સુધી રહેતો, ને છતાં કોઇને એની બાતમી મળતી નહોતી.

૪

"બાપુ! ગઝબ થઇ ગયો."

જોગીદાસે બ્હારવટે રઝળતાં રઝળતાં એક દિવસ ભીતીઆળાના ડુંગરામાં પોતાના બાપ હાદા ખુમાણને શોકના સમાચાર સંભળાવ્યા.

"શું થયું બાપ જોગા?"

"મહારાજ વજેસંગનો કુંવર દાદભા ગુજરી ગયા."

"અરરર! દાદભા જેવો દીકરો ઝડપાઇ ગયો? શું થયું? ઓચીંતાનો કાળ ક્યાંથી આવ્યો?"

"ભાવનગરની શેરીએ શેરીએ ભમીને મેં કાનોકાન વાત સાંભળી કે શિહોરથી દશેરાને દિ' નાનબા રાણીએ કુંવરને ભાવનગર દરિયો પૂજવા બોલાવ્યા, અને કુંવર દરિયો પૂજીને પાછા વળ્યા ત્યારે નાનબાએ મંત્રેલ અડદને દાણે વધાવીને કાંઇક કામણ કર્યું: પણ કાળા કોપનું કામણ કર્યું! કુંવરનું માથું ફાટવા માંડ્યું. શિહોર ભેળા થયા ત્યાં તો જીભ ઝલાઇ ગઇ ને દમ નીકળી ગયો."

"કોપ થયો. મહારાજને માથે આધેડ અવસ્થાએ વીજળી પડયા જેવું થયું જોગા?"

"વીજળી પડયાની તો શું વાત કરૂં બાપુ! શિહોર ને ભાવનગરની શેરીએ શેરીએ છાતી ફાટી પડે એવા વિલાપ ને એવાં છાજીઆં લેવાય છે. વસ્તીના ઘરોઘરમાં પચીસ વરસનો જુવાન જોધો મરી ગયો હોય એવો કળેળાટ થાય છે."

"જોગા! બાપ! દાદભાની દેહ પડે એનુ સનાન તો આપણને ય આવ્યુ કે'વાય આપણે ના'વુ જોવે"

સહુ બહારવટીયાએ ફાળીયા પહેરીને નદીમા માથાબોળ સ્નાન કર્યુ પોતાના કાળ–શત્રુનો કુવર ગુજરે એનો સાચા દિલનો અફસોસ ગુજાર્યો અને પછી જુવાન જોગીદાસે વાત ઉચ્ચારી

"બાપુ! એક વાત પૂછુ?"

"ભલે બાપ!"

Valabhji Ramjee

"આપણે મહારાજના મોઢા સુધી ખરેખર ન જઇ આવવુ જોવે?"

હાદો ખુમાણ લગરીક હોઠ મલકાવીને વિચારે ચડી ગયા એને એકસામટા અનેક વિચારો આવ્યા મહારાજ વજેસગ, જેની સામે આપણે મોટો ખેપ જગાવ્યો છે, એની રૂબરૂ ખરખરે જવુ? જેના માણસોને આપણે મોતની માફક વાઢતા આવ્યા છીએ, એ આપણને જીવતા મેલી દેશે? જે આપણને ઠાર મારવા હજારોની ફોજુ ફેરવેછે, એ આપણને ખરખરો કર્યા પછી પાછા આવવા દેશે? પણ મારો જોગો તો જોગી જેવો છે એને ખાનદાનીના મનસૂબા ઉપડે છે એનુ મનભગ ન કરાય

"જાયે ભલે પણ છતરાયા નથી જાવુ બાપા! દરબાર ગઢમા દાખલ થયા પછી મહારાજની તો મને બે જ નથી પણ જો પ્રથમથી જ જાણ થાય, તો પછી ઝાટકાની જ મેળ થાય કેમકે પાસવાનો ન સમજી શકે કે આપણે લૌકિક કરવા આવ્યા છીએ'

"ત્યારે બાપુ?"

"કુંડલાનો સહુ કાઠી દાયરો જાય એની સાથે તુ પણ માથે ફાળીયુ ઢાંકીને ગૂડો વાળી આવજે બીજુ તો શુ થય"

કુંવર દાદભાને ખરખરે કુંડલાના કાઠી કણબી ને કુ[illegible] તમામ સિહોર ચાલ્યા. તેમા બહારવટીયો જોગીદાસ પણ [illegible] ગયો માથા પર ફેંટો ઢાંક્યા પછી એ પાયમો [illegible] [illegible]

દાયમાં કોણ છે તે ઓળખાવાની તો ધાસ્તી નહોતી. દરબારગઢની ડેલી પાસે સહુ હારમાં બેસીને રોવા લાગ્યા. રીત પ્રમાણે મહારાજ વજેસંગ એક પછી એક તમામને માથે હાથ દઇ છાના રાખવા લાગ્યા. ચાલતાં ચાલતાં બગબર જોગીદાસની પાસે પહોંચ્યા માથે હાથ મૂકીને મહારાજે સાદ કર્યો, “છાના રો' જોગીદાસ ખુમાણ ! તમે ય છાના રો'.”

‘જોગીદાસ ખુમાણ’ એટલું નામ પડતા તો શિહોરને માથે જાણે વજ્ર પડયું. હાંફળા ફાંફળા બનીને તમામ મહેમાનો આમ તેમ જોવા લાગ્યા સહુએ પોતાની તરવાર સંભાળી. અને આંહી બહારવટીયાએ પછેડી ખસેડીને પોતાનું પ્રતાપી મ્હો ખુલ્લું કર્યું. બહારવટીઓ એટલું જ બોલ્યો કે “ભલો વરત્યો રાજ !”

“વરતું કેમ નહિ, જોગીદાસ ખુમાણ ! કાઠીઆવાડમાં તો તારૂં ગજું કયાં અજાણ્યું છે? પાયરો આદમી વચ્ચે તારા હાકોટા પરખાય, તો પછી તારા વિલાપ શું ન વરતાય ?”

બહારવટીયો ! બહારવટીયો ! બહારવટીયો ! એમ હાકાબાકા થવા લાગ્યા. કાઠીઓનો દગો ! દગો ! દગો ! એવા રીડીયા ઉઠયા. સહુને લાગ્યું કે હમણાં જોગીદાસ મહારાજને મારી પાડશે. તલવારોની મૂઠે હાથ ગયા ત્યાં તો મહારાજનો હાથ ઉંચો થયો. મહારાજે સાદ દીધો કે “બસ કરો રાજપૂતો ! આજ જોગીદાસભાઇ બાઝવા નથી આવ્યા, દાદભા ફાટી પડયો છે એને અફસોસે આવ્યા છે. મારા ગરાસમાં નહિ પણ મારા દુ:ખમાં ભાગ લેવા આવ્યા છે.

મહારાજ ગળગળા થયા : જોગીદાસની આંખોમાં પણ જળજળીયાં આવ્યાં. માણસોએ અરધી ખેંચેલી તલવારો મ્યાન કરતા અગાઉ કદિ ન જોયેલું ને સાભળેલું એવું નજરે દીઠું. મહારાજ બોલ્યા “જોગીદાસ, બ્હીશો મા હો !”

“બ્હીતો હોત તો આવત શા માટે રાજ ?”

સહુ દાયરાની સાથે ખાઇ પી, મહારાજને રામરામ કરી પાછા બેધડક જોગીદાસ ચાલી નીકળ્યા બહારવટીયાને નજરે

જોઇ લેવા તો બજારે અપરંપાર માણસ હલ્કયું હતું. બહારવટીયાના મ્હેરા મ્હોરા જેણે કદિ દીઠાં નહોતાં તેણે તો ખુમાણોને દૈત્ય જ કલ્પેલા હતા. પણ તે ટાણે વસ્તીએ જુવાન જોગીદાસનું જતિસ્વરૂપ આંખો ભરી ભરીને પી લીધું. આવો તપસી પુરૂષ નિર્દોષ કણબીઓનાં માથાં વાઢી વાઢીને સાંતીડે ટીંગાડતો હશે, ને ધડનાં ધીંસરાં કરીને ઢાંઢાંને ગામ ભણી હાંકી મેલી રાજ્યની સોના સરખી સીમ ઉજ્જડ વેરાન કરી મેલતો હશે, એ વાત ઘડીભર તો ન મનાય તેવી લાગી.

એટલી ગટાટોપ મેદની વચ્ચે થઇને કોઇની પણ સામે નજર કર્યા વિના બહારવટીયો ચાલ્યો ગયો. જુવાન જોગીદાસની આંખોને જાણે દુનિયા કરતાં પાતાળની અંદર વધુ નજર પડતી હોય તેમ એ તો ઐક્ધ્યાની યોગીની માફક નીચે જ આંખો નોંધીને ચાલતો હતો.

"પણ નથી માને દીકરા થાશે તો ?

"તો તેની ચિંતા શી ? બાપના દીકરાથી વધુ રૂડું શું ?

"ભાગ નહિ પડે ?"

"પણ ભાઇયું આપણે પડખે મદદમાં યે ઉભા રહેશે ને ? જાડા જણ હશું તો બારવટું જોરથી ખેડાશે."

પંચાણું વર્ષની ઉમ્મર છતાં દાદા ખુમાણની વજ્ર જેવી કાયા છે : બખ્તર, ટોપ, ભાલો, ઢાલ ને તલવાર, તમામ હથીઆર પડીયારના ભાર સોતા બાપુ ઠેકડો મારીને બાવળા ઘોડા ઉપર ચડી બેસે છે. સામું પાગડું ઝાલવાની જરૂર રહેતી નથી. એવા પોતાના બાપુનું લગ્ન કરીને જોગીદાસે પિતાના સુખનો માર્ગ કાઢ્યો.

સાત વર્ષ વીત્યાં. જેબલીયાણી માના ખોળામાં બે સાવઝ સરખા દીકરા રમે છે: એકનું નામ હીપો ને બીજાનું નામ જસો.

પણ આ ગુલતાનમાં દાદા ખુમાણને હવે ચેન પડતું નથી. રોજેરોજ દીકરાઓની તગડ તગડ સાંભળીને બાપનું દિલ ઉકળે છે. ઘરમાંથી અંતર ઉઠી જાય છે.

"દરબાર !" જુવાન જેબલીયાણી પોતાની જાત વિચારી ગઇ. અને ખરા ટાણાનાં વેણ બોલી કે "દરબાર ! હવે બસ હવે આ દુનિયાને કડવી કરી નાખો ! ભાણુ જોગીદાસ જેવા દીકરા બારવટે પાટકી ગિરમાં પાણાનાં ઓશીકાં કરે છે, એ વેળાએ તમને આંહી હીંડોળા ખાટે હીંચકવું ન ઘટે."

"સાચી વાત, કાઠીઆણી ! રંગ છે તને !" પોતાની જુવાન સ્ત્રીને એવા ધન્યવાદ દઇને આપા દાદાએ હથીઆર લીધાં. ઘરનું સુખ છોડીને દસ વરસ સુધી બહારવટું ખેડયું. એ હિસાબે એની અવસ્થા એક સો ને બાર વરસની થઇ. પછી તો બુઢ્ઢાપો વરતાવા લાગ્યો. જોગીદાસે આગ્રહ કરીને બાપુને ઘરગળે વિસામો લેવા મોકલી દીધા.

પરનારી પેખી નહિ, મીટે માણારા!
શીંગી રખ્ય ચળીયા, જુવાણ જોગીદાસીઆ!

[હે જુવાન જોગીદાસ! શૃંગી ઋષિ જેવા મહા તપસ્વીઓ પણ પરસ્ત્રીમાં લપટી પડયા, પરંતુ હે માણા! તેં તો પરાયી સ્ત્રી પર મીટ સુદ્ધાંયે નથી માંડી.]

+ + +

બે જણા વાતો કરે છે:

"ભાઇ, આનું કારણ શું છે?"

"શેનું ભાઇ?"

"જોગીદાસ ખુમાણ જ્યાં જ્યાં દાયરામાં બેસે ત્યાં ત્યાં બજાર તરફ પારોઠ દઇને જ કેમ બેસે છે? અને માંદાણાંયું કેમ ઓઢી રાખે છે?"

"ભાઇ, રામને તે દિ' સીતાજીની ગોતમ કરતાં કરતાં મારગેથી માતાજીનાં ઘરાણાં લૂગડાં હાથ આવ્યાં, ને પછી લખમણજીને ઇ દેખાડીને કોનાં છે, એમ પૂછેલું. તે ટાણે લખમણ જતિએ શીયો જવાબ દીધો'તો, ખબર છે?"

"હા, હા, કહ્યું'તું કે મહારાજ, આ હાથનાં કંકણ, કાનનાં કુંડળ, કે ગળાના હાર તો કોના હશે તેની મને કાંઇ ગતાગમ નથી. કેમકે મેં કોઇ દિ માતાજીના અંગ ઉપર નજર કરી નથી. પણ આ પગના ઝાંઝરને તો હું ઓળખી શકું છું, રોજ સવારે ઉઠીને હું માતાજીના પગમાં પડતો ત્યારે ઝાંઝર તો મારી નજરે પડતું'તું!"

"ત્યારે આજ જોગીદાસ પણ એજ લખમણ જતિને અવતારી પુરૂષ જલમ્યો છે બાપ! એને બજાર સન્મુખ નજર રાખી ન પાલવે. એમાં હમણાં હમણાં બે અનુભવ એવા મળ્યા કે આ દુનિયાની માયાથી એ તપસી ચેતી ગયો છે."

"શીયા અનુભવ?"

"એક દિ' જોગીદાસ જુનીના વીડમાં આંટો લઈને બાબરીયાધાર આવતા'તા હું પણ ભેળો હતો. બેય ઘોડેસવાર થઈને આવતા'તા. આવતાં આવતાં જેમ અમે નવલખાના નેરડામાં ઘોડીઓ ઉતારી, તેમ તો મુરજના પચરંગી તેજે હીરા મોતીએ મઢી દીધેલા હોય એવા ઝગારા મારતા એ પાણીના પ્રવાહમાં પીંડી પીડી સુધી પગ બોળીને એક જુવાનડીને ઉભેલી દીઠી. અઢારક વરસની હશે. પણ શી વાત કરૂ એના સ્વરૂપની ? હમણાં જાણે ઓગળીને પાણીના વ્હેનમાં વહ્યું જાશે ! સામે નજર નોંધીએ તો નક્કી પાપે ભરાઈએ એવું રૂપ. પણ બાપુને તો એ વાતનું કાંઇ ઓસાણે ન મળે ! નેરાની ભેખડ્યું અને જીવતી અસ્ત્રી, બેય બાપુને તો એકસરખાં. બાપુએ ઘોડી પાણીમાં નાખી. એમાં પડખે ચડીને ઓલી જુવાનડીએ જબ ! દેતી ઘોડીની વાઘ ઝાલી ઘોડીએ ઝબકીને મોઢાની ઝોંટ તો ઘણી યે દીધી, જોરાવર આદમીનું યે કાંડું છૂટી જાય એવા જોરથી સાંકળ ઉલાળી : પણ ઇ જુવાનડી તો જળો જેવી ચોંટી જ પડી. બાપુ જોઇ રયા. બાપુની તો અચરજનો પાર જ ન રહ્યો. હાં ! હાં ! હાં ! અરે બાઇ ! બોન ! બાપ ! મેલ્ય, મેલ્ય, મેલી દે ! નીકર ઘોડી વગાડી દેશે." એમ બાપુ વિનવવા માંડ્યા.

"નહિ મેલું ! આજ તો નહિ મેલું, દરબાર !"

"અરે પણ શું કામ છે તારે ? કોઇ પાપીઆ તારી વાંસે પડ્યા છે ? તારો ધણી સંતાપે છે ? શું છે ? છેટે રહીને વાત કર. હું તારૂં દુઃખ ટાળ્યા-મોર આંહીથી ડગલું યે નહિ ભરૂં. તું બ્હી મા. ઘોડીને મેલી દે. અને ઝટ તારી વાત કહી દે."

"વાઘ તો આજ 'નહિ' છોડુ દરબાર ! ઘણા દિ'થી ગોતતી'તી."

"પણ તું છો કોણ ?"

"હું સુતારની દીકરી છું : કુંવારી છું."

"કેમ કુંવારી છો બાપ ? પરણાવવાના પૈસા શું તારા પાસે નથી ? તો હું આપું. તું ય મારી કમરીબાઇ-"

"જોગીદાસ ખુમાણ! બોલો મા. મારી આશા ભાંગો મા. હું તમારા શૂરાતનને માથે ઓળઘોળ થઇ જવા, મારી જાત ભાત પણ મેલી દેવા પાટકું છું. આમ જુવો જોગીદાસ, આ માથાના મોવાળા કોરા રાખવાનું નીમ લઇને બેઠું છું. આજ તું મળ્યે- "

"અરે મેલ્ય મેલ્ય મળવા વાળી! તું તો મારી દીકરી કમરી કેવા!"

એટલું બોલી, પોતાના ભાલાની બુડી એ જોબનભરી સુતારણના હાથ ઉપર મારી, ઘોડીની વાઘ ડોંચી, જેમ કોઇ પ્રેત વળગવા આવતું હોય ને માણસ ભાગી નીકળે એમ જોગીદાસ બાપુએ ઘોડી દોટાવી મેલી. પાછું વાળી ન જોયું. ને સાંજરે ખેરખાના પારા પડતા મેલતા મેલતા સુરજનો જાપ કરતા'તા, ત્યારે બેળો હોઠ ફફડાવીને બોલતા જાતા'તા કે "હે બાપ! મારૂં રૂપ આવડું બધું કુડું હશે એ મેં નોતું જાણ્યું. મારૂં મોઢું તરવારથી કાપીને કદરૂપું કરવાની તો છાતી નથી હાલતી. પણ આજથી તારી સાખે નીમ લઉં છું કે કોઇ પરનારીની સામે અમથી અમથી યે મીટ નહિ માંડું. અને માંડું તે દિ' મારૂં ધનોત પનોત નીકળી જજો!"

અને બીજી વાત તો એથી યે વસમી બની ગઇ છે. પરનારી સામે નજર ન માંડવાનું નીમ એક દિ ઓચીતું તૂટી પડ્યું. ગામને પાદર નદીકાંઠે આછા વીરડા કરીને એક દિ' સાંજટાણે પનીઆરીયું પાણી ભરતી હતી. રૂપાળા ત્રાંબાળુ હાંડા ઉટકાઇને ચકચકાટ કરતા હતા. આછરતા વીરડા, ઉટકેલાં બેડાં, મોતીની ઇંઢોણીયું, નમણાં મોઢાંવાળી ગામની બેન્યુ દીકરીયું, ને એ સહુને માથે જયોતો ઝગટાવતો સૂરજ મહારાજ: એ રળીયામણો દેખાવ બાપુ ય જોવા લાગ્યા. ઓલ્યા નીમનું ઓસાણ ચૂકાઇ ગયું. પોતાને ઘરેથી આઇ અને દીકરીઓ બધાં આવે નદીકાંઠે બેસીને કિલોળ કરતાં હોય, એવી ઉમેદ થઇ આવી. પણ એ તો બચાડાં ચોર બનીને પાટકતાં'તાં.

ઘેરે આવીને જોગીદાસને યાદ ચડ્યું કે નીમ ભંગાણું છે. રાતે કોઇને ખબર ન પડે તેમ એણે બે ય આંખોમાં મરચાંના ભુકાનું ભરણ ભર્યું. પાટા બાંધીને પોઢી ગયા. પ્રભાતે ઉઠ્યા ત્યાં તો આંખો ફુલીને દડા થએલી. આંખના રતન ક્યાંય વરતાતાં પણ નહોતા ભાઇઓ પૂછવા લાગ્યા કે "અરે ! અરે ! જોગીદાસ ! આ શો કોપ થયો ?

"કાંઇ નહિ બા ! ઇ તો આંખ્યુંમા થોડુક વકારનું ઝેર રહી ગયું'તું, તે નીતારી નાખ્યું !"

આવો નીમાધારી પુરૂષ, લગરીકે ચૂક ન થાય તે માટે બજાર સામે કે રસ્તા સામે પારોઠ દઇને બેસે છે ભાઇ ! . . .

નાંદુડી ગાળીમાં આ પ્રમાણે બે માણસો વાતો કરી રહ્યા છે. વીરડીથી ગેલા ખુમાણનો દીકરો, સરસઇથી ભાણ ખુમાણ, આંબરડીથી જોગીદાસ ખુમાણ, એમ હાદા ખુમાણના દીકરા આજ બહારવટું ખેડતા ખેડતા થોડોક વિસામો લેવા માટે ભેળા મળીને નાંદુડી ગાળીએ હુતાશણી રમે છે. કોયલોને ટૌકે કોઇ આભેરણું ગાજતું હોય તેમ શરણાઇઓના ગહેકાટા થાય છે. બરાબર તે સમયે એક અસવારે આવીને નિસ્તેજ મ્હોંયે સમાચાર દીધા કે "બાપુ હાદો ખુમાણ ધૂત્રાળે દેવ થયા."

"હેં ! આ શું કહેવાય ? બાપુને તો નખમાં ય રોગ નો'તો ને ?"

"બાપુને ભાવનગરની ફોજે માર્યા "

"ક્યાથી ? ભાગતા ભાગતા ? કે સામી છાતીએ ધીંગાણે રમતા રમતા ?"

"ધીંગાણે રમતા "

"કેવી રીતે ?"

"ફોજે ધૂધરાળાની સીમ ઘેરી લીધી. બાપુથી ભાગી નીકળાય તેવું તો રહ્યું નહોતું. એના મનથી તો ઘણીય એવી ગણતરી હતી કે જીવતો ઝલાઇ જાઉં. અને ફોજનો પણ બાપુને મારવાનો મનસુબો નહોતો, જીવતા જ પકડી લેવાનો હુકમ

હતો પણ આપણા ભૂપતા ચારણે બાપુને ભારે પડકાર્યા વાડીએ બાપુ હથીઆર છોડીને હાથકડી પહેરી લેવા લલચાઇ ગયા તે વખતે ભૂપતે બાપુને બિરદાવ્યા કે

સો ફેરી સિહોર તણી લીધેલ ખૂમે લાજ
(હવે) હાદલ કાં હથીઆર મેલે આલણરાઉત

[હે આલા ખુમાણના પુત્ર હાદા ખુમાણ ! સો સો વાર તો તું સિહોર ઉપર ટાટકેલ છો,* અને આજ આંહી અતરીયાળ તું તારા હથીઆર મેલીને શત્રુઓને કબ્જે જઇશ ?]

આના આના બિરદ દઇને બાપુના રૂવાડાં બેઠાં કર્યાં અને બાપુ એકસો બાર વરસની અવસ્થાએ એક જુવાનની જેમ જાગી ઉઠ્યા એણે હાકલ કરી કે "ભૂપતા ! ફોજને હવે સાદ કર ઝટ" ભૂપતે સાદ કર્યો કે "એ ભાઇ ફોજવાળાઓ ! આ રહ્યો તમારો બાપ ! આવો ઝાની એ" ફોજને આગળી ચીંધાડી બાપુ બતાવ્યા અને એ-વે પડખે બાપુ ધીંગાણે ચડી જઇફીને ઉજળવા મંડ્યા સામી છાતીએ લડીને ફુલધારે ઉતર્યાં

"બસ ત્યારે!" જોગીદાસ બોલી ઉઠ્યા, "પૂરે ગઢપણે આપણો બાપ *ફુલધારે ઉતરી ગયા, એ વાતના તે કાંઇ સોગ હોતા હશે ? એના તો ઉજવણા કરાય માટે હવે તો મોકળે મને આઠ આઠ શરણાઇયું જોડયેથી વગડાવો !"

"આપા !" કાઠીઆએ કહ્યું, "બાપુનું માથું કાપીને ફોજ ભાવનગર લઇ ગઇ"

જોગીદાસના આખા શરીર પર સમસમાટી ચાલી ગઇ બાપ જેવા બાપના મહામૂલા માથાના બુરા હાલ સાંભળતાં જ એનો કોઠો સળગી ઉઠયો પણ નાહિમતનું વચન કાઢવાનો એ વખત નહોતો નાનેરા ભાઇઓની ધીરજ ખુટવાની ધાસ્તી હતી એ કારણથી પોતે મનની વેદના મનમાં શમાવીને કહ્યું 'હશે બાપ ! ભાવનગરની આખી કચારી બાપુ જીવતે તો બાપુનું મોઢું શી રીતે જોઇ શકત ? ભલે હવે એ મ્હોને નિરખી નિરખીને જોતા"

* ફુલધારે ઉતર્યાં તલવારની ધારે મર્યા

૭

આજે વજેસંગ મહારાજના રાજનગરમાં દાદા ખુમાણના મોતની વડી વધામણી આવી છે. મહારાજના અંતરનો ઉલ્લાસ ક્યાંયે માતો નથી. પોતાનો બાપ મરાવાથી બ્હારવટીઓ જોગીદાસ હવે બધી આશા ગુમાવીને મારે શરણે આવી ઉભો રહેશે, એવી આશાની વાદળી સામે મીટ માંડીને મહારાજનું દિલ આષાઢ મહિનાના મોરલાની માફક થનગનવા લાગ્યું છે. આજે દાદા ખુમાણને મારનાર સરબધીઓને પહેરામણી કરવા માટે હેકડાઠઠ કચારી ભરાણી છે. સાચા વસ્ત્રોના સરપાવ, ભેટ દેવા મારેની તલવારો અને સાકરના રૂપેરી ખુમચા મહારાજની ગાદી સન્મુખ પ્રભાતને પ્હોરે ઝગારા મારે છે.

તે વખતે કચારીમાં એક એવો આદમી બેઠો હતો કે જેને આ રંગરાગમાં ભાગ લેતાં ભોંઠામણનો પાર નથી રહ્યો. એ કાંકચ ગામનો ગલઢેરો મેરામ-ખુમાણ હતો. પોતે આજ અચાનક મહારાજને મળવા આવ્યો છે અને એ પોતાના જ કુટુંબી દાદા ખુમાણના મોતના ઉત્સવમાં ન છૂટકે સપડાઇ ગયો છે. પણ એને ક્યાંયે સુખચેન નથી. પોતે એકલો છે. તલવારે પહોંચે તેમ નથી. પણ તર્કથી આખી મિજલસને ધુળ મેળવવાનું એણે નક્કી કર્યું છે. કટોકટીની ઘડી આવી પહોંચી છે.

"લાવો હવે પહેરામણી!" મહારાજે હાકલ કરી. ખુમચા માથેથી રૂમાલ ઉપડયા. ચારણોએ દુહા લલકાર્યા ત્યાં તો મર્માળી, ઠાવકી વાણીમાં મેરામણ ખુમાણનો અવાજ નીકળ્યો કે

"વાહ! વાહ! વાહ રે ભણેં કાઠી તાળાં ભાગ્ય! ભારી ઉજળાં ભાગ્ય!"

"કેમ મેરામ ખુમાણ? કોનાં ભાગ્ય?"

"બીજા કેનાં બાપ? દાદા ખુમાણનાં!"

"કેમ?"

"કેમ શું? એક સો ને બાર વરસની અવસ્થા: હાથે કંપવા: પગે સોજા: આંખે ઝાંખપ: કાયાનો મકોડે મંકોડો કથળી ગયેલો: એવી દશામાં જો બચાડો ભાવનગરની કેદમાં જીવતો આવ્યો હોત તો કેવા બુરા હાલ થઇ જાત? પાંચે દીકરાને બહારવટાં મેલી દઇ, મ્હોંમાં તરણું લઇ, પગ ઢસડતા ઢસડતા આફરડા બાપની સંભાળ લેવા સારુ થઇને મહારાજને શરણે આવવું પડત. નીકર મલક વાતું કરત કે બાપ બંદીખાને સડે છે ને દીકરા તો બહાર મોજું માણે છે! પણ હવે ઇ આયલું કાંઇ રહ્યું? હવે તો નિરાંતે ઇ પાંચે જણા ભાવનગરનાં અઢારસેં ઉજ્જડ કરશે. મારે સાકર તો આજ વ્હેંચે એના દીકરા. કે સાવજ પાંજરેથી મોકળા થયા!"

આખી કચારી સાંભળે તે રીતે આ શબ્દો બોલાયા.

"સાકર પહેરામણીના થાળ પાછા લઇ જાવ!"

એટલું કહીને મહારાજે ઝટપટ કચારી વિસર્જન કરી નાખી. અને પોતે તે જ ઘડીએ હાદા ખુમાણના શોક બદલ માથે ધોળું ફાળીયું બાંધી લીધું.

ઠાકોર વજેસંગજી બગડેલી બાજી સુધારી રહ્યા છે:

"મેરામ ખુમાણ, હવે શું કરું? હાદા ખુમાણને મારીને તો મેં મોટી ખોટય ખાધી."

"ભણું મા'રાજ! માથેથી ગાળ ઉતારવી હોય તો જાવ કુંડલા: હાદા ખુમાણનું કારજ કરો. અને ભાણ જોગીદાસને તેડાવીને કસુંબા પી લ્યો."

ઠાકોર વજેસંગે કુંડલે જઇને પોતાના શત્રુનું કારજ આદર્યું. ત્રણે પરજમાં મેલા લખ્યા. ભાણ જોગીદાસને તેડી લાવવા માટે મેરામ ખુમાણને મોકલ્યા.

નક્કી કરેલે દિવસે બેય બહારવટીયા ભાઇઓ ડુંગરમાંથી ઉતરીને કુંડલે આવે છે. રસ્તે જોગીદાસ શીખામણ દઇ રહ્યો છે કે "ભાણ! બાપ તું આકળો થાતો નહિ. તારી તીખી પ્રકૃતિને જરા વશ રાખજે ભાઇ!"

કુંડલાના દરબારગઢમાં આવ્યા, ત્યાં દાયરો ઉભો થઇ ગયો. જોગીદાસે પૂછ્યું "ક્યાં છે મહારાજ ?"

"મા'રાજ તો નદીએ સરાવે છે."

"મા'રાજ પોતે સરાવવા ગયા છે ?"

"હા આપા !"

બન્ને જણાએ ઘોડાં નદીના આરા તરફ લીધાં. કાંઠે આવતાં તો આઘેથી ઠાકોર વજેસંગને દેખ્યા. મૂછો પડાવીને મહારાજ રામઘાટ ઉપર સરાવે છે.

"જો ભાણ !, જોઇ લે બાપ ! બાપ તો તારો ને મારો મુર્યો, અને મૂછું બોડાવી છે ભાવનગરના ઠાકોરે : આપણા દુશ્મને ! આમ જો ખાનદાની ! તું કે હું મૂછ્યું પડાવી શકીએ એમ છે ?"

[કાઠીઓ કદિ પણ મૂછો પડાવતા નથી. રજપૂતો પડાવે છે.]

ત્યાં તો ઠાકોરને સમાચાર પહોંચ્યા. ઉંચું જોયું. બન્ને બહારવટીયા સામે નજર કરીને ઠાકોરે મ્હોં મલકાવ્યું. જાણે મોટેરો ભાઇ હોય, એટલું હેત પાથરી દીધું.

"ઉઠો ! ઉઠો મહારાજ ! હવે બાકીનું મને સરાવવા દ્યો. તમે તો અવધિ કરી."

"આપા ભાઇ !" મહારાજ બોલ્યા, "હાદો ખુમાણ તમારા બાપુ, તેમ મારા યે બાપુ હું મોટેરો દીકરો, તમે કોઇ ધરે નહિ, એટલે હું સરાવું એમાં શું ? મોટેરાને એટલો હક્ક તો રે'વા દ્યો બાપ !"

"ભલે મહારાજ !" જોગીદાસનું ગળું રૂંધાઇ ગયું.

સરાવણું પૂરું થયે સહુ ગામમા આવવા ઘોડે ચડયા. બરાબર ઝાંપે આવીને જોગીદાસે ઘોડી સામા કાંઠા માથે વાળી. અને ઠાકોરને કહ્યું "રામ રામ મહારાજ !"

"આપા ભાઇ ! આ તરફ દરબારગઢમાં"

"માફ રાખો બાપા ! હું સાવરમાં ઉતારો કરીશ."

"અરે પણ—"

મેરામ ખુમાણ બોલી ઉઠયા, "મહારાજ! ન સમજાણું? જોગીદાસે કુંડલાનું પાણી હરામ કર્યું છે એટલે એણે ઘોડી તારવી."

"તો આપણાં મુકામ પણ સાવરમાં નાખો."

ઠાકોરનો હુકમ થયો. કારજની બધી તૈયારી કુંડલામાથી સામા પાદરમા લઇ જવામાં આવી

ભલભલા કાઠીઓનું કારજ તે દિવસોમાં ધઉંના ભરડકાનું થતુ. તેને બદલે હાદા ખુમાણના કારજમા ઠાકોરે સાટા જલેબી ને મોહનથાળ દીધાં ત્રણે પરજોના સેંકડો પરોણા મ્હોમાં આગળી નાખી ગયા.

ઉજ્વળ કાળજાનો મેરામ ખુમાણ ઠાકોરની કરામત ઓળખતો હતો. એણે મનમાં ને મનમા કહ્યુ "વાહ ઠાકોર! રૂપાની ચાગી ને સોનાની પાળી! કલેજાં ચીરે, તો ય મીઠી લાગે!"

"બોલાવો ભાણ જોગીદાસને કસુંબો પીવા આજ બારવટું પાર પાડીએ"

બન્ને ભાઇઓ હાજર થયા ઠાકોરે વાત ચલાવી:

"જુઓ આપાભાઇ! બાપુ આલા ખુમાણના વખતના વહીવટના ચોપડા તપાસો · દરેક ભાઇને ત્રીસ ત્રીસ હજાર મળતા. એથી વધુ તો તમે ન માગો ને!"

"ના."

"ત્યારે છ ગામ ઉપાડી લ્યો. આપા! તમે જ નામ પાડો."

"પહેલું કુંડલા!"

કુંડલાનું નામ પડતાં જ મહારાજનું મ્હોં ઉતરી ગયું. મહારાજે માથું ધુણાવ્યું

"આપા! કુંડલા તો નહિ કુંડલા લેવામાં દરબારને ભારી દાખડો કરવો પડયો છે. તોપખાનું રૈ' રાજુલાથી દરવાજે

નેસડીના મૂળા પટેલના ચાળીસ ઢાંઢા તૂટી ગયા, તેના બદલામાં એને જૂનું સાવર દેવું પડ્યું. માટે કુંડલાના સિવાય બીજું ઠીક પડે એ ગામ માગી લ્યો."

"પહેલા કુંડલા; પછી બીજું ખપે. કુંડલા મજ નાવલીનું પાણી ન ખપે."

"આપા! છ નહિ–સાત માગો. આઠ માગો. પણ કુંડલાની વાત પડતી મેલો."

"મહારાજ છ ને બદલે ભલે પાંચ આપે. પણ કુંડલા તો પહેલા."

"એ ન બને આપા!"

"તો રામરામ ઠાકોર!"

ભાણ જોગીદાસ ચડી નીકળ્યા ભાણની રોમરાઇ અવળી થઇ ગઇ'હતી. મરૂં કે મારૂં! મરૂં કે મારૂં! એમ એને થતું હતું. નાવલીની બજારમાં નીકળતાં જ ભાણ ખુમાણે સરબંધી સિપાહીઓના ઉપર ઝાટકા ચોડવા માંડયા. દોડીને જોગીદાસે ભાઇને ઝાલી લીધો: "હાં! હાં ભાણ! સામી તેગ ખેંચે તેને જ મરાય. બાપડા નિર્દોષને માથે આ તું શું કરી રહ્યો છો?"

ગોખમાં ઉભેલા ઠાકોર ભાણની આ અકોણાઇ જોતા હતા. એણે ત્યાંથી હાકલ કરી: "ખબરદાર! બહારવટીઆને કોઇ આજ સામો ઘા ન કરજો. ભલે આપણાં સો ખૂન થઇ જાય."

"જોયું ભાણ! આ ઠાકોર વજેસંગ!"

બહારવટીયા ચાલી નીકળ્યા.

કારજના પ્રસંગ વિષે બીજી વાત આમ બોલાય છે:

જેતપુર શહેરથી દરબાર મૂળુવાળાને તેડાવવામાં આવ્યા. ત્રણે પરજની કાઠીયમાં મૂળુવાળાનો મોભો ઉંચેરો ગણાતો. એનું વેણ ઝટ દઇને કોઇથી લોપાતું નથી. એજન્સી સરકારની પાસે પણ સહુ કાઠીઓની દાઝ લઇને ઉભો રહેનાર મૂળુવાળો હતો. એને બોલાવીને કળાબાજ મહા-

રાજે કહ્યું "કુળભાઇ, દાદા ખુમાણ જેવાં કાઠી પડયે એની તો આખા મલકને ખોટય કહેવાય. જીવતે એ મારે દુશ્મન હતો. પણ મુવા પછી તો મારો ભાઇ લેખું છું. માટે ભાવનગરને ખર્ચે મારે કુંડલા મુકામે એનું કારજ કરવું છે તમારૂં કામ તો એટલા સારૂં પડયું છે કે કારજમાં તમે ભાણ જોગીદાસને બોલાવી લાવો. મારા હાથનો કસુંબો લઇને પછી ભલે તુરત એ ચડી નીકળે. પણ એના બાપને માર્યા પછી હું એને અંજળી ભરી કસુંબો ન લેવરાવું ત્યાં સુધી મારા જીવને ઝંપ નથી. વેર તો કોને ખબર છે કયાં સુધી હાલશે!"

કહેવાય છે કે ઠાકોરના પેટમાં દગો હતો. બહારવટીઆઓને ઝાલી લેવાની પેરવી હતી. પણ કસુંબા લેવાઇ રહ્યા. સહુ સહુને ઉતારે ગયા, રાત પડી, એટલે મૂળુવાળાએ સનસ કરીને બહાવટીયાને ચેતાવ્યા "હં...ભાણુ જોગીદાસ! હવે ચડી નીકળો ઝટપટ."

"અરે! પણ મહારાજ વાળુમાં વાટ જોશે."

"તો પછી ઝાટકાનાં વાળુ સમજવાં જોગીદાસ!"

આંહી બહારવટીયા ચડી ગયા, ને ત્યાં મહારાજને ખબર પડ્યા.

રોષે ચડેલા ઠાકોરે રાજકોટ પોલીટીકલ એજન્ટને ખબર દીધા કે "બહારવટીયાને પકડી લેવાની મારી પેરવીને જેતપૂર મૂળુવાળાએ અને જસદણના શેલા ખાચરે ધુળ મેળવી દીધી છે. બહારવટીયાને નસાડ્યા છે!

આ ઉપરથી એજન્સી સરકારે જેતપૂર અને જસદણ ઉપર સરકારી થાણાં બેસારી દીધાં.

બાપુનું ગામતરું થઇ ગયું. મોટેરા ભાઇ ગેલો ખુમાણ પણ ગુજરી ગયા છે, એટલે સહુ ભાઇઓમાં મોટા જોગીદાસને માથે ગલઢેરાઇ આવી. એંશી ઘોડે જોગીદાસ ધુમી રહેલ છે. મહુવાથી જાફ્રાબાદ સુધીનો દરિયા-કિનારો પણ એ ઘોડાંના ડાબલા નીચે ધણેણાટી દેવા લાગ્યો છે. બંદરે બંદરે ભાવનગર રાજનો વેપાર બંધ કરાવી દીધો છે.

મારગ જે મુંબઇ તણે જળબેડાં ન જાય
રોકે સમદર માંય જહાજ જોગીદાસનાં.

[મુંબઇ નગરને જળમાર્ગે જહાજો જઇ શકતાં નથી. કેમકે જોગીદાસનાં વ્હાણ એની ચોકી કરતાં સમુદ્રમાં તરી રહ્યાં છે.]

એવે એક દિવસ જોગીદાસ વરતેજ ગામ માથે ત્રાટક્યા. વરતેજની બજાર લૂંટીને નાસી છૂટયા, અને ઠાકોર વજેસંગ નજીકમાં શિહોર ગામે જ હતા ત્યાં એને ખબર પડી. ઠાકોરને અંગે કાળી ઝાળ ઉપડી ગઇ.

"આજ તો કાં હું નહિ, ને કાં જોગીદાસ નહિ."

એવા સોગંદ લઇને ઠાકોર ઉભા થયા. હાથીએ ચડ્યા. સૈન્ય લઇને જોગીદાસને સગડે ચાલ્યા. ચારે દિશાએથી ઠાકોરની ફોજ બ્હારવટીયાના કેડા રૂંધવા લાગી. અને આજ તો લાખ વાતે પણ જોગીદાસ હેમખેમ નહિ નીકળવા પામે એવી હાક આખા પ્રાંતમાં વાગી ઉઠી. મુંઝાએલ જોગીદાસ જે દિશામાં જાય છે તે દિશામાં પોતાના કાળદૂત ઉભેલા હોવાના સમાચાર સાંભળી પાછો વળે છે. કયાં જવું તે કાંઇ સૂઝતું નથી. અને પાછળ ઠાકોરની સવારીની ડમરીઓ આસમાનને ધૂંધળો બનાવતી આવે છે.

એવી હાલતમાં જોગીદાસ ભંડારીયા ગામને પાદર નીકળ્યા. જોગાન જોગે પાદરમાં જ એક પુરૂષ ઉભો છે. ઘોડો પાદરમાં ઉતરતાંની વાર જ બેય જણાએ અન્યોન્યને ઓળખી લીધા.

"ભીમ પાંચાળીઆ રામરામ !"

"ઓહોહોહો ! મારો બાપ ! જોગીદાસ ખુમાણ ! ..." એટલુ કહી, બે હાથનાં વારણાં લઇને ભીમ પાચાળીઆ નામના ચારણે બહારવટીયાને બિરદાવ્યો –

કુંકે ટોપી ફેરવે, વાદી છાંડે વાદ
નાવે કંડીએ નાગ ઝાંઝડ જોગીદાસીયો !

[હે જોગીદાસ, વજેસંગ જેવો વાદી મોરલી બજાવીને બીજા ઘણા ઘણા રાજા રૂપી સર્પોને પોતાના કરંડીયામાં પકડી પાડે છે. પરંતુ એક તું ફણીધર જ એની મોરલીના નાદ પર ન મોહાયો. તેં તો ફુંફાડા મારીને એ વાદીની ટોપી જ ઉડાડી નાખી.]

"ભીમ પાંચાળીઆ ! આજ એ દુહો ખોટો પડે તેમ છે. આજ તમારો ઝાંઝડ જોગીદાસીઓ કરંડીએ પકડાઇ જાય તેમ છે. માટે રામ રામ ! રોકાઇએ એમ રહ્યું નથી."

દોટ કાઢીને ભીમ પાંચાળીઆએ જોગીદાસની ઘોડીની વાઘ ઝાલી લીધી. અને બોલ્યો "એમ તે કયાં જાઇશ બાપ ? તો ભંડારીયાને પાદર નીકળવું નો'તું. રોટલા ખાધા વિના જાઇશ તો તો ચારણને મરવું જ પડશે ને ?"

"હાં હાં, ભીમ પાંચાળીઆ, મેલી દ્યો. આજ તો ઉલટું રોટલા ખવરાવ્યે તમારે મરવું પડશે."

"પણ શું છે એવડું બધું ?"

"વાંસે ઠાકોર વજેસંગજી છે. ને ચોગરદમ અમારી દશ્યું રૂંધાઇ ગઇ છે. હમણાં ભેટયા સમજો."

"હવે ભેટયાં ભેટયાં મહારાજે ! જોગીદાસ શીરામણ કરીને નીકળી ન જાય ત્યાં સુધી ઠાકોર વજેસંગે ભંડારીઆને સીમાડે

ઉભા થઇ રહેવું પડે, મારા બાપ! મુંઝાઓછો શીદ? ઉતરો ઘોડેથી. ખાધા વિના હાલવા ન દઉં."

જોગીદાસ અચકાય છે.

"અરે બાપ! કહું છું કે તારૂં રૂંવાડું ય ખાંડું ન થાવા દઉં. એલા ઝટ આપણે ઓરડે ખબર દ્યો કે ઉભાં ઉભાં રોટલા શાક તૈયાર થઇ જાય, ને ભેંસુ દોવાઇ જાય. ત્યાં હું હમણાં મહારાજને સીમાડે રોકીને આવું છુ."

જમવાની વરધી આપીને ચારણ ભંડારીઆને સીમાડે ઠાકોર વજેસંગજીની સામે ચાલ્યો. હાથીની રૂપેરી અંબાડી ઉપર રૂદ્ર સ્વરૂપે બેઠેલ મહારાજને છેટેથી વારણાં લઇને બિરદાવ્યા કે

> કડકે જમીનું પીઠ, વેમંડ પડ ધડકે વજા!
> નાળ્યું છલકે નીઠ, ધૂણાકે પેરંભના ધણી!

"ખમા ગંગાજળીયા ગોહેલને! બાપ અટાણે શીદ ભણી?"

"ભીમ પાંચાળીઆ, જોગીદાસની વાંસે નીકળ્યા છીએ."

"જોગીદાસ તો મારા ખોળામાં છે બાપા! તમે શીદ ઘા કરો છો?

"ભીમ પાંચાળીઆ, આજ તો મેં પ્રતિજ્ઞા કરી છે કે કાં નહિ કાં જોગીદાસ નહિ."

"પણ બાપા! ત્રણ દિવસનો ભૂખ્યો જોગીદાસ અટાણે એક ટંક મારે આંગણે બટકુંક શીરામણી સારૂં ઉતર્યો છે. હું હાથ જોડીને કહેવા આવ્યો છું કે કાં તો તમે ય શીરામણ કરવા હાલો, ને કાં જોગીદાસ શીરાવીને ચડી જાય ત્યાં સુધી ઘોડીક વાર આંહી સીમાડે જ હાથી ઉપરથી ઉતરીને જરાક આંટા મારો."

"ભીમ પાંચાળીઆ! તમે મારા શત્રુને આશરો દીધો?"

"એમ ગણો તો એમ. પણ ઇ તો શાસ્ત્રે રતન ગણ્યું કહેવાય ને બાપા! હું તો ચારણ છું. મારૂં પેટ ચીરવા કાંઇ હિન્દુનો દીકરો હાલશે? અને આ તો જોગીદાસ જેવો પરોણો. પરોણો શું

ગોહિલને ઘરેથી ભૂખ્યે પેટે જાય ? ને પછી કયા પકડાતો નથી ? ભાવેણાના મહારાજને તો હજારૂ હાથ છે, બાપા !"

ઠાકાર વિચારમા પડી ગયા થોડાક ગુસ્સો ઉતરી ગયો "પરોણો ગોહિલને આગણેથી ભૂખ્યો જાય ? એટલુ જ વેણ એમના અતરમા રમી રહ્યુ

"ઉતરો, ઉતરો હેઠા બાપા !" ચારણે ફરીવાર આજીજી કરી

"બીમ પાચાળીયા !" મહારાજનો કામદાર ખોધો સાથે હતો, તેણે તપી જઈને વચન કાઢ્યુ, "જો હાથીએ ચડયા મહારાજ હેઠા ઉતરે તો તો મહારાજની માએ ધુળ ખાધી કહેવાય, ખબર છે કે ?'

"ખોધા કામદાર !' અચનાચેના ચારણના મ્હોમાથી વેણ વછૂટી ગયુ, "મહારાજની માએ તો એને દૂધ પીને જણ્યા છે બાકી તો વાણીઆ બ્રાહ્મણની માને અનાજ વીણતા વીણતા ધુળની ઢેફી હાથમા આવે તો મ્હોમા મૂકવાની ટેવ હોય છે ખરી !"

ચારણનુ મર્મ–વચન સાભળીને ઠાકોરનુ મ્હો મલકી ગયુ ખોધા કામદારને તો બીજો શબ્દ ઉચ્ચારવાની હિમ્મત રહી જ નહિ અને મહારાજે હસીને કહ્યુ કે ' બીમ પાચાળીયા ! જાઓ, આજ તો તમે તમારો નહિ પણ ભાવનગર રાજનો અતિથિ ધર્મ પાળ્યો છે એને હુ મારી પ્રતિજ્ઞા તોડીને પણ પાળો વળુ છુ માર વાની પ્રતિજ્ઞા કરતા મહેમાનગતીનો ધર્મ ઘણો મોટો છ જાઓ, હુ આજ જોગીદાસને જાવા દઉં છુ "

ઠાકોર હાથી વાળીને શિહોર મારગે ચાલી નીકળ્યા

Valabhjee Ramjee

૯

"હાં ? કાંઇ શિકાર ?"

"શિકાર તો શિકાર ! પણ ભવ બધાનાં દાળદર ભાંગીને ભૂક્કો કરી નાખે એવો ! આકડે મધ અને માખીયું વિનાનું."

"કોણ ?"

"ભાવનગરનાં રાણી નાનીબા."

"ક્યાં ?"

"દડવે જાય છે. એના ભાઇ કેસરીસિંહને ઘેરે : ભેળા કુંવડા છેઃ ઘરેણાંની પેટી ભેળી છે. અને સાથે અસવાર છે થોડા."

"એડો ત્યારે. કામ કરશું આપણે ને નામ પાડશું જોગીદાસનું. એની મથરાવટી જ છે મેલી. ભેખડાવી દઇએ."

* આકડીયા ગામનો કુંડો કાઠી રાઘો ચાવડો ચોરીન ધંધા કરતાં કરતાં આજ છાનીમાની આટલી બાતમી મેળવીને ભાવનગર ઠાકોર વજેસંગજીનાં રાણી નાનીબાનું વેલડું લૂંટવા માટે પોતાના અસવારોને લઇ ટીંબી ગામની સીમમાં દડવાને માર્ગે ઓડા બાંધીને સંતાઇ રહ્યો છે. રણસગડામાં નાચ કરતી કોઇ અપ્સરા સરીખું હીંગળોકીયા રંગનું ઓઝણું ચાલ્યું આવે છે. સંધ્યાની રૂંઝયો રડી ગઇ છે. ચારે છેડે સૂરજ આથમવાનું ટાણું થઇ ગયું, તે વખતે બરાબર ઓચીંતો છાપો મારીને રાઘા ચાવડાના અસવારોએ નાનીબાના કૈંક અસવારોને બરછીથી પરોવી લીધા, કૈંક ભાગ્યા, થોડાકને બાંધી લીધા અને રાઘડે હાકલ કરી કે "બાઇ, ઘરેણાંની પેટી બહાર ફગાવી દેજો."

* કોઇ કહે છે રાઘો ચાવડો નહિ. પણ સરંભડાનો કાઠી મેરામ ખાતરો લૂંટવા આવેલો.

થરથર કાંપતે સૂરે નાનીબાએ પૂછ્યું કે "તમે કોણ છો બાપ?"

"જોગીદાસ ખુમાણના માણસો"

"અરરર! જોગીદાસ ભાઠ અસ્ત્રીઓને લૂંટે ખરા? જોગીદાસ અખાજ ખાય?

"હા હા, ભૂખ્યે પેટે અખાજેય ભાવે ઝટ દાગીના લાવો"

"અખાજ ભાવે? ભૂખ્યો તોય સાવજ! ઇ તરણાં જમે?"

"કાઢી નાખો ઝટ ઘરાણા. વાદ પછી કરજો"

આટલી વાત થાય છે તેવામાં કોણ જાણે શી દૈવગતિ બની કે ચાળીસ ઘોડાની પડઘીઓ ગાજી. અને છેટેથી ત્રાડ સંભળાણી કે 'કોણ છે એ?"

"કોણ જોગીદાસ ખુમાણ! હાલ્યો આવ્ય ભારે તાકડો થયો" રાઘે અવાજ પારખ્યો.

"તું કોણ?"

"હું રાઘો ચાવડો"

"રાઘડા! અટાણે અંધારે શું છે? કોની હારે વડચડ કરી રહ્યો છો?"

"આપા જોગીદાસ ખુમાણ! હાલ્ય હાલ્ય, ઝટ હાલ્ય, આપણો બેયનો ભાગ પેટી ભરીને ઘરાણા"

"પણ કોણ છે?"

"તારા શત્રુ વજેસંગની રાણી નાનીબા તારે તો વેર વાળવાની ખરી વેળા છે. બેય કુંવરડા પણ હારે છે કરી નાખ દૂંકું"

"રાઘા!" હસતા હસતા જોગીદાસ બોલ્યા "તું કાઠી ખરો, પણ ચોર-કાઠી! નીકર તું જોગીદાસને આવી લાલચ આપતો ન આતન મારે વેર તો વજેસંગ મહારાજની સાથે છે-બોન નાનીબા હારે નહિ. ઇ તો મારી મા બો'ન ગણાય.

અને વળી અબળા, અતરીયાળ આધાર વગર ઉભેલી! એની કાયા માથે કરોડુનો દાગીનો પણ હિન્દવાને ગા અને મુસલમાનને સુવર બરોબર સમજવો જોવે રાધા! હવે સમજતો જા!"

"ઠીક તયીં જોગીદાસ! તારા ભાગ્યમા ભલે ભમરો રહ્યો. તું તારે રસ્તે પડ. અમે એકલા પતાવશું."

રાઘો હજુ યે સમજતો નથી.

"રાધા! હવે તો તને રસ્તે પાડીને પછે જ અમથી પડાય. નાનીબાને કાંઇ અતરીયાળ રઝળવા દેવાય?"

"એટલે?"

"એટલે એમ કે જો આ ટાણે જોગીદાસની નજરું સામે રાઘો નાનીબાના વેલડાને હાથ અડાડે, તો જોઠા વદરે એક હાથ તો ઠુંઠો કરી દીધો છે ને આજ બીજો હાથ પણ ખેડવી નાખું, એટલે મલક માથે પાપ કરતો તું બંધ પડી જા!"

"એમ છે? તયીંતો થાજે માટી જોગા!"

"માટી-તો કાંઇ થયું થવાય છે બા? માએ જણ્યા ત્યારથી જેવા હોયીં એવાજ છીએ રાઘડા! તારે માથે કાળ ભમે છે. માટે ભલે હાલ્યો આવ્ય."

રાઘા અને જોગીદાસે પોતાની ફોજો ભેડવી. ખીસાણ મચી ગયું. પોતાના અસવારોની લોથોના ઢગલા થતા દેખીને રાઘો ભાગી નીકળ્યો.

કાંપતે શરીરે નાનીબા રાણી માફામા બેઠી રહ્યાં છે. એને હજુ યે ભરોંસો નથી કે બહારવટીયાના પેટમાં કુડ કપટ છે કે નહિ. ઉલમાંથી ચૂલમાં પડવાની એને ફાળ છે.

જોગીદાસે હાકલ કરી "એલા ગાડાખેડુ! માને પૂછ કે પાછુ દડવે જાવું છે કે ભાવનગર? જ્યાં કહો ત્યાં મેલી જાઉં. માને કહીએ કે હવે કાંઇ જ ફડકો રાખશો નહિ"

નાનીબાએ બહારવટીયાના મ્હોંમાંથી મોતી પડતાં હોય એવાં વેણ સાંભળ્યાં એને પોતાનો નવો અવતાર લાગ્યો. એણે [illegible]

રાવ્યું કે "જોગીદાસભાઇ! વીરા! બો'ન આવડા કરજમાંથી ક્યે ભવ છૂટશે? ભાઇ, મને ભાવનગર ભેગી કરી દ્યો. હું આવડો ગણ કે દિ' ભૂલીશ?"

"વેલડાને વીંટી વળો ભાઇ!" જોગીદાસે હુકમ કર્યો.

ભાલાળા ઘોડેસવારોની વચ્ચે વીંટળાઇને વેલડું હાલતું થયું. મોખરે જોગીદાસની ઘોડી ચાલી નીકળી. પંથ કપાવા લાગ્યો.

અધરાત ભાંગી અને આભના નાના મોટા તમામ તારા એની ઠરેલી જ્યોતે ઝબુકી વગડાને ઉજમાળો કરવા મંડી પડ્યા, ત્યારે ભાવનગરનો સીમાડો આવી પહોંચ્યો. ઘોડીને વેલડાની ફડક પાસે લઇ જઇને બહારવટીઆએ રજા લીધી કે "બો'ન! મા! હવે તમારી હદ આવી ગઇ છે. હવે તમે ઘરને ઉંબરે ઊતરી ગયાં બાપા! હવે મને રજા છે?"

"જોગીદાસભાઇ!" નાનીબાની છાતી ભરાઇ, "તમે ય મારી ભેળા હાલો. હું મહારાજને કહીને તમારું બહારવટું પાર પડાવું. તમારો વાળ વાંકો ન થાય."

"માડી! કાંઇ બદલાની લાલચે મેં તમારી વાર નથી કરી અને તમારી સિફારસે બહારવટું પાર પડે એમાં જોગીદાસની વડેકાઇ શી? મારો ગરાસ તો હું બેમાંથી એક જ રીતે લઇશ—કાં મહારાજની સાથે સામસામી છાતીના ઝાટકા લઇ દઇને, ને કાં અરસપરસ પ્રીતિની બથું ભરીને. આજ તો રામ રામ! મહારાજને મારા રામ રામ કહેજો."

એટલું કહીને એણે અંધારે ઘોડી પાછી વાળી. ઘડીભરમાં તો ઘોડાં અલોપ થયાં, અને જોગીદાસભાઇ! જોગીદાસભાઇ! એટલા સાદ જ માફાની ફડકામાંથી નીકળીને સીમાડા ભરમાં સંભળાતા રહ્યા.

૧૦

એક દિનસે જોગી લપસ્યો હતો

આજે બહારવટીયો ખરચીણ ૨ ા ા ા છે સાથીઓને ખાવા દેવા દાણા પણ નથી અરધો વાન પણ સાનુ મળે તો તે લઇ લેવા માટે એ સનાળીના કાઠી રાઠોડ ધાધલને સાથે લઇને સીમમા પાટકે છે એના નાસનો માર્યો કોઇ કણબી સાતી તો જોડી શકતો નથી સીમ ઉજ્જડ પડી છે ઉનાળો ધોરે છે ત્યા વીજપડી નામના ગામની સીમમા ચાલતા ચાલતા એના ચકોર ભેરૂબધે નજર નોધીને જોયુ

"શુ જોછ રાઠોડ ધાધલ ?"

"પણે એક કણબી સાતીયુ સડે છે જોગીદાસ, એને જીવતો જાના નો દેવાય રો !"

ઘડીક જોગીદાસનુ દિલ પાછુ હટયુ "રાઠોડ ધાધલ, ધણીયુ હત્યાયુ કરી હવે તો કાયર થઇ ગયો છુ એને એડના દે હવે"

"અરે પણ એના કાનમા નાઇક રોનુ હશે લઇલઇએ !"

"હા , ઇ ઠીક સભાર્યું, હાંનો "

બન્ને અસવારોએ ઘોડીઓ મારગને કાંઠે ચડાવી અને પાધરી ખેતરમા હાકી ઘોડીઓ ઢૂકડી આવી ને જેના એ ખેડુતે આઠ આઠ ડાબલાની પડધી સાભળી તેવો એ કોદાળી ખભે નાખીને ભાગ્યો ભાગતાની વાર તો રાઠોડ ધાધલે બરછી ઉગામી, ઘોડી દોટાવી પડકારો કર્યો કે "યા ને યા ઉભો રહી જાજે જુવાન ! નીકર હમણા પરોવી લીધો જાણજે !"

ભયભીત કણબીએ પાછું વાળીને જોયું. બરછી ચમકતી દીઠી. બહારવટીયાઓની નિશાનબાજીને એ જાણતો હતો. ભાગ્યે તો જીવનો ઉગારો નથી એમ સમજી થંભી ગયો. હાથમાંથી કોદાળી પડી ગઇ. હાથ જોડ્યા. બૂમ પાડી કે "એ બાપા ! તમારી ગૌ ! મને મારશો મા !"

"એલા કેમ અમારાં ખેતર ખેડછ ? અમારા રોટલ આંચકીને તારો ઠાકોર કોઠીયું ભરશે ? બોલ, નીકર વીંધી લઉં છું." જોગીદાસે ધમકી દીધી.

"ભૂલ થઇ બાપા ! અટાણુ લગી મને કોઇએ કનડ્યે નો'તો તે ભુલ થઇ. હવે મને મેલી દ્યો. ફરી વાર બાપાનુ બારવટું પાર પડ્યા મોર્ય હું આ દશ્યમા ડગલું જ નહિ દઉં.'

"આ ઠાકરના સમ !"

"મને ઠાકર મા'રાજના સમ !"

"ઠીક, અને આ કાનનાં કોકરવાં ને ફુલીયાં ક્યાંથ પેર્યાં છે ? અમે રોટલા વિના રઝળીએ ને તમે સધા અમારં જમીનુંના કસ કાઢીને સોને મઢ્યા ફરશો ? કાઢી દે સટ. અમારે બે ત્રણ દિ'ની રાબ થાશે કાઢ્ય."

"કાઢ્ય સટ, નીકર હમણાં આ કાકી છૂટી જાણજે.' એવો રાઠોડ ધાધલનો અવાજ આવ્યો. કણબી જુવાન એ અવાજ દેનારની સામે જુવે તો રાઠોડ ધાધલના હાથની આંગળીઓ પર બરછી ચકર ચકર ફરતી ભાળી. ફડકીને બીજી બાજુ જુવે તો જોગીદાસને ડોળા તાણતો ઉભેલ દીઠો.' જાણે કાળનાં બે ઝડબાં ફાટેલાં હતાં. વચ્ચોવચ્ચ પોતે ઉભો હતો. જરાયે આનાકાની કરે તો જીવ નીકળી જવાની વાર નહોતી.

"એ બાપા !" આડા હાથ દઇને બોલ્યો. "મને મારશો મા ! હું કાઢી દઉં છું."

અઢાર વર્ષનો દૂધમલીયો કણબી : મહેનતુ, બીકણ અને ભગવાનથી ડરીને ચાલનારો ખેડુત : જેના અરીસા જેવા પારદર્શક મોઢા ઉપર ચોકખું લાલ ચણોઠી જેવું લોહી ઉછળ

મારી રહ્યું છે : જેને અર્ધે માથે કપાળ ઝગારા મારે છે : એવો આભકપાળો જુવાન : કડીયા ને ચોરણીની કોરી નકોર જોડી : કડીયાને છાતીએ કસ્ચલીયાળી ઝાલર અને કસોનાં ઝુમખાં : પકતી ચોરણીની નાડીએ એક દોથો પચરંગી ઉનનાં ફુમકાં ઝુલે છે : પગમા નવી મોજડીઓ પહેરી છે : માથાની લાંબી ચોટલીમાંથી બે ધાટી લટો બેય ખંભા ઉપર ઢળી છે . એવો કાળી ભમ્મર ને સાફ બે આંખોવાળો રૂપાળો કણબી જુવાન "એ બાપા, મારશો મા !" કહીને પોતાના કાનમાં પહેરેલ પીળા હળદર જેવા રંગના સાચા સોળવલ સોનાની ચાર ચીજો કાઢવા લાગ્યો : ફક્ત ચાર જ ચીજો : બે કોકરવાં ને બે ફુલીયાં : કાઢતો જાય છે, પણ રાઠોડ ધાધલની બરછી માથા પર તોળાઇ રહી હોવાથી હાંફળો ફાંફળો થાતો જાય છે. કોકરવાં ઝટ ઝટ નીકળી શકતાં નથી. કાઢી કાઢીને એ જોગીદાસે પાથરેલી પછેડીની ખોઇમાં નાખતો જાય છે. બારવટીયા કોઇ આવી જવાની બ્હીકમાં "કાઢય ઝટ!" એવો ડાગે દે છે, જવાબમાં "મારશો મા બાપા! કાઢું છું!" કહી કણબી કોકરવાં કાઢે છે. એમ છેલ્લું કોકરવું નીકળી રહેવા આવ્યું છે, છૂટા પડવાની વાર નથી.

તે વખતે, "મારગો મા! એને મારશો મા! એ બાપા મારશો મા!" એવી આધેરી રાડ સંભળાણી. બહારવટીયાના કાન ચમક્યા. આંખો એ અવાજની દિશામાં મંડાણી. જોયું તો એક ભતવારી ચાલી આવે છે. વાજેવાજ દોડતી આવે છે. માથા પર કાંસાની તાંસળી, રોટલાની ચોટકી, ને છાશની નાની દોણી માંડી છે. તાંસળી ને દોણી ચમકતાં આવે છે.

કાજળ છેઃ સેંથે હીંગળો પૂરેલો છે. એવી ફૂલગુલાબી મોં-વાળી, ચાર બેંસની ઝાંઝ ફેરવનારા ધીંગા હાથવાળી, રૂપાળી કણબણ આવી. હૈયામાં શ્વાસ માતો નથી.

"એ બાપુ! મારશો મા! એને મારશો મા!"

"કોણ છે ઇ?" બહારવટીઆએ હાકલ દીધી.

"બાપા! ઇ મારો વર થાય છે. હજી હમણાં જ હું આણું વળીને આવું છું. એને મારશો મા! અમારી જોડી ખંડશો મા. કહો તો આ મારા એકેએક દાગીના ઉતારી દઉં."

"કાદય, સટ કાદય!" કહીને જોગીદાસ બાઇ તરફ ફર્યો. એની સામે પીઠ ધરી. બહારવટીઓ પોતાનું શિર ચૂકી ગયો. ઓને શરીરેથી કાંઇ ન ઉતરાવાય એ વાતનું ઓસાણ આ સુંદરી એક દાગીના દેખીને જોગીદાસને ન રહ્યું. એનું દિલ ચળી ગયું. એને ભાન જ ન રહ્યું કે પોતાને જોગી થઇને રહેવું છે.

કણબણ પોતાની કાયાને અડવી કરવા લાગી. ટપોટપ ટપોટપ દાગીના જોગીદાસની ખોળમાં પડવા લાગ્યા. ને જ્યાં મ રાઠોડ ધાધલની બરછી ચકર ચકર ફરતી જુવાનની છાતી સામી તોળાઇ રહી છે. જુવાનની આંખો ઘડીક રાઠોડ ધાધલ તરફ, ઘડીક જોગીદાસ તરફ, ને ઘડીક પોતાની સ્ત્રી તરફ ટળ ટળ ફેરવતી જાય છે. ને ઘરાણાં કાઢતી કાઢતી કણબણ કાલાવાલા કરી રહી છે કે "બાપુ! એને હવે મારશો મા હો! હું તમને આ તમામ દાગીના ઉતારી દઇશ. અને બાપુ! તમારે વધુ જો હશે તો ઘેરે જઇને મારા પટારામાંથી કાઢી લાવીશ. મા પીયરમાં બહુ સારું છે ને, તે મને ઘણો ય મોટો કરીયાવ કર્યો છે, અને ઇ બધાને મારે શું કરવું છે બાપુ! મારા..

એટલું વેણ અધૂરું રહ્યું, અને રાઠોડ ધાધલના હાથમાં બરછી છૂટી. કેમ કરતાં છૂટી? રાઠોડ ધાધલને પોતાને ય એ વાતની સરત ન રહી. બરછી છૂટી. જુવાનની પડખે

લોહીઉલકતી છાતીમાં પડી, આરપાર નીકળી, જુવાન ધરતી પર પટકાઇ ગયો, બેય બાજુએ લોહીની ધારો મંડાણી. તરફડ ! તરફડ ! કણબી તરફડવા લાગ્યો.

"અરરર !" જોગીદાસના મ્હોંમાંથી અરેરાટી નીકળી ગઇ. એની ખોઇ હાથમાંથી વછૂટી પડી. જમીન પર દાગીનાનો ઢગલો થયો.

ફાટી આંખે બેય જણા જોઇ રહ્યા.

કણબણની બે કાળી કાળી આંખો તાકી રહી. જાણે હમણાં ડોળા નીકળી પડશે ! એનું આખું અંગ કાંપી ઉઠ્યું. મરતો જુવાન એની સામે મીટ માંડી રહ્યો છે.

બાઇએ ધણીની કોદાળી ઉપાડી. ધડુસ ધડુસ પોતાના માથા પર ઝીંકવા માંડ્યું. માથામાંથી લોહીના રેગાડા છૂટ્યા. મોવાળાની લટો ભીંજાણી. મોઢું રંગાઇ ગયું.

"કેર કર્યો ! કાળો ગજબ કર્યો ! રાઠોડા ! કમતીયા કાળમુખા ! કેર કર્યો !" જોગીદાસ પોકારી ઉઠ્યો.

"કેર કર્યો ! અરરર !" રાઠોડ ધાધલના મ્હોંમાંથી પડઘો નીકળ્યો.

"રાઠોડા ! તારૂં આવું જ મોત આવજે ! તુને ટીપું પાણી ન મળજે !" જોગીદાસે શાપ ઉચ્ચાર્યો.

ને આંહી ધડુસકારા વધ્યા. ન જોઇ શકાય તેવો દેખાવ થઇ રહ્યો. બન્ને બહારવટીયા ભાગી છૂટ્યા. નોખા પડીને નાસી ગયા. ઉભા ન રહેવાણું.

રાઠોડ ધાધલનું ભારી ભુરૂં મોત થયું. અને જોગીદાસના વંશનું આજે સત્યાનાશ નીકળી ગયું છે.

૧૧

શિહોરને પાદર ગરીબશા પીરની જગ્યા પાસે પકતી ચોરણી, કણબી જેવું કેડીયું, ને માથે ઓઘાળુ બાંધીને એક આદમી ઉભો છે ફક્ત ભેરની પછેડી સિવાય બીજી બધી વાતે કણબી જેવો દેખાય છે સાંજ નમવા લાગી હતી અને જાણે આ આદમી જલદી પોતાને ગામ જવા માટે કોઇ ગાડું ગડેરૂ નીકળવાની વાટ જોતો કેડાને મોઢે ઉભો હોય તેવું લાગે છે

બરાબર અંધારા ઉતરવા શરૂ થયા ત્યાં એક ઓળાદાર પડછંદ અસવાર ઢાલ તરવાર ને ભાલા થકી શોભતો નીકળ્યો. જેના નામની માનતાઓ ચાલતી ને બીજી બાજુ જેની પાછળ ફોજો ફરતી એ બહારવટીઓ જોગીદાસ જ આજ એકલ ઘોડે દિ આથમ્યે નીકળેલો એકલા આટા દેવાની એને આદત હતી

કેડાને મોઢે ઉજળા લુગડાં ને પછેડીની ભેર બાંધેલ આદમીને ઉભેલો ભાળી બહારવટીયાએ ઘોડી થોભાવી એની ઓકાતીમાથી ઘેરો અવાજ નીકળ્યો કે

"કોણ છો એલા ?"

"હું કણબી છુ બાપુ !" આદમીએ થોથરાતી જીભે ઉત્તર દીધો

"કણબી કે 'દિ થી સાટે ! સાથી ઝાડ પછેડી મા નીકર બરછીએ વીંધીશ '

એટલું બોલીને જોગીદાસે ઘોડીને એ આદમીની થડોથડ લીધી

"છાનોમુનો આવી જા મારી ઘોડી માથે. બેસી જા બેલાડયે. નીકર જીવતો નહિ મેલું."

એટલું કહીને બહારવટીઆએ પોતાનો પહોળો પંજો લંબાવ્યો. એ આદમીનું બાવડું ઝાલ્યું. એને ઉચે ઉપાડી લઇ પોતાની પાછળ ઘોડી માથે બેસારી અંધારે અલોપ થયો.

માર્ગે જોગીદાસના મનમાં મનોરથ રમે છે કે આ આદમી શિહોરના કોઇ માલદાર મુખી પટેલીયાનો દીકરો દેખાય છે. એને બાન પકડીને આપણી સંગાથે રાખશુ અને એના બાપલામાં પટેલ આફરડો રૂપીયાની ફાટ ભરીને આપણુને ડુંગરામાં દેવા આવશે!

બાન પકડેલ આદમી પણ જરાયે આકળો બેબાકળો થાતે નથી. એને કશો ભય નથી એના દિલમાં યે આજ જોગીદાસના અજોડ ઘોડી ઉપર અસવારી કર્યાનો આનંદ છે.

શિહોરથી ઠેઠ માંડવા ગામ સુધીની મઝલ થઇ. માંડવ ગામનું પાદર આવ્યું. આવતા જ પાછળ બેઠેલ આદમી ખુલ્લા અવાજે લલકારી ઉઠયો કે

ઠણુકો નાર થીયે, (નાઇ) ચિત ખૂસો ! ચળીયું નહિ
ભાખર ભીલડીયે, (ઓલ્યો) જડધર મોહ્યો જોગડા !

[હે જોગી જેવા જોગા ખુમાણ! જટાધારી શંકર સરીખા તે પામર ભીલડીને માથે મોહી પડયો; પરંતુ તારૂ ચિત્ત તો કદી નારીના પગના ઠણુકારથી નથી ચળતું.]

- દુહાનો અવાજ પારખતાં જ જોગીદાસે ઘોડી થોભાવી પાછળ નજર કરી તારોડીયાને અજવાળે પોતે બાન પકડેલ આદમીનું મોઢું જોયું. એ મ્હોં મલકી રહ્યુ છે અને બને હાથ લંબાવીને એ આદમી બહારવટીયાને ઓવારણા લઇ રહ્યા છે બોલી રહ્યો છે કે

"ખમા મોળા જોગીને! આઇ તોળાં ઝાઝાં રખવાળ કરે મોળા તપસી!"

"કોણ છો એલા ?"

"ચારણ સાં, મોળા બાપ ! તોળો ભાણેજ સાં !"

"નામ ?"

"નામ લખુભાઈ ! આરોં માડવાનો રેવાશી સાં !"

"ત્યારે પહેલેથી સાચું કેમ ન કહ્યું ?"

"મોળા બાપ ! આજ શિહોરથી માંડવે પગપાળા તો પૂગાય એવું નૂતું. અને કણબી થયા વન્યા તોળી ઘોડીને માથે તું બેસાર એમ નુતો. અટલે ખોટું ભણવું પીયું બાપ !"

"અરે પણ અભાગીયા ! એટલા સારુ તેં મારી ઘોડીને મારી નાખી !"

એટલુ બોલીને ગભીર મુખમુદ્રા વાળો બહારવટીયો હસી પડ્યો હાથ ઝાલીને લખુભાઈ ચારણને હેઠા ઉતાર્યા ચારણ નીચે ઉભો ઉભો ખમકારા દેવા લાગ્યો, ને બહારવટીયાની ઘોડી અંધારે ગાજતી ચાલી ગઈ

૧૨

"આ ગામનુ નામ ?" બરછીની ચકચકતી અણી નોંધીને સામેનુ ગામડુ બતાવતા બહારવટીયાએ પોતાના સાથીઓને ચાલતે ઘોડે પ્રશ્ન પૂછ્યો

"ઇ ખોડકી ગામ, આપા ! અને ખોડકી એટલે તો એ ય વાતે ઘી કેળાં ! સમજ્યા કે ?"

"ઘી કેળા વળી કેમ ?" બહારવટીયાએ એ ગામના ઘટાદાર આંબા લીંબડા અને લીંબુડા વાડીઓ ઉપર બરાબર વૈશાખના તાપમા પોતાની નજરને ચગતી મેલી દઇને લોભાતે દિલે પૂછ્યુ

"આપા જોગીદાસ ! એક તો આવું હાડા જેવું રધિભર્યુ ગામ : અને તેમા ય વળી આપણા દુશ્મનનુ ગામ"

"કોનું ? ભાવનગરનું ?"

"હા, મહારાજ વજેસંગની દીકરીનું. આંહીના ગઢમાં કાંઇ ભાવનગરના સોના રૂપાનો પાર નહિ હોય. મહારાજ પણ જાણશે કે દાયજો ભલો દીધો'તો !"

"બોલો મા આપા ! ઇ વાત ન બને !" બહારવટીયાએ ગામ અને સીમ ઉપરથી પોતાની નજર સંકેલીને બરછી પાછી પગ ઉપર ઠેરવી લીધી. મ્હોંમાંથી 'રામ' શબ્દ પડતો સંભળાયો.

"કાં જોગીદાસ ખુમાણ ! ઘડીકમાં વળી શું સાંભર્યું ? આમાં કયું નીમ આડે આવ્યું ?"

"કાંઇ નહિ. વજેસંગજીની કુંવરીનાં પોટલાં હું જોગીદાસ કેમ કરીને સુંથી શકું ? મારે વેર તો છે વજેસંગની સાથે. દીકરી સામે નહિ. ઇ તો મારી યે દીકરી કહેવાય."

"અરે જોગીદાસ, પણ પૂરી વાત તો સાંભળો !"

"શું છે ?"

"આ વજેસંગજીની રાણીનાં કુંવરી નથી, પણ આ તો એની એક રખાતની દીકરીઃ કોઇ રાખતું નહોતું, તે મહારાજે ધ્રાંગધ્રાના એક ભૂખલ્યા ભાયાતને આંહી તેડાવી, પરણાવી, આ ગામ દઇને આંહી જ રાખેલ છે."

"તોય ઇ તો મહારાજની જ દીકરી. ઠરી પેટ ભલે રખાતનું રહ્યું, પણ લોહી મહારાજનું. હવે મને વધુ પાપમાં નાખો મા ભાઇ ! અને બોલીને ભાંગવાની વાત મેલી દ્યો."

એટલું બોલીને એ લોભામણા રૂપાળા ગામની સીમ જલદી વટાવી જવા માટે જોગીદાસે ઘોડીનો વેગ વધાર્યો. પણ અચીંતું જાણે કાંઇક યાદ આવ્યું હોય તેમ એણે પોતાની બંક ગરદન ફેરવી, પાછળના અસવારોને પ્રશ્ન કર્યો.

"ભાઇ ! કોઇના ખડીયામાં કાંઇ સોનું રૂપું–થોડું ઘણું નીકળે એમ છે ?"

"કેમ આપા ! અંતરિયાળ કેમ જરૂર પડી ?"

"મહારાજનાં કુંવરીને કાંઇક કાપડું દઇ મેલીએ. દીકરી જો જાણશે કે જોગીદાસ કાકા પાદર થઇને પરબારા ગયા તો ધોખો કરશે. !"

લોકવાયકા બોલે છે કે બહારવટીયાએ સીમના કોઇ ખેડુતની સાથે મહારાજ વજેસંગની રખાતની પુત્રી માટે કાપડાનું થોડું સોનું મોકલ્યુ હતું.

૧૩

સંધ્યાની રૂંઝયો રડી ગઇ છે. માણસ હાથતાળી દઇને જાય, એવી ગટાટોપ ઝાડી વચ્ચે ગિરની રાવલ નામની ઉંડી નદીનાં આછાં છીછરાં પાણી ચુપચાપ ચાલ્યાં જાય છે. નદીની બન્ને બાજુ ઝાડી, અને ઝાડીની ઉપર આભે ટેકા દેતી હોય તેવી ઉંચી ભેખડો : એ ભેખડો ઉપર પણ કોઇ કોઇ ઠેકાણે ડુંગરા ઉભા થયેલા : નદીના વેકરામાં સાવઝ દીપડાનાં પગલાં પડેલાં : બેય બાજુની બોઝોમાંથી 'નીકળીને 'જનાવર' જાણે હમણાં જ તાજાં પાણી પીને ચારો કરવા ચાલી નીકળ્યાં હોવાં જોઇએ, એવું દેખાતું હતું.

રાવલ નદીને એવે ભયંકર સ્થાને રોજ્ય કોજ્ય દિવસ રહ્યાને ટાણે જોગીદાસ પોતાના ચાલીસ ઘોડેસવારો સાથે તુલસીશ્યામ જાતાં જાતાં રસ્તે ઘડી બઘડી વિસામો લેવા ઉતરેલ છે. ચાલીસે ઘોડીઓ રાવલ નદીનાં લીલુડાં મીઠાં ઘાસ મોકળી ઉભીને ચરે છે. અસવારોમાંથી કોઇ ચકમક જેગવી ચલમો પીવે છે ને કોઇ ચળી કરગઠીયાં વીણીને હોકો ભરવા માટે દેવતા પાડે છે. જોગીદાસ પોતે તો પોતાની ભુજા ઉપર ચડાવેલો બેરખો ઉતારીને સૂરજના જાપ કરી રહ્યો છે. સૂરજનાં અજવાળાં સંકેલાય છે, તેમ આંહી બહારવટીયાની આંખો પણ ઇશ્વરભક્તિમાં બીડાય છે.

'જોગીદાસ ખુમાણ! એક અણોહી વાર અફીણ હશે તમારા ખડીઆમાં?' એક કાઠીએ આવીને પ્રશ્ન કર્યો.

'ના બાપ! મારા ખડીઆમાં તો તલ જેટલું યે નથી રહ્યું.'

'કાંઇ ડાબલીમાં વળગ્યું હશે?'

'હજી કાલ્ય જ ડાબલી લૂછી લીધી'તી ને? કાં? એવડી બધી શી જરૂર પડી છે?'

'ભાઇ ભાણ ખુમાણની આંખ્યું ઉઠી છે. માહીંથી ડોળા જાણે નીકળી પડે છે. તે પોપચા માથે ચોપડવું તું. અફીણ ચોપડત તો આંખનું લોહી તોડી નાખત, ને વ્યાધિ કાંઇક ઓછી થાત.'

'બીજા કોઇની પાસે નથી?'

'બાપ! તારા ખડીઆમાં ન હોય તો પછી બીજાના ખડીઆમાં તે ક્યાંથી હોય?'

'આંખે ચોપડવા જેટલું યે નહિ?'

'ક્યાંથી હોય? એ કોરી પણ કોઇની પાસે ન મળે. શેનું લેવું?'

'હે જીતવા! જેવી સૂરજની મરજી!'

ચાળીસ ખડીઆમાંથી–ચોરાશી પાદરના માલીકોના ચાળીસ ખડીઆમાંથી દુખતી આંખ ઉપર ચોપડવા જેટલું ય અફીણ ન નીકળ્યું, એવી તાણસંકડ ટાણું ભાળીને જોગીદાસનો જીવ ઉદાસ થઇ ગયો. પણ તરત જ એને અંતરમાં સોહામણું ઉપડ્યું. જાણે વિપત્તિ સામે પડકાર કરતો હોય એમ એણે છાતી ગજાવીને ખોંખારો ખાધો. ફરી વાર બધું વિસરી જઇ આથમતા સૂરજ સામે બેરખાના પારા ફેરવવા લાગ્યો.

માળા પૂરી થઇ. એ વખતે એક કાઠી ખોઇમાં કાંઇક ભરીને જોગીદાસની પાસે આવ્યો. મૂઠી ભરીને એણે કહ્યું, 'આ લ્યો આપા!'

'શું છે ભાઇ?'

"આ બે મુઠી ટેઠના ખાવ એટલે કોઠામા બે ચાર ખોબા પાણીનો સમાવેો થાય"

"ટેઠના વળી શેના બાફ્યા ?"

"બાજરાના"

"બાજરાના ! બાજરો ક્યાથી ?"

"ઇ યે વળી સાભળવુ છે આપા ? સુગાશો નહિ ને ?"

"ના રે ભાઇ ! સુગાવા જેવી શાહુકારી બારવટીયાને વળી કેની ! કહો જોઇએ ?"

"આપા ! આ ચાનીસે ઘોડીને કોક દિ' જોગાણ ચડાવ્યુ હશે, તેનો ચારેલ બાજરો ચપટી ચપટી ચાળીસે પાવરામા ચોરી રહ્યો હશે, એમ ઓસાણ આવ્યાથી ચાળીસે પાવરા ખ ખેરીને ઇ બાજરાની ઘઘરી બાફી નાખી છે!"

"અરર ! ઘોડીયુનો એંઠો બાજરો ?"

"એમા શું આપા ! પાણીમા ધોઇને ઓર્યો'તો બાખ્યો તો શુ થાય ? આજ આઠ આઠ જમણથી કડાકા થાય છે અને સૌને ચપટી ચપટી ખાધે થોડોક ટકાવ થઇ જાશે ત્યા તો આપણે તળશીસ્યામ ભેળા થઇ જાશુ, આપા ! ખાઇ લ્યો કાઇ ફકર નહિ"

"સૌને વેચ્યો કે ?"

"સૌને તમ તમારે ખાવ"

ભૂખમરો ભોગવતા ચાળીસ જણાએ એ બાજરાની મૂઠી મૂઠી ઘુઘરી ખાઇ, બાકીનો ખાડો રાવલનાં પાણીથી પૂર્યો. અને અંધારૂ થયે આખી ટોળી રાવલની ભેખડો ઓળંગી ભયકર ડુગરાઓમાથી કેડીઓ ગોતી ગોતી તુળસીશ્યામને માર્ગે પડી

૧૪

"ઉઘાડો!"

બરાબર અધરાતે, ઉંચા ઉંચા ડુંગરાની ચોપાટ વચ્ચે ઉભેલા એ ધાટી વનરાઇ-વીંટયા તુલસીશ્યામ નામના જાત્રાધામનાં તોતીંગ-કમાડ પર ભાલાંની બૂડી ભટકાવીને બહારવટીયાઓએ સાદ કર્યો કે "ઉઘાડો!"

"કોણ છે અટાણે?" અંદરથી દરવાન કાગાનીંદરમાં બોલ્યો.

"મેમાન છીએ, મેમાન! ઉઘાડ ઝટ! વધુ વાત સવારે પૂછજે."

તોછડો જવાબ મળવાથી દરવાન વ્હેમાયો. કમાડની તરડ પર કાન માંડયા ત્યાં ચાલીસ ઘોડીઓની ધમકમ સાંભળી. દરવાન થરેર્યો.

"ઉઘાડ ઝટ! ઉઘાડ ભાઇ! બરફ જેવી ટાઢ અમારાં કાળજાં વીંધી રહી છે! ઉઘાડ."

"અટાણે કમાડ નહિ ઉઘડે."

"કાં? શું છે તે નહિ ઉઘડે?"

"નહિ ઉઘડે તમે બારવટીયા લાગો છો."

"અરે બાપ! બારવટીયા તો ખરા, પણ કાંઇ શામજી મહારાજના બારવટીયા નથી એનાં તો છોરૂં છીએ. ઉઘાડ ઝટ."

"નહિ ઉઘડે. બહાર સુઇ રો'."

"એ-મ?" જોગીદાસે મોખરે આવીને ત્રાડ દીધી. "નથી ઉઘાડતો? કહીએ છીએ કે અમે શામજીના બારવટીયા

નથી. પણ જો હવે નહિ ઉઘાડ ને, તો હમણાં કમાડ ખેડવીને માલીપા આવશું, અને શામજીની મૂર્તિને માથે એક વાલની વાળી યે નહિ રે'વા દઇએ. અબઘડી લૂંટીને હાલી નીકળશું. તો તારૂં મોઢું ખોઇ જેવું થઇ રહેશે. ઉઘાડ ગોલા! શામજીના આશરા તો ચોર શાહુકાર સહુને માટે સરખા કે'વાય."

એ ન ભૂલાય તેવો નાદ સાંભળતાં જ દરવાનનો હાથ આપોઆપ અંધારામાં કમાડની સાંકળ ઉપર પડયો. અને અને 'કી ચૂ....ડ' અવાજે બેય કમાડ ઉઘાડાં ફટાક મેલાયાં. ચાલીસે ઘોડીઓ અંદર દાખલ થઇ ગઇ.

"શામજી દાદા!"

પ્રભાતે જોગીદાસ પાઘડી ઉતારીને ઝૂલતે ચોટલે પ્રભુની શ્યામ પ્રતિમા સામે ઠપકો દઇ રહ્યો છે; "શામજી દાદા! મારો ગરાસ લૂંટાય ને મારાં બાયડી છોકરાં શત્રુને ઉંબરે બેસીને બટકું રોટલો ખાય ઇ તો ઠીક, ભુજમાં બળ હશે તો મારી ઝૂડીને ગરાસ પાછો મેળવશું, પણ દાદા! તારા કોઠારમાં યે શું કણ ખૂટી ગયું કે મારા ચાળીસ અસવારોને આઠ દિ'ની લાંઘણોનું પારણું ઘોડીયુંના એઠા બાજરાના ટેઠવા ખાઇને કરવું પડે! આવડો બધો અન્નનો દુકાળ તારા દેશમાં! એવો તારો શીયો અપરાધ થઇ ગયો દાદા! હું શું પાપી માયલો યે પાપીયો લેખાણો?"

જોરાવર છાતીના બહારવટીયાને પણ તે વખતે નેત્રોમાં જળજળીયાં આવી ગયાં. પણ એકજ ઘડીમાં એ ચમકી ઉઠયો. એના કાનમાં જાણે કોઇ પડઘા બોલ્યા કે "ધ્રૂસ! ધ્રૂસ! ધ્રૂસ!"

"સાચું! સાચું! દાદા, સાચું! મારૂં પાપ મને સાંભરી ગયું. હવે તારો વાંક નહિ કાંઇ."

તાતા પાણીના દેવતાઇ કુંડમાં જઇ જોગીદાસે સ્નાન કર્યું. માથાનો લાંબો ચોટલો કોઇની નજરે ન પડી જાય તે માટે અંધારામાં સહુથી પહેલો પોતે નાહી આવ્યો. અને

ડુંગરાના હૈયામાં જય શ્યામ! જય શ્યામ! જય શ્યામ! ના પડછંદા ગુંજવા લાગ્યા.

જગ્યાના મહંતે રસોઇની તૈયારી તો ઝડપથી માંડી દીધી હતી. પણ ચાલીસે કાઠીઓ ભૂખ્યા ડાંસ જેવા બનીને ધીરજ હારી બેઠા હતા. પેટમાં આગ થઇ હતી. રોટલા થાયછે થાયછે ત્યાં તો વારે વારે દોડી દોડી "ભણે જોગીદાસ ખુમાણ! ઝટ હાલો! ઝટ હાલો!" એવી ઉતાવળ કરાવતા હતા ઉપવાસી જોગીદાસ પણ કાંઇ જેવો તેવો ભૂખ્યો નહોતો. પરંતુ અન્નમાં ચિત્ત ન જાય, અને કાઠીઓ તોફાન મચાવી ન મૂકે તે કારણથી પોતે માળા ફેરવવા બેસી ગયો. કાઠીઓ બોલાવવા આવે તો શાંતિથી એમજ જવાબ આપતો ગયો કે "હજી બે માળા બાકી છે ભા! હજી એક જાપ અધૂરો છે! હમણે પૂરો કરી લઉં છું!"

૧૫

ભાવેણાનો નાથ કાયર થઇ ગયા છે. વજેસંગજીના કળ ને બળ બેય હારી ગયા છે. મોટી વિમાસણ થઇ પડી.

"કોઇ જો જોગીદાસને પકડી મને સોંપે તો મારા ભાવનગર રાજમાંથી એક ચોવીસીનું મ્હોમાગ્યું ચોસલું કાઢી આપું."

"છે કોઇ મરદ મૂછાળો!" એવી હાકલ કરીને બીડદારે ક્યારીમાં બીડું ફેરવવા મંડ્યો.

જસદણ દરબાર શેલા ખાચર ભાવનગરને ઘેર પરોણા છે. એનો હાથ મૂછોના કાતરા ઉપર ગયો. ચોવીસીનું ચોસલું આપવાની વાત સાંભળીને એની દાઢ ગળકી થાળીમાંથી બીડું ઉપાડીને એણે મોઢામાં મૂક્યું.

"તમે પોતેજ, આપા શેલા?" વજેસંગજીએ પૂછ્યું

"હા ઠાકોર! છ મહિને ગળામાં ગાળો નાખીને બહારવટીયો હાજર કરૂં."

"અરે રંગ શેલા ખાચર !

એવા રંગ લઈને શેલો ખાચર જસદણે સીધાવ્યા. થોડા દિવસ થયા ત્યાં તો એના કાઠીઓ અધીરા થઈ ગયા. ચોવીસીના ચોસલ્યામાંથી પોતપોતાને બટકું બટકું મળવાની લાલચે જોગીદાસને ઝાલી લાવવા ઉતાવળા થઈ ગયા. અને શેલા ખાચરને જઈ કહેવા લાગ્યા કે

"ભણેં આપા શેલા ! હવે તો ઘોડીયું બાંધી બાંધી પાછલા પગની પાટુ મારી મારીને ઘોડહારનાં પળ્યાં પડાળ તોડી નાખે છે. માટે હવે ઝટ કરો. !"

"હા બા, હવે ચડીએં."

તે અરસામાં જ એક માણસ જસદણની ડેલીએ આવ્યો. આવીને કહ્યું કે "દરબાર ! તમારા ચોર દેખાડું."

"તું કોણ છો ?"

"હું જોગીદાસનો જોશ જોનારો."

"આંહી ક્યાથી ?"

"તકરાર થઈ. મને કાઢી મેલ્યો. હાલો દેખાડું."

"ક્યાં પડ્યા છે ?"

"નાંદીવેલે ભાણ્યગાળામાં."

"કેટલા જણ છે ?"

"દસ જ જણા."

"વાહ વા ! કાઠીયું ! ઝટ ઘોડાં પલાણો. અને ગાંગા આરોટ, તમારે પણ અમારી હારે આવવાનું છે."

"બાપુ ! મને તેડી જવો રહેવા દ્યો." ગાંગો રાવળ હાથ જોડીને બોલ્યો.

"ના, તમારે તો આવવું જ પડશે. અને જેવું જુવો એવું અમારું પરાક્રમ ગાવું પડશે."

એક સો ને વીસ અસવારે શેલો ખાચર ચડયા. લીલા પીળા નેજા ફટકતા આવે છે. આભ ધુંધળો થાય છે. જોગીદાસને દસ માણસે ઝાલી લેવો એ આપા શેલાને મન આજ રમત વાત છે. સાથે પોતાના આશ્રિત ગાંગા ગવળને લીધો છે. પોતાના જશ ગવરાવવાના એને કોડ છે.

ભાણુ ગાળાની ભેખો માથે એક સો વીસ માણસોની ધકમક ભાળતાં જ જોગીદાસ ઘોડે પલાણી - દસે માણસો સાથે ચડી નીકળ્યો. નાનેરા ભાઇ ભાણે હાકલ કરી કે

"આપા ! આમ ભુંડાઇએ ભાગશું ? મલકમાં ભારે થઇને હવે હળવા થાવું છે ?"

"બાપ ભાણુ ! બારવટીયા તો બચાય ત્યાં સુધી બચે. બારવટામાં ભાગ્યાની ખોટય નહિ."

"પણ આપા ! આમ તો જુઓ ! આ શેલો : કાગડો કાગડાની માટી ખાવા આવ્યો છે. અને એની મોઢા આગળ ભાણ જોગીદાસ ભાગશે ? એથી તો કટકા થઇ જવું ભલું. આપા ! દેવળવાળાનું દેવસું ! પાછા ફરો."

દસ અસવારે જોગીદાસ પાછો ફર્યો. કયારે ફર્યો, એ ખબર ન પડી. ઓચીંતો પવન જેમ દિશા પલટાવે એમ બહારવટીએ વાટ પલટાવી. સસવાટા મારતો જાણે વંટોળ આવ્યો. એને આવતો ભાળતાં જ શેલાના કટકમાંથી રામ ગયા. કટક ભાંગ્યું

'ભાગો ! ભણે ભાગો ! પડ દો ! ભણે પડ દો !" એવી કીકીઆરી કરતા એક સો વીસ કાઠીઓ ઉપડયા

શેનો સાદ કરે છે "એના કાઠીઓ ! આ તો કાકરા કેરાવ્યા"

ભાગતા કાઠીઓ કહે છે "આપા શેના ! કાકરા ભના ! બાકી આહી ગરમા જો પાળીઆ થાશે ને, તો કોઇ સીંદોર ચડાવવા ય નહિ આવે !"

"સાચુ ભણ્યુ બા !" કહીને શેલો પણ ભાગ્યો.

ગાગો રાવળ રાડો પાડતો રહ્યા કે "એ આપા શેના ! ગઝબ થાય છે ભાગ્ય મા ભાગ્ય મા'

"ગાગા ! તુ હવે હળવો હળવો આવી પોગજે !"

એટલુ કહીને શેલો ખાચર કટ- સાથે પનાયન થયો અને આહી જોગીદાસને જોતા જ ગાગાની છાતી ફાટવા લાગી

"વધન્યા ! મારા વિસામાના વધન્યા બાપ !"

એમ બન્ને હાથે વારણા લઇને ગગાએ બહારવટીયાને બુલદ અવાજે બરદાવ્યા

શરમીંદો બનીને બહારવટીઓ બોલ્યો કે "ગાગા બારોટ ! આ બિરદાવળીના મૂલ મૂલવવાની વેળા આજ મારે નથી રહી શું કરૂ ?"

"બાપ જોગીદાસ ! હુ આજ મોજ લેવા નથી આવ્યો હું તો તારા ગણની ગગામા નાઇ રહ્યો છુ તુ તો અમારૂ તીરથ કર્યો"

ગજા મુજબ શીખ કરીને ગાગાને વિદાય કર્યો

આહી શેલા ખાચરે થોડાક હથીઆર પડીઆર અને થોડાક ઘોડા ભાવનગર મોક્લી દઇને ઠાકોરને કહેવરાવ્યુ કે

"બારવટીયા તો વાદળાં જીમા ! દિ' રાત ગરની ઝાડીનુમા રે'વા વાળા ! સર સામાન મેનુ ઝાડવાના વેના પબ્કુ પબ્કુને ઝાડવા માથે ચડુ ગયા ચડ્ને ડુગરામા તડૂકાવુ ગયા ! અને યાનો આ અસમાબ અમે આચકી લીધો તે દઉ મેલીએ છીએ"

ઠાકોર સમજી ગયા..આ ટારડાં ઘોડાં ને આ સર સામાન જોગીદાસનાં ન્હોય ! શેલો ખાચર છોકરાં ફોસલાવે છે !

ઘૂમતો ઘૂમતો ગાગો રાવળ ચાર મહિને જસદણમાં આવ્યો છે શેલા ખાચરનો દાયરો ભરાયો છે. એવે સમયે કાઠીઓએ ગાગાને છછેડયો : "ગાગા બારોટ ! ભણે હવે બાપુનો ગીત ભણ્ય ! ભાણગાળાના ધીંગાણામાં બાપુ શેલા ખાચર કેવા રૂડા દેખાણા, ઇ વાતનો ગીત ભણ્ય !"

ગાગા રાવળે મ્હો મલકાવ્યુ "ગીત તે કેમ કરીને ભણું આ ! યાં તો વાસામાં તમને બારવટીયાનાં ભાલાં વાગતા'તા !"

"પણ તાળી જીભે કાંઇ ભાલાં વાગતાં સે ? ગીત ભણવામાં તારા બાપનો કાણુ જાતો સે ? ચાર વીઘા પળત ખાછ, હોળી દીવાળીએ દાસ લેછ, બાપુની મોજું લેછ, ઇ કાંઇ અફતીયો માલ છે ?

"એટલે ! ખોટેખોટાં વખાણુ ગાવા સાટુ મને બાપુ પળત ખવરાવે છે ?"

"હા ! હા ! વખાણુ તો કરવાં જોશે. કવિ કેવાનો થીયો છો ?"

"ઠીક ત્યારે, સાંભળી લ્યો. પણ એક કરાર : શીંગાથી પીંછા સુધી એક વાર સાંભળી લેવું : વચ્ચે મને રોકવો કે ટોકવો નહિ. આ ગીતમાં તો વડછડ છે; એટલે ઘડીક આપણું સારું આવશે, ઘડીક ભાણ જોગીદાસનું સારું આવશે, અને છેવટે બાપુનો ડંકો વાગશે. માટે મને વચ્ચે રોકો તો તમને સરજ્યના સમ !"

"ભલે !"

ગાંગાએ ગીત રચી રાખેલું, તે ઉપાડયું :

[ગીત–જાંગડું]

ખળ કરી અતગ હાલીયો બોરો
લાવું પતંગ જાણે ખુમાણુંના લોચે

ખુમાણે દીધાં ભાલાં તરીંગમાં ખોચે,
સોંયરા લગ આવીયો ભુંશે !

[અતિ મોટુ સૈન્ય લઇને શેલો ખાચર ચડયો મનમા હતુ કે આજે જોગીદાસ ખુમાણના પોકા છુટવી લાવીશ ત્યા તો ઉલટા, પોતાના ઘોડાના તરીંગમા જ ખુમાણોના ભાલા ભોકાયા, એવા ભાલા ભોકાયા કે શેલો ખાચર સોયરગઢ સુધી ભાગતો આવ્યો]

જેસી તે હૈયે નો જાણ્યો
અગં એકાર એધિકો આણ્યો
આગળ ખુમા તણો હતો અણેણો
(ત્યાં) માથે આવિયો દુસરો મેણો !

[હૃદયમા કાઇ વિચાર ન કર્યો અગમા વધુ પડતો અહકાર આવ્યો અગાઉ ખુમાણો સાથે અણેણુ તો હતુ જ, ત્યા વળી આ બીજુ મેણુ માથા પર આવ્યુ.]

ખાચર ખોટ દુસરી ખાયો
ઝાળે ખુમો ભાણુ જગાયો
ફૂડુ શેલા કામ કમાયો
ગરમાં જઈને લાજ ગમાયો !

[હે શેલા ખાચર ! તે બીજી વાર ખોટ ખાધી તે ઝાડીમા જઇને ભાણ ખુમાણને જગાડયો તે બહુ ખુરૂ કામ કર્યું ગિરમા જઇને તે લાજ ગુમાવી.]

ધરપત થીયો સભે ધુડધાણી
રાખી મેલ્યા ડોડ રમાણી
માર્યા ફરતા રોડ મોકાણી
ઠરડ કાઢયો ભાલે ઠેબાણી.

[હે ધરપતિ ! તારૂ સવસ્વ ધૂળધાણી થઇ ગયુ. તારા રોડાણી, મોકાણી અને ઠેબાણીઓને બહારવટીયાઓએ બહુ માર્યા]

આલણહરો કહુ અલબેલો
ખેલ જઇને બીજે ખેલો
ઝાટકીયો દમ ધાડે ઝીલો
ઊ વીસુથી બાવ્યો શેલો '

[આવા જુમાખાનો પૌત્ર બાણુ નેગીદાસ તો અકળેલો છે : માટે હે ખાચરો! તમે બીજે ક્યાંક જઈને રમત રમો. દસ જ પાટે બાણુ નેગીદાસે જપાટો માર્યો, ત્યાં તો છ વીસું (એકસો વીસ) ઘોડા સાથે શેલો ખાચર ભાગી નીકળ્યો.]

"હો બાપ! આ ગીત"!

ગીત પૂરું થયું. શેલા ખાચરે આંખો લાલ કરી. ગાંગાને કહ્યું "બારોટ! હવે જસદણમાં રે' તો ગા' ખા!"

'થૂ પડી એ રહેવામાં!' કહીને ગાંગો ચાલી નીકળ્યો.

"બાનને માર્યો? શુરૂં કર્યું. હવે આપણે કુંડલા ખાઇ રીયા. બાનને માર્યો! શું કહેવું ભાઇ? આ પાપને તો સાત જન્મે ય આરોવારો નહિ આવે ઠાકર કયાય નહિ સંઘરે"

ડુંગરાના ગાળામાં મુકામ થયો અને ભીમ પટેલના નરસી અને નાઘો નામના બે દીકરા બાન પકડીને સાથે આણ્યા છે. બહારવટીયાની રીત હતી કે બાન ભાગી ન જાય શકે તેટલા માટે તેના પગને તળીએ અંગારા ચાંપી દેવા. તે સિવાય તો બાનને સારામાં સારૂં ખાવા પીવાનું ને સૂવા બેસવાનું આપી પરોણાની રીતે જ રાખતા.

અંગારા તૈયાર થયા, લાલચોળ ધગધગતા અંગારા દેખીને કણબીના બે દીકરામાંથી મોટો નાઘો નામે હાતો તે રોવા લાગ્યો. એને રોતો દેખીને નાનો નરસી બોલ્યો. "હેઠ્ય કાયર! રોવા બેઠો છો! આપણે તો ખુમાણ બોરડું! સાવરીયાઓને ખોટય બેસે. બચાડા બારવટીયા વળી અંગારા શું ચાંપશે?" આમ જો! આમ આપણી જાણે ચાંપી લેવાય!"

એટલું કહેતો નરસી ઉભો થયો. ઝગતા અંગારા ઉપર સબ! સબ! સબ! પગ માંડીને ચાલ્યો ગયો. પગનળીયાનાં ખોભળાં ફાટી ગયાં, અને અંગારા ઓલવાઇ ગયા.

બહારવટીયો જોગીદાસ મીટ માંડીને આ કણબીની હિમ્મત સામે જોઇ રહ્યો. એની આંખો ચોંટી રહી. પડખે બેઠેલા સાથીને પૂછ્યું કે "એણે પોતાને 'ખુમાણ બોરડું' કેમ કહ્યું?"

"આપા! એનો કાકો ધરમશી પટેલ પાંચસેં ઘોડે આપણી વાંસે ભમે છે એટલે ઇ અરધા ખુમાણ જ કહેવાયને? કુંડલા પંથકના પટેલીયા તો કરાફાત છે આપા!

૨૭

માવતર મદઈપણું કરે, જાય બારવટે જે
એનાં છોરૂને ચણય દે (તું) વેંઢારચ વજપાળદે!

[હે વજેસંગ ઠાકોર ! જેના માવતર તારી સાથે શત્રુતા કરીને બહારવટે નીકળ્યા છે, તે જ નાના બચ્ચાંને તું પોષણ આપીને તારે ઘેર પાળી રહ્યો છે.]

જોગીદાસનાં રાણી, બે દીકરા ને એક દીકરી, એમ ચારે જણાંને ઝાલી લઇ મહારાજે ભાવનગર તેડાવી લીધાં હતાં. રાજ-રખાવટથી જ એ બંદીવાનોને રાખવામાં આવ્યાં હતાં. દરબારગઢની અંદર જ એ કુટુંબના આવાસ હતા. આજે બહારવટીયાનો આદમી ત્યાં જઇ 'આઇ'ની પાસેથી સમાચાર લઇને ભાણગાળે આવેલ છે.

" બાળબચ્ચાંના કાંઇ સમાચાર લાવ્યો છો ભાઇ ?

" આપા ! આજ તો મોટે ટીપે આંસુડાં પાડતાં પાડતાં આઇએ સમાચાર કહેવરાવ્યા છે, "

" આંસુડાં પાડ્યાં ? કેમ ? ઘાકી ગઇ કાઠીઆણી ? ભાવનગરના રાજ દરબારમાં કાંઇ રખાવટ મોળી પડી ? ઠાકોરે કાંઇ કહ્યું ? "

કમરીબાઇને ઉડાણ કાઠીલાને ઘેરે પરણાવી. અને એક લાખનો દાયજો લીધો. દુશ્મન ઉઠીને બાપ થયો ! "

"હા ! ઇ વાત હું જાણું છું. મહારાજ આપણાં ગામ ખાય છે, તે દાયજો કરે, બાપ ! બીજું કાંઇ ?"

"બીજું તો કાઠીને કે'જે કે થોડા દિ' પહેલાં આપણો લાખો ને હરસૂર બેય જણા કુંવર નારૂભા ને અખુભાની સાથે રમતા'તા. એમાં લાખે કુંવર નારૂભાને લપાટ મારી. કુંવર રોતા રોતા મહારાજ પાસે ગયા. જઇને કહ્યું કે "મને લાખે ખુમાણે માર્યું." તે ટાણે મહારાજના મ્હોંમાંથી શા શબ્દ નીકળ્યા કાઠી ! મહારાજે કહ્યું કે "બેટા ! એનો વાંધો નહિ. એનો બાપ રોજ અમને મારે છે, તો પછી દીકરો તને મારે એમાં નવાઇ શી ? અમે ય વાંસો ચંચવાળી રહીએ છીએ !"

કાઠી ! આખા દાયરાની વચ્ચે પોતાના ટીલાત કુંવરને આવો જવાબ આપીને મહારાજ ખડ ખડ હસી પડયા. પછી પોતે નારૂભાને હેતભર્યે હૈયે કહ્યુ કે

"ભાઇ ! ઇ કેમ ન મારે ? એને શું ખીજ ન આવે ? એનો બાપ આજ પંદર વરસથી ગામ ગરાસ ખોઇને ડુંગરામાં પાટકે છે. પાણાનાં ઓશીકાં કરેછે. ઇ દાઝનો માર્યો દીકરો આપણને ઠોંટ ઠાપલી કરે તો ખમી ખાઇએ ભાઇ ! એને માથે દઃખનાં ઝાડ ઉગ્યાં છે."

કાઠી ! આખો દાયરો થભી ગયો. અને મહારાજે લાખાને ખોળામાં બેસારીને ઉલટું એના હાથની હથેળી પંપાળી. અને પૂછ્યું કે "બાપ ! તુંને તો વાગ્યું નથી ને ?"

કાઠી ! આવી રખાવટ રાખનારની સામે હવે કયાં સુધી ઝુંબ કરવાં છે ? આવા દેવરાજને ખોળે તરવાર મેલી દેતાં ન લાજીએ. અને હવે હાલ્યા આવો ! મહારાજના બેરૂ બનો !

સમાચાર સાભળતાં સાંભળતાં બહારવટીયાના હાથમાં બેરખો થંભી ગયો. એની આખોને ખુણે બે મોટાં આંસુડાં લટકી પડયાં. કાંઇ બોલ્યા વગર જ એ બેઠો રહ્યો. ચારે કોર અંધારાં છવાઇ ગયાં.

૧૮

"આમા વશ કયાથી રે ?"

બહારવટામા વારવાર ગામેગામની ગાયો તગડાય છે એક દિવસ ત્રણસો ચારસો ગાયોનુ ધણ તગડીને બહારવટીયાએ નાદીવેના ડુગરના ગાળામા ઠાસી દીધુ આડી મોટી વાડ્ય કરાવી લીધી ત્યા ગાયોને ચરતી મેલીને ભાણુ ગાળેથી બીજે જ દિવસ ભાગી નીકળવુ પડ્યુ ભાગતાં ભાગતા ગિર વીંધીને બહાર નીકળ્યા બીજા મલકમા ઉતરી ગયા નાદીવેનામા ગાયો ઠાસી છે એ વાતનુ ઓસાણુ પણુ ન રહ્યુ

એક વરસ વીતે બહારવટીયા પાછા ભાણગાળે આવ્યા જોગીદાસને ત્રણસે ધેનુઓ સાભરી આવી ઠાસામા આવીને જુવે ત્યા ત્રણસો ગાયોના ખોખા [હાડપીંજર] પડેલા ઠાસેલી ગાયો ખડ પાણી વિના રીબાઇ રીબાઇને મરી ગઇ હતી

"બાપ ભાણુ !"

"હા આપા !"

"અકેકાર થયો

'હોય આપા ! બારવટા છે"

"મઠ દિ' બારવટા ખેડ્યા બાપ ભાઇ બહુ મરાવ્યા ઞાનુમીઓના ધીંસરા કરવામાં કાઇ બાકી નથી રાખી અઢાર સો હત્યાયુ લીધી અને આ ગાય માતાજીયુને તગડવામા તો ત્રાસ જ નહોતો રાખ્યો વાછરુને માતાઉથી વછોડાવીને, અનોધા નિસાપા લીધા આમાં વશ કયાથી રે'શે ?

"આપા ! ઇ બધુ સતરિ છો શીદ ?"

"સમસમ્યું રે'તું નથી, એટલે સંભારું છું–ઠીક સંભારું છું. આટલાં પાપનો પોટલો બાંધવા છતાં ય ખુમાણોમાંથી કોઇ ન પડખામાં આવ્યો. સાવરીયાઓ ગરાસ માંડી માંડીને ભાડાંની ગાડીયું હાંકવા લાગ્યા. કાકાઓને પોતપોતાનાં છ છ ગામનું ગળપણ વા'લું થયું. હવે આપણે કયા સુધી રઝળશું? શો ફાયદો કાઢશું? ઝલાશું તો કૂતરાને મોતે મરશું."

"તયીં આપા? કેમ કરશું? તરવાર છોડશું?"

"હા."

"તો હાલો ભાવનગર."

"ના. હેમાળે."

"કાં?"

"જોગીદાસની તેગ ભાવનગરના ધણીને પગે તો ન છૂટે. કૈલાસના ધણીને પગે છૂટશે."

"હેમાળો ગળવો ઠર્યો?"

"હા, તે વગર આ પાપનો પાર નહિ આવે"

ભાણ-વજ્જરતી વાળો ભાણ રોઇ પડયો. આપા! આપા! કહી ખોળે ઢળી પડયો.

"રો મા બાપ! મને રોકય મા. તું છોકરાને ઓથ દેજે. ને હું મારા એકલાનાં નહિ, પણ આપણા સહુના મેલ ધોવા જાઉં છું, અને ભાણ! જોજે હો, જેબલીયાણી ગાની ને ભાઇ હીપાજસાની સાર સંભાળમાં મોળું કેવરાવતો નહિ હો! બાપુનું ગામતરું છે."

જોગીદાસ હિમાળયે ગળવા ચાલ્યા જાણે એક હિમાલય બીજા હિમાલયને મળવા ચાલ્યો.

જોગીદાસ હેમાળે ગળવા ચાલ્યાની જાણ ભાવનગરમાં થઇ. મહારાજની સન્મુખ જ બહારવટીયાના દીકરા રમે છે. રાણીવાસમાં બહારવટીયાની રાણી બેઠી છે કે જેણે પંદર પંદર વરસો

થયા ધણીનું મ્હો જોયું નથી અને જોગીદાસ હેમાળામાં ગળે તો ભાવનગરના વંશ ઉપર બદનામીનો પાર નહિ રહે !

મહારાજે બહારવટીયાને પાછો વાળવા માટે માણસો દોડાવ્યાં. ખુમાણ દાયરાને સંદેશો કહેવરાવ્યો કે "ઝટ આડા ફરીને આપાને પાછો વાળો. હું એને બોવે બહારવટું પાર પાડું"

ખુમાણોને સાન આવી આપાની પાછળ ઘોડાં દોટાવી મૂકયાં. ગુજરાતની પેલી બાજુના સીમાડા પરથી આપાને પાછા વાળ્યા. જોગીદાસ બોલ્યો,

"ભાઇયુ ! હવે મડાને શા સારૂ ઘરમા લઇ જાવ છો ?"

માર્ગે જસદણમા મુકામ કરેલ છે. ખુમાણ દાયરો ડેલીએ બેસીને કસુંબા કાઢે છે તે વખતે અંદરથી કહેણ આવ્યું કે "ગઢમાંથી આઇ સહુ ખુમાણ ભાઇઓના દુખણાં લેવા આવે છે."

"ભલે પધારે. ખુમાણોનાં મોટાં ભાગ્ય !"

ધરતી ન દુભાય તેવાં ધીરાં ડગલાં દેતા *વૃદ્ધ કાઠીઆણી ચોપાટમાં આવ્યા મોઢે એંશી–નેવુ વરસની રેખાઓ અંકાઇ ગઇ છે. અંગ પર કાળું ઓઢણું છે જોતા જ જોગમાયા લાગે છે. મ્હોંમાથી ફૂલડાં ઝરે છે.

એક પછી એક સહુની ઓળખાણ ચાલી. આઇ પૂછતાં જાય કે "આ કોણ ?"

'આ ફલાણા ! ફલાણા !' એમ જવાબ મળે છે અને આઇ દુઃખણા લ્યે છે એમ કરતા કરતા આઇ બીજે છેડે પહોંચ્યા. આઘેથી પૂછ્યું,

"આ કોણ ?"

"ઇ જોગીદાસ ખુમાણ !"

"આ પંડ્યે જ જોગીદાસ ખુમાણ

---

* હમીર ખાચરના ધણાણી શાખના ધરવાળાં હોવાનુ કહેવાય છે.

આઇ એની ટશે જોઇ રહ્યાં. ઉગમણી દિશાએ બેસીને બહારવટીયો બેરખો ફેરવે છે. માથું નીચું ઢળ્યું છે. અંતરના ઉંડાણમાંથી સૂરજ! સૂરજ! એવા ધ્વનિ ઉઠે છે. ધ્વનિ સંભળાતા નથી, માત્ર હોઠ જ જરી જરી ફફડે છે કાઠીઆણીએ જાણે આબુથી ઉતરી આવેલા કોઇ જોગંદરને જોયો.

"આપા!" દાયરામાથી કોઇ બોલ્યું. "આપા! આઇ તમારાં દુઃખણાં લેવા આવ્યાં છે."

"ના બાપ!" આઇ બોલી ઉઠયાં, "એના દુઃખણાં હોય. એ માનવી નથી. દેવ છે. લખમણ જતિનો અવતાર છે. એને માથે હું હાથ ન અડાડું. એને તો પગે જ લાગીશ."

છેટે બેસીને ત્રણ વાર આઇએ બહારવટીયાની સામે પોતાના મલીરનો પાલવ ઢાળી માથું નામાવ્યું.

જોગીદાસે તો સ્ત્રી દેખીને પોતાના મ્હોં આડે ફાળીયું નાખ્યું હતું. પણ આભાસે આભાસે આઇનો ઓળો ત્રણ વાર નમતો દેખાયો. અને ત્રણે વાર જોગીદાસે સામું શિર નમાવ્યું. એક બોલ પણ બોલ્યા વિના: બેરખાનો એક પારો અટકયા વિના: આંખનો પલકારો માર્યા વિના.

છાતી પીગાળી નાખે એવો આ દેખાવ હતો. દાયરો આખો મુંગો બની શ્વાસ પણ ડરતો ડરતો લેતો હતો. સહુને જાણે સમાધિ ચડી હતી.

એમા આઇએ ચુપકીદી તોડી: આખા દાયરા ઉપર એની આંખ પથરાઇ ગઇ સહુનાં મ્હોં નિરખી નિરખીને એણે વેણ કાઢયા:

"ખુમાણ ખોરડાના ભાઇયું! હું શું બોલું? તમે ખોરડું સળગાવી દીધું. તમે કંટળ-કુવાડા થયા. તમે પારકા કુવાડાના હાથા થઇને લીલુડા વનનો કોથ જ કાઢી નાખ્યો! તમે જૂથ બાંધીને આ જતિપુરૂષને પડખે ઝુઝી ન શકયા માડી! તમને ઘરનો છાંયો વા'લો થઇ પડયો? આખુંય આવા પેટ નોખું નોખું થઇ ગયું! અરે તમે પોતપોતાની પાંચ પાંચ ગામડી

સાચવીને છાનામાના બેસી ગયા ? આ દેવ–અવતારીને એકલો બહારવટે રઝળવા દીધો ? તમે કાંડે ઝાલીને જોગીદાસ શત્રુને દોરી દીધો ? પારકાએ આવીને હેઠ પેટમાં નોર પરોવી દીધા ત્યાં સુધી યે તમને કાળ ન ચડયો ?"

દડ ! દડ ! દડ ! આઇની આંખોએ આંસુ વ્હેતા મેલ્યાં. છેલ્લું વેણ કહ્યું. "

" બીજું તો શું બોલું ? પણ કાઠીને વળી ગરાસ હોતા હશે ? કાઠીના હાથમાં તો રામપાતર જ રહેશે. અને ભાઇ ભોજ ખુમાણ ! કાઠી વંશના જે કટંબ કૂવાડા બન્યા હશે, તેના પાપ સરજ શે સાંખશે ? નહિ સાંખે "

એટલું કહીને આઇ ઓરડે ચાલ્યાં ગયા. આંહી દાયરો થંભી જ રહ્યો

જોગીદાસના કાકા ભમોદરા વાળા ભોજખુમાણના મ્હો પરથી વિભૂતિ ઉડી ગઇ. આઇની વાણીમાં એણે ભવિષ્યના બોલ સાંભળ્યા.*

દાયરાના મન ઉપરથી ગમગીનીનો પડદો તોડવા માટે ચારણે મોટે સાદે દુહો લલકાર્યો કે

અંગરેજે મલક ઉંટાળીયો, મપણું કેતોક માણ
ત્રણે પરજું તોળીયું, (એમાં) ભારે જોગો ને ભાણ ! •

[અંગ્રેજે આવીને સોરઠ દેશ તોળી જોયો. આ ધરતી કેટલીક વજનદાર છે તે તપાસી જોયું. કાઠીઓની ત્રણે પરજોને તોળી જોઇ. એમાં ભાણ ને જોગીદાસ બે જ જણા વજનદાર નીકળ્યા.]

આખોમાંથી નીતરી ગયા છે વજેસગ ઠાકોર અને જોગીદાસ ખુમાણ;સમાધાની કરવા ભેળા થયા છે

"હવે આપા! માગી લ્યો!" અંજલિમાં કસુંબો લઇ ઠાકોરે હાથ લંબાવ્યો

"માગી લેવાનું ટાણું ગયું મહારાજ! આજ તો તમે આપો તે લઇ લેવું છે માટે બોની નાખો" એમ કહીને બહારવટીયાએ ઠાકોરની અંજલિ પોતાના હાથે પકડી પોતાનું મ્હોં નમાવ્યું.

"ત્યારે આપા! એક તો કુંડલા."

"કુંડલા ન ખપે મહારાજ!" બહારવટીયાએ હાથ ઉંચો કર્યો.

ઠાકોર ચમક્યા "આ શું બોનો છો આપા? કુંડલા સારુ તો આ જંગ મચાવ્યો, ને હવે કુંડલા ન ખપે?"

"ન ખપે મહારાજ બોલ્યા એટલે હું માની લઉં છું કે કુંડલા મને પોગ્યા પણ પણ હવે મારું અંતર કુંડલા માથેથી ઉતરી ગયું છે બાપ મુવો તે દિ' મહારાજે મોટેરો દીકરો બનીને મુકાવેલું એટલે નાનવી-કાંહો ભને મોટેરાને જ રહ્યો વળી બીજી વાત એમ છે કે કુંડલા વિષે મને વ્હેમ પડ્યો છે. ચારણનો દુહો છે કે,

"એ પણ કબુલ : સોના સરખું."

"એ બે તમને : વીરડી ને રબારીકું આપા ગેલાનાં છોરૂને."

"બરાબર."

"આગરીઆ ને ભોકરવું આપા ભાણુને."

"વ્યાજબી."

"હવી ને જેજાદ ભાઇ હીપા જસાનાં મજમુ, થયા રાજી ?"

"સત્તર આના."

"કાંઇ કોચવણ તો નથી રહી જાતી ને આપા ભાઇ! જોજો હો ! જગત અમારી સોમી પેઢીએ પણ ભાવનગરને 'અધરમી' ન ભાખે."

"ન ભાખે બાપા. ભાખે એની જીભમાં કાંટા પરોવાય."

"ત્યારે આપા ભાઇ ! મને લાગે છે કે તમારા દીકરા મારૂં ગઢપણ કદીક નહિ પાળે તો ?" ઠાકોર હસ્યા.

"તો આંહી આવીને રહીશ બાપા !"

"ના, ના, આંહી યે કદિક આ મારાં પેટ—અખુભા નારૂભા પલટી જાય. આજ કોઇનો ભરોંસો નહિ. કોઇની ઓશીયાળ નહિ. રાજ તમને 'જીરા' ખડીયાખરચી દાખલ આપે છે. જીવો ત્યાં સુધી ખાઓ પીઓ."

બહારવટીયો આબો બન્યો. *જીરા ! ત્રીસ હજારની ઉપજ આપનારૂં જીરા ગામ ઠાકોરે ખડીયા ખરચીમાં નવાજ્યું.

* આ 'જીરા' વિષે એમ પણ બોલાય છે કે એ ખડીયાખરચી તરીકે નહિ, પણ જોગીદાસના દીકરા લાખા હરસૂરની ધોતવીમાં અપાયલું.

કહેવાય છે કે આ 'જીરા' ગામ જોગીદાસના વિદેહ પછી પણ એના વંશમાં ચાલુ રહેલું, ત્રીજી પેઢીએ એભા ખુમાણના વખતમાં એ વંશના એક વિધવા બાઇએ, પોતાને પિત્રાઇઓ ગરાસ ખાવા દેતા ન હોવાથી 'જીરા' વિષેનો દસ્તાવેજ દરબારી અધિકારીને આપ્યો. અધિકારીએ જોયું કે 'જીરા' તો ફક્ત જોગીદાસની હૈયાતી પૂરતું જ બક્ષાયલું. એણે રાજમાં જાહેર કરીને જીરા ખાલસા કરાવી લીધું. પૂછવા જતાં ગગા ઓઝાના રાજપુરૂષે કહ્યું કે "જીરા (જીરૂ) તો શાકમાં પડી ગયું !"

જોગીદાસે ઠાકોરના હાથમાંથી કસુંબો પીધો સામી અંજલિ પીનરાવી વસ્તીને વધામણી સભગાનના સહુ કચારીમાં આવ્યા.

બહારવટીયાને શરણાગત નહિ પણ સમોવડીઓ કરીને ઠાકોરે પોતાની સાથે અરધોઅરધ ગાદી પર બેસાર્યો અને બંદીજનોએ એમને નોનક તરીકે બિરદાવ્યા :

વડો અવરંગશા વડાં, દરગો જોગીદાસ
તણુ હાદલ વખતાતણુ, આખડીયા એનાડ

[એમાંથી કોને વડો ઓછો કહું ? વડો મહારાજ ઔરંગઝેબ જેવો વીર, ને સામો જોગીદાસ પણ દુર્ગાદાસ જેવો એક વીર વખતસિંહનો તનય, ને બીજો વીર હાદા ખુમાણનો તનય બન્ને બહાદુરો સામ સામા યુદ્ધ ખેલી ગયા]

એ બિરદાવળી સાંભળીતા વજેસંગજી 'વાહ કવિરાજ !' કહી મનાય છે જોગીદાસની સમરડ ગણાવાનો એને શોચ નથી મોટા મનનો ભૂપતિ રાજી થાય છે ને જોગીદાસના ગુણગાન વધુ રૂડા બને છે

તુ પાદર જૂના તણે, ફોજાળીઓ ફોજે
(તે દિ) બીબડીયું બ ગયે, (તુ ને) જોવે જોગીદાસીઆ.

[હે જોગીદાસ ! તુ જે દિવસ જૂનાગઢને પાદર ફોજ લઈને ચાલ્યો હતો, તે દિવસ તને બીબીઓ મોટા બંગલાની બારીઓના ચકમાંથી નયનો ભરી ભરી નિરખતી હતી]

"સાંભળો આપ ભાઈ ! તમારા શૌર્ય અને સ્વરૂપ કેવા !" એમ કહીને સાગરપેટો ઠાકોર બહારવટીયાને કહે છે પણ બહારવટીયના કાન જાણે ફુટી ગયા છે માથુ નમાવીને એ તો કચારીમાં પૈ બેરખો જ ફેરવે છે એટલુ જ બોલે છે કે 'સાચુ બાપા ! ચારણો છે, તે ફાવે તેમ બિરદાવે '

પણ બંદીજનો તો તે દિવસ ગાંડાતૂર બન્યા હતા કવિતાના નીરમાં બહારવટીયાને તરબોળ બનાવવો હતો દુહા દેવા લાગ્યા :

દત સુરત ટેકો દઈ, રાખીતલ અજરાણ
ખળભળતી ખુમાણ, જમી જોગીદાસીઆ.

[હે પરજેના રાજા! કાઠીઓની પૃથ્વી ખળભળીને નીચે પટકાઇ જવાની હતી, તેને દાન તથા શૌર્યના ટેકા દઇને તેં જ ટકાવી રાખી હે જોગીદાસ!]

જોગો જોડ કમાડ, માણો મીતળપર ધણી
ન થડકયો ધોભાળ, હુકળ મચીએ હાદાઉત.

[જોટાદાર કમાડ જેવો જોગીદાસ! મીતીઆળાનો ધણી: યુદ્ધ મચતી વેળા જરાયે ન થડકયો]

કરડયે કાંઉ થીયે, પરહોતરાં અજરાણ!
ડસતલ તું દહીવાણ, ઝાંઝડ જોગીદાસીઆ.

[બીજા નાના સાપોલીયા ડસે તેનાથી તો શું થવાનું હતું? પણ ભાવેણાના નાથને તારા જેવો મોટો ફણીધર ડસ્યો ત્યારે જ એનું ઝેર ચડયું.]

જોગા! જલમ ન થાત, ઘણમુલા હાદલ ઘરે
(તો તો) કાઠી કીં કે'વાત, સામી વરચ સુબા તણી!

[હે જોગીદાસ! મહામૂલા હાદા ખુમાણને ઘેર જો તારો જન્મ ન થયો હોત, તો કાઠી મોટા સૂબા મહારાજાનો સમોવડીયો કયાથી લેખાયો હોત?]

અને ચારણોએ છેલ્લી રાગ ચડાવી :

ધ્રૂવ ચળે, મેરૂ ડગે, મહદધ મેલે માણ
(પણ) જોગો કીં જાતી કરે, ખત્રીવટ ખુમાણ!

[ધ્રૂવ તારો ચલાયમાન થાય, મેરૂના શિખર ડગે, મહોદધિ પોતાની મરજાદ મેલે, તો પણ જોગો ખુમાણ પોતાની ક્ષત્રીવટ કેમ જતી કરે?"

બહારવટીયાની બિરદાવળ સાંભળી સાંભળી મહારાજ જાણે ધરાતા જ નથી. ચારણોને સામા હોંકારા પણ પોતે જ આપી રહેલ છે. શબ્દે શબ્દે પોતે બહારવટીયાની સામે મીટ માંડી

રહે છે. જોગીદાસ એની નજરમાં જાણે સમાતો નથી. બહારવટીયાના ગુણવિસ્તારની સરખાણીમાં ગોહિલનો રાજવિસ્તાર નાનકડો લાગ્યો.

જ્યારે મહારાજનું દિલ આટલું ડોલી રહ્યું છે, ત્યારે બહારવટીયાના ખુદના અંતરમાંથી તો આ બધી બિરદાવળ, પોયણને પાંદડેથી પાણી દડે તેમ દડી પડી. એના મુખડાની ગરવાઇ જરાય ઓછી ન થઇ. એ તો સૂરજના જાપમાં તલ્લીન છે. ને એને તો પોતાનાં પાતક સાંભરે છે. પોતાના મનવાને મારી મારીને એ પ્રાયશ્ચિત કરે છે.

મહારાજે ઇસારત કરી, એટલે સભામાં રંગરાગ મંડાયા. સારંગીને માથે સુંવાળી કામઠીઓ અડી ને અંદરથી કૂણા કૂણા સૂર ઉઠયા સાથે સ્ત્રીઓનાં ગળાં ગળવા મંડયાં. નરઘાં ઉપર ઉસ્તાદની થાપી પડતાં તો રણુ ઝણુ ઘૂઘરા બોલ્યા અને કિન્નરકંઠી રામજણીઓનો મુજરો મંડાણો.

વજે મહારાજ : કનૈયાલાલ : રસરાજનો જાણે અવતાર : અને મારૂવંશનો મોઢેલો એટકો : જેવો સંગ્રામમાં, તેવો જ રસભોગમાં : વીણી વીણીને અમૂલખ વારાંગના તેડાવી હતી. કેમકે આજ તો અનોપમ ઉજવણું હતું : જોગીદાસનું બહારવટું પાર પડયું હતું. વારાંગનાનાં ગળાં ગહેકવા લાગ્યાં.

અને જોગીદાસે પીઠ દીધી ! આંખો અધમીચી હતી, તે પૂરેપૂરી બીડી દીધી બેરખો તો હાથમાં ચાલી જ રહ્યો છે.

વજે મહારાજ કાંઇ સમજ્યા નહિ. એણે જાણ્યું કે બહારવટીયો દિશા બદલવાની કાંઇક વિધિ કરતો હશે. નાચ સંગીત ખીલવા લાગ્યાં. કયારી જાણે ગણિકાના સૂર-સરોવરમાં તરવા ને પીગળવા લાગી.

ઓચીંતો જોગીદાસે ભેટમાંથી જમૈયો ખેંચ્યો કયારીમાં એ હથીઆરનો ચમકારો થયો, અને 'હાં હાં ! આપા !' કહીને મહારાજે જોગીદાસનું કાંડું ઝાલ્યું. જમૈયાની અણીને બહારવટીયાની આંખના પોપચાથી ઝાઝું છેટું નહોતું.

"આપા ભાઇ ! આ શું ?"

"કાંઇ નહિ બાપા ! આંખો ફોડું છું."

"કાં ?"

"એટલે તમે સહુ આ નાચમુજરા નિરાંતે ચલાવો."

"કાંઇ સમજાતું નથી આપાભાઇ !"

"મારૂવા રાવ ! તમે મારવાડ થકી આવો છો. તમારે પરવડે. પણ હું કાઠી છું. મારી મા-બોન્યું નાચે, ને ઇ હું બેઠો બેઠો જોઉં, એમ ન બને."

"અરે આપા ! આ મા-બોન્યું ન કેવાય. આ તો નાયકાઉં. એનો ધંધો જ આ. ગણિકાઉં ગાય નાચે એનો વાંધો ?"

"ગણિકાઉં તોય અસ્રીનાં ખોળીયાં : જનેતાના અવતાર : જેના ઓદરમાં આપણ સહુ નવ મહિના ઉઝરીએ એ જ માતાજીનાં કુળઃ બધું એકનું એક, બાપા ! તમે રજપૂત, ઝટ નહિ સમજી શકો. પણ મને કાઠીને તો દીવા જેવું કળાય છે. હવે જો ઇ માવડીયું પગનો એકેય ઠમકારો કરશે તો હું મારી આંખોનાં બેય રતન કાઢીને આપનાં ચરણુંમાં ધરી દઇશ."

નાચમુજરા બંધ કરવામાં આવ્યા.*

મહારાજે બહારવટીયા જોગ પૂરેપૂરા નિરખ્યા. અંતર ઓળઘોળ થઇ જવા લાગ્યું. જોગીદાસ જીવ્યા ત્યાં સુધી પોતાના ભાઇ કરી પાળ્યા.

---

* એક પ્રસંગ એમ પણ સંભળાય છે કે ગાયકવાડ તથા ભાવનગર રાજની વચ્ચે સીમાડાની મોટી તકરાર હતી કેમેય ગુંચ નીકળે નહિ. બન્ને રાજ્યોને એમ સુઝ્યું કે જોગીદાસ બહારવટીયો સતવાદી છે. સીમાડાનો અજોડ માહેતગાર છે. જે ખરો ન્યાય તોળશે. માટે એને જ આ તકરારનો ફેંસલો સોંપાયો હતો. સતવાદી બહારવટીયાએ ભાવનગરની સામે કારમું વેર ચાલુ હતું છતાં સત્ય ભાખ્યું : ફેંસલો ભાવનગરના લાભમાં ગયો. એ પ્રસંગના ગુસ્તાનમા બહારવટીયાને તેડાવવામાં આવ્યો હતો, અને તે વખતે આ ઘટના બની હતી.

ઐતિહાસિક ગીત

[આ ગીતના રચનાર કોણ, તે નથી જાણી શકાયું. ભાવનગર રાજના આશ્રિત હશે એમ લાગે છે. ભાવનગરના રાજકવિ શ્રી પીંગળશીભાઇના જૂના ચોપડામાંથી, એમના સૌજન્યથી આ પ્રાપ્ત થયું છે]

પડ ચડિયો જે દિ' જોગડો પીઠો
આકડીયા ખાગે અરડીંગ,
જરદ કસી મરદે અંગ જડિયા
સમવડિયા ચડિયા તરસીંગ.

[જોગીદાસ ને પીઠો ખુમાણ યુદ્ધમા ચડયા. શૂરવીરો ... આફળ્યા. મરદોએ અંગ પર બખ્તર કસ્યાં. બરોબરીયા સાવઝોએ જાણે જગ માંડયો.]

જુધ કરવા કારણ રણ છુટા
સાંકળ તોડય વછુટા સિંહ,
માંડે ખેધ બેધ ખુમાણો
લોહ તણો સર જાણે લીંહ. ૨

[યુદ્ધ કરવાને કારણે બહારવટીયા રણમા ધસ્યા. જાણે સિંહ સાંકળ તોડીને વછુટયા. ખુમાણોએ મરણીયા થઇ વેર માંડયું.—જાણે એ તો લોઢાની ઉપર આલેલ લીટી! ભૂંસાય જ નહિ.]

કસ'પે ખોયા મલક કાઠીએ
કરિયો ઘરમાં કટંબ કળો;

સાવર ને કુંડલપર સારૂ
વધતે વધતે વધ્યો વળો. ૩

[પરંતુ કાઠીઓએ કુસંપને કારણે મુલક ખોયો. ઘરની અંદર જ કુટુંબ-કલહ કર્યો. સાવર અને કુંડલા સાટુ વેર વધવા જ લાગ્યાં.]

મત્ય મુંઝાણી દશા માઠીએ
કાઠી બાધા ચડયા કડે,
ચેલો ભાણુ આવીયા ચાલી
જોગો આવધ અંગ જડે. ૪

[પણ માઠી દશાને લીધે તેઓની મતિ મુંઝાણી. કાઠીઓ બધા કડે ચડયા. જસદણનો ચેલો ખાચર, અને ભડલીનો ભાણ ખાચર આવ્યા. તે વખતે જોગીદાસ અંગ પર આયુધ કસતો હતો.]

વેળા સમો ન શકિયા વરતી
ફરતી ફોજ ફરે ફરંગાણ,
ભાયું ધીયા જેતપર ભેળા
ખાચર ને વાળા ખુમાણ. ૫

[કાઠીઓ સમય ન વર્તી શકયા. ચોફેર અંગ્રેજોની ફોજ ફરતી હતી. છતાં બધા ભાઇઓ જેતપરમાં ભેળા થયાં. ખાચર, ખુમાણ ને વાળા, ત્રણે.]

વહરા તંસર સિંધુ વાજીયા
સજીયા રણ વઢવા ભડ સોડ
પાવરધણી બધા પરિયાણે
ભણીને સર બાંધો મોડ. ૬

[ઘોર સીંધુડાં રાગ વાગ્યા. સુભટો રણમાં વઢવા માટે સજ્જ થયા. પાવરના સ્વામીઓ (એટલે કે પાવરમાંથી આવેલા કાઠીઓ) બધાએ પ્રમાણ કર્યાં કે કાકા ભણીવાળાના શિરપર સરદારીની પાઘ બંધાવીએ.]

મૂળુ સાચો અખિયો માણે
જાણે દાય ન ખાવે ઝેર,
ફરતો ફેર મેરગર ફરવો
વજમલસું આદરવો વેર. ૭

[મુળા વાળાએ સાચી સલાહ આપી કે ભાઇ! મેરુની પ્રદક્ષિણા કરવી જેટલી મુશ્કિલ છે, તેટલું જ વિકટ વજેસંગ સાથે વેર આદરવાનું છે.]

હેક વચન સાંભળ તણુ–હાદા!
નર માદા થઇ દીયો નમી!
પડખા માંય કુંપની પેઢી
જાવા બેઠી હવે જમી. ૮

[હે હાદાના તનય! એક વચન સાંભળ. હવે તો મરદો છો તે અબળાઓ બનીને નમી જાઓ. કેમકે હવે પડખામાં અંગ્રેજની કંપની પેઢી છે, હવે આપણી જમીન જવા જ બેઠી છે.]

બરણે હાદા–સતણ બોલિયો
કાકા ભીંતર રાખ કરાર,
જોગો કહે કરૂં ધર જાતી
વંશ વાળા લાજે અણવાર. ૯

[હાદા–સુતન જોગીદાસ ઇરકેરાઇને બોલ્યો કે હે કાકા! તું હૃદયમાં ખાત્રી રાખજે. હું જોગો જો ધરતી જવા દઉં, તો તો અત્યારે આપણો અસલ વાળા ક્ષત્રિયનો વંશ લાજે.]

મૂળુ કને આવીઆ માણા
કો' સુંઝાણા કરવું કેમ!
વાળો કહે મલકને વળગો
જેસા વેજા વળગ્યા જેમ. ૧૦

ભૂખ્યા ગિરે ડુંગરે ભમીઆ
સોહડ જોખમિયા ભાઇયાં સાથ,
ગેલો હાદલ ચાંપો ગમિયા
નમિયા નહિ ખૂમાણ નાથ. ૧૮

[બહારવટીયા ભૂખ્યા ભૂખ્યા ગિરના ડુંગરામા ભમ્યા. બહુ જોખમો ખમ્યા. ગેલો ખુમાણ, હાદો ખુમાણ, ચાંપો ખુમાણ, વગેરેના જાન ગુમાવ્યા. છતા પણ ખુમાણોનો નાથ જોગીદાસ ન નમ્યો.]

ઠોરે ઠોર ભેજીયાં થાણાં
કાઠી ગળે ઝલાણા કોય,
જસદણ અને જેતપર જલદી
ડરિયા ભૂણ ચેલો દોય. ૧૯

[વજેસગે ઠેર ઠેર થાણા મોકલ્યા. કાઠીઓની ગરદન પકડી. જેતપુર ને જસદણ પર પણ જપ્તી આવી. એટલે સુણ વાળો ને ચેલો ખાચર બન્ને ડરી ગયા]

સુણ ચેલો બેય મળીને
અરજ કરી અંગરેજ અગાં,
વજો લે આવ્યો સેન વલાતી
જાતી કણ વધ રહે જગ્યા. ૨૦

[સુણ ને ચેલો બન્નેએ મળીને અંગ્રેજ પાસે અરજ કરી કે આ વજેસગ ઠાકોરે વિલાયતી સેના—એટલે કે આરબોની સેના ઉતારી. તો હવે અમારો ગરાસ શી રીતે રહેશે?]

અંગરેજે દીયો એમ ઉતર
સૂતર ચાલો છોડ સ્વભાવ
આશ કરો જો ગરાસ ઉગરે
જોગીદાર ... વો

[અમૂળે એવો ઉત્તર દીધો કે તમે તમારો લુટારૂ સ્વભાવ છોડીને સીધા ચાલો, ને જો ગરાસ ઉગારવાની આશા રાખતા હો તો જાઓ, જોગીદાસને લઇ આવો ।]

જોગા કને ગીઆ કર જોડી
ચેલો મૂળુ એમ ચવે,
ચરણે નમો વજાને ચાલો
(નીકર) હાલો પાવર દેશ હવે. ૨૨

[ચેલો ને મૂળુ જોગીદાસ પાસે જઇ, હાથ જોડીને કહે છે કે કાં તો તમે વજેસંગજી ને ચરણે નમો, નીકર ચાલો પાછા પાવર દેશમા. કેમકે આહી આપણને કાઠીઓને રહેવા નહિ આ.]

જોગીદાસે મનમાં જાણ્યું
તાણ્યું વેર ન આવે તાલ,
આવ્યો શરણે વજો ઉગારે
મારે તોય ધણી વજમાલ. ૨૩

[જોગીદાસે મનમા વિચાર્યું કે હવે વધુ વેર તાણવામા ફાયદો નથી વજેસંગજીને શરણે જ જઇએ એ ઉગારશે. ને કદાચ મારશે તો પણ એ માલીક છે.]

ખાળા ચાળા મેલ્ય ખુમાણે
વાળાનો લીધો વિશવાસ,
કૂડ દગો કાઠીએ કીધો
દોરી દીધો જોગીદાસ. ૨૪

[ખુમાણોએ તોફાન મૂકીને વાળા (મૂળુ)નો વિશ્વાસ કર્યો કાઠીએ (મૂળુએ ને ચેલાએ) જૂઠું બોલીને દગો દીધો. જોગીદાસને દોરી જઇ શત્રુના હાથમા સોપી દીધો]

જોગો ભાણ કહે કર જોડી
કરડી દેખી પરજ કજા

ગજરી વાર કરી ગોવીંદે
બાર અમારી કર્યેં વજા! ૨૫

[ભાણ જોગીદાસે હાથ જોડીને કહ્યુ કે હે વજેસગજી! અમારી પરજની (જ્ઞાતિની) ફુડી કળ અમે જોઇ લીધી હવે તો ગજની વ્હાર જેમ ગોવિંદે કરી હતી, તેમ તુ અમારી વાર કર]

મોટા થકી કદિ નહ મરીએ
અવગણ મર કરીએ અતપાત,
માવતર કેમ છોરવા મારે
છોરૂ થાય કઠોરૂ છત્ર! ૨૬

[હે મહારાજ! ભલે અમે ઘણા અવગણ કર્યા છે, છતા મોટા દિલના પુરૂષને હાથે અમને મરવાની બ્હીક નથી છોરૂ કછોરૂ થાય પણ માવતર છોરૂને કેમ મારે?]

અવગણ તજી લીયા ગણ અધપત
મંડુપત બાધા એમ મણે,
જોગીદાસ વલ્યાતે જાતો
તે દિ રાખ્યો વખત તણે. ૨૭

[અધિપતિએ-રાજાએ અવગુણ તજીને ગુણ લીધો અને આજે બધા રાજાઓ એમ કહે છે કે જોગીદાસને તે દિવસે અગ્રેજના હાથમા પડીને વિલાયત જતો બચાવનાર તો વખતસિંહજીના પુત્ર વજેસગ જ હતા]

પીઠ ખુમાણાં તણી પિછાણી
ધણીઅત જાણી વડા ધણી
મારૂ રાવ! વજા મહારાજા!
તું માજા હિન્દવાણુ તણી ૨૮

૧૫

ઇતિહાસમાં સ્થાન

[સૌરાષ્ટ્ર વિષેનાં ઐતિહાસિક પુસ્તકો પૈકી ફક્ત આ બેમાં આટલો જ ઉલ્લેખ છે. અને તેટલાની પણ પ્રામાણિકતા અચોક્કસ છે.]

કેપ્ટન બેલનું કથન

['History of kathiawar' નામના પુસ્તકમાંથી]

પાનું ૧૬૮ : "હવે વખતસિંહજીનું ધ્યાન કુંડલાના મામલા તરફ ખેંચાયું. એ મહાલ આલા ખુમાણ નામના કાઠીના હાથમાં હતો. આલાને છ દીકરા હતા : ભોજ, મૂળુ, હાદો, ફૂલો, સૂરો, ને વીરો: ઇ. સ. ૧૭૮૪માં આલો ખુમાણ મરી ગયો ત્યારે ગરાસની વ્હેંચણીમાં છ યે ભાઇઓને ટંટો થયો. એમાંના ભોજ ખુમાણને એમ લાગ્યું કે ખાસ કરીને વ્હેંચણીમાં એને જ નુકશાની ગઇ. તેથી તેણે વખતસંગજીની પાસે જઇને અમુક હક્કો રાખીને પોતાના ભાગનો બધો ગરાસ સોંપી દીધો. સોંપીને એ કુંડલે પાછો આવ્યો ત્યારે આવું આચરણ કર્યાને કારણે પોતાના બધા ભાઇઓ પોતાને મારી નાખવા તૈયાર દીઠા. ભોજ ખુમાણે મદદ માટે ભાવનગરની પાસે માગણી કરી. અને વખતસિંહજીએ કુંડલા શહેરનો કબ્જો લેવા અને ભોજ ખુમાણના હિતને રક્ષવા સારૂ ફોજ મોકલી. પણ બાકીના પાંચ ભાઇઓ સામા થયા, ને ફોજને પાછી હાંકી મૂકી. આ સ્થિતિમાં બે ભાઇઓ જુનાગઢ ગયા, અને ભોજ ખુમાણે જે લાલચો વખતસિંહજી ગોહિલને આપેલી તેજ લાલચો નવાબ હામદખાનને આપી, પોતાના ભાઇ મૂળુ ખુમાણ સામે સહાય માગી. નવાબે પણ કુંડલા ફોજ મોકલી, અને એને પણ મૂળુ ખુમાણે હાંકી મૂકી."

હવે જુનાગઢ તો અમરજીના મૃત્યુ પછી અંધાધુંધીમાં પડ્યું હતું. તેથી નવાબને ફરી વાર હલ્લો કરવાના સંજોગો ન હોતા, તેથી ઇ. સ. ૧૭૯૦માં વખતસિંહજીને લાગ્યું કે કુંડલા માથે મોટી ફોજ લઇ જઇ, ત્યાં પોતાની આણ સ્થાપવાની તક છે. ભોજ સિવાયના બીજા તમામ ભાઇઓએ એનો સામનો કરવાનું નક્કી કર્યું અને બે દિવસની ઉગ્ર લડાઇ પછી કાઠીઓએ રાતને વખતે સામો હલ્લો કર્યો. પરંતુ વખતસિંહજીને

આ વાતની જાણ થઇ ગઇ હતી, તેથી તેણે કાઠીઓને પાછા હાંક્યા. ને બીજી બાજુ તેઓને પાછા કુંડલે પહોંચતા અટકાવવા માટે એક સૈન્ય મોકલ્યું. આ યુદ્ધકૌશલના પરિણામે કાઠીઓ નોખનોખી દિશામા નાસી-છુટયા. અને વખતસિંહજી કુંડલામા દાખલ થયા.

થોડા દિવસમાં જ કાઠીઓ મીતીઆળે ભેળા થયા. ત્યાં જુનાગઢની નાની ફોજ પણ તેઓની મદદે પહોંચી. પરંતુ કુંડલા હાથ કરવા માટે આ એકત્રિત સેના પણ પૂરતી નહોતી અને બીજી બાજુ વખતસિંહજીએ કાઠીઓની આનાકાની પારખીને પોતે જ સામા પગલા ભર્યા. મીતીઆળા પર કૂચ કરી, અને ત્યાં પણ કુંડલાની માફક જ ફતેહ મેળવી. કુંડલા અને લીલીઆ બન્ને કબ્જે કર્યા.



પાનું ૧૯૯ : ઇ. સ. ૧૮૧૬ મા વખતસિંહજીનું મૃત્યુ થતાં કાઠી-ઓએ પોતાનો મોટો કાળ ગયો માન્યો. અને ૧૮૨૦મા ટડાના ખુમાણ કાઠીઓએ હાદા ખુમાણની સરદારી નીચે બાબરીઆધાર અને બાર-અટાણા ગામ બાળ્યાં, અને મીતીઆળા તથા નેસડી લુંટયા આ સાંભ-ળીને કુંડલા મુકામના ભાવનગરી ફોજના સરદારે અમરેલી તથા લાઠીની ફોજની મદદથી કાઠી પર ચડાઇ કરી. પરંતુ કાઠીઓ છટકીને ગીરનાં આશ્રયસ્થાનોમાં ચાલ્યા ગયા. એમાથી હાદા ખુમાણનો દીકરો ગેલો ખુમાણ પાછળ રહી ગયો, એણે [illegible] ગામનો [illegible] લીધો, અને ત્યાં લાઠીની ફોજ સાથે યુદ્ધ થતા એ ગોળીથી ઠાર થયો.

પાનું ૧૯૯ : દીકરા ગેલાના મોતની વાત સાંભળી હાદા ખુમાણે કુંડલા તાબાના વંડા ગામ પર હુમલાની ગોઠવણ કરી. ૧૮૨૧ મા વંડા ભાંગ્યું, પણ લુંટનો માલ લઇને ગીર તરફ નાસતાં ડેડાણ પાસે તેઓને કુંડલાવાળી કાળા ભાટીની ફોજ આંબી ગઈ. કાઠીઓ હાર્યા, લુંટનો માલ મૂકીને નાસ્યા. નાસતા નાસતાં જોગીદાસ ખુમાણનો દીકરો માણસૂર ખુમાણ ગોળી ખાઇને પડ્યો, અને એનો ભાઇ લાખો ઘવાયો. આવી બાતના પરાજયો અને નુકશાનોથી રોષે ભરાયેલા બહારવટીયા ફરી પાછા વધુ ને વધુ હઠીલાઇથી તેમજ ઝનૂનથી આવીને કુંડલા પ્રદેશમાં લુંટફાટ કરવા લાગ્યા. એથી દેશમા એટલી બધી તો મુસીબતો વધી કે ઇ. સ. ૧૮૨૨ મા કેપ્ટન બાર્નવેલ નામનો પોલીટીકલ એજન્ટ એક સૈન્ય લઇને અમ-રેલી ગયો, અને વજેસંગજી ગોહિલને તથા બીજા તમામ પારોસી રાજા-ઓને મળવા તેડાવ્યા. બહારવટીઆનો નાશ કરવા માટે તેઓનો સહકાર માગ્યો, અને સુલેહ જાળવવામાં તથા ગુન્હેગારોને સજા કરવામાં તેઓને પોતે બનતી સહાય આપવા વચન દીધું

આ પરથી વજેસંગજી ઠાકોર આ આક્રમણકારીઓને ઘેરી લેવાની પેરવી કરવા માટે કુંડલા ગયા, ત્યાં એને માલુમ પડ્યું કે ખુમાણોને તો જેતપુર ચીતળના વાળા કાઠીઓ ચડાવે છે અને મદદ કરે છે એણે આ વાત [illegible] બાનવેલને લખી એણે વાળા સરદારોને બોલાવ્યા-તેઓએ આ વાતનો ઈન્કાર કર્યો છતાં તેઓના જામીન લેવાયા.

એટલું થયું ત્યાં તો ખુમાણોએ ભાવનગરનું જૂનાંદર ગામ ભાંગ્યું, અને ઘણાં ઢોર ઉપાડી ગયા તેઓનો પીછો લેવાતો જેતપુર કાઠીના ધૂધરાળા અને વાવડી ગામોમાં તેઓ સંતાયા હોવાનું માલુમ પડ્યું વજેસંગજીને ખબર પહોંચ્યા, અને એણે કુંડલાથી મોટી ફોજ મોકલી. રાતોરાત ૩૬ માઈલ ચાલીને ફોજ પ્રભાતે ઓચીંતી વાવડી આવી, અને જોગીદાસના બે દીકરા હરસુર તથા ભોકાને તેમ જ દીકરી કમરીબાઈને કબજે કર્યાં

પછી તુરત [illegible] ધૂધરાળે [illegible], પણ મોડું થઈ ગયું હતું દાદા ખુમાણ સિવાયના બીજા તમામ ભાગી ગયા દાદા ખુમાણે વાત થતા ના પાડી એથી એને મારી નાખી એનું માથું વજેસંગજીને મોકલી દેવામાં આવ્યું

એવું કે [illegible] જેતપુર કાઠીઓની આ બહારવટામાં સામેલગીરી હોવાની સાબીતીઓનો હવે કાંઈ અભાવ નહોતો તેઓને તેડાવીને [illegible] બાનવેલે કેદમાં નાખ્યા પછી એવી શરતે છોડ્યા કે તેઓએ બાકી રહેલા ખુમાણ બહારવટીયાઓને પકડીને વજેસંગજીને સોંપવા

• • •

તેઓએ બહારવટીયાનો પીછો લઈ જોગીદાસ તથા તેના છ સગાઓ કે જેઓ આ બહારવટામાં સરદારો (ring leaders) હતા તેઓને પકડ્યા કે બાનવેલે એ બધાને કેદમાં નાખ્યા

એમાંથી બે જણા કેદમાં જ મરી ગયા બાકીના બધાને જસદણના ચેલો ખાચર, ભડલી ભાણ ખાચર બગસરા હરસુરવાળો, રેડાણુ દતા [illegible] વગેરે કાઠી રાજાઓ કે જેને બાનવેલે જેતપુરના હામી તરીકે [illegible] તે સહુના હાથમાં સોંપવામાં આવ્યા તેઓ આ બહારવટીયાઓને ૧૮૨૪માં ભાવનગર લઈ ગયા વજેસંગજી સાથે વાટાઘાટ ચાલી પણ કાંઈ સમાધાની ન થવાની આ હામીઓ ખુમાણોને લઈ પાછા પોતપોતાને ગામ ચાલ્યા ગયા

૨૦૧ વજેસંગજીના મનની આવી ડામાડોળને પરિણામે ફરીવાર વધુને અતિ ખુમાણો બહારવટે નીકળ્યા, અને ભાવનગરનું ગામ જેસર ભાંગ્યું.

મહુવા ને કુંડલાની સરહદ્દ સુધી આ ખુનીઓની પાછળ છેક મીતીઆળા સુધી પહોચી, ને ત્યા ચાપો ખુમાણ કામ આવ્યો. બાકીના બધા ગિરમાં નાસી ગયા અને ભાવનગરની ફોજને પાછો વળવુ પડયુ.

* * *

૨૦૫. જોગીદાસ ખુમાણે હવે ભાવનગર શહેરને જ લુટવાનો નિરધાર કર્યો. પાલીતાણા જઇને એણે જુનાગઢ તથા ભાવનગર રાજના બહારવટીયાઓની ફોજ તૈયાર કરી તેમા હાથસણીના ઓઘડ માત્રો પણ હતા. પાલીતાણા દરબાર કાંધાજીએ પણ માણસો તેમજ સાધનોની મોટી મદદ કરી. પૂરતી ફોજ લઇને જોગીદાસે નાગધણીબા ગામ પર પડી ગામ બાળ્યુ. પણ પછી ભાવનગર લુટવાનો ઇરાદો છોડી દઇ એ પાછો વળ્યો ને માર્ગે આવ્યા તે બધા ગામને લુટતો તથા મીલાતનો નાશ કરતો ગયો.

વજેસંગજીએ કાઠીઓનો રસ્તો રૂંધવા એક ફોજ પાલીતાણે મોકલી, પોતે ચારસો માણસોની ફોજ લઇ લુટારાઓની પાછળ ચડયા, અને સેત્રુજી કાંઠે ટીમાણીઆ ગામ પાસે આવ્યા. આહી એક સામસામુ યુદ્ધ મચાયુ જેમા કાઠીઓ હાર્યા, પણ પોતાની નિત્યની યુક્તિ મુજબ તેઓ વિખરાઇને ગીરમા, બીજી લુટની તૈયારી કરવા ચાલ્યા ગયા.

ગીરમા જોગીદાસ આળસુ બનીને ન પડયો રહ્યો. થોડા જ મહિના પછી એ ફોજ લઇને નીકળ્યો અને ઢસાબાદ ઉપર ચડયો. ફરી પાછી સિહોરથી ફોજ મોકલવામા આવી પણ એ જોગીદાસને ન પકડી શકી. સમઢીયાળા પાસે તો ભાવનગરની ફોજ આંબી ગઇ, છતા લુટનો માલ રોકવા જેટલી પણ એ ફોજ ફાવી નહિ.

૧૮૨૭ : ખુમાણોએ ફરીવાર ભાવનગરના પ્રદેશ પર હુમલા કર્યા. દિહોર લુંટ્યુ. ત્યા રહેતા થાણાને હરાવ્યુ. પણ તે પછી ટાણાથી મોકલાએલી ફોજને હાથે તેઓએ હાર ખાધી. ટાણાની ફોજે તેઓને પાલીતાણા સુધી તગડયા.

ઉપરાઉપરી થતા આવા હુમલાઓએ વજેસંગજીને બહુ થકાવી દીધા. સાચા જીગરથી એને સુલેહ કરવાની ઇચ્છા થઇ. એટલે એણે કાઠીઓ પાસે કહેણ મોકલાવ્યુ કે "જો તમે ભાવનગર આવો તો ફરીવાર સુલેહની વાટાઘાટ કરવા હુ તૈયાર છુ."

કાઠીઓ કબૂલ થયા. એક વરસ સુધી વાટાઘાટ ચાલ્યા પછી ૧૮૨૮મા કરારો નક્કી થયા. તેમા કાઠીઓએ નેસડી, જીરા, વીજપડી, ઘોબા, મીતીઆળાનો અમૂક હિસ્સો, પોતે રાજ્યને નુકશાન કરેલું

તેમા બ લા તરીકે રાજ્યને આ રવાનું કબૂલ કર્યું. આ કરારો મુબાઇ સરકારને પોલી એજન્ટ મી બ્લેને મોકલ્યા. અને તે મ જૂર થયા.

કીનકેઇડનું કથન

[Outlaws of Kathiawar માંથી]

પ્રકરણ ૨ · પાનુ ૧૫:

"કાઠીઆવાડના બહારવટીયાના મે ત્રણ વિભાગ પાડયા છે: એક ગીરાસીઆ બહારવટીયા, બીજા વાઘેરો, ને ત્રીજા મીયાણા: પહેલા વિભાગમા ઘણા જાણીતા નામો ગણાય છે, કે જેમા એક નાળવાળો (એ નાળવાળાને એક દુહામા, વરસાદની ગર્જના સાભળી પોતાનો કોઇ હરીફ ગર્જતો માની માથા પછાડી મરનાર સાદુળા સિંહની સાથે સરખાવવામાં આવ્યો છે) અને બીજો આબરડીનો જોગો ખુમાણ પણ ગણાય છે. આ જોગો ખુમાણ, ખરી રીતે તો બહારવટીયો નહિ-પણ બળવાખોર કાઠીઓની ટોળીનો સરદાર હતો પરતુ જોગો ખુમાણ તો અને મારા સશોધનની અ દર મળેલા એક ઉત્કૃષ્ટ દુહા માયલો વીર પુરુષ:

> ધ્રુવ ચળે મેરૂ ડગે, *મહીપત મેલે માન
> જોગો ઠીં જાતી કરે, ક્ષત્રીવટ ખુમાણ

> The Stars may fall from heaven's dome,
> • The pride of thrones depart:
> Yet valour still will make her home
> In Joga Khuman's heart.

* 'મહદધ મેલે માન' જોઇએ. મહદધ : સમુદ્ર

“વાઘેરો વિષે દેશના લોકોને પણ ઘણું તપતું હતું. તેઓ જાણતા હતા કે બિચારા ઉપર ગાયકવાડે જુલમ કર્યો છે.

* * *

“હવે મૂળુ એકલો રહ્યો ને આ વખતથી નિરાશ થઇ ગયો. ઘણી ભૂખ તરસ, થાક ઉજાગરા, ફોજ મુવાનો અફસોસ, ભાઇ જેવા ભાઇનું મોત, તે પણ વિયોગમા થયુ. તેથી શું તેના મનને થોડું લાગતું હશે? કહે છે કે કેટલીક તો મૂળુ લાઘણો ખેંચતો. ને કેટલીક વાર તેને સાત સાત દહાડા સુધી અનાજ નહિ મળેલું.

“દ્વારકાની લડાઇ વખતે જે દોઢ હજાર માણસનું ઉપરીપણું ભોગવતો તે હવે ફક્ત અંગત પાચ સાત માણસથી રહ્યો. એટલું સારૂં થયું કે તેની આ દુઃખદાયક જીંદગીનો થોડા વખતમા અંત આવી ગયો. બેશક તે હરામખોરનો ધધો લઇ ફરતો, એટલે સામાન્ય રીતે જોતા આપણે આવાં મૃત્યુથી ખુશી માનવી જોઇએ. તો પણ તેને એમ કરવા ગાયકવાડ સરકારે જુલમથી ફરજ પાડેલી.

“જમાનાની રીત સમજવા તેનામાં પહોંચ નહિ, એટલે તે કેટલીક બદસલાહને વશ થયેલો. તો પણ તેના મહાન વિચાર, તેનું શુરવીરપણું, તેની ઉદારતા, અને તેના આવા પ્રકારના મરણથી, તેના કુટુંબ પર ગુજરેલી અપદશા દેખી કઠણ દિલના માણસને પણ દયા આવ્યા વિના રહેજ નહિ. × × મુળુનાં કામાં એવાં નહોતાં કે તેને આપણે હલકી પંક્તિના બહારવટીયાની જોડે સરખાવીએ.

* * *

“મને બીજા કોઇ દેડ અને પીડાકારક વાઘેર મૂવા તેનું કાંઇ તપતું નથી, પણ એક ઉચ્ચ ખાનદાન આણી ટોળી માટે જ તપે છે. અરે! તે સર્વનો ઘાણ નીકળી ગયો.

“તેઓ સાવ અણસમજુ નહોતા. પણ તેઓને સોબતે ભૂલાવ્યા. હલકા વાઘેરોએ તેઓના માથાં ફેરવી નાખ્યાં. અને વળી તેમાં ગાયકવાડી જુલ્મે વધારે અસર કરી.

“સિપાહી તો ખરાજ. મરવાં મારવાં તે તો હિસાબમાં નહિ, વાણીયા ન હતા કે ભાઇ બાપા કરી કીધેલાં અપમાન સહન કરે.

“વૈર લેવાના જોશમાં દુર અંદેશે શું થશે તે સુઝયું જ નહિ. જોધાના વિચાર તો આખર ઘડી સુધી સારા હતા. પણ બીજાઓએ તેને પરાણે ફસાવ્યો.

૧

આંબલી બોરડીની ઠાગાઠાસ અગ્ની ભુભના થોરની ગીચ અંધારી ઝાડી ધોળે દિવસે પણ ગભરાવી નાખે એવું એ ત્રીસ ગાઉનું જંગલ* એના કાંઠામાં પંથ કાપીને જાત્રાળુ ગોમતીજીને કાઠે પહોંચે ત્યાં આસમાની દરિયાની છોળો ઉછળીને રણછોડરાયના પગ પખાળે છે જે રણછોડ! જે રણછોડ! લલકારતો જાત્રાળુ ઓખાની ઝાડી વીંધે છે રૂપાળા દરિયા ને મારમાં વગડાની વચ્ચે એને કાળા લૂંટી ખાય છે જાત્રાળુ પોતાને દેશ જઇને ગીતો ગાય છે કે –

અસી કોસકી ઝાડી લગત હે!
કાબા કઠિન કઠોર,
દ્વારકામે રાજ કરે રણછોડ!

ડરા કુદા છીન લેત હે
લુબા ડારત ફોડ
દ્વારકામે રાજ કરે રણછોડ!

જળમાં કોઇ વ્હાણ ન હેમખેમ જાય, ને થળમાં ન જાત્રાળુ વણલૂંટ્યો જાય એનું નામ જ ઓખો એવા ઓખામાં એક દિવસ કેવી બીના બની રહી હતી?

---

* ઓખામંડળની ઝાડી એટલી ગીચ હતી કે પૂર્વે ત્યાં ચોવીસ ઇંચ વરસાદ પડતો આજે ઝાડી છેક જ કપાઇ ગઇ છે

સોળ વરસની કુંવારકા: તળાવની પાળેથી પાણી ભરીને ચાલી આવે છે: માથા ઉપર છલોછલ ભરેલી હેલ્ય: અને બેય હાથમાં ત્રણ ત્રણ વરસની દૂધમલી બે ખડેલી પાડીઓ: જોરાવર ખડેલીઓ રણકતી રણકતી મોટા ઠેકડા દેતી આવે છે. પણ પનીઆરીના માથાપર માંડેલ બેડલું જરીકે ડગમગતું કે છલકાતું નથી. એને મન તો આ ખડેલીઓ જાણે હાથમાં ઉંદરડી રમતી આવતી હોય એવી લાગે છે. એની મુખમુદ્રામાં કે કાયામાં ક્યાંય થડકારો નથી.

અસવાર તો આથેરો જ ઉભો થઇ રહ્યો. બીનલાવરણી પનીઆરીનાં કાંડાંનું કૌવત નિરખીને એ રાજપૂત જુવાનનો શ્વાસ હેઠો બેસી ગયો. પડખે ચાલતા આદમી પાસેથી જાણી લીધું કે આ ગામનું નામ હમોસર: માછીમારની દીકરી: બાપનું નામ મલણ કાળો: હજી બાળકુંવારડી જ છે.

"ઓહોહો! આના પેટમાં પાકે એ કેવા થાય! મનધાર્યાં મલક છતી આપે!"

એવા વિચાર કરતો ઘોડેસ્વાર ઘોડો ફેરવ્યા વગર, વાછો વળીને આરંભડા ગામને ગઢે આવ્યો. આવીને રઢ લીધી: "ફુઇ, પરણું તો એક એને જ."

રાઠોડ રાજાની રાણી તો રજપૂતાણી હતી. એનાથી આ શે સંખાય?

"અરે બાપ! ઇ તો કાબા · ગોપીયુંનાં વસ્તર લૂંટનારા:" "પણ ફુઇ! અરજણ જેવા અજોડ બાણાવળીનું ગાંડિવ આંચકી એની ભુજાયુંનો ગરવ ગાળનારા એ કાબા!"

"પણ વીરા! એના તો માછવાં મારવાના ધંધા: કાળાં વહરાં રૂપ: અને તું તો કચ્છ ભુજનો ફટાયો: જદુવંશીનું ખોરડું: આપણે ઇ ખપે?"

"ખપે તો ઇ એક જ ખપે ફુઇ! જગતમાં બાકીની બધી નાની એટલી બોન્યું, ને મોટી એટલી માતાજીયું!"

આરંભડાના રાઠોડોને ઘેર રીસામણે આવેલા ભુજના કુંવર હમીરજીએ હમૂસરની સરોવર-પાળ ઉપર દીકેવી કાબુડી માછી માર કન્યા ઉપર પોતાનો વંશ અને ગરાસ ઓળઘોળ કરી દીધો. ઓખામંડળના કાબાઓની સાથે એણે લોહીનો સંબંધ જોડ્યો. અને ઓખામંડળ ઉપર પોતાની આણ પાથરવા માંડી. બેટ-બેત્રી ગામનાં તોરણ બાંધ્યાં. 'વાઘેર' એની જાત કહેવાણી.

કાબાની કુંવરીને ખોળે જે દિવસ જદુવંશીના લોહીનો દૂધમલ દીકરો જન્મીને રમવા લાગ્યો, તે દિવસ ગામ પરગામનું લોક થોકેથોક વધામણીએ હલક્યું. વાઘેર બેટડાનાં રૂપ નિહાળી નિહાળીને માણસોનાં મોંમાંથી નીકળી ગયું કે

"ઓહોહો ભા! હી તો માણેક મોતી જેડો! કેડો લાલમ-લાલ માણેક!"

તે દિવસથી 'માણેક' નામની અટક પડી વાઘેરની તમામ કળીઓમાં 'માણેક' સાખની કળી ઉચી લેખાણી

ઓખામંડળ એટલે તો ઠાસોઠાસ કાંટાળાં વગડાં અને ઉંડા વખભર પાણા અને કાબાકુળનો તો અવતાર જ લૂંટ કરવા સારુ હતો. માછવા મારે, મછવા લઈને દરિયામાં વહાણ લૂંટે, અને હડી કાઢીને ધરતીમાં જાત્રાળુઓ લૂંટે પણ કાળા ભેળા રજપૂત ભળ્યા, તે દિવસથી માણેક રાજાઓએ તીર્થધામનું રક્ષણ આદર્યું, અને જાત્રાવેરો ઠરાવી જાત્રાળુઓનું જતન કરવા માંડ્યું.

"સમૈયા માણેક! હકડી ઓરત અચી આય. હી બાઇ તો હીં ચુવેતી કે મુંજે તો સો નારીએર સમૈયા માણેકજે કપારમેં ઓરણાં!" [એક ઓરત આવી છે, ને એ તો એમ કહે છે કે મારે તો સમૈયા માણેકના કપાળમાં એકસો નાળીએર ફોડવાં છે.]

પરદેશણ બાઇએ કહેવરાવ્યું : "બાપા! ભૂલ ભૂલમાં મારાથી છબ કરાઇ ગઇ છે. દીકરો નોતો થાતો, તે માનતા કરી કે જો શામળાજી દીકરો દે તો દ્વારકાના દેવરાજ સમૈયાને કપાળે હું એક સો શ્રીફળ વધેરીશ. મેં તો જાણ્યું'તું કે સમૈયો માણેક દેવતા હશે!"

"નાર સમૈયા! તોજી માનતા! ફોડ હણેં મથ્થો! દેવજા ડીકરા!"

એમ કહી કહી હાથરે ફરમાનની ટેકડી આફરી.

સમૈયાએ દાતણની ચીરો નીચે નાખી, મોઢું ધોઇ, દ્વારકાધીશની સામે હાથ જોડ્યા. ને પછી બાઇને કહેરાવ્યું : "હલી અચ! મંઝી ધી! હલી અચ! તોજી માનતા પૂરી કર. હી મથ્થો ખુલ્લો જ રખી ડીઆંસી! [હાલી આવ. મારી દીકરી! હાલી આવ. ને તારી માનતા પૂરી કર. આ માથું મેં ખુલ્લું જ રાખી લીધું છે."]

એક સો શ્રીફળનો ઢંબાડ કરીને બાઇ ઉભી રહી. દીકરાને સમૈયાના પગમાં રમતો મકર્યો. પહેલું શ્રીફળ ઉપાડ્યું. માણસ જેવા માણસનો ફૂલ્યા માથાને પત્થર માનીને શ્રીફળ પછાડવા જતાં એનો હાથ આંચકો લઇ ગયો. ત્યાં તો સમૈયાએ બાઇને ફરી પડકારીઃ

"અરે મઝી ધી! અરે ખેટડી! હી મથ્થો પત્થર જેડો તો આય! હીન મથ્થેજી દયા મ રખ. ઝોર બરાબર."

બાઇએ શ્રીફળ પછાડ્યું. માથાને અડ્યા પહેલાં અદ્ધરથી જ ફટાકો બોલ્યો. શ્રીફળનાં બે કાચલાં જમીન ઉપર જઇ પડ્યાં.

એક સો શ્રીફળ એ જ રીતે અદ્ધરથી જ ફુટ્યાં. માનતા-

વાળી, બાઇ "બાપા! બાપા!" કરતી સમૈયાના ચરણોમાં ઢળી પડી.

"બાઇ! મઝી મા! આંઉ ડેવ નાઇઆં. હી તો તોજે ધરમસેં થીયો આય. [બાઇ! મારી મા! હું કાંઇ દેવ નથી. આ તો તારા પોતાના જ ધર્મથી થયું છે.]

એટલું બોલીને સમૈયાએ પોતાની દીકરી માનેલી એ બાઇને પહેરામણી દીધી. બાઇ ગાડું જોડી ચાલી ગઇ.

૨

સમૈયાનો કુંવર મુળુ માણેક કુફેલમાં ગરકાવ છે. એ માતેલા રાજકુંવરે વસ્તીની મરજાદ લોપવા માંડી છે. લોકોએ નગરશેઠ ઇંદરજી ભાઇની પાસે રાવ પહોંચાડી. બુઢ્ઢો ઇંદરજી ડગુ મગુ પગલે કચારીમાં ગયો. શેઠને ભાળતાં જ સમૈયાએ દોટ દીધીઃ

"ઓહો કાકા! અાંજે અચણો પ્યો? [આપને આવવું પડ્યું?"]

"હા સમૈયા! બીયો ઇલાજ ન વો."

"કાકા, ચ્યો, ફરમાવો."

"સમૈયા! હાથી હરાડો થીયો!"

"કાકા, આઉં બંધી નાસી." [હું બાંધી લઉં છું.]

હાથી હરાયો થયો છે, તો એને હું બાંધી લઇશ. એટલી જ સમસ્યા થઇ. ઇંદરજી શેઠ દુકાન પર ગયા. ને દરબાર ન્હાઇને મંદિરમાં પહોંચ્યા. પાંચ માળા ફેરવી. પછી બે હાથ જોડીને બોલ્યાઃ

"હે ધજાવારા! તુમેં જો સચ વે, તે મુંજો પૂતર ત્રે ડિંમેં મરે, નકાં આંઉ મરાં!" [હે ધજાવાળા! તારામાં સાચ હોય, તો મારો પુત્ર ત્રણ દિવસમાં મરે, નહિતર હું મરૂં!]

ત્રીજે જ દિવસે એ જુવાન દીકરા મૂળુને જમનાં તેડાં આવેલાં.

૩

આવા પૂર્વજોના છેલ્લા બે નેકીદાર વારસદારોની આ વાર્તા છે.

સીતેર વરસ ઉપર ત્યાં અમરાપર નામે નાનું • ગોકળીયું ગામડું હતું. આજે ત્યાં ગામનો ટીંબો યે નથી. ગામની જગ્યા ઉપર જમીન ખેડાય છે: દ્વારકાથી દોઢ બે ગાઉ જ આઘે:

એ અમરાપર ગામમાં જોધો માણેક અને બાપુ માણેક નામના બે ભાઈઓ, ઓખામંડળના વાઘેરોમાં ટીલાત ખોરડાના બે વારસો રહેતા હતા. રાજ તો ગાયકવાડ સરકારને હાથ ગયું છે. દ્વારકામાં પલટન પડી છે. ગામડે ગામડે પલટનનાં થાણાં થપાણાં છે. વાઘેર રાજાઓને સરકારે જીવાઈ બાંધી આપી છે. પણ હમણાં હમણાં તો અમરાપરવાળા ટીલાતોને જીવાઈ મળવી યે બંધ પડી છે.

ગાયકવાડનો સૂબો બાપુ સખારામ મદઢક બનીને દ્વારિકાના મહેલમાં બોલે છે કે

"કાય! વાઘેરાન મંજે કાય આહેત! [શું છે! વાઘેર બાપડા શી વિસાતમાં છે?] "

એ ટીલાત ખોરડાની વાઘેરણો આજ પાદરેથી પાણીનાં બેડાં ભરીને ઓસરીએ હેલ્યો ઉતારે છે. પણ એનાં મોઢાંની લાલી આજ નોખી ભાતની બની ગઈ છે. મોઢાં ઉપર ત્રાંબાં ચડ્યાં દેખાય છે.

ઓસરીમાં જ પોતાના ધણીઓ બેઠા છે. પણ મુખયાની લાલપનું કોઇ કારણ પણ બાઇઓને નથી પૂછ્યું. પરસેવે ટપકતાં લાલ નેત્રોવાળી વાઘેરણો છંછેડાઇને બોલી :

"અસાંજા થેપાડાં આંઇ પર્યો! અને હણેં આંજી પાઘડી અસાંકે ડયો!" [અમારાં થેપાડાં તમે પહેરો. અને હવે તમારી પાઘડી અમને આપો.]

બેય ભાઇઓનાં મ્હોં ઉચા થયાં. જોધાએ ધીરે અવાજે પૂછ્યું કે "આજે શી નવાજૂની બની છે વળી ?"

"નવું શું થાય? રોજે રોજ થઇ રહ્યું છે ને! રજપૂતોને પાદર મોરલા મરે, ને રજપૂતાણીયુંનાં બેડાં કાંકરીએ વીંધાય; દાઢી મૂછના ધણીયું બેઠા બેઠા ઇ બધું સાંખી લ્યે!"

"કોણે મોરલા માર્યા? કોણે કાંકરીઓ ફેંકી?"

"બીજા કોણે? દ્વારકાના પલટન વાળાઓએ."

જોધાએ શિર નીચે ઢાળ્યું. પણ બાપુને અને એના દીકરા મૂળુને તો ઝનૂન ચડવા લાગ્યું. ધીરી ધીરી ધમણની ફુંકે આગ્નિ ભડકો થાય, તેમ ધીરે ધીરે વિચાર કરીને બાપ દીકરે ભભૂકી ઉઠ્યા. :

ઓહોહોહો ! કેવો મીઠો પડ્યો ! રોમરાઇ ગળગળી થઇ ગઇ. પણ ગરવો જોધો એ મમતાનો ઘૂંટડો ગળી ગયો.

એવે ને એવે ધીરે અવાજે એણે ઉત્તર દીધો કે "ભાઇ ! વસઇ વાળેજા સઢિયા મ ચડો. આજ પાંજે સેન કર્યા વન્યા બીયો ઇલાજ નાય. હકડી ઘડીમેં પાંજા ચૂરા થીંદા. અચો, પાણુ રામજીભાજી સલાહ ઘીનું. [ભાઇ ! વસઇવાળાના ચડાવ્યા ચડો મા. આજ આપણે સહન કર્યા વિના બીજો ઇલાજ નથી. એક ઘડીમાં આપણા ચૂરા થઇ જશે. ચાલો આપણે રામજી ભાની સલાહ લઇએ.]

રામજી શેઠ નામે દ્વારકાનો ભાટીઓ હતો. અમરાપર-વાળા વાઘેરોનો સાચો ભાઇબંધ હતો. ડાહ્યા વેપારીએ આ ઉશ્કેરાયલા બાપ બેટાને ઠાવકી જીભે સલાહ આપી કે "ભાઇ, આજે લડવામાં માલ નથી. વસઇવાળાના ચડાવ્યા ચડશો નહિ."

રોજ રોજ પલટનવાળાઓની આવી છેડ સાંખતા સાંખતા વાઘેર ટીલાતો બેઠા રહ્યા. પણ પછી છેવટે એક દિવસ સહન કરવાની અવધિ આવી ગઇ.

પડ્યાં પડ્યાં રુવાબે છે, પણ ભાસતાનું જોર બતાવી શકતાં નથી. ગામથી તદ્દન નજીક કૂતારાં શિયાળવાં લુચ્ચાઇની લાળી કરીને વગડો ગજાવે છે.

તેવે ટાણે ઓખામંડળના પ્રાશુવેલ ગામના પાદરમાં, ટીલાવડ નામે ઓળખાતા ચામુંડાના વડલા નીચે, અંધારામાં પાંચ છ મોટી સગડીઓ સળગી રહી છે. અને સગડીને વીંટી પચીસ જણ, પાંચેક હોકા પંગતમાં ફેરવતા ફેરવતા, ઉભા ગોઠણ સાથે કસકસીને પછેડીની ભેટ બાંધી, સજ્જ હથીઆરે બેઠા છે. ઘોડાયે ખોડાનાં બાંધ્યા છે. પચીસેનો પોશાક જાડેજા રજપૂતો પહેરે છે તેવી જ ઢબનો છે પણ પહેરવેશમાંથી રાજપૂતને શોભે તેવી રિદ્ધિ સિદ્ધિ ઉડી ગઇ દેખાય છે. પાઘડીઓમાં પડેલા લીરા, ઘડીની અંદર તતાડી દીધેલા છે, અને ચોરણાઓનાં થીગડાં ભેટ વાળેલ પછેડી હેઠે દબાવેલા છે. ઓખામંડળના રાજાઓની એ અધરાતે એવી હાલત હતી.

“સહુ આવી ગયા ?” એમાંથી મોટેરા દેખાતા એક વાઘેરે ચારે બાજુ પોતાની ચિત્તા સરખી ચળકતી આંખ ફેરવી.

“હા, રવા માણેક : આવવાના હતા એ બધા આવી ગયા.” બીજાએ જવાબ દીધો.

“સાંઢીઓ સંધેય ગામે ફેરવ્યો'તો ને ?”

“તમામ ગામે નેતરું યે બાકી નહિ.”

“અમરાપરથી કોણ કોણ હાજર છે ?”

“હું જોધો, બાપુ, ને મૂળુ માણેક, નવ જણા.” ગરવા અને ઓછાબોલા છતાં મીઠાબોલા મુખી જોધા માણેકે જવાબ વાળ્યો.

"હું બીમો. મેવાસેથી."

"હાવકી વાત. કુંભાણી કોણ છે ?"

"હું હશુ. મકનપરથી."

"બીજા કોણ કોણ માડુ છે ?"

"કરસન જસાણી ને ધૂનો જસાણી મુળવાપરથી : દેવા ચબાણી ને રાયદે ભીમાણી શામળાસરથી ; ધધો ને સાજો પીઠારીઆ; અને વશીવાળામાંથી તું રવો, પાળો, રણમલ અને દેવો; એટલું થારાણી-ખોરડું."

મ્હોં મલકાવીને રવો બોલ્યો, "ત્યારે તો અમારા માડુ સંધાયથી વધુ. એમ છે જોધા ! માથાં વાઢી દેવાં, એ છોકરાંની રમતું નથી, વસીવાળાને ઓખો જાય તેની ઉંડી દાઝ છે ભા !"

"સાચું કહ્યું રવા માણેક !" જોધા માણેકે આ વસીવાળા ચારે જણાના ચ્હેરાની ખુન્નસભરી કરડાકી અને દેંગાઇની રેખા પારખીને ટુંકો જવાબ વાળ્યો.

"ત્યારે હવે લાવો વાળુ."

"હાજર છે ભા !" કહીને મોરાણવેલના ગરાસીઆ દાદાભાઇ ને રામાભાઇ ઉઠયા. સહુને થાળી પિરસાણી.

"ભારી દાખડો કર્યો દાદા ભા !"

બે હાથ જોડીને પોતાના વાઘેર ભાઇઓની સામે દાદોભા વાઢેર ઉભો રહ્યો : "આપ તો ઘણુ જોગ, પણ અસાંજી સંપત એતરી, ભા !"

સમડીએ પોતાના હાથ પગ શેકતા શેકતા, વાળુ કરીને સહુ બેઠા. એટલે વસીવાળા રવા માણેકે પોતાના બડીઆ કાનની લુટ અજવાળતાં અજવાળતાં વાત ઉચ્ચારી કે

"ત્યારે હવે શું ધાર્યું છે સધાએ ?"

"હવે તો ગળોગળ આવી ગયા છીએ." જોધાણી કુંભાણીએ વાતને વેગ ચ ..

"ઓખામંડળના ધણી હતા, તે તો મિટાવી દીધા. પણ રાબ રોટલો ખાવા જેટલી છવાઇ બાંધી આપી છે, તે પણ વહીવટદાર છો મહિનાથી ચૂકવતો નથી."

"હાથે કરીને પગે કુહાડો આપણે જ માર્યો છે ને?"

"કોણ છે ઇ માડુ! જોધો માણેક ને? જોધાએ કાયમ આપણી જ કસર કાઢી છે."

"હું જૂઠું નથી બોલતો ભા! આપણે રાજા મટીને ચોર ઠર્યા તે આપણે જ લખણે. પોણોસો વરસથી સંભારતા આવો: આપણે કેવાં કામાં કર્યાં? નગર, પોરબંદર ને ગોંડળ જેવાં રજવાડામાં લૂંટ આદરી: એટલે માર ખાધો, ને ફક્ત પાંચ ગઢ, ને સતાવીસ ગામડાં રહ્યાં."

"હાં, પછી જોધા ભા?" રવો દાઢવા લાગ્યો.

"પછી શું? પચાસ વરસ ઉપર આપડે જ વડવે ભેળા થઇ રાણી સરકારના વેપારીનું વ્હાણ લૂંટયું. અને એમાંથી એક ગોરાને ને એક બાપડી મઢમને દરિયામાં ફેંક્યાં. ફેંક્યાં તો ફેંક્યાં, પણ એ લૂંટ ને એ ખૂનની વળતર રૂપીઆ સવા લાખ ચૂકવવાનું કબુલીને પછી ખૂટલાઇ કરી ન ચૂકવ્યા. ત્યારથી વાઘેર ઇજ્જત ગુમાવીને ચાંચીઆ ઠર્યા. દરિયામાં લૂંટવા સિવાય આપણા વડવાએ કર્યું શું? ઓખાના બારામાં ટોપીવાળાનાં વ્હાણ પેસી ગયાં તે આપણાં જ પાપે."

"રંગ છે વાઘેરના પેટને! બલોયાં પહેરો બલોયાં જોધા ભા!"

"હવે તો ક્યારનાં યે બલોયાં કાંડામાં પડી ગયાં, રવા ભા! તું ને હું છવીએ છીએ, તે ઓખો ખાલસા થઇ ગયો. આપણે ધણી હતા તે છવાઇદાર થયા. આપણે માથે લશ્કરનાં બટાલીઅન બેઠાં, ઠેર ઠેર થાણાં થપાણાં, કપ્તાનો, સ્નીડનો, ને પોલીટીકલોનું તો કીડીયારૂં ઉભરાણું. અને આ ગાયકવાડીનો જુલમ તો હવે જોયો જાતો નથી."

"ગઇ ગુજરી જવા દો જોધા ભા, અને હવે કહો, આપણે

કરવુ શુ ?" જોધા માણેકના આસાનશ નાથેરાએ અગ્નિ ઉપર રાખ વાળી

"આપણે કરીએ છીએ તેના ઉપર આ વરીનાળા ભાઇઓ ધુળ વાળી દે છે એનુ શુ કરવુ ?"

"શુ ધુળ વાળી ?" રવો ડોસો ફાડીને બોલ્યો

"તમે વગર કારણે આરભડુ ભાગ્યુ. તોરમા ને તોરમા એટલુ કરવો કબ્જે લીધો," એમ માત ગામડીના ગરાસીઆએ ઉઠીને સમદરના પાણી જેવી સરકારની સત્તા સામે ઉતાવળી બાથ ભરી એમાં સરકારની ધુનાધાર તોપુ આવીને આપણા બારામા ડાચા ફાડી ઉભી છે અને જાત્રાળુઓ રણછોડરાયજીનાં દર્શને ન આવી શકે, એ પાતક કાંઇ ઓછુ !"

"અને જોધા ! તુ ડાહ્યો ડમરો, તુ વળી સરકારની સાથે. નેકી જાળવીને શુ કમાણી કાઢી આવ્યો ? કપિલા છઠ્ઠની જાત્રમા અમે તો જાત્રાળુ પાસેથી કરોડુનો માલ કબ્જે કરત પણ તુ સરકારનો હેતનો કટકો થાવા ગયો તેં જાત્રાળુની ચોકી કરીને ગાયકવાડને ચાર લાખ કોરીનો કર પેદા કરાવ્યો, તેનો સિરપાવ તને શુ મળ્યો ? તુ ચોર હો, તેમ તારા જામીન લેવાણા તે દિ' તને કચેરીમા બોલાવી ભુડે હાલે કેદ કરવાની પણ પેરવી થઇ'તી, અને હવે તારી કમાઇ પણ રોકી રાખી લે, લેતો જા ગાયકવાડી પાઘડી ! બોલ, રણછોડરા-

"જોધા ભા !" જોધાનો ભાઈ બાપુ માણેક બોલ્યો "હું હજી આજ જ મારી રોજની ઉઘરાણી કરીને બાપુ સખારામ પાસેથી હાલ્યો આવું છું અને એણે મને શું જવાબ દીધો ખબર છે? મ્હોમાંથી ગાળ કાઢી"

"હે, ગાળ કાઢી? જબાન કાપી લેવી'તી ને?"

"શું કરું ભા! તારો ડર લાગ્યો, નીકર હું વાઘેરનો બચ્ચો, ઈ ચરકુની ગાળ કાંઈ ખમું? એણે તો સામેથી કહેવરાવ્યું છે કે અમરાપરને પાદર અમારા બે મકરાણીના ખુન કર્યા છે, માટે હવે તૈયારીમાં રહેજો, અમરાપરને તોપે ઉડાવવા આવું છું"

"મકરાણીના ખુન? શા સારુ?"

"હા જોધાભા! મકરાણી બંદૂકું લઈને ટીંગટોલે નીકળ્યા'તા અને પાદરની ચાપલી માથે મોરલો બેઠો'તો તે પર ગોળી છોડી મોરને તો ભગવાનનું વાહન સૌનું ચાક કરીને બચારા મોર ખાવાના'તા? અને દોડીને બેય મકરાનું જ કાપ્યું ને મસ્તુ ચાક સમજીને ખરાડી દીધું તેને બદલે લેવા મનાડો બાપુ સખારામ તોપુના રેકડા હાંકી હાલ્યો છે!"

"ત્યારે હવે પરિયાણ શું કરી રહ્યા છો? કરો કેસરીયાં."

હાથ ઉપર માથું નાખીને જોધો વિચારમાં પડી ગયો. એણે ધીરેથી કહ્યું, "હજી વાર છે ભાઇ. અધીરા મ થાવ."

"કાં?"

"ગાયકવાડની બાદશાઇ સામ બાચ ભરાય?"

"ગાયકવાડની બાદશાઇ તો રહી છેટી, ટેઠ વડોદરે. અને આંહી તો વહીવટદારથી લશ્કર તોબાં કરીને બેદિલ બેઠું છે. ધીંગની ફૂંકે સુકલ પાંદડાં ઉડે તેમ ગાયકવાડનો વાવટો ઉડાડી દેશું."

"પણ ભાઇ! વાંસે સરકાર જેવો વશીલો છે. પાંચ સો ડાણ તોપું ભરીને આપણને ચૂડેલું રાંસડા ટચે તેવો કરી નાખશે." જોધે ભવિષ્યમાં નજર નાખીને કાળની વાણી કાઢી.

"સરકાર તો હિંદુસ્તાનને કાંઠેથી હોકો ભરીને હાલી, જોધા ભા!" મૂળુએ નેત્રાં મલકાવ્યાં.

"કાં?"

"કાં શું? બળવો ફાટી નીકળ્યો છે. પવનનો સામી થઇ ગઇ છે. મરાઠાનાં ભાલાની અણીએ, ગોયમાં મોતી પરોવાય તેમ ગોરાનાં મડમ છોકરાં પરોવાય છે. સરકારનાં

અમરાપરનો ઉગાર કરવા આદમી ભેળા કરી આવું. હવે જે રણછોડ!"

"જે રણછોડ, જોધા ભા! હવે ફરી વાર વઢેલાં હેઠ નહિ મળીએ. રણુરાયની છાંયામાં મળશું હો!"

જોધો ઉઠ્યો. ડાયરો વીખાણો. જોધાએ મૂળુને પડખે બોલાવીને શીખામણ દીધી કે "બેટા મૂરૂ!"

"બોલો કાકા!"

"આ વસઇવાળાનો ચડાવ્યો ચડીશ મા હો! એનાં પરિયાણ પાપનાં છે. બાકી તો બેટા, જ્યાં તું ત્યાં જ હું. હું હવે આ ટાણે મારાં પેટાંમાં ધૂળ નહિ ઘાલું."

જોધો હનુમાન જતિ જેવાં પગલાં ભરતો અંધારામાં ધાબળો ઓઢીને અદૃશ્ય થયો. અને મૂળુભાએ અમરાપર જઇ પોતાના વફાદાર રાયકાને હુકમ કર્યો:

"રાયકા! વાઘેરોનાં પચીસે ગામડાંમાં ફરી વળજે. અને કહેતો જાજે કે શ્રાવણ શુદ એકમની અંધારી રાતે, દ્વારકાના કિલ્લાની પાછલી રાંગે, ઉગમણી દશે, જસરાજ માણેકના પાળીઆ પાસે પાઘડીનો આંટો નાખી જાણનારા સહુ વાઘેર

"ખમા ! ખમા રણછોડ રાયને ! હવે અમરાપર ગામમાં સહુથી લાંબાં બે ઓરડા હોય તેનાં આડસર ખેંચી કાઢો."

બે આડસરો કાઢીને તેની ઉંચી, આભને અડતી નીસરણી બનાવી અને શ્રાવણ શુદ ૧ ની સાંજે, અંધારાં ઉતર્યાં પછી મુળુ માણેકે ગઢની અંદર જઇને ઉંચા જુવાર લીધા દીધા.

૫

દિવસ આથમે ને જેમ ટપોટપ આભમાં એક પછી એક તારલા ઉગતા આવે, તેમ અમરાપરના પાદરમાં પણ શ્રાવણ શુદ એકમની સાંજે દિવસ આથમવાની સાથે જ ગામડે ગામડેથી વાઘેરો આવવા લાગ્યા.

દોઢસો વાઘેરોનો સંઘ, કેડીએ કેડીએથી આવીને અમરાપરને પાદર મુળુ માણેકના નેજા નીચે ખડો થયો. સામસામા જે રણછોડ! રણછોડ! ના સૂર બંધાઇ ગયા અને બધા બથો ભરી ભરી ભેટયા. આખું દળકટક અમરાપરથી ઉપડ્યું. અને જેમ સીમાડે પગ માંડ્યો ત્યાં ડાબી કોર ગધેડો ભૂંકયો:–

"મુરૂભા! તારી ફતેના ડંકા જાણજે. ડાબો ગધેડો ભૂંકયો લાખ રૂપીઆનાં શુકન થાય છે." એમ બારાના હાદાર જેઠીજીએ શુકન પારખીને મુબારકી દીધી.

"સવારને પહોર દ્વારકા આપણું સમજજે મુરૂભા" વસઇ વાળાએ મુળુને ચડાવ્યો.

"દ્વારકા મળે કે ન મળે, આપણું કામ તો હવે આ પોંઃ કાં આ પાર મરી મટવાનું છે ભા!" મુળુભા પોરસ ખાઇને બોલ્યો

આગડના દોરા છુટયા. અને દ્વારકાના ગઢે અગ્નિકોણથી મુળુ માણેકે "જે રણછોડ!" કરી નીસરણી ઉભી કરાવી

પણ નીસરણી એક હાથ ટુંકી પડી. ગઢ એટલો છેટો રહી ગયો

મુળુએ હાકલ પાડી કે " ભાઇ! કયાં વાઘેર બચ્ચો માનુ ધાવણુ ધરાઇને ધરાઇને ધાવ્યો છે? છે કોઇ ટેકનારો!"

" હું!" કહીને પતરામલ માંયાણી નામનો જુવાન ચડયો. મ્હોંમાં તલવાર પકડીને એણે ટેક મારી. જે રણછોડ! કરતો ગયો ગઢ માથે. ત્યાંથી ફાળીયું નાખીને બીજા સહુને ચડાવ્યા.

અત્યાર સુધી છાનુંમાનું કામ ચાલ્યું. પણ જેમ ગઢને માથે બસો દાઢીમૂછાળા ચડી ગયા, અને જ્યાં પણ આખો કિલ્લો અડદના દાણા છાંટયા હોય તેવા ધારણમાં ઘેંટાઇ રહ્યો છે એ જોયું, તેમ તો ઓખામંડળ આખોય ઉમટયો: વાઘેરનું એકેએક ખોરડું હલકયું. જે. રણછોડ! જે રણછોડ! ના લલકાર મચ્યા. હૈયેહૈયુ દળાણું. દિવાલો સાથે આફળતા દરિયા ઉપર મહારાજે મ્હોં કાઢયુ, સમુદ્રે શંખનાદ ગજાવ્યા અને મુળુએ ચડ્કા કર્યો

"જોધો કાકો અચેતો! પાંજો જો પે અચેતો! હણેં ફતે હુઇ વઇ!"

જોધો માણેક આવ્યો આવે છે. ઓચીંતો આ વિજય-ટંકાર દેખીને એના મ્હો પર વાદળી છવાઇ ગઇ છે. વાઘેરોને ઉન્માદે ચડયા દેખી, દારૂડીયા જાદવોના સરદાર કૃષ્ણની માફક એને વિમાસણ ઉપડી. પણ જોધો સમય વર્તી ગયો.

" જે રણછોડ કાકા!"

" જે રણછોડ મુંજા પેટ! રંગ રાખી ડીનો ડીકરા!"

કહેતો જોધો નીસરણીએ ચડયો, આડસરની નીસરણી કડાકા લેવા માંડી. અને ભૈરવની ફોજ જેવા વાઘેરોએ બજારમાં ઓકળો નાખી લીધા.

"નારાયણરાવ-કયાં છે? એની મેડીમાં કો'ક પહોંચો. ઇ જુલમના કરનારાને પગે ઝાલીને બે ફાડીયાં કરી નાખીએ. ઝાલો ઇ મહેતાને!" મુળુ માણેકે હુકમ દીધો.

"નારાયણરાવને સજા મળી ગઇ, સુરભા!" મેડીએથી માણસે આવીને કહ્યું.

"કાં?"

"પાયખાનામાં થઇને ભુંડે હાલે ભાગી છૂટયો."

"કયાં ગયો?"

"જામપરામાં."

"જીવતો જાશે બેટો?"

"જાવા દે સુરુભા. બાપ, ભાગતલને માથે ઘા ન્હોય જેધાએ ધીરેથી શીખામણ દીધી.

ત્યાં સામેથી ધડ! ધડ! ધડ! બંદુકોના ચંભા થાતા આવે છે. રીડીયા થાય છે. અને અને ભેરી ફુંકતો ફુંકતો બાપુ સખારામ ફોજ લઇ હાલ્યો આવે છે.

"આ કોણ?"

"બાપુ સખારામ. બીજો જાલીમ. જીવાઇને બદલે ગાળો દેનારો. એની તો જીવતી ચામડી ઉતરડી નાખીએ."

પાંચ દસ લડવૈયાને લઇને બાપુ સખારામ વાઘેરોના દળ સામે-ધસ્યો આવે છે. અને કુબો માણેક બંદૂક લઇ એને ઠુંકો કરવા દોડે છે.

"અને દેવા છબાણી ! તું એટનો કબ્જો લે તેપોને મ્હોયે ઉડી જાજે પણ હાર્યાના વાવડ દેવા પાછો મ વળજે."

"જે રણછોડ !" કહીને દેવો છબાણી છૂટયો.

"પણ આ દ્વારકા ખાલી કયાં થઇ ગયું ? સરકારી માણસો બધા કયા સમાણાં ?"

દૂતોએ દોડતા આવીને ખબર દીધા "જોધાભા, જામ-પરામાં આરસો જણ બેઠા છે."

"લડવાની તૈયારી કરે છે ? કે ચોખો છોડીને ભાગવા રાજી છે ?"

"ભાગવા."

"અરે ભાગી રહ્યા. માડો જામપરાને માથે તોપો. ફુકી ચો. વડોદરે વાવડ દેવા એક છોકરું યે છનતુ ન નીકળે"

આવા રીડીયા થયા. અને જોધો ઝાંખો ઝમ્બ પડી ગયો. ગરવી વાણીમા એ બોલ્યોઃ

"ન ઘટે મુંજા પે ! એવી વાતું વાઘેરના મ્હોંમાં ન સમાય. એ બચાડા ચિટ્ઠીયુના ચાકર ! અને વળી પીઠ દેખાડીને ભાગે છે. એની ઓરતું, બાલ બચ્ચાં, ઘરકા છુટ્ટા રઝળી પડે જાવા દો મારા ડીકરાઓ !"

આરસો ગાયકવાડી ચાકરો, દ્વારકા દુશ્મનોના હાથમાં સુખ-શાંતિથી સોંપીને સીમાડા બહાર નીકળી ગયા નગર રાજ્યના મહાલ જામખંભાળીયામા જઇ આરસો જણાએ પડાવ કર્યો. અને આહી દ્વારકામાં તો

ખંભે ખંભાતી પોતીયાં, ધધકે લોહીની ધાર,
ગોમતી લાલ ગુલાલ, માણેક રંગી મુળવા !

ગોમતીજી સોરઠવીરોના લોહીથી લાલ ગુલાલ બની ગયાં.

૬

વાઘેરોના સાથમાં આજ વેપારી રામજીભા ઘૂમી રહ્યો છે. રામજી શેઠ દ્વારકાનું ભૂષણ બન્યો છે.

દિલોજાન જોધા માણેકના એ ભાઇબંધને માથે જામપરામાંથી બાપુ સખારામનો સંદેશો આવ્યો કે "ઘેરાઇ ગયા છીએ, ભૂખે મરીએ છીએ કાંઇક અનાજ મોકલો."

રામજીભાએ જોધાને જાણ કરી દાના દુશ્મન જોધાએ છાના-માના કહી દીધું કે "કોઇ ન જાણે તેમ ખોરાકી મોકલી આપો. પણ વાઘેરોને વાત પહોંચશે તો મારો ઇલાજ નથી. વન વનની લકડી આજ ભેળી થઇ છે."

કિલ્લા બહારની એ વખારે હતી, તેમાંથી ખોરાક ઉપડવા લાગ્યો. પણ વાઘેરોને ખબર પડી ગઇ કે દુશ્મનોને ખોરાક જાય છે. ગાંડા વાઘેરો વખારો તોડીને માલ ફગાવવા લાગ્યા.

ત્યાં રામજીનો દીકરો લધુભા દોડતો આવ્યો. એની કુહાડા જેવી જીભ ચાલી "એ મછીયારાવ! ચાંકે રાજ ખપે? જંજે ખાવતા તીજે ખોદાતા! [એ માછીમારો! તમને તે રાજ હોય? જેનું ખાઓ છો એનું જ ખોદો છો?]"

વાઘેરાએ એને ઘણો વાર્યો. પણ લધુભા ન રહી શકયો, ગાળોની ઝડી વરસાવવા લાગ્યો, ઝનૂને ચડેલા વાઘેરો : અને સામે એવો જ કોપેલો વાણીઓ: બીજું તો કાંઇ ન થઇ શકે, એટલે લધુભાને બાંધી, એના પગમાં બેડી પહેરાવી, મંદિરના કિલ્લામાં શત્રુઓનાં મૂડદાંની સાથે એને કેદ પૂર્યો.

કિલ્લાનો બંદોબસ્ત કરીને જોધો જમવા આવ્યો : રામજીભાને ઘેરે જ એ રોજ રોટલા ખાતો. આજ ન્હાઇને પાટલે બેસે છે ત્યાં યાદ આવ્યું "રામજીભા! લધુભા કેમ ન મળે?"

"કયાંક ગયો હશે. તું તારે ખાઇ લે ભાઇ!"

"હું કેમ ખાઉં? તારો દીકરો ન જડે ને મને અન્ન શે ભાવે? આ દાવાનળ સળગે છે એમાં કોને ખબર છે, શું થયું હશે?"

જોધો થાળી ઉપરથી ઊઠી ગયો. લધુભાની ગોતે ચડ્યો. પતો મળ્યો કે એને કિલ્લામાં પૂર્યો છે. જોધાએ તાળું તોડ્યું. એના પગ લોહીવાળા દીઠા. જોધાને જોતાં જ લધુભાએ જીભ ચલાવી.

જોધાએ એને વાર્યો : "એ લધુભા! ગુડીજો ટીલો તું ડીને હો! તોજી જીભ વસ રાખ ભા! હીન ટાણે વન વનજી લકડી આય!

[ગળીની કાળી ટીલી તું જ મને દઈશ ભાઈ! તું તારી જીભ વશ રાખ. અત્યારે તો આંહી વન વનની લાકડી છે.]

જોધાને લાગ્યું કે આ ખાનદાન ભાડીઆતું કુટુંબ કયાંઈક કચરાઈ જશે. એને આંહીથી ખસેડી નાખું.

પોતે અમરાપુરથી બે ત્રણ ગાડાં મગાવી કિલ્લા બહાર જસરાજના પાળીઆ પાસે ઉભાં રખાવ્યાં. પાંત્રીસ માણસોને હાથમાં નાળીએરના ઉટકા ઉપડાવી, દિશાએ જવાના બ્હાનાથી કિલ્લા બા'ર કઢાવ્યાં. અમરાપૂર, પોતાને ઘેર પહોંચતાં કર્યાં. ફક્ત રામજી દાદો જ દ્વારકામાં રહ્યા.

જોધાને ઘેરે ચાર પાંચ ભેંસો મળે છે. ગામછભાનાં છૈયાં છોકરાંને રોજ જોધાની વહુઓ દૂધપાક પૂરી કરીને જમાડવા લાગી છે

[અને આ વાત કરનાર, રામજી શેઠનો છજ વર્ષનો પૌત્ર રતનશી શેઠ, જે અત્યારે બેટમાં હયાત છે, તે કહે છે કે "મને આજ પણ એ દૂધપાક પૂરી સાંભરે છે."]

જસદ ઝભવાલા લઇ શેઠ પોતાના ગુમાસ્તા વગેરેને લઇને ચાર ગાડાં જોડાવી જામખંભાળીઆ તરફ ચાલ્યા.

રાતનો વખત છે. ગાડાં ચાલ્યાં જાય છે. કોઇને દુશ્મનનો વ્હેમ પણ નથી.

પહેલું ગાડું લધુભાનું : એ નીકળી ગયું. પણ બીજું ગાડું નીકળતાં જ ઝાડવાંની ઓથેથી આદમી ઉઠયા. બળદની નાથ પકડી.

ગાડાખેડુએ બુમ પાડી "એ લધુભા !"

ઠેકીને બહાદૂર લધુભા ઉતર્યો. "કેર આય !" કરતો દોડયો આવ્યો. "અચો હરામી ! અચો પાંજે ગડે !"

આવીને જુવે તો આદમીઓને મ્હોં પર બોસારીયાં વાળેલાં: ફક્ત આંખો તગતગે: મોવડી હતો તેને ઝીણી નજરે નિહાળીને લધુભા બોલ્યો : "હાં ! વાહ વાહ ! તોજેં અખતેં મું સુંજાણ્યો આય કે તું વરજાંગ અયે." [તારી આંખો પરથી સુઝે છે કે તું તો વરજાંગ !]

લુંટારો મોંહો પડી ગયો. શરમથી હમીને ગરીબડે સૂરે કહેવા લાગ્યો કે "મુંકો ડને લધુભા ! ચાર ચાર ગાઉ દોડી જેડીને અસીં મરી વીયાંસી. પણ હણેં તો અસાંથી લુંટાય ન!" [બોંકા પાડયા ને, લધુભા ! ચાર ચાર ગાઉ દોડીને અમે તો મરી ગયા પણ હવે તો અમારાથી લૂંટાય નહિ]

"લૂંટ ને ! ઇન્ની પારો તો બસો ચારસો કોરીયેંજો માલ હુંદો ! પણ મું આગર બ હજાર કોરીનું આય. હલ, ઇ આકે ખપે તો ગીની વીંજે !" [લૂંટને ! એની પાસે તો બસો ચારસો કોરીઓનો માલ હશે. પણ મારી પાસે તો બે હજાર કોરીઓ છે. હાલ જોઇએ તો લઇ જા !]

"હણેં તો લધુભા ! શરમાઇ વીયાંસી. તોજે મેતેક ટૂંટણાના. ચોપડેમેં અસાંજે ખાતેમેં ખુબ કલમેંજા ઘોદા માર્યું આય." [હવે તો લધુભા ! અમે શરમાઇ ગયા છીએ. અમારે

તો તને નહિ, પણ તારા આ મહેતાઓને જ લૂટવા હતા, ચોપડામાં અમારા ખાતામાં ખૂબ કલમના ઘોદા માર્યા છે]

"હજુ કૂરો ?"

"હવે હલો આંહિ રણુછ હુન કધીને છડી પેલુ નક આઉ બીયા કોક અચીને સતાપીના [હવે ચાલો, તમને રણની પેની બાજુ સુધી પહોંચાડી જઈએ નીકર તમને બીજા કોક આવીને સતાપશે]"

વાઘેર લૂટારો ખરીતાણો પડી ગયો પૂછ્યુ "લધુભા ! ભૂખ લગી આય

"તો ડીંનુ ખાવા જોધે મ ણે-જે પરતાપ આય"

ખાધુ લૂટારો હતો તે વોળાવીયો બન્યો લધુભાના નણે ગાડાને સામા કાંઠા સુધી પહોંચાડી આવ્યો

ગમજીના ભાઈ જેરામે બેટમાં પહોંચીને શુ કર્યું ? બહાદૂરી કરીને કિલ્લો બચાવ્યો ગાયકવાડી સિપાહીઓને શૌર્ય ચડાવ્યુ કે "દ્વારકાવાળા ભૂલી ગયા પણ તમે ભૂલશો મા કિલ્લો સોંપશો મા"

"સિપાહીઓ—અમારે ખાવાનુ શુ કરવુ ?

જેરામનુ સગવડ કરી દઉં મંદિરમાં વાંધો નથી

વાઘેરો ચડી આવ્યા મંદિરનો કિલ્લો બાંધ દીઠો અને આખી રાત કિલ્લા ઉપર કપાળીઆ તેલના દિવા માંડી એક આદમીને ખબરદાર ! ખબરદાર ! એવી હાકલો કરતો ચોકી દેતો દીઠો

વાઘેરોએ અવાજ ઓળખ્યો એ અવાજ તો જેરામભાનો ! એ હશે ત્યાં સુધી કિલ્લો નહિ સોંપવા દે ગામ લૂટયા વિના વાઘેરો પાછા હાર્યા ગયા જોધાને અને રામજીભાને તેડી લાવ્યા

જેરામભા કિલ્લા માથે ઉભો છે. નીચે ઉભા ઉભા જોધાએ અને રામજીભાએ સમજાવટ આદરી

"જેરામભા ! હેઠે ઉતરી જા !"

"ન ઉતરુ એમ કિલ્લો ન સોંપાય તુ તારે બે હજાર

વાઘેરની ફોજ લઈને ચડી આવ. કિલ્લો જીતીને ખુશીથી લઈ લે. પણ ખુટલાઈ કરાવીને શું લેવા આવ્યો છે ?

- જોધો–જેરામભા ! આજ તો હું તને શરમાવવા આવ્યો છું. અમારે રાજપાવટો આણવો છે. તું ઉઠીને શું ઓખાનો શત્રુ થાઈશ ? જેરામભા ! દ્વારકા કોની ? " દ્વારકા પાંજી આય. "

" દ્વારકા પાંજી આય ! " એ વેણે જેરામનું હૈયું હલમલાવી નાખ્યું. તેમાં વળી રામજી શેઠનો સાદ પૂરાયો,

" જેરામ ! હવે હુજ્જત મ કર. "

જેરામ–તો એક બાહ્યધારી દે કે આ કિલ્લાના કોઈ આદમી ઉપર ઘા ન કરવો. સહુને હેમખેમ સલાયા ભેળા થાવા દેવા.

જોધો–કબુલ છે. રણછોડરાયની સાખે !.

કિલ્લાના સિપાહીઓને કુમક આવી નહિ. બચાવ લાંબો વખત થાય તેમ નહોતું. જેરામના રક્ષણ નીચે સહુ નીકળીને ચાલતા થયા.

બરાબર શંખ તળાવ પાસે માંકડાં જેવા વાઘેરોનું ટોળું આંબી ગયું–અને ચસકા કર્યા કે " મારો ! મારો ! "

આડો ઉભો રહીને જેરામભા બોલ્યો " ખબદાર જો આગળ વધ્યા છો તો. તમે જોધાનો કોલ ઉથાપો છો ? "

વાઘેરોએ હુજ્જત કરી. "જેરામભા ! એણે અમારા એક આદમીને માર્યો છે. એટલે અમે એક મીંગાણું કર્યા વગર તો જવા નાં જ નથી. "

જેરામના હાથમાં લાકડી હતી. ધરતી પર ધુળમાં આડો લીટો કરીને કહ્યું કે " જો આ લીટો વળોટો તો તમને જોધા માણેકની આણ છે ! "

બેટ સખોદ્ધાર ઉપર જોધાનો વાવટો ચડયો છે જોધો દારૂગોળા તપાસે છે

"દેવા! શુ શુ સરજામ હાથમા આવ્યો?

'ઓગણીસ તોપો'

"રગ!"

'ફતેમારીઓ, સુરેખાર ને ગધકથી ભરેલી"

"માફ રણછોડ! જેવુ લીધુ છે તેવુ જ સાચવજે દેવા! હજી મગદુના મામના વાસે છે"

"રણછોડરાયની મરજી હશે એમ થાશે જોધાભા!"

દારૂગોળો તપાસીને જોધો માણેક પાછો વળ્યો પણ બેટની બજારમાં નીકળે ત્યા તો મદિરોના દરવાજા ઉપર ચોકી કરતા બેઠેલા પીંડારા વાઘેરોને પૂજારીઓ ઉપર ત્રાસ ગુજારતા જોઈને જોધાની આખ ફાટી ગઈ પીંડારીયાઓ જાત્રાળુઓ પાસેથી પૈસા છોડાવી રહ્યા છે, અને પૂજારીઓ ને જાત્રાળુઓ કુજોના ટોળાની માફક કળેળાટ કરે છે ચુપચાપ જોધો ઉભો ઉભો જોઈ રહ્યો છે માણસોએ ચીસ પાડી "જોધા ભા અમને બચાવો આથી તો મરાઠા શુ ભુડા હતા?"

પીંડારીયા જોધને ભાળીને નીચુ ધાની ગયા જોધાએ કહ્યુ

"મોઢાં કાળા કરો જાઓ માનુ દૂધ લજાવી લીધુ રજપૂતના ફરજદ છો?'

એકેએક પીંડારીયાઓને ચોકી પરથી બરતરફ રીક બેટનો

કિનારે છોડવા હુકમ દઇ દીધો. અને જોધાએ ન્યાયની અદાલત ભરી પૂછવામાં આવ્યું "કોના ઉપર જુલમ થયો છે ભાઇ?"

"મંદિરવાળા ભંડારી હરિમંગલ ઉપર."

"શું થયું?"

"એને ઝાલીને અભડાવ્યા"

"કોણ પાપીએ?"

"રણમલ પીંડારે"

"શા સારૂ?"

"દંડ લેવા સારૂ"

"બોલાવો રણમલને ન આવે તો રસીથી બાંધીને લાવજો"

રણમલને તેડી હાજર કરવામાં આવ્યો. જોધા માણેક રણમલ તરફ પીઠ ફેરવી. અને વચનો કહ્યાં:

"આટલા સારૂ હું પીંડારીયાઓને તેડી લાવ્યો'તો? ખને રણમલ? જા, તુંને તો ગોળીએ દેવો જોઇએ પણ હવે ભાગી છૂટ. ભંડારીજી ક્યાં છે ભાઇઓ?"

"જગતજીના મંદિરમાં સંતાણા છે"

"હાલો મંદિરે"

મંદિરે જઇને જોધા માણેકે ભંડારીની માફી માગી અને એવો ઠરાવ કર્યો કે દર મહિને અકેક મંદિરવાળાએ વાઘેરોની ચોકીનો ખરચ ચુકાવવો.

બેટમાં બંદોબસ્ત કરીને જોધો દ્વારકા પાછો વળ્યો. જઇને જોવે તો દ્વારકામાં હાહાકાર બોલે છે. બંદૂકની નાળ્યો તાણીને વાઘેરો વેપારીઓ પાસેથી મ્હોમાગ્યા દંડ ચૂકાવે છે. છકેલા વાઘેરો સ્ત્રીઓને અને છોકરાને પોતાનાં ઘોડાની હડફેટે ચડાવે છે. પોતાને રહેવા માટે હરકોઇનાં ઘર ખાલી કરાવે છે. જોધાએ સંતાઇને નજરોનજર એક દુકાન ઉપરનો બનાવ જોયો. આંખમાં સુરમો આંજીને ઓળેલી દાઢી મૂછ વાળો વાઘેર સાતે હથીઆર

સોતો એક વેપારીની દુકાને બેઠો છે ઉઘાડો જમૈયો એના હાથમાં ચકચકે છે, સામે શેઠીયો થર ! થર ! ધ્રુજે છે, અને વાઘેર ડોળા ફાડીને કહે છે કે "મારું લેણાનું ખત ફાડી નાખ નીકર હમણા છાતીમા હુલાવું છું." ત્યા તો જોધાનું ગળું રણક્યુંઃ

"તે પહેલાં તો બેશી ! તારી છાતીનું દળ જમૈયો નહિ માપી લ્યે ? રગ છે વાઘેરાણીની કૂખને !"

એકેએક વાઘેર જેની શેહમાં દબાતો, તે જોધાજીને જોઇ જમૈયાવાળો આદમી ખસીઆણો પડી ગયો ગામનું મહાજન ટપોટપ દુકાનો પરથી ઉતરીને જોધાને પગે લાગ્યું. અને સહુએ પોકાર કર્યો કે "જોધા બાપુ ! આટલું તો તમે દીઠું, પણ અદીઠું અમારે માથે શુ શું થઇ રહ્યું છે તે જાણો છો ? કહો તો અમે ઉચાળા ભરીએ કહો તો માલ મિલ્કત મેલીને હાથે પગે ઓખાના સીમાડા છાડી જઇએ, પણ આવડો માર તો હવે નથી સહેવાતો"

જોધાએ મહાજન ભેળું કર્યું. એક પડખે મહાજન બેઠું છે, બીજે પડખે વાઘેરો બેઠા છે. વચ્ચે જોધો પોતે બેઠો છે. મુળુ અને દેવો, બેય ભત્રીજા પણ હાજર છે. જોધાએ વાત શરૂ કરી :

"ભાઇ દેવા ! બેટા મુરૂ !

"બોલો જોધા કાકા !"

"આપણે ચોર લૂંટારા નથી. રાજા છીએ. આપણે મરાઠાની જેમ પરદેશથી પેટ અને પેટીયું ભરવા નથી આવ્યા પણ આપણા બાપદાદાનું રાજ પાછું હાથ કરી, રજપૂતના ધરમ પાળવા આવ્યા છીએ."

"સાચી વાત"

"અને આ વસ્તી આપણા બેટા બેટી છે"

"કબૂલ."

"આપણે માથે રણછોડરાય ધણી છે"

"ખમ્મા રણછોડ !"

"ત્યારે રજપૂતના દીકરા બિરદ વગર રાજ કરે નહિ. સાંભળો આપણાં બિરદ:

પહેલું–વસ્તીના વાલની વાળી પણ ન લૂંટવી.

બીજુ–ઓરતોને બ્હેન દીકરી લેખવી

ત્રીજુ–જાત્રાળુને લૂંટવાં તો નહિ, પણ ચાલતા આવેલા ધારા પ્રમાણે કર વસૂલ લઇને ઠેઠ રણના કાંઠા સુધી ચોકી પહેરામાં મેલી આવવાં

"બોલો ભાઇ, આ બિરદ ઉથાપે તેને ?"

"તેને તોપે ઉડાવવો." મુળુ બોલ્યો.

પછી જોધો વેપારીઓ તરફ ફરીને બોલ્યો.

"કહો, ઈંદરજી શેઠ, હીરા શેઠ ! હવે તમે સવા મણની તળાઇમાં સૂજો. મારો સગો ભત્રીજો મુળુ પણ જો કયાંય કોઇને હુંકારો કરે, તો વાવડ દેજો. માથું ઉતારી લઇશ."

"ધન્ય છે બાપુ !" મહાજનની છાતી ફાટવા લાગી.

"ઉભા રહો. ધન્યવાદ પછી દેજો. તમારી જવાબદારી પણ સમજી લ્યો. તમારે અમને ખાવાનું આપવું જ પડશે. ઘર દીઠ ખાવાનું લેવાનો ઠરાવ કરીને જ તમારે ઉઠવાનું છે. આ તો લડાઇ છે. ઘોલકી નથી માંડી. અને જંગલાઓને તમે કેમ કર ભરતા'તા ?"

"કબુલ છે બાપુ !" કહીને મહાજને ઠરાવ ઘડયો.

"જે રણછોડ ! જે રણછોડ !" એવા નાદ થયા ને ડાયરો વીંખાણો.

૯

શંખોદ્ધાર બેટથી થોડેક છેટે આજ સવારથી મનવારો ગોઠવાતી જાય છે. ચાર મોટી મનવારો સમીયાણીની દીવાદાંડી પાસે આવીને ઉભી રહી અને ત્રણ નાની બોટો ખાડીમાં ચોકી દેવા લાગી. સાતેના ઉપર અંગ્રેજી વાવટા ઉડે છે. તોપોનાં ડાચાં સાતેના તૂતક ઉપરથી બેટની સામે ફાટી રહ્યાં છે.

ધીંગાણાના શોખીલા વાઘેરો કિનારા ઉપર નાચતા કૂદતા બોલવા લાગ્યાં કે

"આયા! ચીંથરેંજે પગે વારા આયા! ભા ચીંથરેંજે પગે વારા ન લાવ મું વાગ માંકડા આયા! હીં ચીંથરેંજે પગે વારા કુરો કરી સકે? [ચીંથરાના પગવાળા ને લાલ મ્હોં વાળા માંકડા આવ્યા. એ બિચારા શું કરી શકશે?]"

ચીંથરાના પગવાળા એટલે મોજાંવાળા વાઘેરોને મન આ મનવારો ને સોલ્જરો ચીંથરાં જેટલાં જ વિસાતમાં હતાં. તાળીઓ પાડીને વાઘેરોએ ગોલંદાજને હાકલ કરીઃ

"હણું વેરસી! ખણો ઉન નંઢી તોપકે! હકડો ભડાકો, ને ચીંથડેવારાજા ભુક્કા!"

બેટને આથે આથે છેડે બરાબર મોટા દરિયાને કાંઠે હાજી કરમાણીશા પીરની મોટી દરગાહ છે. હાજી કરમાણીશા ઓલીયો ઠેઠ ખંભાતથી, એક શિલાની નાવડી બનાવી, ઘોડા ઉપર કફનીનો સઢ ચડાવી, આખો દરિયો તરતા તરતા બેટને આરે ઉતરી આવ્યા કહેવાય છે. એ જગ્યાની પાસે વાઘેર ગોલંદાજ વેરસીએ પોતાની નાની તોપમાં સીસાનો ભુક્કો, લોઢાના ચૂરા, અને ગોળા વગેરે ખેરીયો ઠાંસી ઠાંસીને ભર્યો.

મનવારો સામે માંડીને તોપ દાગી. પણ ગોળા મનવારને આંબી જ ન શક્યા.

હવે મનવારોએ મારો ચલાવ્યો મણ મણના ગોળાઓએ આવીને વાઘેરની તોપના ભુક્કા બોલાવ્યા. કિનારો ખરેડી પડયો.

નાદાન વાઘેરો અણસમજુ છોકરાંની કાલી વાણી કાઢી કહેવા લાગ્યા :

"નાર તો ભા! પણ તો જાણ્યું કે હીતરી હીતરી નંડી ગોરી વીજતો. પણ હે તો હેડા હેડા વીજેતો. હેડેજો કરાર તો પાજે ન વો! હણે ભા! ભજો! [આપણે તો જાણ્યું કે આવડી આવડી નાનકડી ગોળીઓ છોડશે. આ તો આવડા આવડા મોટા ગોળા ફેંકે છે. આવડા ગોળાનો તો આપણે કરાર નહોતો. હવે તો ભાઇ, ભાગો!]

કરમાણીશા પીરની દરગાહ પરથી વાઘેરો ભાગ્યા. મંદિરોના કિલ્લામા જઇને ભરાણા. અને આ બાજુથી દ્વારકાના દરિયામાં પણ મનવારોએ ડોકાં કાઢયાં.

કિનારેથી જોધો ને મૂળુ, બે જણા આ વાઘેરોના કાળની નિશાનીઓ સામે ફરેલી નજરે નિરખી રહ્યા છે. જોધો જરાક મોઢું મલકાવી મૂળુની સામે જુવે છે. મૂળુનું માથું ખમીઆણું પડીને નીચે ઢળે છે.

"મુરુભા! બચ્ચા! કાળને કેવાં નોતરાં દીધાં આપણે?"

હડુડુડુ! હડુડુડુ! દરિયામાંથી આગબોટોએ તોપોના બહાર આદરી દીધા. ઉપરાઉપરી ગોળાનો મે વરસવા લાગ્યો. ગઢની રાંગ તોડી. એટલે વાઘેર યોદ્ધાઓએ દુકાનોનો ઓથ લીધો. પલકવારમાં તો દુકાનો જમીદોસ્ત બની, એટલે વાઘેરો ખડેરોનાં ભીંતડાં આડા ઉભા રહ્યા. ગુપછાંટના ગોળા પડે છે. પડીને પછી ફાટે છે. ફાટતાં જ અંદરથી સેંકડો માણસોનો સંહાર કરી નાખે તેવી જ્વાળાઓ છૂટે છે. અને શું કરવું તે કાંઇ સુઝતું નથી તે વખતે બુઢ્ઢાઓએ જુક્તિ સુઝાડી કે:

"દોડો ભાઇ, ગોદડાં લઇ આવો. અને ગોદડાં ભીનાં કરી કરીને ગોળા પડે તેવાં જ ગોદડાં વડે દાબીને બુઝાવી નાખો."

પાણીમાં પલાળી પલાળીને ગોદડાં લઇ વાઘેરો ઉભા રહ્યા. જેવો ગોળો પડે, તેવા જ દોડી દોડીને ગોદડાં દબાવી દેવા લાગ્યા. ગોળા ઓલવાઇને ત્યાં ને ત્યાં થંભી ગયા. એક આખો દિવસ એ રીતે બચાવ થયો. દૂરબીન માંડીને આગબોટવાળાએ જોયું તો વાઘેરોની કરામત કળાઇ ગઇ.

બીજે દિવસ પ્રભાતે આગબોટવાળાઓએ આગબોટો પાછી હટાવી. ગોળા બદલાવ્યા. તોપોના બહાર શરૂ થયા. આંહી વાઘેરો પણ ગોદડાં ભીંજાવીને હાજર ઉભા. પરંતુ આ વખતે ગોદડાં નકામાં નીવડયાં. ગોળા અદ્ધરથીજ ફાટી ફાટીને માણસોનો કચ્ચરઘાણ વાળવા લાગ્યા. વાઘેરોનો ઇલાજ ન રહ્યો. દેવાએ પોકાર કર્યો કે

"હવે કાંઇ ઉગારો ?"

"હા જોધા, મંદિરમાં ગરી જઇએ."

"અરરર ! ઇ ગાયુંના ખાનારાઓ મંદિર ઉપર ગોળા મારશે. અને આપણે કયે ભવ છૂટશું ?"

"બીજો ઇલાજ નથી હમણાં ખલ્લાસ થઇ જશું. બાકી મંદિર પર દુશ્મનો ગોળા નહિ છોડે."

ભાન ભૂલીને વાઘેરો મંદિરમાં દાખલ થયા. ત્યાં તો મંદિરના ચોગાનમાં બે ગોળા તૂટી પડ્યા. અને ગોદડે ઝાલવા જાય ત્યાં તો એમાંથી ઝેરી ગેસ છૂટયો. ઓલવવા જનારા આઠે આદમીઓ ગુંગળાઇને ઢળી પડ્યા. બીજો ગોળો બરાબર મોટા દેરાના ઘુમ્મટ પર વાગ્યો. એક થંભ ખરેડી પડ્યો. તે વખતે આંસુ પાડીને દેવા છગાણીએ હાકલ દીધીઃ

"ભાઇઓ, હવે દુશ્મનોએ મરજાદ છાંડી છે. અને આપણાં પાપે આ દેવ ને આ દેરાંના ભુક્કા સમજજો. આપણાથી સગી આંખે હિંદવાણાના એ હાલ નહિ જોવાય. ભગવાનની મૂર્તિ

તૂટે તે પહેલાં આપણો જ અંત ભલે આવી જાય. નીકળો બહાર."

"પણ કયાં જાશું ?"

"આરંભડે થઇને દારકામાં."

ત્યાં તો જાસૂસ ખબર લઇને આવ્યો "દેવાભા, જમીન માર્ગે આપણે હવે જઇ રહ્યા. નાકાં બાંધીને તોપખાના ચાલ્યાં આવે છે. ભાગ્યા ભેળા જ ફુંકી દેશે."

રઘુ શામજી નામનો એક ભાટીઓ : ભાંગ્યું તૂટયું અંગ્રેજી બોલી જાણે. એણે વાઘેરોને કહ્યું : "વષ્ટિ કરીએ. બીજો ઇલાજ નથી."

કિનારે આવીને લોકોએ ધોળો વાવટો ચડાવ્યો. સુલેહની નિશાની સમજીને મનવારનો કપ્તાન કિનારે આવ્યો. જુવાન જુવાન વાઘેરો કિલ્લામાં રહ્યા અને બુઢ્ઢા હતા તેને કિનારે લઇ ગયા.

કપ્તાન બોલ્યો કે "કદમમાં હથીઆર મેલી દ્યો."

બુઢ્ઢા બોલ્યા "હથીઆર તો ન છડયું, હીં કિલ્લો સોંપી ડયું."

દરમીઆન કિલ્લાના કોઠા પાસેની સાંકડી ગલીમાં ખાડો કરી, આડી રૂની ભરીઓ ગોઠવી ચાર વાઘેરો તોપમાં ટીંગલા ધરબીને છુપાઇ રહ્યા. દગો રમ્યો. જોધો ત્યાં નહોતો.

પાંચસો સોલ્જરો ઉતર્યા. કાંઠે ચોકી મૂકીને પાંચસો જણા આગળ વધ્યા રૂની ભરી આડેથી તોપ દાગતાં પચીસ સોલ્જરોની લોથોનો ઢગલો થયો. અને તોપો દાગનારા બેય વાઘેરો તલવાર ખેંચીને ફોજમાં ઠેકી પડ્યા. આખી ફોજને પાછી હટાવી, ગોળીએ વીંધાઇને બેય જણાએ છેલ્લા "જે રણછોડ !"નો નાદ કર્યો. શ્વાસ છૂટી ગયા.

માણેકે સીંચાડો માંડિયો, વાઘેર ભરડે વાડ
સોજીરનો કરી શેરડો, ઓર્યા ભડ ઓસાડ

[માણેક જાણે કે સંગ્રામ રૂપી સીંચાડો માંડી દીધો. જાણે વાઘેરો વાડ ભરડવા બેઠા. ગોરા સોલ્જરો રૂપી શેરડી કરી. મોટા શૂર-વીરોને પીસી નાખ્યા.]

ફોજે આથમણી રાંગ છોડીને દખણાદી બાજુ નીસરણી માંડી. સોલ્જરો ઉપર ચડી રહ્યા છે, ત્યાં "જે રણછોડ!"ના નાદ સંભળાયા. દેવો છબાણી પાંચ વાઘેરોને લઇ દોડ્યો. નીસરણી નીચે પટકી, સોલ્જરોની કતલ કરી નાખી, અને ફોજને ફક્ત સાત ઝરદોએ પાછી કિનારા ઉપર કાઢી મેલી. ઘામાં વેતરાઇ ગયેલો બેટનો રક્ષપાલ દેવો છબાણી દ્વારકાધીશની ધજા સામે મીટ માંડીને થોડી વારમાં પ્રાણ છોડી ગયો.

"હવે આપણો સરદાર પડતે, આપણે આંહી રહી શું કરશું? અને હમણાં ફોજ બેવડી થઇને ઉમટશે." એમ કહીને કિલ્લેદારો નાઠા. ગોળાનો વરસાદ ન સહેવાયાથી દ્વારકાવાળા નવસો જણા પણ નીકળી ગયા. કિલ્લાનાં બારણાં ખુલ્લાં મૂકાઇ ગયાં. રખેને હજુ પણ આગબોટો ગોળા છોડે, એવી બ્હીકે બેટના મહાજને કિનારે જઇ ડોનલ સાહેબને ખબર દીધા કે "વાઘેરો બેટ ખાલી કરીને નાસી છૂટ્યા છે, માટે હવે સુખેથી પધારો બેટમાં!"

૧૦

અંધારી રાતે દ્વારકામાંથી ગોરાઓની ગોળીએ વીંધાતા વાઘેરો જીવ લઇને નાસી છૂટ્યા છે. કોઇ એક બીજાને ભાળી શકતું નથી. કાંટામાં ક્યાંથી ગોરાની ગોળી વછૂટશે એ નક્કી નથી. દ્વારકા ખાલી કરીને બેભાન વાઘેરો ભાગ્યા જાય છે.

અંધારામાં એક દોડતા જતા આદમીનું ઠેબું એક નીચે પડેલા બીજા આદમીને વાગ્યું. દોડનાર વાઘેર બ્હીનો નહિ, ઉભો રહ્યો. નીચે વળ્યો. પડેલા માણસને પડકાર્યો "તું કોણ?"

ઘાયલ પડેલા આદમીએ આ પૂછનારનો અવાજ પારખ્યો: "કોણ સુમણો કુંભાણી, મકનપુરવાળો તો નહિ?"

"હા, હું તો એજ. પણ તું કોણ?"

"મને ન ઓળખ્યો? સુમણા! હું તારો શત્રુ. તારી અસ્ત્રીને ઉપાડી જનાર હું વેરસી!"

"તું વેરસી! આંહી ક્યાંથી?"

"જખમી થઇને પડ્યો છું. વસઇવાળા મને પડ્યો મેલીને ભાગી ગયા છે, ને હું પોગું એમ નથી, માટે સુમણા! તું મને મારીને તારૂં વેર વાળી લે. મેં તારો ભારી અપરાધ કર્યો છે."

"વેર? વેરસી, અટાણે તું વેરી નહિ, અટાણે તો બાપનો દીકરો. વેર આપણે પછી વાળશું. વેર જૂનાં નહિ થાય."

એટલું કહીને સુમણાએ પોતાના શત્રુને કાંધ પર ઉઠાવી લીધો. લઇને અંધારે માર્ગ કાપ્યો. ઠેઠ વસઇ જઇને સહીસલામત ઘેર મૂકીને પાછો વળ્યો.

૧૧

બેટ અને દ્વારકા ખાલી કરીને જોધો પોતાની ફોજ સાથે ભાગી છૂટ્યો છે. સાંઢીયા ઉપર નાનાં બચ્ચાંને ખડકયાં છે. અને ઓરતો પોતાનાં ધાવણાં છોકરાંનાં ખોયાં માથા ઉપર લટકાવીને મરદોની સાથે રાતોરાત ઉપડતે પગલે નાસી છૂટી છે. થોડેક જાય ત્યાં સામા વાવડ આવે છે કે "ભાઇ પાછા વળો. એ રસ્તે સોજીરોની ચોકી લાગી ગઇ છે." એ માર્ગ મેલીને બીજે માર્ગે જાય, તો ત્યાંથી પણ નાકાંબંધી થઇ ગયાના સમાચાર મળે છે.

એમ થાતાં થાતાં આખી રાતના રઝળપાટને અંતે પ્રભાતે વાઘેરોનું દળ પોશીત્રાની સીમમાં નીકળ્યું છે. પાછળ સરકારી વારના પણ ડાબા બોલતા આવે છે. જોધા માણેકે સાદ દીધો

કે "ભાઇ, ડાભાળા ખડામાં દાખલ થઇ જાઓ તો જ ઉગારો છે. માટે હડી કાઢો."

ડાભાળો ખડો નામની ગીચ ઝાડી છે, અને ત્યાં દરિયામાંથી એક સરણું વહ્યું આવે છે, તેમાં ધ્રુણા માતાની સ્થાપના છે. એ ઝાડીમાં પહોંચતાં તો બારવટીયા ભગવાનને ખોળે બેસી જાય એવી વંકી એ જગ્યા હતી. ડાભાળો ખડો એક ખેતરના રહ્યો એટલે સાથે માતાનો ભુવો હતો તે બોલ્યો કે

"જોધા બાપુ ! હવે ભો' નથી. માતાજી ફોજને ખમ્મા વાંછે છે."

"કેમ કરીને જાણ્યું ભાઇ ?"

"આ જુવો, સામે પરને ધજા ઉડે છે. હવે વારના ભાર નથી કે આપણને આંબે. માતાજીએ વગડામાં આંધળાં ભીંત કરી નાખ્યા હશે."

ડાભાળા ખડામાં જઇને બારવટીયાઓએ પડાવ નાખી દીધો. ચોફરતી ચોકીઓ ગોઠવાઇ ગઇ એળી ઘડીઓ લીધેલી તે માંડીને વાઘેર ગરાસણીઓ દાણા દળવા બેસી ગઇ. જોધા માણેકનો દાયરો પણ રાજાની કચારી જેવો દિવસ બધો ભરાયલો જ રહેવા લાગ્યો. સહુ આગેવાનો આ ઓચીંતી ઉથલ પાથલને યાદ કરી કરી, શું થઇ ગયું તેના વિચારમાં ડુબી ગયા. જાણે સ્વપ્નું આવીને ઉડી ગયું. જોધાજીએ માણસોને પૂછ્યું,

"દ્વારકાના કાંઇ વાવડ ?"

"વાવડ તો બહુ વસમા છે બાપુ ! સોજીરોએ દેરાં માથે અકેકાર ગુજારવા માંડયો છે."

"શું થયું ભાઇ ?"

"દખણામુરતીની પ્રતમાજીના જમણા હાથની આંગળીયું અને નાસકા ખંડિત કરી. બીજી મૂર્તિયુને પણ ભાંગફોડ કરી."

"હમ !" કહી જોધાએ આંખો મીંચી.

"બીજું એટમાં તો આપણે કિલ્લો ખાલી કર્યાની રાતે જ સોલ્ઝરો દાખલ થઇ ગયા, વળતે દિ' સવારમાં ડૉનવેલ સાહેબે લૂંટ કરવાનો હુકમ દીધો."

"લૂંટ કરવાનો હુકમ?"

"હા બાપુ લૂંટ કરવાનો હુકમ દીધો, એટલે પેલ તો કરાંચીના વહાણોમાં દારૂ સંઘરેલો હતો ઇ હાથ લાગ્યા એટલે સોલ્ઝરો પી પીને ચકચૂર થયા. પછી ઉઘાડી તરવારે કૂતરાંની, મીંદડાંની, ઢોર ઢાંખર જે મળ્યું તેની અને રૈયતનાં નિર્દોષ માણસોની વિના કારણ કતલ કરવા લાગ્યા."

"હં!" કહીને જોધા માણેકે નિસાસો મેલ્યો. બીજા બેઠેલા, તેઓના પંજા પટોપટ પોતાની તરવાર માથે ગયા. એ જોઇને જોધાજી બોલ્યા "ખમૈયા કરો ભાઇ! હજી વાત અધૂરી છે. પછી કેમ થયું ભાઇ?"

"મંદિરની દિવાલ તૂટી તેમાંથી એક સોનાની પાટ જડી. ગોરાને લાગ્યું કે દિવાલોમાં રોગી પાટો જ ભરી હશે! એટલે વળતે દિ સોલ્ઝરોની પલટન કિલ્લાને સુરંગ દઇને ફુંકી નાખવા માટે આવી. વસ્તીએ કાલાવાલા કર્યા કે આમાં અમારાં દેરાં છે, ને દેરાંમાં મૂર્તિયું છે. માટે જાળવી જાઓ. પલટનનો સાહેબ બોલ્યો કે બે કલાકમાં મૂર્તિ ઉઠાવી જાઓ. નૃહિ તો ટુકડો ય નહિ રહે. મૂર્તિઓ ઉપાડીને રાધાજીની ગૌશાળામાં પધરાવી, અને ચાર પડખેથી સુરંગ ભરીને ફોજવાળાઓએ આખો કિલ્લો અને ભેળાં તમામ દેરાંને ફુંકી દીધાં. અટાણે તો ત્યાં દિવસે ય ખડેરો ખાવા ધાય છે. રાતે તો ઉભા રહેવાતું નથી."

"અને વસ્તીએ પોતાનાં ઘરાણાં નાણાં દેરામાં સાચવવા મેલ્યાં છે તે?"

"તે પણ ભેળાં જ જાશે. બાપુ? કોણ ભાવ પૂછશે?"

"રણછોડરાય! રણછોડરાય! અમારાં પાપ આંબી ગયાં. સૂકાં ભેળાં લીલાં ય બળા જાશે. સત્યાનાશ વ્હોર્યું, મૂરૂભા!" એમ બોલતો બુઢ્ઢો ચોધાર આંસુડે રોવા લાગ્યો.

આમ વાત થાય છે ત્યાં ખેભર્યો સાંઢીયો ઝાડીમાં દોડયો આવે છે, અને માથે એકેલ અસ્વાર, સાંઢીયો ઝૂકયો ન ઝૂકયો ત્યાં તો ઉપરથી કુદકો મારીને દાયરામાં શ્વાસ લીધા વિના વાવડ આપે છે કે

"આપણી ગોતમાં ફોજું દસે દસ્યે પાટકે છે. એક પલટન વસી ગઇ'તી, ત્યાં કોઇ બારવટીયો તો હાથ લાગ્યો નહિ, એટલે ફોજવાળાએ ગામને આગ લગાડી અને ધરમશાળાને સુરંગ નાખી ફુંકી દીધી."

"વસી બાળી નાખ્યું? માંહીની વસ્તીનું શું થયું?"

"કો'ક ભાગી નીકળ્યાં, ને કો'ક સળગી મર્યાં. ઢોર ઢાંખર તો ખીલે બાંધેલાં જ સસડી મુવાં હશે."

"પછી ફોજ કેણી કોર ઉતરી?"

"સુગડ લીયે છે. પોશીતરા, સામળાસર અને રાજપરા સુધી પગેરૂં ગયું છે. ને હમણાં અહીં આવ્યા સમજો બાપુ!"

"હવે આપણને કોણ સંઘરશે? દોઢ હજાર માણસોને સંતાવા જેવી વંકી જગ્યા હવે ફક્ત એક જ રહી છે. હાલો ભાઇ, આભપરો આપણને આશરો દેગે."

પોરબંદર અને નગર રાજ્યના સીમાડા ઉપર બરડો ડુંગર પંદર ગાઉમાં પથરાયો છે, અને એના જામનગર તાબાના ઉચેરાં ભાગને 'આભપરો' નામે ઓળખાય છે. આભપરો આભની સાથે જ વાતો કરી રહ્યો છે. જેઠવા રાજાઓને કાજે ભૂતના હાથે બાંધેલું હલામણ જેઠવાનું ઘુમલી નગર, કે જ્યાં હલામણની

વિજોગણ સુંદરી સોનનાં આંસુડાં ટપક્યાં હતાં; જ્યાં રાખાયત નામનો ફુટતી મૂછોવાળો બાબરીયો જુવાન ગાયોનાં ધણ દુશ્મનોના હાથમાંથી વાળવા જતાં મીંઢળ સોતો મોતની સેજમાં સૂતો હતો અને એની વાંસે વિલાપ કરતી વિજોગણ સોન કંસારીએ જેઠવા રાજાની કૂડી નજરમાંથી ઉગરવા બરડાઇ બ્રાહ્મણોનો ઓથ લઇ, રાજાની કતલમાં સવા ગેર જનોઇ ઉતરે તેટલા અટંકી બ્રાહ્મણોને વઢાવ્યા હતા; જ્યાં વેણુ નદીને કાંઠે રાણા મેહ જેઠવાએ, ઉજળાવરણી ને ઉજળાંલક્ષણી ઉજળી નામની ચારણ-કન્યાની પ્રીતિના કાલાવાલા નકારી, એના શાપથી ગળીત કોઢમાં ગળવાનું કબૂલી લીધું હતું:

એવા આભપરા ડુંગર ઉપર રાજા શીલકુમાર જેઠવાએ ભૂતને હાથે બંધાવેલાં કાળુભા, કચોળીયું ને સાકુંદો નામનાં ત્રણ પૂરાતની તળાવ છે. એ તળાવની પાળે ઝાડવાંમાં ને પોલા પાણાઓની બખોલોમાં વાઘેરોના કબીલાએ ધંટીઓ માંડીને ગામ વસાવ્યું. નીચેના બરડા મુલકમાંથી અને નગરનાં પરગણાંમાંથી ખેડુતોની ખળાવાડોમાંથી ખોરાકી પૂરતા દાણા પાડા ઉપર લાદીને લાવવા લાગ્યા અને જોધાની મુખમુદ્રા ઉપર મરણીયાપણાના રંગ તરવરી ઉઠ્યા : જોધો પોતાના ખરા રૂપમાં આવ્યો. એણે અંગ્રેજોની સાથે મહા વેર જગાડ્યું : એનું દિલ પ્રભુની સાથે લાગી ગયું:

મનડો મોલાસેં લગાયો
જોધો માણેક રૂપમેં આયો.

કમરૂં કસીને માણેકે બંધીયું અલ્લા !
દુનિયામેં ડંકો બજાયો—જોધો૦

કેસર કપડાં અલાલા ! માણેકે રંગાયાં ને
તરવારેસેં રમાયો—જોધો૦

ઉંચું ટેકરો આભપરેજો અલ્લા !
તે પર દંગો રચાયો—જોધો૦

શેખ ઇસાક યે સુણો સુંત સાજન
દાતાર મદદમેં આયો—જોધો૦

[જોધો માણેક સાચા રૂપમાં આવ્યો. એણે પોતાનું દિલ પ્રભુ સાથે લગાવી દીધું. માણેકે કમરો કસી કસીને બાંધી. દુનિયામાં ડંકો બજાવ્યો. કેસરીયાં કપડાં રંગીને માણેક તરવારે રમ્યા. આભપરાના ઉંચા ટેકરા ઉપર ધીંગાણું મચાવ્યું. કવિ શેખ ઇસાક કહે છે કે ઓ મારા સ્વજનો ! સાંભળો ! એની મદદમાં તો દાતાર આવ્યો.]

૧૨

દ્વારકાના અંગ્રેજ હાકેમના બંગલામાં મડમ મેરી પોતાના સ્વામી બારટન સાહેબની સાથે છક્કર લઇ બેઠી છે : સાહેબ ઓરતને સમજાવે છે:

" મેરી, તું હઠીલી થા નહિ. આજ આપણે આંહી સરકારી હાકેમ બનીને આવેલ છીએ."

" ના ના. ચાહે તેમ કરો, મારે જોધા માણેકને જોવો છે. એની બહાદૂરીની વાતો સાંભળ્યા પછી મારી ધીરજ રહેતી નથી."

" પણ એ બહારવટીયો છે, બંડખોર છે. એના શિર પર અંગ્રેજોની કતલનો આરોપ ઉભો છે. એને છુપા મળાય જ નહિ. એને તો જોતાં જ ઝાલી લેવો જોઇએ."

" એક જ વાત સ્વામી ! મારે એ શુરવીરને નિરખવો છે. તેડાવો છો કે નહિ ? "

સાહેબનો ઇલાજ ન રહ્યો. એણે જોધા માણેકને આભપરેથી ઉતારી લાવવા માટે દ્વારકાવાળા રામજી શેઠને આજ્ઞા કરી. રામજી શેઠ અકળાયો.

" સાહેબ, એતબારની રહેશો ! દગો નહિ થાય કે ? "

"રામજી શેઠ, મારી ખાનદાની પર ભરોસો રાખીને બોલાવો."

રામજીએ આભપરે ડુંગરે છુપા સમાચાર પહોંચાડયા કે "જોધાભા આવી જજો. સમાધાની થાય તેવું છે."

જોધો ઉતર્યો ઓખાનું માણેક ઉતર્યું. રૂપની તો સોરઠમાં જોડી નહોતી આજાનબાહુ : મસ્ત પહોળી છાતી : બાજઠ જેવા ખંભા : વાંકડી મૂછો : જાડેજી દાઢી . મોટી મોટી આંખોમાં મીઠપ ભરેલી : ને પંડ પર પૂરાં હથીઆર : આજ પણ ભભલાઓ પોતાના વડીલોને મ્હોયેથી સાંભળેલી એ વાઘેર રાજાનાં અનોધાં રૂપની વાતો કરે છે

ગામ બહારની ગીચ ઝાડીમાં આવીને જોધાએ પડાવ નાંખ્યો. રામજીભાને સમાચાર દીધા. રામજી શેઠ મડમ પાસે દોડયો. સવારથી મડમનું હૈયું હરણના બચ્ચાની માફક ફૂદકા મારતું હતું. આજ કાઠીઆવાડી જવાંમર્દીનો નમૂનો જોવાના એના કોડ પૂરા થવાના છે. અંગ્રેજની દીકરીને બહાદુર નર નિરખવાના ઉછરંગ છે.

" મડમ સાબ ! જોધો માણેક હાજર છે. "

" ઓ ! ઓ ! એને આંહી ન લાવજો ! આંહી ન લાવજો ! કદાચ સાહેબ કયાંઇક દગો કરે ! આંહી કચારીમાં નહિ, પણ બહાર જંગલમા જ મળવાનું રાખજો ! "

મેરીના અંતરમાં ફિકરનો ફફડાટ હતો. પોતાના ધણી ઉપર પણ એને પૂરો વિશ્વાસ નહોતો બેસતો.

સાહેબે ખુશીથી બહાર જઇને મળવાનું કબલ કર્યું. રામજી શેઠ પોતાના રાજાને ખબર દેવા ગયા. એ બુઢ્ઢા મેરૂને દેખતાંની વાર જ જોધો સામે દોડયો. ભાટીઆને બથમાં ઘાલીને મળ્યા. અને ઉભરાતે હૈયે બોલ્યા "રામજી ભા ! જીરે જીરે મલ્યાસોં પાણુ ! પાંકે તો ભરોંસો ન વો !' [રામજીભાઇ ! જીવનાં જીવત આપણે મળ્યા ખરા ! મને તો ભરોસો નહોતો.]

રામજી શેઠની છાતી પણ ભરાઇ આવી. એજા પોતાના દીકરાનો દીકરો રતનશી, દસ વરસનો હતો, તે આ ભાઇબધીનાં હેત જોઇ રહ્યો [રતનશી આજે હયાત છે.]

સાહેબ આવ્યા. મડમ આવ્યાં. બન્નેએ જોધાની સાથે હાથ મિલાવ્યા. ગોરાં વરવહુ એ ઘઉંવરણા અને અભણ બળવાખોરની ખાનદાન મુખમુદ્રા સામે પ્રેમભીની મીટ માંડી જોધાની રેખાયે રેખાને જાણે પીવા લાગ્યાં. સાહેબ મડમ સામે જુવે, ને મડમ સાહેબ સામે જુવે. બેયની આંખો જાણે જોધાને માટે કાંઇક વાતો કરી રહી છે. મડમનું અબોલ મ્હોં જાણે કરૂણભરી ભાષામાં કહી રહ્યું છે કે "ઓખા મંડળનો સાચો માલીક તો આ. આપણે તો ફક્ત બથાવી પડ્યા. આનાં બાળ બચ્ચાંનું શું ? એની ઓરત ક્યાં જોઇ જન્મારો કાઢશે ? કાંઇ વિચાર થાય છે ?

મડમની આંખો પલળતી દેખાણી, બાર્ટને કહ્યું "જોધા માણેક! તમે આંહી મારી પાસે નજર કેદ રહેશો ? હું તમારૂં બહારવટું પાર પાડું. તમારો ગુન્હો નથી. તમને ઉશ્કેરનારનો ગુન્હો છે. આંહી રહો. હું તમારે માટે વષ્ટિ ચલાવું."

જોધાએ રામજીભા સામે જોયું. રામજી તો વટનો કટકો હતો. તેણે કહ્યું "ના સાહેબ, જોધાભા તો ઓખાનો રાજા છે. એને નજર કેદ ન હોય, એ તો છુટો જ ફરશે. બાકી હું એનો હામી થઇને રહેવા તૈયાર છું."

"રામજી શેઠ ! હું દિલગીર છું, કાયદાએ મારા હાથ બાંધી લીધા છે. એને હામી ન છોડાય, તમે એને આંહી રહેવા દ્યો. હું એને રાજાની રીતે રાખીશ."

"ના ! ના ! ના !" બુઢ્ઢા રામજીએ ડોકું ધુણાવ્યું; "મારે ભરોસે આવેલા મારા રાજા માથે ક્યાંઇક દગો થાય, તો મારી સાત પેઢી બોળાય, હું ન માનું, જોધાભા ! પાછા વળી જાવ."

સાહેબે અફસોસ બતાવ્યો. મડમ તો બહારવટીયાની મુખમુદ્રા ઉપર ઉડતા રંગોને જ નિરખે છે. આખરે જોધો ઉઠ્યો. સાહેબ મડમે ફરી હાથ મિલાવ્યા. કાળી મોટી આંખોમાંથી

મીંઢપ નીતારતો બહારવટીયો રણછોડરાયના મંદિર તરફ ઉભો રહ્યો. હાથ જોડ્યા. આભપરા દીમનો વળી નીકળ્યો. એનાં નેત્રો બોલતાં હતાં કે "ઓખાને છેલ્લા રામરામ છે!"

ઝાડીમાં એનાં પગલાંના ધબકારા સાંભળતી મડમ કાન દઈને થંભી રહી.

૧૩

દાત્રાણા ગામના ચોરા ઉપર માણસોનો જમાવ થઇ ગયો છે. અને એક ગોરો સાહેબ કમરમાં તલવાર, બીજી કમરે રીવોલ્વર, છાતી ઉપર કારતૂસોનો પટો, સોનાની સાંકળી વાળી ટોપી, ગોઠણ સુધી ચળકાટ મારતા ચામડાનાં જોડા, પહાડ જેવો ઘોડો, અને ફક્ત પાંચ અસવારો, એટલી સજાવટ સાથે ઉભો ઉભો ગામના પટેલને પૂછે છે "કીધર ગયા બારવટીયા લોગ?"

પટેલ જવાબ આપતાં અચકાય છે. એની જીભ થોથરાય છે. કોઇ જઇને બહારવટીયાને બાતમી આપી દેશે તો પોતાના જ ઓધામાં બારવટીયા પોતાને જીવતો સળગાવી દેશે એવી એના દિલમાં ફાળ છે. સાહેબે પોતાનો પ્રલાવ છાંટયો કે

"ગભરાયગા, ઔર નહિ બોલેગા, તો પકડ જાયગા, હમ હમારા બલોચ લોગકો તુમારા ઘર પર છોડ દેગા. વાસ્તે સીધા બોલો, કીધર હૈ બારવટીયા?"

"સાહેબ, ચરકલા, ગુરગઢ અને દાતરાણાના પાદરમાં થઇને બહારવટીયા ભવનેશ્વરના ડુંગરમાં ને પછી આભપરા માથે ગયા છે"

"કિતના આદમી?"

"બારસો!"

"રોગી કોન દેતા હૈ?"

"સાહેબ, અમારા ગામનો પાડાવાળો પોતાનો પાડો છોડાવવા આભપરે ગયો'તો, એ નજરે જોયેલ વાત કહેછે કે બારસો પાંચસો જણા પડખેની ખળાવાડોમાંથી બાજરો લાવીને ફક્ત એની ઘઘરી બાફીને પેટ ભરે છે અને જોધો માણેક બોલ્યો છે કે જામ સાહેબના મુલકમાં પૈસા વડીને ખાધાનું મળશે તો ત્યાં સુધી અમારે લોકોને લૂંટવા નથી નીકર પછી મોટા ગામોને ધમરોળવા પડશે."

"અચ્છા! સરગર ઉસકી ચમડી ઉતારેગા!"

એટલું કહીને રતુંબડા મોટાવાળા સાહેબે ઘોડો દોટાવી મૂક્યો માર્ગે સાહેબને વિચાર ઉપડે છે બાલબચ્ચાં, ઓરતો ને મરદો પોતાના નાકને ખાતર બાજરીના બાફણા ઉપર ગુજારો કરે છે એની સામે ટક્કર ઝીલવાનું આ ભાડતી માણસોનું શું ગજું છે?"

૧૪

આભપરા ઉપર દિવસ બધો ચોકી કરતા કરતા બહારવટીયા જૂના કોઠાનું સમારકામ ચલાવે છે અને રાતે દાયરો ભેળો થઈ દારૂ રસ રમે છે વાઘેરણો પોતાના નોખા ચોક જમાવીને ડુંગરાનાં પે હૈયા ફુલાય એવે મીઠે કંઠે રાસડા ગાય છે એના ગુલ્તાનને એક સમે ચોકીદારે જોધાની પાસે આવીને જણાવ્યું કે 'બાપુ, હેઠલી ચોકીએથી વાવડ આવ્યા છે કે ચાર જણા તમને મળવા રજા માગે છે"

"કોણ કોણ?"

"દેવડાનો પટલ ગાંગજી, સંધી આવા જુણેજાનો દીકરો, ને એ સૈયદ છે."

"સૈયદ ભેળા છે ? ત્યારે તો નક્કી વષ્ટિ સારુ આવતા હશે. સૈયદ તો મુસલમાનોનું દેવસ્થાનું કે'વાય. ગા' ગણાય. એને આવવા દેજો ભા !"

એક પછી એક નાકું અને ચોકી વળોટતા ચારે મહેમાનો આસપરાના નવા રાજાઓના કડક બંદોબસ્તથી દંગ થાતા થાતા આવી પહોંચ્યા. જોધા માણેક તથા મુળુ માણેકને પગે હાથ દઈને મળ્યા. બોલ્યા કે "જોધા બાપુ ! વેર ગાયકવાડ સામે અને શીદ જુનાગઢ જામનગરને સતાપોછો ? અમે તમારૂં શું બગાડયું છે ?"

"ભાઇ, અમને સહુને જેર કરવા સારુ તમારાં રજવાડાં શીદ આ ગાયકવાડ અને અંગ્રેજની સાથે ભળ્યાં છે, તેનો જવાબ મને પ્રથમ આપો. અમે એનું શું બગાડયું છે ?"

"પણ કોઇ રીતે હથીઆર મેલી દ્યો ? સરકાર ગઈ ગુજરી ભૂલી જવા તૈયાર છે."

"ખબરદાર વાઘેર બચ્ચાઓ !" દીવો બુંગણીઓ ખુણામાંથી વિજળીને વેગે ઉભો થયો. "હથીઆર મેલશો મા. નીકર મારી માફક કાળાં પાણીની સજા સમજવી. રજપૂત પ્રાણ છોડે, પણ હથીઆર ન છોડે."

જોધાએ મહેમાનોને હાથ જોડી કહ્યું કે "એ વાત મેલી દ્યો. અમને હવે ઇશ્વર-સિવાય કોઇ માથે ભરોસો નથી. અને મેં તો હવે મારા મોતની સજાઇ પાથરી લીધી છે. હું હવે માનખ્યો નહિ બગાડું."

પહાડ ઉપર જે કાંઇ આછી પાતળી રાબડી હતી તે પિરસીને મહેમાનોને જમાડયા. હાથ જોડીને બોલ્યો કે "ભાઇયું ! આપ તો ઘણુ જોગ, પણ અસાંજી સંપત એતરી !"

છેક છેલ્લા ગાળાની ચોકી સુધી મહેમાનોને વાઘેરો મૂકી આવ્યા.

૧૫

સરકારનો હુકમ છૂટ્યો કે નગરનું રાજ્ય જાણી બુઝીને જ આભપરામા બહારવટીયાને આશરો આપે છે માટે જો નગરની ફોજ એને આભપરો નહિ છોડાવે, તો નગરનું રાજ ડુલ થઇ જશે. જામના કારભારી ને વજ્જર હમણે હાથ દઇને વિચાર કરવા લાગ્યા. ઘણી ઘણી વષ્ટિ ધુમલીના ડુંગર ઉપર જામ રાજાએ મોકલી. પણ વષ્ટિવાળા લાચાર મ્હોયે પાછા વળ્યા.

જામે કચારીમા પૂછ્યું : "લાવો વષ્ટિવાળાઓને બાલીયા રેવાદાસ! તમને શું કહ્યુ ?"

"બાપુ! જામને ચરણે હથીઆર છોડવા વાઘેરો તૈયાર છે. પણ અગ્રેજોને પગે નહિ."

"હાં બીજું કોણ ગયું તું ?"

"બાપુ, અમે: પબજી કરંગીયો ને મેરામણ."

"શા ખબર ?"

"એજ કહે છે કે આ જગ્યા નહિ છોડીએ. અમારી રોટીની વાત ગળામાં લઇને જામ જો ચારણ ભાટની જામીનગીરી આપે, તો જામના કૂતરા થઇને ચાલ્યા આવવા તૈયાર છીએ પણ સરકારનો તો અમને ભરોસો નથી !"

"કેમ ?"

"એકવાર હથીઆર છોડાવીને વિશ્વાસઘાત કર્યો માટે !"

"કેટલા જણ છે ?"

"પંદરસેં હથીઆરબંધ : અરધ બંદૂકદાર, ને અરધા આડ હથીઆરે."

"શું કરે છે?"

"જૂનો કોટ સમારે છે."

ફેસલાવવાની આશા છોડી દઈને દરેક મોટા મોટા રાજ્યે પોતપોતાની ફોજો ભેળી કરી. ૭૭ બાજુએથી ઘેરો ઘાલ્યો.

૧૬

માગશર વદ નોમની પાછલી રાતે શિયાળાનો ચંદ્રમા અનોખાં તેજ પાથરતો હતો. આભપરાની ટુંકો એ તેજમાં તરબોળ બની ન્હાતી હતી. ધૂમલીનાં દેવતાઇ ખંડેરોની—એ તળાવો, વાવો, કૂવાઓ, દેરાંઓ ને ભોંયરાંઓની એકવાર અલોપ થઇ ગયેલી દુનિયા જાણે ફરીવાર સજીવન થઇ ગઇ હતી. કડકડતી ટાઢમાં પ્હેરવા પૂરાં લૂગડાં ન હોવાથી વાઘેરનાં બચ્ચાં તાપણાંની આસપાસ પોઢતા હતાં. ચોકીદારો બોકાનાં વાળીને પોતાનાં અધઉઘાડાં અંગ ભડકા કરી કરીને તાપતા હતા. તે વખતે મોડપરના ગઢ ઉપરથી તોપના એક...બે...ને ત્રણ બાર થયા

તોપ પડતાં જ ગાળેગાળેથી ફોજો ચડી. ધૂમલીની દિશાએથી કંસારીની કેડીએ નગરનાં છસો માણસોની હાર બંધાઇ: દાડમાની કેડીએ, ચાવડીની કેડીએ ને નલઝરની કેડીએ બસો બસો સરકારી પલટનીયાએ પગલાં માંડ્યાં. કિલેસરથી ત્રણસો અને દંતાળો ડુંગર હાથ કરવા માટે સાઠ પાયસો ચડ્યા.

એમ આશરે બે હજાર ને ત્રણસો પૂરેપૂરા હથીઆરધારીઓએ વાઘેરોને ઘેરી લીધા જાણ થાતાં જ, બહારવટીયાએ સામનો કરી હાકલ દીધી કે "હલ્યા અચો મુંજા પે! હલ્યા અચો! [હાલ્યા આવો મારા બાપ! હાલ્યા આવો!]

વાઘેર બચ્ચાના મ્હોંમાંથી ભર લડાઇમાં પોતાના કટ્ટા અને અધમ શત્રુની સામે પણ "હલ્યા અચો

મુંજા પે !" સિવાય બીજો સખુન કદિ નીકળ્યો નહોતો. મહેમાનને આદરમાન આપતા હોય, અને શત્રુઓને ઉલટા શુરાતન ચડાવતા હોય એવા પોરસના પડકારા દઇ પચાસ પચાસ બહારવટીયાના જણે જણે તેવે હથીઆરે આ કેળવાયેલી ને સાધનવાળી પલટનોનો સામનો કર્યો. મરદની રીતે ટપોટપ ગોળીએ વીંધાતા ગયા. કંસારીનાં દેરાંનો મોરચો, આશાપરાના ધડાની ચોકી, વીજુનો ધડો, એમ એક પછી એક ચોકીઓ પડતી ચાલી.

બીજી બાજુથી સરકારે પાન્તર ગામના રબારી માંડા હોણુને ભોમીઓ બનાવી, એના એક સો રબારીઓને ખભે રબરની અને કાંગળની તોપો ઉપડાવી આભપરે ચડાવી. દિવસ ઉગ્યો અને તોપો છૂટી. કાળુંભા અને સાકુંદા તળાવમાં ગોળા પડ્યા. પાણી છોળે ચડ્યાં. સૂરજને પગે લાગતો જોધો બોલ્યો કે "થઇ ચૂક્યું. આપણા પીવાનાં પાણીમાં ઝેરના ગોળા પડ્યા. હવે આભપરો છોડીને ભાગી છૂટીએ."

પોતાનાં સાતસો જુવાનોને આભપરે સવાડીને બારવટીયાએ દંતાળાને ડુંગરે એક દિવસનો ઓથ લીધો. જોધા માણેકે આ પ્રમાણે ટુકડીઓ વ્હેંચીઃ

"મુરુભા ! તું એક સો માણસે માધવપૂરની કોર, પોરબંદર માથે ભીંસ કર."

"દેવા ભા ! તું એક સો માણસે હાલારમાં ઉતરી ગોંડળ જામનગરને હંફાવ."

"હું પોતે ગીરમાં ગાયકવાડને ધબેડું છું."

"વેરસી ! તું ઓખાને ઉંઘવા મ દેજે !

"ધના ને રાણાજી ! તમે બારાડીને તોબા પોકરાવો !"

"ભલાં !" કહીને સહુએ જોધાની આજ્ઞા શિર પર ચડાવી રાત પડતાં અંધારે નોખનોખી ટુકડીઓ, ઓરતો ને બચ્ચ સહિત પોતપોતાને માર્ગે ભૂખી તરસી ચાલી નીકળી.

૧૭

*કોડીનાર મારીને જાય
ઓખેજો વાઘેર કોડીનાર મારીને જાય !
ગોમતીજો રાજા કોડીનાર મારીને જાય !

આથમણે નાકેથી ધણ વાળીને
ઉગમણે નાકે લઈ જાય—ઓખેજો૦

નીસરણીયુ માડીને ગામમાં ઉતર્યા ને
બ દીવાનની બેડીયુ બ ગાય—ઓખેજો૦

કોડીનાર મારીને જોધાભા ગાદીએ બેઠા ત્યારે
કોડીનારનો ધણી કોઇ ન થાય-ઓખેજો૦

દાયરો કરીને કસુબા રે કાઢીયા ને *
મારૂના ઢુગા વેચાય—ઓખેજો૦
રગડા વાઘેરને દેવાય—ઓખેજો૦

---

* કીનકેઈડ સાહેબે બહારવટીયાના આવા કેટલાક કાઠીઆવાડી રણગીતોને ' ballad ' નામ આપી, અંગ્રેજી ભાષામા ઉતાર્યાં છે પોતે ભાષાન્તર કરવામા અતિશય છૂટ લેતા હોવાથી એના અનુવાદો અસલ ગીત કરતા ઘણા સરસ થાય છે અને કેટલીક વાર તો જૂના સાથે મીંડવવા જતા પંક્તિઓ મળતી નથી નીચેનુ ballad આ ગીતનુ જ ભાષાન્તર હોવાનુ દિસે છે એમા કેટલીક પંક્તિઓ મળતી નથી કેટલીક વધુ ઘટનાઓ વર્ણવી છે કદાચ એ ઘટનાવાળી મૂળ પંક્તિઓ મારા શોધેલા ગીતમાથી ઉડી ગઇ હશે એ લખે છે કે—

I have unearthed the following ballad which is written in a gay jingling metre, and affords relief after the somewhat wearisome quatrains of the Kathi bards --

1

O! fair Kodinar she stands onthe cursed
mahratta s lands,
[In heavens there was neither moon nor star!]
They were waghirs strong and t ll and
they climbed the loop-holed wall
Then was heard the Ban as wail but

ખરે રે બપોરે બળદું છુટી ને
 માયાના સાદીયા ભરાય—ઓખેળો૦
બ્રાહ્મણ સૈદુએ દાન તો દીધાં ને
 ગામમાં મોહાયું વેચાય—ઓખેળો૦
ગાયું કેરે ગોંદરે કપાસીયા નીર્યાં ને
 પાદરે ચોરાસી જમાય—ઓખેળો૦
દેસ પરદેસે કાગળો લખાણા ને
 વાતું તારી વડોદરે વંચાય—ઓખેળો૦
હૈયાની ધારણે બોલ્યા રે નથુનાથ
 તારા જસડા ગામોગામ ગવાય ઓખેળો૦

---

their tears had no avail,
When the King of Okha looted Kodinar

2

Then a mighty feast he made for the
 twice-born and the Dhed,
And the sweet-balls they were scattered
 free and far,
Though each Brahmin ate and ate, yet he
 emptied not his plate,
When the lord of Gomti looted Kodinar.

3

And they revelled late and long, and they
 chanted many a song
(O his glory there is nothing that can mar!)
And the Bhats for gifts did come
 and they thumped the kettle drum,
When the prince of Dwarka looted Kodinar.

4

And he gave with open hand to each
 maiden in the land
As the sat bedecked within the bridal car'
Though the sports the scarce could tell, not
 a single waghir fell,
When Jodha Manik looted Kodinar.

"કોડીનાર ભાંગવા આવું છું. આવજો બચાવવા!" એમ પ્રથમથી જ ગાયકવાડ રાજને જાસો દઇ, ગિરના ગાળા ઓળગતો ઓળંગતો બુઢ્ઢો જોધો માણેક પરોઢિયાને અંધારે કોડીનારના કોટની રાંગે આવી પહોંચ્યો. કોટને નીસરણી માંડીને ઉઘાડી તલવારે આગળ થઇને ચડ્યો. દરવાનોને ઠાર કરી દરવાજા ઉઘાડા ફટાક મેલી, પોતાના સરખે સરખા સો જણને અંદર દાખલ કર્યા ધબોધબ બંદૂકોમાં આઠ આઠ પૈસાભારની વજનદાર ગોળીઓ ઠાંસી, ખોબો ખોબો દારૂ ભરી, માણસો જે ઘડીએ હલ્લા કરવાં ચાલ્યા તે ઘડીયે જોધો એકજ આંગળી ઉંચી કરીને ઉભો રહ્યો:—

"સાંભળી લ્યો ભાઇ! વસ્તીની બોનું ડીકરીયુંને પોતપોતાની બોનું ડીકરીયું ગણીને ચાલજો. પ્રથમ મેતા મુસદ્દીઓને હાથ કરજો! પછી વેપારીઓને પકડજો! બીજો જે સામો ન થાય એને મ બોલાવજો!"

સરકારી કચારીની અને દુકાનોની લૂંટ ચલાવી. બીજે દીવસે બ્રાહ્મણોને ચોરાસી જમાડી, ગાયોને ગોંદરે કપાસીઆ નીર્યા. ત્રીજે દિવસે કસુંબા કાઢી ડાયરા ભર્યા. ચારણ બારોટોની વાર્તા ને નાથબાવાના રાવણહથ્થા સાંભળ્યા. ત્રણે દિવસ કોડીનારના ગઢ ઉપર વાઘેર રાજાનો નીલો નેજો ફરકતો રહ્યો. ત્રણ દિવસ સુધી નીતસર ત્યાં રાજ ચલાવ્યું. ન્યાય ચૂકાવ્યા, રક્ષણ કર્યું. ને કેદીઓ છોડ્યા. ચોથે દિવસે ચાલી નીકળ્યા. ગિરના કોઇ બંકા ગાળામાં બેસી કોડીનારની લૂંટનો ભાગ પડ્યો. જોધાએ પૂછ્યું "કુલ આપણે કેટલા જણ?"

મોટાઈનો ભાગ કાઢ્યા પછી સરખે સરખા ભાગ પડયા. અકેકે માથા દીઠ ત્રણ સો ત્રણ સો કોરી વ્હેંચાણી. અને બાર-વટીયા વાંસાઢોળના ડુંગરામાં હિરણ્ય નદીને કાંઠે આવ્યા નદીની લીલી પાટ ને પીળી પાટ ભરી હતી. પડખે એક ઘટાદાર આંબલી હતી. જોધાએ એ આંબલી નીચે ઉતારો કરવાનો મનસૂબો જાહેર કર્યો.

તેજ વખતે બરાબર એક વટેમાર્ગુ ત્યાંથી નીકળ્યો. એણે શીખામણ દીધી કે "ભાઇ, આંહી કોઇ દાનસ્તું માણસ રાત રોકાતું નથી. એવી વ્હેમવાળી આ જગ્યા છે. પછી તો જેવી તમારી મરજી!"

જોધાએ કહ્યું "અરે ભાઇ! ખડીયામાં ખાંપણ લઇને ફરનારાને તો સધીય જગ્યા સોના જેવી."

પડાવ નાખ્યો. બીજે જ દિવસથી જોધાને તાવ ચડયો. ત્રીજે દિવસે જોધાને પોતાનું મોત સૂઝ્યું. મરતી વખતે એણે એટલું જ કહ્યું કે "ભાઇ! મને મુરતી તો ભે નથી. પણ દેવો કયાઇક લપટશે એવો વ્હેમ આવે છે. દેવાને મારી રામદુવાઇ ક——"

એટલું વેણ અધુરૂં રહ્યું, ને જોધાનો જીવ ખોળીયું ખાલી કરીને ચાલી નીકળ્યો હીરણ્યને કાંઠે જોધાને દેન દીધું. એક સો ને એક માણસોએ લૂગડાં કાળા રંગમાં રંગીને પહેરી લીધા. આખી ટુકડી જઇને મૂળુ ભેળી થઇ ગઇ.

જે આંબલી નીચે જોધાએ પ્રાણ છોડયા, તે આજ પણ 'જોધા આંબલી' નામે ઓળખાય છે.

૧૮

"મરતાં મરતાં કાકો કાંઇ બોલ્યા'ના ?"

"હા, મુરૂભા ! કહ્યું'તું કે મુરૂનો તો મને ભરોસો સોળે સોળ આના છે, પણ દેવો લપટયા વિના નહિ રહે."

મુળુ માણેકે નિસાસો નાખ્યો. એનાથી બોલાઇ ગયું કે "દેવો ! સાચી વાત. દેવો ભાઇ ઘણો ય હતો તો દેવતા જેવો, પણ એના જુલમની વાતું મારે કાને પોગીયું છે. અને વાઘેરૂંના નેજાના સતનો આધાર જેવો કાકો જતાં મારો રૂદીયો હવે આ ધીંગાણામાં ઠરતો નથી. મુને ફાળ પડે છે કે દેવો ભાઇ વખતે વાઘેરૂંના વાવટાને બટ્ટો બેસારશે."

ઓખામંડળની થડમાં કોઇ વંકી જગ્યાએ ઉતરીને મૂળુ માણેકે કાકાનું સ્નાન કર્યું છે, કાળાં લૂગડાં પહેર્યાં છે, અને કાકાનો પ્રતાપ પરવારી બેસવાથી એને બારવટું સંકેલી લેવાના મનસૂબા ઉપડયા છે. પડખે *દેવુબાઇ બ્હેન પણ ઉભી છે. એનાથી ન રહેવાયું. ભાઇની સંગાથે રઝળી રઝળીને પોતાનાં અનોધાં રૂપ હારી બેઠેલી, નીચોવાઇને કંગાલ બની ગયેલી બ્હેને આ ટાણે ભાઇને પડકાર્યો કે

"ભા ! દુઃખ ભોગવવાં દોહ્યલાં થઇ પડયાં ? ત્રીસ જ વરસની અવસ્થાએ ઘડપણ ચડયાં ?"

"બોન બા ! દુઃખથી તો થાકયો નથી" સાતસો, સાતસો વાઘેરાએ કંટાળીને ગોરા પાસે હથીયાર મેલી દીધાં, તેનાથી યે

---

* 'દેવુબાઇ' નામની બહેન બાળકુંવારી રહીને બળવામાં વાઘેરોને પડકારતી બહાર નીકળેલી, એ વાત બીજે સ્થળેથી મળી હતી. પણ દ્વારકાના વાઘેરો 'દેવુબાઇ' જેવું કોઇ પાત્ર થઇ ગયાનો [illegible]

અકળાતો નથી. પણ દેવાના ઓછાયાથી ડરું છું. કાકો દેવતાઇ નર હતા. એનાં છેલ્લાં વેણ ઇ તો પેગંબરનાં વેણ લેખાય !"

"ફકર મ કરજે. એવું થાશે તે દિ' દેવો માનો જણ્યો ભાઇ છે, તો પણ હું એનું માથું વાઢી લઇશ."

આમ વાતો થાય છે. ત્યાં બાતમીદાર આવી પહોંચ્યો. એનું મ્હોં પડી ગયું હતું.

"શા ખબર છે બેલી ?"

"મુરુભા ! પ્રોસણવેલ રાંડી પડયું. રામાભાઇની દેહ પડી ગઇ. આસોભા પણ પણ ગુજરી ગયા. મુલવાસર વાળા મેપા જસાણીને પણ ગોળીના જખમ થયા. અને બાપુએ ને દેવુ કુંભાણીએ સરકારને પગે હથીઆર મેલ્યાં."

મુળુ માણેકે ફરી વાર સ્નાન કર્યું. નવા સમાચાર મળવા ઉપરથી વિચાર કરવા બેસે છે, ત્યાં એક સાંઢીયો આવીને ઝકુયો. અસવારે આવીને રામ રામ કર્યા.

"ઓહો ! દુદા રબારી ? તમે કયાંથી બાપા ?" એમ કહેતો મૂળુ ઉભો થઇને મળ્યો.

"મુળુ બાપુ ! તમારા ભલા સારુ આવેલ છું. મારે કાંઇ સવારથ નથી. પણ ઓખો રઝળી પડશે એ વાતનું મને લાગી આવે છે. માટે સંતાતો, લપાતો ચોર બનીને આવ્યો છું."

"બોલો બા !"

કુટિલતાની રમતો રમતી આંખે, કાળા સીસમ જેવો, ટુંકી ગરદન ને બહીઆ કાનવાળો દુદો રબારી ઇસારો કરીને મુળુભાને એકાંતે તેડી ગયો. કાનમાં કહ્યું કે "બારટન સાહેબ અભેવચન આપે છે. જમીન પાછી સોંપાવી દેવા કોલ દે છે. એક દિવસની પણ સજા નહિ પડવા આપે. માટે સોંપાઇ જાઓ. અટાણે લાગ છે. ગુન્હેગાર તો કાકો હતો. તમે તો છોકરું છો. તમારો કાંઇ ગુન્હો જ નથી."

મુળુનું દિલ માની ગયું રબારી તો ભગવાનના ઘરનું માણસ : પેટમાં પાપ ન્હોય : ને ગોરા ગમે તેવા તો યે બોલ કોલ પાળનારા : એમ સમજી મૂળુએ અંગ્રેજને શરણે જવાનો મારગ લીધો. માણસોને કહી દીધું કે "ભા ! હવે વીખરાઇ જાવ. બારવટાનો સવાદ હવે નથી રહ્યો બોન દેવુબાઇને પણ અમરાપર લઇ જાવ. હું સીધો સાહેબ પાસે જાઉં છું."

"ભા ! બોન કહેછે એક વાર ચાર આંખો ભેળી કરતા જાવ."

"ના, નહિ આવું. બોનની આખોના અંગારા મને વળી પાછો ઉશ્કેરી મૂકશે."

"ભા ! બોને કહેવરાવ્યું છે કે ઓખાનો ધણી ગોરા નોકરને પગે હથીઆર ધરશે ત્યારે જોયા જેવો રૂડો લાગશે હો !"

૧૯

અમરેલી શહેરમાં તે દિવસ કાંઇ માણસ હલક્યું છે ને ! ચાર ગોરા સાહેબોની અદાલત બેઠી છે. અને બહારવટીયા ઉપર મુકર્દમો ચાલે છે. જુબાનીઓ ને સાક્ષીઓના ઢગલા થઇ પડ્યા છે. પીંજરામાં બીજા બધા વાઘેરો ઉભા છે.—ફક્ત મુળુ માણેક જ નથી.

"મુલુકો કયું નહિ સમજાયા !" એમ ચારે ગોરાઓ પૂછે છે.

અમલદારોએ જવાબ દીધો. "સાહેબ મળ માણેક વચન

"ખમ્મા મુરુભા ! મુરુભા આવ્યો !" એવી વધાઇ પીંજરામાં ઉભેલા કેદીઓના મ્હોંમાંથી વછૂટી.

"ટોપીવાળા સાહેબો !" મુળુ બોલ્યો, "મુળુ માણેક બીજા હજાર ગુન્હા કરે, પણ વચન આપીને ન ફરે. હું ભાગી નીકળવા નહોતો રોકાણો. પણ મારી આ બ્હેનો અને ઓરતોને મુલાજાભેર ક્યાંઇક ઓથે રાખી આવવા મુંઝાતો હતો. કેમકે ઓખો તો અટાણે તેમારા બલૂચી પલટનીયાઓના પંજામાં પડ્યો છે. અને બલોચ્યો અમારી બ્હેન દીકરીઓની લાજું લૂંટે છે."

બોલતાં બોલતાં મૂળુ માણેકની આંખમાં કાળ રમવા લાગ્યો.

*મુકર્દમો ચાલ્યો. જુબાનીઓ લેવાઇ, ફેંસલો લખીને ગોરાઓ ઉપડી ગયા. એની પાછળથી ફેંસલો વંચાણો કે "સુડતાલીસ વાઘેરોને પાંચ પાંચ વર્ષની, અને મુળુને ચૌદ વર્ષની સખ્ત મજૂરીની સજા. એના પિતા બાપુ માણેકને સાત વરસની સજા. તમામને રેવાકાંઠાની જેલમાં ઉઠાવી જવાના !

ખડ ! ખડ ! ખડ ! દાંત કાઢીને મૂળુ બોલ્યો: "ક્યાં છે વાઘેરોને વિશ્વાસઘાતી કહેનારા ? વિશ્વાસઘાતી તે સાહેબનાં વેણ ઉપર ભરોસો રાખીને હથીઆર મેલનારા વાઘેરો ? કે અમને અભેવચન આપીને પછી કાળે પાણીએ કાઢનાર અંગ્રેજો !"

સુડતાલીસ સાથીઓની સાથે વડોદરે રેવાકાંઠાના કેદખાના તરફ મુળુ ચાલી નીકળ્યો.

---

* "આ વખતના કેદીઓની જુબાની ઉપરથી સાફ માલુમ પડયું કે ગાયકવાડી અધિકારીઓએ તેઓના રોજ બંધ કર્યા, અને વારે વારે તેઓના ઉપર ચડાઇ કરવાના ડારા દીધા તેથી તેઓને આ તોફાન કરવાની જરૂર પડી. પોલીટીકલ ખાતામાં તેઓ એકવાર ફરીઆદે ગયેલા, ને ત્યાંથી કાંઇ દિલાસો પણ મળેલો. પણ પાછળથી કાંઇ થયું નહિ. મુળુ પોતાના રોજ પેટે, લગ્ન ખરચ સારૂ બે હજાર કોરી લેવા ગયો હતો પણ તેને મળી નહિ હતી." ['ઓખામંડળના વાઘેરોની માહેતી']

૨૦

વગડામાં એક ઘોડેસવાર ચાલ્યો જાય છે. ટાગડું ઘોડું ગણી ગણીને ડગલાં માંડે છે. બેસુમાર બગાંઓ કરડી રહી છે એટલે એનાં પુછડાને તો ઝંપ જ નથી. શરીરની બન્ને બાજુ મોઢું નાખી નાખીને બગાંઓને વચ્ચકાં ભરતું જાય છે. અને પીઠ પર બેઠેલો લાંબી ધોળી દાઢી વાળો, બધાણી અસવાર, એક હાથે ઘોડાનું ચોકડું ડોચે છે, બીજે હાથે સરકટનું દોરડું ફેરવી ફેરવી મારે છે, બે પગે ઘોડાના પેટાળમાં એડીઓ મારે છે. પોતે આખું શરીર હચમચાવે છે, ને જીભના ડચકારા કરે છે. એમ છ છ જાતની કરામતો કરવા છતાં ઘોડું તો સરખી ઢાલ્યે ચાલ્યું જાય છે. અસવાર ઘોડાને ફોસલાવે છે કે

"હાલ્ય મારા બાપ હાલ્ય, ઝટ પગ ઉપાડ. મોડું થાશે તો ભીખ નહિ મળે" -

એક અલમસ્ત આદમી ઉઘાડે શરીરે ખેતરમાં ઘાસ વાઢતો હતો એણે આ શબ્દો સાંભળીને પૂછ્યું "એ બારોટજી! કયાં ઝટ પોગવું છે?"

બારોટે એ દુહા લલકાર્યા, ત્યાં વગડો આખો જાણે સજીવન થઇ ગયો. મજૂર મૂલી, બેરાંઓ, પશુઓ, સહુ ઉચાં માથાં કરી સાંભળી રહ્યાં. તેમ તો બારોટની ગળી ગયેલ ભુજાઓમાં એવડું બળ આવ્યું. હાથ લાંબા કરીને લલકારવા લાગ્યો:

મૂળુ મૂછે હ.ય, તલવારે બીજો તવા .
હત જો ત્રીજો હાથ (તો) નર અંગરેજ આગળ નમત!

"રંગ મૂળવા રંગ! બેય હાથ તો રોકાઇ ગયા, એક હાથ મૂછનો તાવ દે છે, ને બીજો તરવારની મૂઠ ઉપર જાય છે. ત્રીજો હાથ કાઢે કયાંથી? અમરેલીવાળા અંગ્રેજોએ ઘણું ય કહ્યું કે મુળુ માણેક! સલામ કર. પણ ત્રીજા હાથ વગર સલામ શેની કરે?"

"અરે પણ બારોટ! ફટકી કાં ગયું? મુળુ માણેક તો એ વડોદરે રેવાકાકાની જેલમાં સડે! ખોટાં બોકાસાં કાં પાડો? ગળું દુખવા આવશે!"

"એ ભૂત છો કે પલીત? જાણતા ય નથી ઓડ જેવા? મુળવો સાવજ પાંજરે સાગે કેદિ? ઇ તો એ આવ્યો છૂટીને."

"હે? શી રીતે છૂટયો? માફી માગીને?"

"તારી જીભમાં ગોખરૂ વાગે! માળા કાળમુખા! મુળવો માફી માગે? એ જેલ તોડી જેલ!"

"જેલ તોડી? વજ્જર જેવી જેલ તોડી

"હા હા! ઇ તો સધાય ભેરૂબ મત બાંધીને સામટા દરવાજે ધોડયા. જેવે ત્યાં તો બારીમાં પચીસ સંગીન સામાં ધરીને પલટનીઆ ઉભેલા. પણ રંગ છે ગોરીયાળીવાળા દેવા જમાણીને. સવા શેર સૂંઠ એની જણનારીએ ખાધી ખરી બાપ! તે ઇ દેવે પાકારો કર્યો કે હાં મારા ભાઇયું! મારી દયા કોઇ આણશો મા. હું સંગીન આડું મારૂં શરીર દઇ દઉં છું. તમે જોરથી મારાં શરીર સામો ધસારો દઇને નીકળી જાજો. એમ કરીને દેવો ડેલીની બારી આડો ડીલ દઇને ઉભો રહ્યો. બીજા સહુ, પલટનીઆઓની બંદૂકું સલવાઇ રહી એટલે લાગ લઇને નીકળી ગયા"

"અને દેવો ?"

"દેવો ય આંતરડાં લબડતાં'તાં તે ડોકમાં નાખીને હાલ્યો."

"તે સું મુરભા નીકળી આવ્યા છે?"

"હા હા, ને વાઘેરૂને કરે છે ભેળા. મોટી ફોજ બાંધીને બારવટું ફરી માંડે છે. જાઉં છું મોજ લેવા. આજ છે માધવપરના વાવડ. આજ તો ખોબે ખોબે કોરીયું ને સોનામોરૂં વ્હેંચશે મારો વાલીડો!

દળ આવ્યાં દખણી તણાં, ભાલાળા લોબાળ
સામા પાગ શીંગાળ, માણેક ભરતો મૂળવો

અને એ મલકનાં માનવી!

મૂળવે અંગરેજ મારિયા, કાગળ જાય કરાંચી
અંતરમાં મહમ ઉદરકે, સૈરૂં વાત સાચી!

એવા એવા દુહા લલકારતો ને પોતાના બુલંદ અવાજથી વગડા ગજાવતો બારોટ ટારડી ઘોડીને સરપટાં મારતો મારતો ચાલી નીકળ્યો.

સાંતીડાં થોભાવીને વાઘેરો વિચાર કરવા મંડ્યા. એકે કહ્યું

"માળે બારોટે દુવા સારા બણાવ્યા!"

બીજો સાંતીડાને ધીંહરૂં નાંખીને મંડ્યો ગામ તરફ હાલવા. પહેલાએ પૂછ્યું "કાં?"

"હવે સાંતી શીદ હાંકીએ? મુરભાના ભેળા ભળી જાયેં. ભગાને ફરી વાર વાઘેરોનું જૂથ બાંધીએ."

"હાલો તઈં આપણે ય"

એઉ એકુતો ચાલી નીકળ્યા. ઘાસનો ભારો વાઢીને પોતાના માથા પર ચડાવવા મથી રહેલ એક કોળી પણ થંભીને ઉભો થઇ રહ્યો. બે ઘડી વિચાર કરીને એણે પણ ભારો ફગાવી

દીધો દાતરડાનો ઘા કરી દીધો અને હાર્યો બીજાએ પુછ્યુ 'કા ભાઇ! કેમ ફટકયુ ?

"જાશુ મુળુભા ભેળા"

"કાં ?"

'ભારા વેચી વેચીને દમ નીકળી ગયો ! "

૨૧

એ રીતે ઇ સ ૧૮૬૫, સપ્ટેમ્બર તારીખ ૨૬ ના રોજ રેવા કાંઠા જેલ તોડીને બહારવટીયો વીસ વાઘેર કેદીઓને લઇ મહીઆ વાડમા ઉતર્યો ઓખામા વાત ફુટી કે મુળુભા પાછો આવ્યો છે

આવીને પહેલા સમાચાર એણે ઓખાના પુછ્યા

"પાજો ઓખો કીં આય ?"

સબંધીઓએ જાણ કરી ' મુળુભા ઓખાને માથે તો રેસીડન્ટ રાઇસ સાહેબે બલોચોને મોકળા મેલી દીધા છે "

"શુ કરે છે બલોચો ?'

"જેટલો બની શકે એટલો જુલમ જાહેર રસ્તે રૈયતની વહુ દીકરીઓને ઝાલી લાજ લૂટી રહ્યા છે અને વસ્તી પોકાર કરવા આવે છે તો રાઇસ સાહેબ ધમકાવે છે "

"કેટલુક થયા આમ ચાલે છે ?'

"ત્રણ વરસ થયા '

સાંભળીને મુળુનો ક્રોધ ખદખદી ઉઠયો આજ્ઞા દીધી કે "ભાઇ ! ઝટ ફોજ ભેળી કરો હવે તો નથી રહેવાતુ '

જોતજોતામા તો વાઘેરો ને બહારવટીઆના જૂથ આવીને બંધાઇ ગયાં

કેસરીઆ વાઘા મુળુ માણેકના શરીર ઉપર ઝૂલવા લાગ્યા. એણે પોતાનાં માણસોને કહ્યું કે "બેલી, બારવટામાં શુકન કરવાં છે માધવપુર ભાંગીને. જેલમાંથી જ માનતા કરી હતી કે માધવરાયજીની સલામું લેવા આવીશ. માટે પહેલું માધવપર."

"મુરૂભા! માધવપર પોરબંદરનો મહાલ છે હો! અને જાહેવે રાજાએ ચોકી પહેરા કડક રાખ્યા હશે."

"આપણે પણ ચોકી પહેરાની વચ્ચે જ દાદાનાં દર્શન કરવાં છે, ભાઇ! નધણીઆતાને માથે નથી જાવું."

રાતને બીજે પહોર માધવપુરમાં રીડીયા થયા. નીલા નેજા અને મોટી મોટી મસાલો ભાળીને ગામ ફફડી હાલ્યું. દરિયાનો કંઠાળી મુલક સોના જેવાં અનાજ દેતો હતો, એની બરકતમાં વેપારી વાણીયા બ્રાહ્મણ ફૂલી ગયા હતા. તેને મૂળુ માણેકે લૂંટી લીધા. અને પછી બહારવટીએ માધવરાયજીને મંદિરે ચડયો.

માણસોએ કહ્યું કે "મુરૂભા! મંદરને મોટાં તાળાં દેધા છે."

"અરે કયાં મરી ગયો પૂજારી?"

"બેનો માર્યો સંતાઇ રહ્યો છે. કુંચીયું એની કડયે લટકે છે."

"પકડી લાવો ઇ ભામટાને."

પૂજારી સંતાઇ ગયો હતો એને ખોળીને હાજર કર્યો.

"એ બાપુ! માધવરાયના અંગ માથેથી દાગીના ન લેવાય હો!"

"હવે મુંગો મર, મોટા ભગતડા! તારે એને જે માધવરો વા'લો હશે ખરૂં ને?, મુંગો મરીને કમાડ ખોલી દે. મારે દરશન કરવાં છે, દાગીના નથી જોતા."

મુળુના ડોળા ફર્યા કે બ્રાહ્મણે ચાવી ફગાવી. મંદિરનાં તોતીંગ કમાડ ઉઘડ્યાં. માધવરાય! માધવરાય! ખમ્મા મારા ડાડા! એમ જાપ જપતો મુળુ મંદિરમાં દાખલ થયો. દોડીને પ્રતિમાજીને બથ ભરી લીધી. ડાડા! ખમ્મા ડાડા! એમ પોકાર કરતાં કરતાં મુળુ પોકે પોકે રોઇ પડયો. માણસો જોઇ રહ્યાં કે "આ શું કરે છે? ડાગળી ખસી ગઇ કે શું થયું?"

સારી પેઠે કોઠો ખાલી કરીને મુળુ ઉઠયો. પાછલે પગે ચાલતો ચાલતો બે હાથ જોડીને બહાર નીકળ્યો. માધવપર ભાંગીને અને માધવરાયની માનતા પૂરી કરીને અધરાતે જ બહારવટીયા ચાલી નીકળ્યા.

૨૨

સઇ નામના ગામને પાદર માતાનો પીપળો હતો. એક દેરૂં હતું. આજ ઝડી થવાથી પીપળો પડી ગયો છે. દેરૂં હજુ ઉભું છે.

માતાને થાનકે બહારવટીયા બેઠેલા છે, અને એનો સંગાથી જે સીદી હતો તે પીપળાની ડાળે ચડીને ખોબા ભરી ભરી દોકડા ઉછાળે છે. નીચે ઉભેલાં નાનકડાં છોકરાં એ દોકડા વીણતાં વીણતાં ને ઝીલતાં ઝીલતાં રાજી થાય છે.

મુળુ માણેક ને દેવો માણેક નીચે બેઠા બેઠા બોલે છે કે "ભાઇ સીદી! છોકરાંવને દોકડા સાટુ ટગવ મા. કોરીયું ભરી ભરીને વરસાવ. બાળારાજા રાજી થઇને દુવા દેશે."

બહારવટીયા બચ્ચાંઓના આવા ગેલ જોઇ જોઇ મોજ કરે છે, ત્યાં વાવડ આવ્યા કે "સડોદડવાળો રાજા બહાદૂર જાલમ-સિંહજી નગરથી જામ વીભાની મોટી ફોજ લઇ આજ મરણીયો બનીને આવે છે. ને લગોલગ આવી પહોંચ્યો છે.

ફોજ આવી! વાર આવી! એ બોકાસો સાંભળતાં જ છોકરાં ગામમાં ભાગ્યાં, ને બહારવટીઆ રણ ભણી ભાગી છૂટયા.

બહારવટીયા પાળા ને પાર ચોકાંપાળી. રાજાબહાદૂર જાલમ આવી જાય છે, વાઘેરોના હાથમાં ભરેલી બંદૂકો છે, પણ મુળુ માણેકની આજ્ઞા છે કે "વારને બીવરાવજો. ભડાકો ન કરશો. ચાહે તેમ તોયે એ રાજાનું કુળ છે. હજારૂનો પાળનાર વદે."

થાતાં થાતાં તો વાર આંખી ગઇ. અને બહારવટીયા આકળા થયા. ત્યારે મુળુએ કહ્યું "મીયા માણેક! રાજાબહાદૂરને રોકી દે. પણ જોજે હો, જખમ કરતો નહિ."

પાછળથી લાંબાને ડુંગરે જે મરાણો તેજ મીયો માણેક આખી ફોજની સામે એકલો ઉભો રહ્યો. બંદૂક છાતીએ ચડાવી પડકાર દીધો કે "રાજા બહાદૂર! તુને અબ ઘડી મારી પાડું. પણ મારા રાજાની મનાઇ છે. પણ હવે જો એક કદમ ભર્યો છે ને, તો આટલી વાર લાગશે. તપાસ તારો જમૈયો."

એટલું બોલીને મીયે બંદૂક ફટકારી. ગોળી શત્રુની કમર પર ગઇ. શરીરને થરકો પણ કર્યા વગર રાજા બહાદૂરનો જમૈયો ઉડાવી દીધો. મીયો મ્હોં મલકાવીને બોલ્યોઃ

"આટલી વાર! રાજા બહાદૂર! પણ તુને ન મરાય. તું તો લાણુનો પાળનાર!"

જમૈયો જાલમસંગરો, ભાંગે તે લોપાળ
દેવે જંજાઉ છોડીયું, ગો ઉડે અંધાળ.

રાજા બહાદૂર પાછા ફરી ગયા! એની કાફીઓ જોડાઇઃ

જાલમસંગ રાજા વાઘેરસેં કજીયો કીયો!
　　વાઘેરસેં કજીયો કીયો રે—જાલમ૦
પેલો ધીંગાણો પીપરડીજો કીયો
　　ઉતે રાણોજી સૂરોપૂરો થીયો—જાલમ૦
બીજો ધીંગાણો રણમેં કીયો
　　ઉતે જમૈયો ચીયો રે રીયો—જાલમ૦
ત્રીજો રે ધીંગાણો ખડમેં કીયો
　　ઉતે આલો જમાદાર તર રે રીયો—જાલમ૦
ચોથો ધીંગાણો માછરડે કીયો
　　ઉતે હેબત લટૂર સાયબ રીયો—જાલમ૦

હૈડાજી ધારણું બોલ્યાં રે નથુનાથ
તોળે નામ બેલી મરદેમેં રીયો-જાલમં.

૨૩

"દેવાને કહી દ્યો કે મને મોઢું ન દેખાડે".

ત્રણસો માણસની બેઠક વચ્ચે મુળુ માણેકે આ શબ્દો કાઢ્યા, અને આખો દાયરો ઓઝપાઇ ગયો. ઓચીંતો જેમ આભ ફાટે તેમ લાગ્યું. સામો સવાલ કરવાની કોઇની છાતી ચાલી નહિ. ફક્ત બુઢ્ઢો રાણોજી માણેક હતો એણે હળવેથી નીચે જોઇને કહ્યું:

"ભા! તું કહો છો પણ કાંઇ ઉતાવળ તો નથી થાતી ને બાપા?"

"રાણાજી ભા! દેવાને જીવતો જાવા દઉં છું, ઇ તો ઉતાવળને સાટે ઉલટી ઢીલ થઇ લેખાશે. પણ શું કરૂં! આજ બોન દેવુબાઇ નથી, નીકર આટલું મોડું ન થાવા દેત."

"બચ્ચા! આવડો બધો વાંક?"

"વાંકની તો અવધિ આવી રહી. મને હવે ઝાઝું બોલાવો મા. હું રણછોડરાયજીની આંખમાં દીવડા ઓલવાતા જોઉં છું. ઓખો આપણું સ્મશાન બનશે. જગત આપણને સંભારી સંભારી આપણા નામ માથે થૂ! થૂ! કરશે ઇ બધું કુકર્મી દેવાને પાપે.'

એ ને એ વખતે દેવા માણેકે પોતાના ઘોડા ને પોત્ય માણસો નોખા પાડ્યા. જાતો જાતો દેવો બોલતો ગયો કે "મલક બધાની બાઇયુંને મા બોન જ કહ્યા કરતો મુળવો મર હવે ઓખો જીતી લ્યે!"

"હે કૂના!" એટલું જ બોલીને મુળુ બેઠો રહ્યો.

૨૪

"કેવો છો ભા!"

"સતાર છું."

"આંહી શીદ આવ્યો છો? અમારે કાંઇ આ ડુંગરા માથે નથી બંધાવવી."

"હું તો આવ્યો છું મારા વખાનો માર્યો બાપુ! સાંભળું છું દુનાં સંકટ મુળુ માણેક ફેડે છે."

"તને વળી કેવાનું સંકટ પડ્યું છે?"

"મારી વેરે સગપણ કરેલી કન્યાને ....ગામના સતાર સવેલી જાય છે."

"તે ભાઇ, અમે કાંઇ સહુના વીવા કરી દેવા બહાર યા છીએ? જા, જઇને તારી નાત ભેળી કર."

"નાત પાસે ગયો'તો. પણ સામાવાળા પાસે ઠીક ઠીક જીવ નાતને એણે રૂપીઆ ચૂકવ્યા, ને જમણ દીધું. ગરીબની હવે નાત શેની કરે?

"નાતે ય રૂશ્વત ખાધી? હરામી નાત કાંઇ પેધી છે! તે તારા રાજાની પાસે જા ને?"

"ત્યાં ય જઇ આવ્યો. પણ સામાવાળાએ રાજાને ય મા ચાંપ્યા. રૂપીઆ ખાઇને રાજા કહે કે તમારી નાતના માં અમે વચ્ચે નહિ આવીએ!"

"આવી નાત ને આવા રાજા!"

"મુળુભા બાપુ! તમે મારો નીયા કરો : હું રાંડીરાંડનો રા : નાનેથી મારે માથે વેવાર પડ્યો. વાંસલા ચલાવી

ચલાવી પાઈએ પાઈએ નાણું સંઘર્યું. પાંચસો કોરી દીધી ત્યારે માંડ વેવીશાળ થયું. હું તો કોડે કોડે લગન સમજવા જાઉં છું, ત્યાં તો સાસરાએ ધક્કો દઈને કહ્યું 'જા જા ભિખારી તને ઓળખે છે કોણ?' આવો અનીયા? અને તમારું બારવટું ચાલે તે ટાણે?"

"હેં એલા, કન્યાનું મન કોના ઉપર છે? તારા ઉપર? કે સામાવાળા ઉપર?"

"મારા ઉપર, બાપુ! સામાવાળો તો ફક્ત શાહુકાર છે, કાંઇ મારા જેવો રૂડો નથી. એનાં હાથમાં તો વાંસલો ભળેછે જ ક્યાં? ને હું તો અધરાત સુધી કામ કરું એવો. આ તુંચીને મારી ભુજાઉં! સાંજ પડયે પાંચ ઝાડવાં કુવાડે કુવાડે પાડી નાખું! ખબર છે?"

"બસ ત્યારે બાવડાં સાબૂત હોય તો નીકળ અમારી હારે બારવટે. જો, લાવ તારો હાથ. આ કોલ દઉં છું. મુળુ માણેક પંડે તને કોલ દે છે, કે ઇ કન્યા સાથે તુને જ પરણાવવો. પણ એક શરતે. કબૂલ છે?"

"બોલો બાપુ!"

"તુને પરણાવીએ. પણ એક રાત ઉપર વધારે ઘાર ઘેરે નહિ રેવાય. એકલે પંડે અમારી સાથે નીકળી જાવું પડશે. બારવટીયા એટલા તો જોગી જતિ, જાણછ ને?"

સતાર થોડી વાર ખચકાણો. પરણેતરની એક જ રાતઃ અને તે પછીના સેંકડો સુખી દિવસો સડેડાટ એની આંખ સામેથી નીકળી ગયા. ઘરની શીતળ છાંયડીયાળી કોઢ : હેલ્યે પાણી ભરતી સુતારણ : ખંભા ઉપર ખેલતાં નાનાં છોકરાં; એ બધુંય સ્વપનું એક ઘડીમાં સમાઇ ગયું. ઝબકયો હોય તેવી ઉતાવળે મુળુભાને પગે હાથ નાખીને કહે કે "કબૂલ છે બાપુ! મારે તો ઇ અંધરમના કરવાવાળા—ઇ સવેલડાં લઇ જનારા શાહુકાર માથે, અને ઇ અનીતિનાં દલાલાં આરોગનાર નાત ને દરબાર માથે આખો અવતાર વેર વાળ્યે જ છૂટકો છે."

"રંગ તુને, બોલ્ય, જાન કે'દિ'ને ક્યાંથી નીકળવાની છે?"

દિવસ અને જગ્યા નકકી થયાં. બહારવટીયાઓએ છાના-માના ઓઠા બાંધ્યા. બરાબર બપોરે સતારની જાનનાં ગાડાં ખડખડ્યાં. વરના માથા ઉપર ટબુડી ખખડાવીને લૂણ ઉતારતી બહેન ગાઇ રહી છે કે

> **મેઘવરણા વાધા વરરાજ!**
> **કેસર ભીનાં વરને છાંટણાં.**
> **સીમડીએ કેમ જાશો વરરાજ!**
> **સીમડીએ ગોવાળીડો રોકશે.**
> **ગોવાળીડાને રૂડી રીત જ દેશું**
> **પછી રે લાખેણી લાડી પરણશું!**

અને હાથમાં તરવાર વાળો વરરાજો મૂછોના આંકડા ચડાવતો બેઠો છે.

ત્યાં માર્ગે બોકાનીદાર બહારવટીયા ખડા થઇ ગયા. ગાડાં થંભ્યાં. જાનમાં રીડારીડ થઇ પડી. બંદૂક તાકીને બહારવટીયો બોલ્યોઃ

"કોઇ ઉઠશો મા. ને કોઇ રીડયું ય પાડશો મા. અમારે કોઇને લૂંટવા નથી. ફકત એક હરામી વરરાજાને જ નીચો પછાડો."

બાવડું ઝાલીને માણસોએ વરને પછાડ્યો. મુળુએ હાકલ કરી "હવે કાઢ્ય તારાં ઘરાણાં."

ઘરાણાંનો ઢગલો થયોઃ મુળુ પોતાના ભેરૂ સતાર તરફ ફર્યોઃ "પેરી લે બેલી!"

ફરીવાર વર તરફ જોયું: "છોડ્ય મીંઢળ!"

મીંઢળ છૂટ્યાં: "બાંધી દ્યો ભેરૂને કાંડે!"

મીંઢળ, દાગીના, તરવાર, તોડા, તમામ શણગાર વરના શરીરેથી ઉતરીને ભાઇબંધ સુતારને શરીરે શોભવા લાગ્યાં.

"હવે ચડી જા ગાડે બેલી!"

ભાઇબંધ ગાડે ચડયો. મુળુ જોઇ રહ્યો. "વાહ! રાવંકો જુવાન હો! આ સવેલીચોરના કરતાં તો તુંને આ વેશ વધુ

અરધે છે અને એ બાઇ ! વરની બોન ! કેમ ચુપ થઇ ગઇ? આને માથેથી લૂણ ઉતારવા માંડ ને સહુ બાઇયુ દીકરીયું જેમ ગાતી'તી તેમજ ગાવા માંડો, જો આ સવેલીચોરને જીવતો રાખવો હોય તો"

ગીત ઉપડ્યા લૂણ ઉતરવા મંડ્યા

"હાં હાકો જાન, અમે ભેગા છીએ"

સવેલીચોરને જગલમા કેદ રાખી બહારવટીઓ મૂળુ પોતાના સાચા ભાઇબધને પરણાવવા ચાલ્યો કોઇ શુ યા કરી શક્યુ નહિ સહુએ થરથરતે શરીરે ઝટપટ વિવાહ ઉકેલ્યા. સાચા વર વેરે કન્યા ચાર મગળ વર્તી જાન પાછી વળી એ ને એ ગાડે બહારવટીયો વરવહુને એના ગામમા લઇ ગયો અને સાજરે ગામને સીમાડે ઉભા રહી બાપભાઇને ભલામણ કરી કે "ભાઇબધ ! આપડો કરાર યાદ કરજે કાલ સવારે સામા ડુગરમા આવી મળવાનુ છે, નીકર તારૂ મોત સમજજે!"

૨૫

"અરે મેરબાન! આગળી ચીંધ્યાની ગુનેગારી? મારા ગામમા બહારવટીયા ભરાણા છે, એવા વાવડ દીધાનુ ઉલટુ આ ફળ? સચોડુ ગામ જ મરાવી દેશો?"

"બીજો ઇલાજ જ નથી તમે સધીઓ પણ સામિલ છો તમારા ગામને સાફ કરવુ જ પડશે"

રોઘડા ગામને પાદર ગામેતી નરમ સધી આડો પડી પડી પાઘડી ઉતારે છે, અને બે ગોરા સાહેબો ઘાસનો સળગતો પૂળો લઇ ગામને આગ લગાડે છે. વાર્યા રહેતા નથી ભેળી બલોચોની ફોજ છે

બે ગોરામાં એક છે ઓખામંડળનો જાલીમ રેસીડેન્ટ રાઇસ, ને બીજો છે આસીસ્ટંટ પોલીટીકલ હેબર્ટ.

બહારવટીયા ગામની અંદર ઝાપા આડાં ગાડાં મેલીને ઓથ લઇ ગયા છે. હલ્યા આવો ! હલ્યા આવો ! એવા ચશ્કા કરે છે.

વાડયમાં પૂળો મેલાણો ગામ સળગ્યું પણ સામી મહારવટીયાઓની સનસનાટ કરતી ગોળીઓ આવી. કે જના ત્રણ બલૂચો પડયા ફોજ પાછી હટી.

આખરે તોપ આવી પહોંચી. બે બહાર કર્યા. તોપ બગડી ગઇ.

"વીંટી લ્યો ગામને" એવો હુકમ દઇ ગોરાઓએ ગામ ફરતો ઘેરો ઘાલ્યો. રાત પડી ગઇ ગોરાઓ પોતાના તંબુમાં પેઠા.

ચંદરમા આથમીને અંધારાં ઉતર્યાં. અને પોષ મહિનાની ટાઢમા ટુંટીઆ વાળીને બેઠેલા કૂતરા ભસવા લાગ્યાં.

પહેરગીરોએ પોતાની તીણી આંખે અંધારાં ચીરીને જોયું: બુમ પાડી "ભાઇ, બહારવટીયા જાય છે"

"ચુપ રહો ! ચુપ રહો ! ટાઢ વાય છે" કહીને ફોજના બલૂચો સૂતા રહ્યા.

સાહેબોના તંબુ અને બલૂચોની ચોકી, બેય વચ્ચે થઇને બહારવટીઆ ચાલી નીકળ્યા પણ કોઇ સળવળ્યુ નહિ.

સવાર પડ્યું ને સેનામાં થનગન પ્રગટ્યું. બીંગલ ફુંકાણાં. હુકમ છૂટયો કે "હા, ગામ ઉપર હલ્લો કરો"

સેનાએ શાંતિથી ગામ લૂંટયું. બલૂચોએ અબળાઓની આબરૂ પાડી એ અત્યાચાર એક પહોર ચાલ્યો.

લૂંટ અને બદફેલી ખતમ કરાવીને ગોરાઓ તંબુમાં આવ્યા. પોતે બહારવટીયાને કેવી બહાદૂરીથી નસાડયા તેનો અહેવાલ લખવા બેઠા.

પાયમાલ થઇ ગયેલું ગામ ચુપચૂપ બોલવા લાગ્યું: "આથી બહારવટીયા શું ભુંડા ? ભાઇયું બનીને આશરો માગે.

બોન દીકરીયુંના પેટમાં તો ફડકો યે ન રહે! પણ આ રક્ષણ કરનારા! હે ખુદા......" તા. ૨૭ : ૧૨ : ૧૯૬૧

૨૬

થાણાદેવળી ગામની દરબાર કચારીમાં, લખમણ વાળા દરબારની હાજરીમાં અભરામ નામના મકરાણીએ નીચે પ્રમાણે વાત વારે વારે કહી સંભળાવેલી :

આભપરા ડુંગર ઉપર, સોન કંસારીનાં દેરાંની ઓથ લઇ પોણોસો વાઘેરો સાથે મૂળુ માણેક પડયો હતો. એની સામે નગર વડોદરાની મળી નવ સો માણસોની ફોજે, નીચલે ગાળેથી મોરચા માંડયા. ફોજની પાસે નવી નવી ઢબનાં હથીઆર છે, દારૂગોળા છે. ને વાઘેરો તો જેવાં જડયાં તેવાં હથીઆરે ટક્કર લઇ રહ્યા છે.

રેંઢા સુધી ટપાટપી બોલી, પણ ગીસ્તને વાઘેરો પાછી ન વાળી શક્યા. ધીરે ધીરે ગીસ્ત પગલાં દબાવતી ઓરી આવવા લાગી. બહારવટીયાની પાસે દારૂગોળો ખૂટી ગયો. મૂળુ મગરૂીયો થયો. એણે આજ્ઞા દીધી કે "બાલબચ્ચાંને ડુંગરની પાછલી બાજુએ ઉતારી નાખો. અને છેલ્લી વારના 'જે રણછોડ' કહી જૂદા પડી જાઓ!"

પોણોસો વાઘેરો તરવારો દાંતમાં ભીંસીને છેલ્લા અકેકી બબ્બે ભડાકા જેટલા દારૂવાળી બંદૂકો સાથે હેઠા ઉતર્યા. પણ ઉપરથી આવતા પોણોસોનો ધસારો એ ફોજને પદરસો જેટલો લાગ્યો.

ગીસ્ત ભાગી. પોણોસો મરણીયાના હલ્લા નિહાળતાં જ ગીસ્તના આત્મામાંથી રામ ગયા. આડી અવળી ગાળે ગાળે અટવાતી ફોજ ઉપડી. અને મૂળુએ હાકલ કરી કે "ભન્ને મા!

.પે ભજો મા ! નીમક લજાવો મા. જુવાનો ભજો મા !"
પણ ગીસ્ત તો ભાગી તે ભાગી જ.

"ખબરદાર ભાઇ !" મુળુએ માણસોને કહ્યું "ભજનને માથે ઘા ન કરજો હો કે !"

ભાગતા શત્રુની ઉપર ઘા ન કરવાનું વાઘેર બહારવટીઆનું બિરદ હતું. તે પ્રમાણે વાઘેરોએ બંદુકો વછોડવી બંધ કરી. પણ બંદૂકના ધુમાડા વીખરાયા અને ઉઘાડા અજવાળામાં વાઘેરોએ એક આદમીને ઉભેલો દીઠોઃ જાણે મસ્જીદમાં નમાજ પડતો હોયની, એવો અચળ બની ઉભો છે. એને મોતનો ડર નથી.

ભુંગળ ઉપર દારૂગોળા ને હથીયારોનો પથારો પડ્યો છે. ખાવાનાં ભાતાં પડ્યાં છેઃ અને એ બધાની વચ્ચે ઉભો છે એક જુવાન આદમીઃ હાથમાં છે જમૈયોઃ જમૈયો ચક ! ચક ! ચક ! ચક ! થઇ રહ્યો છે. જુવાનને ઝીણી પાતળી દાઢી છે. મુસલમાન દેખાય છે. પણ નકલ નહિ, અસલ મુસલમાન છેઃ આરબ છેઃ ભેટમાં ત્રણ ચાર જમૈયા ખભ્યા છે.

ધસારો કરતો બહારવટીયો ઉભો રહી ગયો. પાછળ ધસી આવતાં માણસોને પોતે પંજો આડો ધરી અટકાવ્યા. અને હુકમ કર્યો: "એને કેડી દઇ દ્યો બેલી : એ બહાદૂર છે : નવસોમાંથી એકલો ઉભો રહ્યો છે, એને માથે ઘા ન હોય. કેડી દઇ દ્યો."

માણસોએ મારગ તારવી દીધો. શત્રુને આલ્યા જવાની

તો ય આરબ ઉભો છે બહારવટીયાને દારૂગોળો હાથ કરવાની ઉતાવળ છે, આકળો બહારવટીયો ફરી પડકારો કરે છે કે,

"હટી જા જુવાન, ઝટ હટી જા !"

જુવાનના હોઠમાંથી અવાજ નીકળ્યો "નહિ હટેગા !"

"અરે બાપ ! હટી જા. તું આડી જાને નથી આવ્યો"

"નહિ હટેગા ! હમ નીમક ખાયા ! હમ નહિ હટેગા !"

"અરે ભા ! હટી જા, અમારે દારૂગોળો હાથ કરવો છે"

"મેં મેધજીન, ઔર દારૂગોળા, હમારા સિર સાટે સિર પડેગા, પીછે ઇસ સરંજામ પર તુમારા હાથ પડેગા. હમ નહિ હટેગા. હમ નીમક ખાયા "

બહારવટીયાએ આ વિલાયતી જુવાનના ગુલાબી બદન પર સાચો રંગ પારખ્યો સાથીઓની તરફ વળીને કહ્યું કે "આવા વીરને એકલાને આપણે સામટા જણ ભેળા થઇને મારી પાડીએ ઇ શોભે ? બોલો ભાઇ !"

માણસો બોલતા નહોતા જમૈયાવાળા જુવાનને જોઇ રહ્યા હતા જુવાન અબોલ હતો, પણ એના દેખાવની ખુમારી જાણે હાકલ કરી કરીને બોલતી હતી કે "નહિ હટેગા નીમક ખાયા"

મૂળુએ આજ્ઞા કરી "આપો બેલી ! આપણે સહુ બાજુએ બેસી જઇયેં આપણામાંથી એક એક જણ ઉઠો. ને આ જુવાનની હારે જુદ્ધ માંડો બાજી તો ઇ પડે ત્યાર પહેલાં એના સરંજામને અડવું અગરાજ છે"

બધા જણ બાજુએ બેઠા એક જુવાન ઉઠીને આરબ સાથે બાખડ્યો. નીમકની રમત રમતો રમતો આરબ આખરે પડ્યો. મૂળુએ મરતા શત્રુની પીઠ થાબડી.

"શાબાસ તારી જણનારીને જુવાન !"

આરબની લાશ ઉપર બહારવટીયાએ કીનખાબની સોડ્ય ઓઢાડી લોબાનનો સુગંધી ધૂપ દીધો. અને મુસલમાની રીતે બહારવટીઆએ જુવાનને દફનાવ્યો

વાત કરનાર મકરાણી અભરામે કહ્યું કે "બાપુ! હું યે ઇ નવસો જણાની ગીસ્તમાં હતો. ભાગવાનું વેળુ ન રહેવાથી હું ઝાડવાંની ઓથે સંતાઇ ગયો'તો. સંતાઇને મેં આ આંખોય કિસ્સો નજરોનજર દીઠો'તો. જેવું જોયું છે તેવું જ કહું છું."

૨૭

ડુંગરની ભેખ ઉપર માથું ઢાળીને મૂળુ માણેક બેઠો છે. રોઇ રોઇને આંખો ઘેલર મરચા જેવી રાતી થઇ ગઇ છે. પડખે બેઠેલા માણસો એને દિલાસો આપવા લાગ્યા કે

"મુરૂભા! છાતી થર રાખો. હવે કાંઇ મુવેલો દેવોભા પાછો થોડો આવે તેમ છે?"

"બેલી! ભાઇ મુવો તે કારણે નથી હું રોતો. એવા સાત ભાઇને પણ રણછોડરાયના નામ માથે ઘોળ્યા કરૂં. પણ દેવો તો અમારા કુળને બોળીને મુવો."

થોડીવાર બહારવટીયો છાનો રહ્યો. પછી બોલ્યો "મારી મનની મનમાં રહી ગઇ. દેવાના કટકા મારાથી થઇ શકયા હોત તો મારા હાથ કેવા ઠરત! દુનિયાને દેખાડત કે ભાઇએ સગા ભાઇને અધરમ સાટુ છેદી નાખ્યો. પણ હવે બાજી ગઇ."

"મુરૂભા! માછરડાને પાદર વડલા નીચે સાહેબોએ દેવુભાની લોથ લટકાવી છે."

"ભલે લટકાવી.. જગત જોશે કે અધરમીના એવા હવાલ હોય. રંગ છે સાહેબોને. ભલે એની કાયાને કાગડા કુતરા ખાતા."

"મુરૂભા! હવે ઇ લોથમાં તો દેવુભાનો આતમા નથી રહ્યો. પાપનો કરનારો પ્રાણ તો ચાલ્યો ગયો છે. અને ખોળીયું તો હિન્દુ મુસલમાન સહુને મન સરખું જ પાક લેખાય. એ ખોળીયાને

અવલ મંજલ પોગાડ્યા વિના દેવુભાનો જીવ પ્રેતલોકમાં ઝંપશે નહિ."

"ભલે, તો લઇ આવીએ."

૨૮

માછરડાને પાદર પાકી ચોકી વચ્ચે દેવાનું મુડદું લટકે છે. દેવાએ ન કરવાનું પાતક કર્યું. મૂળુએ જાકારો દીધા પછી દેવો પોતાનાં ત્રીસ માણસોની સાથે ગામડાં ભાંગતો ને કુકેલ આચરતો. એક દિવસ બહારવટીયા બુટાવદર નામના ગામ પર પડ્યા. ગામ ભાંગ્યું. ગામનો કોઠો કબ્જે લીધો. હીણી મતિના ભાઇબંધોનો ચડાવ્યો દેવો દારૂમાં ચકચૂર બન્યો. અને એ અક્કલ ખોઇ બેઠેલાના કાનમાં બેરૂએ ફૂંક્યું કે "દેવુભા! આયરના દીકરાની વહુ: તારે લાયક એનાં રૂપ! તું આ ગામનો રાજા કહેવા. હુકમ દે, ઉઠાવી લાવીએ!"

"રે'વા દે! દેવુભા, અલ્લાના કસમ છે તને! એ કામો રે'વા દે! ખુદાનો ખોફ ઉતરશે, રેવા દે!"

મકરાણી સાથી સક્કર જમાદાર, કે જે ખંભાળીએથી દેવાની સાથે ભળેલો, તેણે આ બુરાઇમાંથી દેવાને ઘણો ઘણો વાર્યો. પણ દેવાનો દૈવ રૂઠ્યો હતો.

વરવો ચંદ્રવાડીઓ નામે આહિરઃ એના દીકરા શવાની આણાત સ્ત્રીને અધરાતે ઉઠાવી જઇ લંપટોએ કોઠામાં પૂરી. આખી રાત એ કાળો કોઠો આહિર અબળાના વિલાપે કમ્પતો રહ્યો. સવારે એને પાછા ઉઠાવી ઘેરે નાખી ગયા.

બીજા દિવસની અધરાત પડી. કોઠામાંથી કુકર્મીઓ ફરીવાર વછૂટ્યા. આહિરને ઘેર આવ્યા. ઘરમાં આહિરાણીને ન દેખી. વરવાને પૂછ્યું,

"ક્યાં છે બાઇ! બતાવ."

"હું નથી જાણતો."

"દ્યો એને ડામ."

વરવાને શરીરે જામગરીએ ચાંપી ચાંપી ડામ દીધા. વેદના ન સહેવાણી ત્યારે વરવો માન્યો : "આ પટારામા છે."

પટારામાંથી બાઇને ઉઠાવી. પ્રભાતે એનું અધમુવું ખોળીયું પાછું આવ્યું. ઓખામંડળની ધરતી પર નિસાસા વરસાવતી આહિરાણીએ શ્વાસ બંધ કર્યા.

બુઢ્ઢો આહિર વરવો જણે જણને પૂછતો હતો કે "ક્યાં જાઉં?"

"ઢાંકને ડુંગરે. જલદી પોગ, સાહેબોનું જૂથ છે." ધીરે અવાજે એટલું બોલીને એક વટેમાર્ગુ ચાલ્યો ગયો.

મૂઠીઓ વાળીને વરવાએ હડી દીધી. શ્વાસભર્યો, અંધારાભરી આંખે ઢાંક પહોંચ્યો. ગોરાઓની બંદૂકો ડુંગરાની અંદર દીપડાના શિકાર ખેલે છે. કાઠીઆવાડ એજન્સીના અંગ્રેજ અમલદારો, જેની જુવાની, જળભરપૂર સાયર જેવી જળી રહી છે, તેના પગોમાં આહિરે માથું મેલી ધ્રુશકે ધ્રુશકે રોવા માંડયું. પોતાને માથે ગુજરેલા અકેકારની કથની કહી. જુવાન ગોરાનું લોહી તપી ગયું. પૂછ્યું,

"ક્યાં છે બદમાશો?"

"બુટાવદરના કોઠામાં."

અંગ્રેજોએ ઘોડાં પલાણ્યાં ઇ. સ. ૧૯૬૦ના ડીસેમ્બર મહિનાની ૨૯મી તારીખ છે. ગોરાઓનો પાક દિવસ છે. લુંટારાઓને ઠાર કરી મોટાં ઇનામો મેળવવાના કોડ ઉછળે છે. આજનું ટાણું કેદિ' આવશે? આવો સોંઘો સુજશ ફરી નહિ જડે.

કાલી પલટણના મેજર એચ. ડી રેન્ડોલ
આસીસ્ટંટ પોલીટીકલ એજન્ટ કેપ્ટન હેબર્ટ
" " " " લાટુશ
" " " " હેન્ડરસન
કેપ્ટન હેરીસન
જમાદાર અલવી
જામનગર સીબંધીના જમાદાર નથુ આલા
" રાજા બહાદૂર જાલમસિંહ

એટલા જણાની સરદારીએ ફોજ ઉપડી. ઘોડાંનો ઘેર થઇ ગયો. બંદૂકોમાં કારતૂસ ચડી ગયા. આભ ધુંધળો થયો.

ખુદાવન્દરના કોઠા ઉપરથી ચાડિકાએ ડમરી દીઠી એટલે દેવાને ચેતાવ્યો કે "દેવુભા, વાર આવતી વરતાય છે."

ફોજ પહોંચે ને પહેલાં તો કોઠા ઉપરથી ઠેકી ઠેકીને દેવાની ટુકડી ભાગી છૂટી. અને વ્હારે એનો પીછો લીધો. વાઘેરો ઉતરીને વડાળી ગયા. વડાળી થઇને નવાગામ નીકળ્યા. નવાગામના વાડમાં પલટનના માણસો આંબી ગયા. ધીંગાણું થયું. બે વાઘેર ને ત્રણ પલટનીયા કામ આવ્યા. પછી ફોજવાળાએ ઓડા બાંધ્યા. સાહેબે આજ્ઞા કરી કે "રાજા બહાદૂર જાલમસંગ! તમે ફુગાસીઆ અને જામવાળીના ડુંગરા ઝાલો."

જાલમસંગ ફુગાસીએ ચાલ્યા. અને વાઘેરોએ માછરડાની ધાર ઝાલી.

માછરડાની ધાર તો નાની એવી ટેકરી છે. ચારે બાજુ મેદાન છે. ઉગમણી નદી ચાલી જાય છે. ટેકરી ઉપર કાંઇયે ઓથ નથી. ત્યાં વાઘેરોએ ખાડા ખોદીને જેવી તેવી આડશ કરી લીધી.

ત્યારે હથીઆરધારીઓએ ત્રણ બાજુથી લૂટારાને ઘેરી લીધા.

"સાહેબ!" ઉપર પહોંચવા માટે આકળા થઇ ગયેલા ગોરા સાહેબ લાટૂશને રાવ બહાદુર પોપટ વેલજી નામના અધિકારીએ વાર્યા, "સાહેબ! સાહસ નથી કરવા જેવું. ધીરા રહેજો!"

"હવે વાણીયો થા મા, વાણીયો!" એવો જલદ જવાબ આપીને લાટુશે ધાર ઉપર ઘોડાં મારી મૂક્યાં.

ઉપરથી બહારવટીયાની ગોળીઓના મે વરસ્યા. પેડુમાં જખ્મ ખાઇને જુવાન લાટુશ ઘોડા ઉપરથી ઉથલ્યો. નીચે પટકાયો.

ફોજના ગોળીબારે વાઘેરોનો પણ સોથ વાળ્યો. દુષ્ટ દેવોભા પણ છેલ્લે છેલ્લે ખરી બહાદુરી બતાવતો, એક ગોરાને સાથે લેતો, પોતાનાં પાપોનો હિસાબ દેવા પ્રભુને દરબાર ચાલી નીકળ્યો.

લાટુશના મોતથી વિફરેલો હેબર્ટ હાથમાં ઉઘાડી તલવાર લઇ ઘૂમે છે. એવે એણે એક જગ્યાએ એક વાઘેરને પડેલો દીઠો. એને મુવેલો માની ગોરો તલવારની અણી ઘોંકાવવા ગયો. મરણની તૈયારી કરતા વાઘેરે સૂતાં સૂતાં પોતાના પડખામાં પડેલી બંદૂક ઉપાડી હેબર્ટને ત્યાં ને ત્યાં ફૂંકી દીધો.

એ ધીંગાણાંમાં કામ આવેલા ઓગણીસ બદમાશોની લાશો બીજે દિવસે માછરડાને પાદર વડલાની ડાળે લટકી ત્યારે મુલકમાં ચરેરાટી બોલી ગઇ.

જુણુ માણેક મધરાતે આવી પહોંચ્યો. ચોકી વચ્ચેથી ભાઇની લાશ ઉપાડી ગયો. રૂગાડીને પાદર જઇને લાશને દેન દીધું.

માણેકે માંડવ રોપીયા, વાગે ત્ર'બક તૂર
દેવે ખાગેથી ડ'સીયા, હેબટ ને લટૂર

[માણેક વાઘેરે માંડવા રોપ્યા. ત્રંબાળુ ઢોલ ને તૂરીના નાદ થયા. દેવાએ તલવારથી હેબર્ટ અને લટૂશ, બન્ને ગોરાઓને માર્યા.]

***માછરડે શકત્યું મળી પરનાળે રગત પીવા,**
અપસર થઈ ઉતાવળી વર દેવો વારવા.

આજે ત્યાં–માછરડા પર બે સાહેબોની કબરો છે.

---

* કીનકેઇડનું ભાષાન્તર :

On Macharda Hill the Goddess (Kali)
came to drink the blood of men
And the Apsuras came in haste to wed
the hero Dev (Manik)

૨૯

"મુરુભા! આ વાડીની ઘટા હાલકી છે. ભૂખ્યા થાક્યા આંહી જ વિસામો લઈએ."

"હા ચેરસી! માણસું અનાજની ના પાડશે. પણ ઝાડવાં કાંઈ છાંયડાની ના પાડશે?"

હસીને જવાબ દેતાં દેતાં બહારવટીઆએ પોતાના દુબળા દેહ ઉપરથી હથીયાર છોડ્યાં. બરડાના વાછરડા ગામની સીમમાં એક વાડીનાં ઘટાદાર ઝાડવાં હેઠળ પોતાનું થાકેલું ડીલ પડતું મેલ્યું. ભૂખ અને ઉજાગરે એના પહાડી દેહને પણ પછાડી નાખ્યો હતો.

વૈશાખની ઉની લૂ વાતી હતી. ચારે કોર ઝાંઝવાં! ઝાંઝવાં! ઝાંઝવાં! જાણે નદી સરોવર ભર્યાં છે ને કાંઠે મોટી નગરીઓ જામી પડી છે!

બીજા ચાર સાથીઓ ભેળા હતા તેણે પણ હથીયાર પડીઆર ઉતારીને ઓશીકે મેલ્યાં. ઝાડને થડ ટેકો દઈ પરાણે હસતું મ્હોં રાખતો બહારવટીયો બોલ્યો:

"જોયું ભાઈ જગતીયા! આ ઝાંઝવાં જોયાં? ઓખો જાણે આધો ઉભો ઉભો હાંસી કરી રહ્યો છે! અરે ભુંડા! પાંજે વતન ધકને ટરપરાવછ? અટાણે?"

મૂળુએ મ્હોં મલકાવ્યું: પણ એની આંખમાં ઝળઝળીયાં ભરી આવ્યાં.

દાદો કુરાણી જોઈ રહ્યો: "હઈ મુરુભા! કોચવાઈ જવાય કે?"

"અરે ના રે ના ! ઇ તો મુને જોધો કાકો ને દેવોભા સાભરી આવ્યો. પદરમાંનો ફોજ ફેગ્યાતા, તેમાથી આજ પાચ રહ્યા. હવે પાચમાથી તો કોઇ ખરે એમ નથી ને ભાઇ ?"

નાગસી ચારણે પોરસ ચડાવ્યો "આ પાંચ તો પાંડુ જેવા રીયા છીએ મુરુભા. હવે તે ખરીએ ? આવો સાથ છોડીએ ?"

"અને હવે કયા ઝાઝા દિ' કાઢવા છે ? ઠીક લાંઘણું થાવા લાગી છે. હવે તો દ્વારકાનો ધણી વેની વેલી દોરી ખેંચી લેશે !" મૂળુ પરાણે હસતો હસતો બોલ્યો

"એ ભૂખનો વાંધો નહિ મુરુભા !" વેરસી બગાસું ખાતો બોલ્યો "ભૂખ ખમાય, ઉજાગરા ન ખમાય આટાણે ભવેને કોઇ ભોજન ન આપે ! ઉતરાની કોઇ ના પાડે એમ છે ? ઉંઘ કરીને ભૂખ વિસરશુ."

સહુએ એક પછી એક બગાસાં ખાધાં.

"મૂળુભા ! હથીયાર છોડવાનું મન થાય છે ?"

"હવે હથીઆર છોડું ? ન્યાં આનાને છુટુ ? આટાણે તો દેવાવાળુ ગીત મોઢે ચડે છે "

ધીરે કંઠે મૂળુ ગાવા લાગ્યો

***ના રે છડિયાં હથીયાર અલાદા બેલી !**
મરણેમેં હકડી વાર, દેવોભા ચેતા
સુરુભા વંકડા ! ના છડિયાં હથીયાર !

*[હથીયાર નહીં છોડીએ અલ્યા ! અલ્લા ! કરો ઓ ભાઇઓ ! એક વાર મરવુ તો છે જ. દેવોભા કહે છે કે ઓ વંકા મરદ સુરુભા ! આપણે હથીયાર નહિ છોડીએ]

***પેલો ધીંગાણો પીપરડીએ કીધો ઉતે**
કીને ન ખાધી માર, દેવોભા ચેતા
સુરુભા વંકડા ! ના છડિયાં તલવાર.

[પહેલું ધીંગાણું પીપરડીનું કર્યું. ત્યાં કોઇએ માર ન ખાધો

લદૃર હેબટજી વારૂં રે ચડિયું બેલી
 જસ્તી માછરડેજી માર, દેવોભા ચેતો
 સુરૂભા વંકડા ! ના છડિયાં તલવાર,

[હેબટ લદૃરેની ફોજ ચડી, ત્યારે માછરડાની ધાર પર ચડયા.]

જોરો રફલ હણે છાતીએ ચાંપ્યો નાર
 હેબટ લદૃર સુંજે ઘા, દેવોભા એનો
 સુરૂભા વંકડા ! ના છડિયાં તલવાર.

[જેટાળી રાઇફલ છાતીએ ચડાવીને કહ્યું કે જોઇ લેજે હેબટ લદૃર ! મારો ઘા કેવો થાય છે.]

ડાબે પડખે ભેરવ બોલે જુવાનો !
ધીંગાણેમેં લોહેણુજી ઘમસાણ, દેવોભા ચેતો—સુરૂભા૦

[ડાબી બાજુએ ભેરવ-પક્ષી બોલ્યું છે. માટે આજ તો ધીંગાણામા લોહીના ઘમસાણ બોલશે. આજ મરણુ એવા શકન દેખાય છે.]

ચારે જણા લ્હેરથી ગીત ઝીલવા લાગ્યા. ગાઇને ભૂખદુઃખ વિસરવા લાગ્યા

ગાતો ગાતો મુળુ ઝોલે ચડ્યો નીંદરે ઘેરાણો ચારે સાથીડાનાં પોપચા પણ ભારી થવા લાગ્યા. ભેળો એક જણ ચાડીકો હતો એને બેસાડ્યો ઝાડ માથે અને પાચેને નીંદરે ઢાળી દીધા. લાંઘણો, ઉજાગરા અને રઝળપાટ થકી લોથપોથ થયેલાં શરીરો ઘસઘસાટ નખાઇ ગયા.

બંદૂક લઇને ઝાડ ઉપર બેઠેલ ચાડીકાને પણ ઝોલા આવવા લાગ્યા. બંદૂક પર ટેકો લઇને એ પણ જામી ગયો

સીમમાં એક આદમી આટા મારે છે. એણે આ સૂતેલા નરોને નિરખ્યા ઓળખ્યા. બાજુમાં જ પોરબંદરની ફોજ પડી હતી તેને જઇ વાવડ દીધા.

ફોજનો દેકારો બોલ્યો ત્યારે બહારવટીયા જાગ્યા. મુળુને મીઠું સ્વપનું આવતું હતું. જાણે ગાયકવાડી સભા બાપુ મખારામે એને

એ હજાર કોરી આપી છે, ને પોતે એ પૈસા ખરચી પરણવા ગયો છે. ફુલેકે ચડયો છે. રૂપાળી વાવેતરણી જાણે રાતને છેલ્લે પહોરે એનું કપાળ ૫૫ાળે છે.

એ મીઠું સોણું ભાગી ગયું. જાગે ત્યાં સામે મોત ઉભું છે

બહારવટીઓ ઉઠયો ગીસ્તની સન્મુખ પગલાં માંડયાં. બેરૂએ હાકલ દીધી.

"મુળુભા ! આમ આભપરા દીમના."

"ના ભાઇ, હવે તો રણછોડરાયજી દીમના !"

બહારવટીઓ ફોજની સન્મુખ ચાલ્યો વાર આવે તે પહેલાં તો પાચે જણાએ ગામ બહારના એક ઘરનો ઓથ લીધો એ ઘર ઢેતું હતું.

વારમાથી હાકલ પડી "તલવાર નાખી દે, જીવવું હોય તો."

જવાબમા ઓરડામાથી બહારવટીઓ ગહેકયો બેળા ચારે ભેરૂએ સૂર પૂરાવ્યા: શૂરવીરોએ જાણે પોતાના મોત વેળાની કવિતા પડી !

* ના છડીયાં તલવાર અલ્લાલા બેલી !
મરણેજો હકડી વાર ! દેવોભા ચેતો,
સુરૂભા વંકડા ! ના છડીયાં તલવાર.

---

* કીનકેઇડ આના ભાષાન્તરમા પણ બહુ છૂટ લે છે. એ લખે છે :

Here is a quatrain that was supposed to have been chanted as the storming party came up, and from its spirit, might have been sung on "the banks of the proud Eurotas —

"Hear the brothers Manik say
"Fame or death be ours to-day
"Captives we shall never be,
"Death may find, but find us free

"એ ભાઇ ! જીવવા સારુ નેતા નીકળ્યા. અને પે ! આવી જાવ. મડદુંના ધા જોવા હોય તો ઓરા આવો. આઘે ઉભા ઉભા કાં પડકારા કરો ?"

પાંચ જણા ખોરડામાં ગરી બેઠા હતા, પણ ફોજનાં પાંચસો જણમાંથી કોઇની છાતી નહોતી કે પડખે આવે. છેટેથી જ બંદૂકોનો તારોરો થયો.

પણ બંદૂકોની ઝીંકે ખોરડું પડ્યું નહિ. બહારવટીઆએ પણ સામો ગોળીઓથી જવાબ વાળ્યો.

"એવા સળગાવો ખોરડું !" ગીસ્તમાં ગોઠવણ થવા લાગી.

બંદૂકના ગજ સાથે દારૂની કોથળી ટીંગાડી. કોથળની સાથે લાંબી જામગરી બાંધી. જામગરી સળગાવીને ગજનેઃ ઘા કર્યો ખોરડા ઉપર પડતાં જ દારૂને દા લાગ્યો. ઘડીકમા તો ખોરડાને મોટા મોટા ભડકાએ ઘેરી લીધું.

જ્યારે બહારવટીઆ ધમાડે મુંઝાઇ ગયા, ત્યારે મુળુએ પોતાના ચારણ ભેરૂને સાદ દીધો : "નાગસી ભા ! તું ચારણ છો. માટે તું મારૂં માથું ઉતારી લે મારૂં મોત ગીસ્તને હાથે બગડ્યા મ દે. મારૂં માથું વાઢીને ફોજ લઇ જાશે અને મલકને દેખાડશે એથી તો ભલું કે તું દેવીપુતર વાઢી લે."

ચારણ ધ્રુજી ઉઠયો. મુળુભાનું માથું વાઢવાનું જોર એની છાતીમાં નહોતું. દડ ! દડ ! દડ ! ચારણનાં નેત્રોમાંથી નીર દડી પડ્યાં.

"બસ ! ચારણ ! મારૂં મોત બગાડવું જ ર્યું કે ? ઠીક. ત્યારે-બેલી, ઉઘાડી નાખો બારણું."

પાંચે જણા બહાર નીકળ્યા. સામેથી ગોળીઓની ઝીંક બોલી : અને આંહી ઉેલ્લા નાદ સંભળાણાઃ

"જે રણછોડ ! જે રણછોડ ! જે રણછોડ !"

ઇંદર લોકથી ઉતરીયું, રંભાઉં બોળે રૂપ
માણેક પરણે મૂળવો, જ્યાં ભેળા થીયા ભૂપ.

[ઇન્દ્રલોકથી રંભાઓ મહા રૂપ લઇને ઉતરી · જ્યાં ભૂપતિઓ ભેગા થયા છે અને નૂર માણેક પરણે છે ત્યાં–યુદ્ધક્ષેત્રમાં.]

નારીયું નત્ય રંડાય, નર કે દિ રંડાય નહિ,
ઓખો રંડાણો આજ, માણેક મરતે મૂળવો

[સ્ત્રીઓ તો રંડાય છે. પણ પુરુષ કદિ રંડાતો નથી. છતાં આજ તો મૂળુ માણેક મરતાં ઓખો (ઓખામંડળ) કે જે પુરુષવાચક છે, તે રાંડી પડ્યો. નિરાધાર બન્યો.]

ગોમતીએ ઘુંઘટ તાણીયા, રોયા રણછોડરાય !
મોતી હુતું તે રોળાઇ ગીયું, માણેક ડુંગરમાય

[ગોમતીજીએ શોકથી મ્હોં પર ઘૂમટો તાણ્યો. રણછોડરાય પણ રડ્યા. કેમકે માણેક રૂપી મહામોલું મોતી ડુંગરમાં નાશ પામ્યું.]

ઐતિહાસિક માહિતી

૧. વોટસન કૃત 'કાઠીઆવાડ સર્વ સંગ્રહ' : પાનું ૧૧૬–૧૧૭: ૩૧૩–૩૧૮ : વોટસનનું વર્ણન ઉપરછલ્લું અને અમલદારશાહીની એકપક્ષી દૃષ્ટિથી જ લખાએલું છે.

૨. 'ઓખામંડળના વાઘેરોની માહિતી' : રચનાર–દુ. જ. મંકોડી તથા દ. જૂ. વ્યાસ, દ્વારકા, મૂળ રા. સા. ભગવાનલાલ સંપતરામે લખેલ ઇતિહાસ પરથી ઉતારેલું આ પુસ્તક ઇ. સ. ૧૮૯૫માં પ્રગટ થયેલું. એમાં સારી પેટે, સમતોલ અને પ્રયત્નપૂર્વક એકઠી કરેલી માહિતી છે.

૩. મારા વૃત્તાંતમાં મહત્ત્વના પાત્ર રૂપે આવનાર રામજી શેઠના પૌત્ર રતનશી ભાઇ, કે જે આમાંની અમૂક ઘટનાઓના ખુદ સાક્ષી છે, તે હજુ બેટમાં હયાત છે. જોધા માણેકની મહાનુભાવતા એણે નજરો-નજર દીઠી છે.

જેસાજી વેજાજી

:: જુના સમયનું બહારવટું ::

[આશરે ઇ.સ. ૧૩૫૦માં જુનાગઢની ગાદી ઉપર રા ખેંગાર રાજ કરે : એને ભીમજી નામે એક કુંવર.

કુંવર ભીમજી વેરે પોતાની કન્યાના સગપણ માટે ઇડર રાજે શ્રીફળ મોકલેલું. ભીમજીએ પિતાને કહ્યું કે "બાપુ ! તમે પોતે જ પધારો તો ?"

રા'ની નિદ્રા ભીમજીને ભાસી ગઈ હશે.


રા' બોલ્યા : "ભાઇ ભીમજી ! તો પછી ઇડરનો ભાણેજ કાંઇ ફટાયો રહી શકે ખરો ?"

ભીમજી : "ના બાપુ. નહિ જ. નવાં રાજમાતાને જે દીકરો જન્મે તો મારે રાજ ન ખપે. મારો કોલ છે બાપુ !"

રા ખેંગારજી પરણ્યા. પુત્ર થયો. એટલે પાટની કુંવર ભીમજી ૪૫૦-ગામડા લઇને સરવાની ગાદીએ ઉતર્યો.

કોઇ કહેછે કે ૪૫૦ નહિ, પણ ચાર ચોરાસી : એટલે ૩૩૬ : રા.સા. ભગવાનલાલ સંપતરામ લખે છે કે એક જ ચોરાસી.

ભીમજીના છત્રસંગજી ને સુરસંગજી થયા. છત્રસંગજીના તે સરવૈયાર અને સુરસંગજીના તે ચુડાસમા :



આખી સરવૈયાવાડ આ બધાની. પણ રા' માંડળિકના સમયમાં જ ઘણો ગરાસ જૂનાગઢે દબાવી દીધો તેથી બહારવટું મંડાએલું. ગગદાસજી રા'ની સામે બહારવટે હતા.

ઇ. સ. ૧૪૭૨-૭૩મા માંળિકને મહમદ બેગડાએ પદભ્રષ્ટ કર્યો. મુસલમાનનું તખત મંડાયું. એટલે બહારવટીયાઓએ નવી સત્તા સામે મોરચા માંડયા. વીસ વરસ બહારવટું ચાલ્યું

લોબાગળ લાંકાળ, ગૂંજછ તું મોદળને ગઢે
(ત્યાં તો) સિંહળદિપ સોંડાળ કંપવા લાગે કવટાઉત!

[હે પાવળી કમરવાળા, માંસના લોચા ગળનારા સાવજ ! હે કવાટજીના પુત્ર જેસાજી ! તું જ્યારે જુનાગઢને કિલ્લે જઇને ગર્જના કરે છે, ત્યારે પાદશાહ રૂપી સૂંઢાળો ગજરાજ કંપવા લાગે છે.]

૧

"કોઇ અન્નપાણીનું ક્ષુધાર્થી ? કોઇ ભૂખ્યું દુખ્યું ? હોય તો આવી જાજો ભાઇ ! પેલો ભાગ તમારો."

મધરાતે મસાણમાં બેઠેલા માણસે આ પ્રમાણે સાદ પાડ્યો, અને એ નિર્જન ભૂમિ એના ઘેરા અવાજથી કાંપી ઉઠી. નવરાતના દિવસો ચાલે છે.

અવાજ દેનાર આદમી રજપૂત છે. પડખે ઢાલ તલવાર ને ભાલો પડ્યાં છે. સામે એક તાજું મુડદું બળતું હોય તેવી ચિતા સળગે છે. ચિતામાં ભડકા નથી રહ્યા, પણ લાકડાંના મોટાં મોટાં ખોડસાંનો દેવતા ચારે બાજુ લાલ ચટક ઝાંય પાડતો, તાં ન ઝીલાય તેવો આકરો, કોઇ અગ્નિકુંડ જેવો સળગી રહ્યો છે. રજપૂતનાં ત્રણે હથીઆર એ તેજમાં ચમકે છે. અને મસા-

સ્મમાં પ્રેત બેઠું હોય તેવો દેખાતો એ ગરાસીઓ આગમાં એક ધીંગો ઘેટો શેકે છે.

શેકીને એણે હાથમાં જમૈયો લીધો, ઘેટાના ભડથામાંથી કટકો કાપ્યો, અને ઉંચે જોઇ હાકલ દીધી કે "કોઇ અન્ન પાણીનું ક્ષુધાર્થી ! કોઇ ઉપવાસી !"

હાકલ પૂરી થાતાં જ પાછળથી, રજપૂતના ખંભા ઉપર થઇને એક હાથ નીકળ્યો. પંજો પહોળો કરીને એ હાથ જાણે કે જમવાનું માગે છે કોઇ બોલતું નથી. રજપૂત ચિતા સામે મ્હોં રાખીને બોલ્યો : "આ લ્યો ભા ! તમારે તો મોઢું દેખાડવામાં ય લાજ આવતી હશે ! ઠીક ! આરે મોઢું જોઇને કરવું છે ય શું ? લ્યો ભા, થાવ હાલતા."

રજપૂતને પાછળ નજર ન કરવાની તો પ્રતિજ્ઞા છે. વાંસેથી આવીને કોણ હાથ લંબાવે છે એ જાણવાની એને જરૂર નથી. કોઇ ક્ષુધાર્થી હશે એટલું જ જાણવું બસ હતું. માસનો પહેલો ટુકડો એણે એ ગેબી હાથની હથેળીમાં મૂકી દીધો. લઇને હાથ પાછો ચાલ્યો ગયો.

રજપૂત ઊભો થયો જમૈયો પોતાના શરીર પર મેલ્યો ઝરડ! દઈને એણે પીંડી કાપી કાપીને લોહી નીતરતી એ હાથમા મેલી ને જ્યા બીજી પીંડી વધેરવા જાય છે ત્યા મા! મા! એવો માગાર થયો અને કોણી સુધી હેમની ચુડીએ ખળકતો કંકુવરણો હાથ બહાર નીકળ્યો અને રજપૂતનુ જમણ કાંડુ ઝાલી લીધુ બોલ્યા

"કોણ છો તુ ?"

"બાપ! હુ શક્તિ!"

કહેતા જ દેવી સન્મુખ પધાર્યા

"માડી! કાંડુ કા ઝાલો ?"

"બાપ અન્નદેવે હાઉ! ધરાઈ ગઈ"

"રજપૂતનુ પણ લેવુ'તુ મા ?"

"પણ નોતુ લેવુ પણની કસોટી લે'વીતી લે બોન, તું કોણ છો બાપ ?"

"માડી! હુ બારવટીઓ છુ આરૂ માણસ તો આહીંઆ ક્યાથી બેઠુ હોય ?"

"નામ ?"

"જેસો"

"સાખે ?"

"સરવૈયો"

"એકને પડયે છો ?"

"ના, કાકાનો દીકરો વેજો જોયમા છે અને મોટાબાપુ અમરાસ ગુરૂપદે બેઠા છે"

"કોની સામે બેઠા છો ?"

"પાદશા સામે જુનગઢ ને અમદાવાદ, બેયની સામે"

"શી બાબત ?"

"અમારાં ૪૭૦ ગામ જુનાગઢે આંચકી લીધાં છે.

"બાળ બચ્ચાં ?"

"જગદમ્બા જાણે. એની સામું જોવાનો અમારો ધર્મ નથી. સાંભળ્યું છે કે નટના પખાંમાં છુપે વેશે રઝળે છે. જાણ થાય તો પાદશા છોકરાઓની હત્યા કરે."

"કેટલુંક થયાં નીકળ્યા છો ?"

"કાંઇ સાંભરતું નથી. મોટાબાપુને કાળા મોવાળા હતા તે ધોળા થઇ ગયા છે."

"બારવટે પાદશાને પોગાશે બચ્ચા ?"

"સારાં ઘોડાં મળે તો પોગાય માડી ! અમદાવાદ સુધીનો મુલક ધમરોળી નાખીએ."

"જેસાજી ! ઘોડાં કાર નહિ કરે. આ ગરના ડુંગરા અને ઉંડી નદીયુંમાં ઘોડાં ભાંગી જાશે જાવ બાપ ! સોમત નદીને કાંઠે તમને બે રોઝડાં મળશે. માથે પલાણીને હાંકયા કરજો. નદીયું આવશે ત્યાં ઠેકી જાશે. ને ડુંગરાના ગાળા ટપી જાશે. પહાડુંમાં હડીયાપાટી કરશે. જેસાજી ! તેં મને તારૂં અંગ અર્પણ કર્યું. તો મારૂં વરદાન સમજજે કે સતધરમ નહિ ચૂકો ત્યાં સુધી તમારો ધજાગરો હેમખેમ રે'શે."

કહીને શક્તિ અલોપ થઇ ગયાં.

૨

"ગઢવા ! જમવા મંડો ! કેમ થંભી ગયા ?"

પણ ગઢવો ખાતો નથી. ગામને પદર નટ લોકોના પંખા ઉતર્યા છે. સાંજ પડી ગઇ, દિવસ આથમ્યો એટલે શહેરના દરવાજા દેવાઇ ગયા, ને એક ચારણ મુસાફર બહાર રહી ગયો.

બે ત્રણ છોકરાં ચારણને પંખાના ઉતારામાં તેડી લાવ્યાં, બે બાઈઓ હતી તેણે રોટલા ઘડ્યા, ચારણને જમવા બેસાર્યો. પણ ચારણ થાળીમાં હાથ બોળતો નથી.

"ગઢવા! વ્હેમાવ છો?"

"તમે કેવાં છો મા! મારી ચારણ દેહ છે, એટલે હું જરાક આંચકો ખાઉં છું."

"ગઢવા! વન થાશો? તો વાત કરીએ."

"માડી! વન તો વાયે ય હલે: હું તો પાણો થાઉં છું: કહો જે કહેવું હોય તે: હું દેવીનું પેટ છું ઇ ભૂલશો મા."

"ત્યારે ગઢવા!

પે પાલટીએ પાટ, પંડ પાલટીએ નહિ!
ઘર ઓળખીએ ઘાટ, જગતે જે જેસંગતણા.

"ગઢવા! વેળા બહુ બુરી પડી છે. તેથી આ લૂગડાં બદલાવ્યાં છે. પણ પંડય નથી અભડાવ્યાં. અમે નટ નથી. અમે ગરાસીઆ છીએ. ગંગાજળિયા રા'નું કુળ છીએ. અમારા પુરૂષોને માથે પાદશાહનો કોપ ભમે છે"

"કોણ જેસોજી વજોજી તો નહિ?"

"એ જ. અમે એનાં ઘરનાં માણસો!"

"તમારી આવી દશા બોન્યું! આ બારવટાં? પંડ પર પૂરાં વસ્તર ન મળે? ખાવાની આ રાબ છાશું?"

"હોય બારોટ! વેળા વેળાની છાંયડી છે. અને ચાર ચોરાશીયુંના મોડ પહેરનારા પુરૂષો જ્યારે અનોધાં દુઃખ વેઠે છે, ત્યારે અમથી આટલાં તપ તો તપાય ને! તરવાર લઈને જે દિ જોડે ઘુમશું તે દિ' વળી વશેકાઈ વદશે. આજ તો આભને ઓળે છોરૂડાંને ઉછેરીએ છીએ ગઢવા!"

ચારણે વાળુ કર્યું. પ્રભાતે ચારણે રજા લીધી. કહેતો ગયો કે "માડી! છઉં તો પાદશાહનો દસોંદી, પણ તમારા ઠાકોરને ન ઉગારૂં તો આ અનાજ કીડાને ખવરાવ્યું સમજજો!"

"હજાર હાથવાળો ઉગારશે ગઢવા ! બાકી અમે તો ચૂડા ભાંગવા તૈયાર થઈને જ બેઠીયું છીએ. પણ અમારાં દુઃખને કારણે બારવટીયા પાદશાહને શરણે જાય, એ તો કદિ નહિ થાય."

"જેસોજી વેજોજી પાદશાહને શરણે જાય? હથીઆર મેલે? તો તો ગંગા અવળી વહે. અને રંગ છે તમને રજપુતાણીયું !" આમ રજાાને પણ ધણીઓને પાનો ચડાવો છો! રંગ!

હજી સૂર ઝળહળે
હજી સાબત ઈંદ્રાસણુ!
હજી ગંગ ખળહળે
હજી પરજળે હૂતાશણુ!

છપ્પય બોલતાં બોલતાં ચારણના રૂંવાડાં બેઠાં થઇ ગયાં. અને એણે દુહો લલકાર્યો:

(જો) જેસો ને વેજો જાય ઓળે અહરાણું તણે,
(તો તો) પે પાંડરૂં ન થાય કાળા ધેને કવટાઉત.

[જો જેસા તેમ જેવા અટંકી રજપૂતો પાદશાહને શરણે જાય, તો સૃષ્ટિના નિયમ પલટી જાય: તો તો કાળા રંગની ગાયનું દૂધ પણ કાળું

૩

વેજે વેજળ કોટ શીરાબંધ ચણાવીયે,
મલેમલની ચોટ સાવજ વાળી સોંઢાઉત.

[સોંડાજી સરવૈયાના પુત્ર વેજાજીએ ચૂનાબંધ વેજલ કોટો ચણાવ્યો. પાદશાહની સામે સાવજ સરીખો વેજોજી મલ્લની માફક દાવપેચ ખેલતો.]

દલબલ બીખરીયું કરે, પડ પડ મરે પઠાણ
. વેજો નાખે વાણય સાવજવાળી સોંઢાઉત.

[ત્યાં વેજોજી સાવજ સરખી ગર્જના કરે છે, ત્યાં તો ડરીને પઠાણો (પોતાના ઘોડા પરથી) પટકાઇ પટકાઇ મરે છે, ને એની સ્ત્રીઓ–બીબીઓ કલ્પાંત કરવા લાગે છે]

જૂને હળ જૂતે નહિ, કે ઘાતીયા ઘડે
કાંધલ હૈ કટે, મરડું લેવા સોંઢાઉત

[વેજાજીના ત્રાસથી જૂનાગઢની જમીનમાં હળો જૂતી શકતા નથી. આખી સોરઠ એને કબજે કરી લીધી છે]

ગિરમાં ગરન નદીના કિનારા પર જુનાગઢની દિશામાંથી ઘોડા જેવાં બે મોટા રોઝડા વારંવાર આવીને ઉભાં રહેતા, અને પોતાની પીઠ પર બખ્તર સોતા અસવારોને લઇને ભેખડો ટપી સામે તરે જતા આજ પણ રાવલકાંઠે રોઝડાના અસવારો ઉભા છે પાંચશાહી પઠાણોની ફોજે આજ બેય બહારવટીયાનો પીછો લીધો છે ઠેઠ જુનાગઢથી ફોજ તગડતી આવે છે

ઉપરકોટની અંદર પડીને આગલી રાતે એણે પાદશાહની સૂવાની મેડીમાં ખાતર દીધું મ્હોમાં તરવાર ઝાલીને ખીસકોલાની જેમ બેય ભાઇ ચડી ગયા ખીંટીની માફક સુવાળા પગના મેલીને અંદર ચાલ્યા બે પલંગ દીઠા એક પર પાદશાહ બીજા ઉપર હુરમ પતંગીયા જેવો ચંચળ અને પટાનો સાધેલ નાનેરો ભાઇ વેજોજી તરવાર કાઢી ઠેરવા ગયો ત્યાં જેસાએ પીઠ ફેરવી વેજાએ પુછ્યું

"કેમ પાછો દીધી ભાઇ ?"

"પાદશાહની બીકથી નહિ, બાપ ! ધરમની બીકથી "

"શું છે ?"

"હુરમ બેનના લૂગડાં ખસી ગયા છે "

"કાંઇ વાંધો નહિ આપણે માજણ્યા ભાઇ જેવા શક્તિ સાક્ષી છે હો ! હું દાબી આવું "

વેજોજી ગયો. પોતાની પાસે પાંભરી હતી તે હુરમને માથે ઓઢાડી દીધી.

"હવે ભાઇ! હવે કરું આ પાદશાહના કટકા? આવો રંગ આપણી તલવારને કે દિ ચડશે?" વેજો કાળનું સ્વરૂપ ધરી આંખોના ડોળા ધુમાવે છે

જેસાજીએ મ્હોં મલકાવીને નાકાર સૂચવતો હાથ ઉંચો કર્યો.

"કાં?"

"આ જેને પાંભરી ઓઢાડી એનો વિચાર કર છુ. મ્હોયેથી એને માની જણી બોન કહી દીધી. અને આપણે કોણ, વેજા? આપણે તો ગંગાજળ! પાંચાળીની એબ ઢાંકનાર યદુનંદનના બાળકો!"

બોલવાનો સંચળ થયો. ને ઓછી નીંદરવાળી પહાણજાદીની આંખોનાં પોપચાં, સરોવર માયલાં પોયણાં જેવાં ઉઘડ્યાં. "ઓ ખુદા!" એવી ચીસ એના ગળામાં જ રૂંધાઇ ગઇ.

વેજાજીએ ડોળા ફાડી નાક પર આંગળી મૂકી. હુરમ પાદશાહના પલંગ આડે ઉભી રહી.

"હટી જા બોન! તું બોન છો, બ્હીશ મા! તારો સતી ધરમ રજપૂતના હાથમાં હેમખેમ જાણજે. પણ આ અસૂરને તો આજ નહિ છોડીએ

"હું તમારી બોન! તમે મારા ભાઇઓ! કાપડું માગું છું."

"માગ્ય ઝટ!"

"મારો ખાવંદ. મારો પાદશાહ કાપડામાં આપો."

"પત્યું. વેજા! જેવાં આપણાં તગદીર! વળો પાછા. હવે તો પાદશાહ બોનને કાપડામાં રહ્યો."

બેય જણા ઉતરી ગયા. દાંતમાં લીધેલી તલવારો ઝબૂકતી ગઇ.

શું થયું, તેની બ્હીક નહિ, પણ શું થાત તેની બ્હીક થર થર કાંપતી હુરમે ધણીને અંગૂઠો મરડી જગાડ્યો. કહ્યું કે

"જેસો વેજો આપણા મહેલમાં!"

"હેં!" પાદશાહ હેબતાઈ ગયો "ક્યાં છે?"

"ચાલ્યા ગયા"

"કેમ?"

"પાદશાહનો જીવ મને બોન કહી કાપડામાં દીધો"

પણ પછી તો પાદશાહની ઉંઘ જાતી રહી દિવાલો પર, દરવાજે, પલંગ પાસે, પવનના ઝપાટામાં તે ઝાડના ફરફરાટમાં એણે બહારવટીયા જ જોયા કર્યો

મોદળ ભે મરે નહિ, સૂખે નો સુવાય,
મામદના હૈયામાંય, ફડે હરણા ફવદાઉત

[મોદળ (જૂનાગ.)ને ભય નથી મરતો સુખથી સુવાતુ નથી. અને મામદશા બાદશાહના હૈયામાં તો હરણા જેમ ફૂદકા મારતા હોય તેમ બેયના ફફાટ થાય છે]



૪

ચૈત્રની અંધારી રાતે, બેય બહારવટીઆ સોનરખ નદીને કાંઠે રોઝડા ઉપર અસવાર બની ઉભા છે મે'ની ઝડીઓ વરસે છે તેથી માથે કૂચનીઓ ઓઢી લીધી છે ભાલાના ટેમ લીધા છે અને ઘણા ઘણા દિવસના થાક ઉજાગરાથી બેયની આંખો મળી ગઈ છે એ ઘડી બ ઘડીના ઝોલામાં પણ બેય જણા પોતાના ગરાસ પાછો સોંપાયાના મીઠાં સોણા ભાળે છે જાણે બાર વરસની અવધિએ પૂરા બચ્યાની બેળા થઈ, રજપૂતો દૈયોની માયામમતાભરી કોયલીઓ ખાલી કરે છે.

ત્યાં તો ઝબકી ગયા કાન ચમકયા અરણ્યમાં આઘે આઘેથી પોતાના નામનો મીઠપભર્યો, ઠપકાભર્યો લલકાર સાંભળ્યોઃ

પડ ધ્રૂજે પૃથમાં તણું, કડકે નોબત કોય,
જેસા સામું ન જોય, કાન ફુટયા કવટાઉત.

[ઓ જેસા ! આ પૃથ્વીના પડ ધ્રૂજે છે નોબતો ગાજે છે છતાં હજુ કાં સામે નથી જોતો ? તારા કાન કાં ફુટી ગયા ?]

જેસા સામું જોય, ગડહડી નોબત ગુંજે
(પણ) કાળજુદી કોય, કેફરી ગતિ કવટાઉત.

[ઓ જેસા ! સામે તો જો આ નોબત ગુંજે છે પરંતુ કાળની ગતિ બહુ કપરી છે]

ત્રહ વાયાં ત્રંબાળ (કાં) સાંભળ નૈ સરતાન
જેસા હજી ન જાગ કાન ફુટા કવટાઉ

નીંગરતાં નિશાણ, (કાં) સાંભળ નૈ સરતાનનાં
જેસા હજી ન જાણ, કાં કાન ફુટા કવટાઉત

[ઓ જેસા ! કવાટજીના દીકરા ! આ સુલતાનના ડંકા નિશાન તારી પાછળ ગાજતા આવે છે તે હજુ ય કાં ન સાંભળ ? તારા કાન કાં ફુટી ગયા ?]

આઘે આઘેથી જાણે હવામાં ગળાઇને એવા ચેતવણીના સૂરો આવવા લાગ્યા

'ભાઇ વેજા ! કો'ક આપણને ચેતાવે છે કો'ક સમસ્યા કરે છે ચારણ વિના બીજો હોય નહિ ભાગો ઝટ વેજલકા'"

વરસાદમાં અંધારે રસ્તો ન ભાળતા, તરઓળ પડતા, નદી નાળા ટપીને બહારવટીયા નાસી છૂટયા

કાળભર્યો પાદશાહ ફોજ લઇને દેરાવેલી જગ્યાએ આવે તો બહારવટીયા ગેબ થયા હતા પાદશાહ સમજી ગયો ફોજમાંથી એક માણસે અવાજ દઇને બહારવટીયાને ચેતાવેલા એની સામે પાદશાહની આંખ ફાટી ગઇ પણ,

"તે ચેતાયા ?"

"હા, પાતશાહ સલામત ! મેં ચેતાવ્યા ને હું તારો *ચારણ છું. તુને આજ ખોટ્ય બેસતી અટકાવવા માટે મેં ચેતાવ્યા બાપ !"

"ફોજ પાછી વાળો જાવા દ્યો બહારવટીયાને"

"એ પાદશાહ !" હસીને ચારણે હાકલ દીધી

અયો ન ઉડળમાંય સરવૈયો સરતાનની
જેસો જોરે જાય, પાડ નહિ પતશાવરો !

[સરવૈયો બહારવટીઓ સુલતાનની બાથમા ન આવ્યો, અને એ તો પોતાના જોર વડે ચાલ્યો ગયો એમા પાદશાહ ! તારી કાઇ મહેરબાની ન કહેવાય]

"એસા !" પાદશાહ નાખુશ થયા "ફોજ ઉપાડીને બહારવટીઆને ગિરને ગાળે ગાળે ગોતો"

હુકમ થાતા ફોજ ગિરમા ઉતરી

દળ આવે દળવા કજુ, હીંકરડ ભડ હૈયાં
(ત્યા તો) ઝીંક ન ઝાલે ના કોમળ હાથુ કવટાઉત.

[પઠાણોના દળ બહારવટીયાને દળી નાખવાને કાજે આવ્યા પણ ત્યા તો એની કોમળ હાથો એ ભાઇના ઝાટકાની ઝીંક ઝાલી શકી નહિ]

મારગે ધીંગાણા મચાતા આવે છે પાચ પાચ પઠાણોને પછાડી પછાડી બે ભૂખ્યા તરસ્યા ને ભીંજાયના ભાઇઓ ભાગી છૂટે છે એમ થાતા આખરે રાવનકઠિ આવી ગયા

ગિર વીંધીને ગરવ પડી છે આભે અડવાની હોડ રમતી હોય તેવી એની ઉચી ઉચી ભેખો ચડી છે ઉચેરી ભેખડોને માથે પણ કયાઇક કયાઇક ડુગર ઉભા છે ભેખડોના પેગાળના

* કોઇ કહે છે કે એ ચારણનુ નામ ખવાન સાગ ને કોઇ કહે છે કે સાજણ બગરો.

પાળો આદમી પણ ન ચીંધી શકે એવી ઘોર ઝાડી ઉભી છે એ ઝાડીને ઝાંઝે ઝાંઝે સાવઝ ડુકે છે. જેવા ડુંગરા, જેવી વનરાઇ, જેવા સાવઝ, તેવા જ ત્યાં વસે છે નેસવાસી રબારીઓ ને ચારણ આયરો. તેવી જ ચરે છે સાવઝશી ભેંસો આમ ગવલની ગોદમાં તો બધા બળીયા જ પાકે છે સાકુળાણી માતા જાણે કોઇ પૂર્વ જુગમાં શાપ લાગ્યાથી નદી બની ગઇ છે ઉનાળે શિયાળે અબોલ ચાલી જતી રાવલ આજ ચોમાસે ભાદરવાના ભરપૂર વરસાદમાં હાવીના ભુક્કા બોલાવે એવી મરતીમા બેપૂર ચાલી જાય છે. પાણીની થપાટો ખાઇને જાણે ગવલની ભેખો ગીડીયા કરે છે. દયા મયા એને સંસારમ કોઇની રહી નથી પ્રવાહમાંથી અવાજ ઉઠે છે કે માર માર માર માર માર! માર માર! બીજી વાત નહિ.

શક્તિએ સમર્પેલ રોઝડાં સાંકડા ગાળો ગોતીને ટપી ગયાં સામે કાંઠે ઉતર્યાં પછી પાછા ફરીને બેય ભાઇ જુનાગઢી સેનાને સન્મુખ ઉભા રહ્યા. રાવલે ફોજને સામે કાંઠે જ રૂંધી રાખ હતી સંધ્યાની લાલપમાં રંગાતી આ બે મરણીયા ક્ષત્રિઓને મુખકાન્તિ નિહાળીને પહાણો પાછા ફર્યા.

આંખે તમ્મર આવે એવો ઉંડો વોકળો સવરનળો અને એ ઝેરકોઠાની નદી એને કાંઠે કાંઠે નાનકડી સાંકડી કેડી છે. જાણ-ભેદુ વિના બીજું કોઇ એને જાણતું નહિ. કેડીએ કેડીએ રોઝડાં હાંકીને બેય ભાઇ ટોચે પહોંચે છે ને ત્યાં ડેલીબંધ દરવાજે ચોભાગા રજપૂતોની ચોકી વળોટી અંદર વેજલકોઠામાં જાય છે અંદર પહોળી જગ્યામાં દરબારગઢ બાંધેલો છે.

સવરનળો, રાવલ અને ઝેરકોઠાની ત્રણે નદીઓએ જાણે કે ચોપાસ આંકડા ભીડીને વેજલ-કોઠાને વચમાં લઇ લીધો છે. ક્યાંયથી શત્રુઓ ચડી શકે તેમ નથી ભેખડો ઉભી આભ-અડતી અને સીધી દિવાલ સરખી છે. ગિર માતાએ જાણે બહારવટીયાને પોતાની ગોદમાં લેવા સારૂ આવી થંકી જગ્યા સરજી હશે!

- એક બુઢ્ઢા રજપૂત સામે આંગળી ચીંધીને જેસાજી બોલ્યા, "ભાઇ વેજા ! જોયા મોટા બાપુને ?"

"હા, ત્રીજી પેઢી સુધી એને માથે ય આ વીતક વીતવાં લખ્યાં હશે ને !"

"ઉઘાડે ડીલે બેસીને નીચેથી કાંઇક વીણે છે."

"અને વીણી વીણીને ખંભા ઉપર શું નાખે છે ?"

બે ય ચાંચો મોટાબાપુની પડખે ગયા. ઉઘાડી પીઠ ઉપર માંસમાં મોટો ખાડો દીસે. ને ખાડામાં કીડા ખદબદે છે.

"મોટા બાપુ ! પાઠાને કેમ છે ?"

"બાપ ! જીવાત પડી ગઇ. ઉપાડું છું ત્યાં તો ઉછળી ઉછળીને બહાર પડે છે."

"તે પાછા વીણો કાં ?"

"બાપ ! એને મરવા ન દેવાય. પાછા પાઠામાં મેલું છું. એને એનું ઘર છંડાવાય કાંઇ ?"

"અરે મોટા બાપુ ! જીવાતને આમ જીવાડવી ? ફોલીને ખાઇ ન જાય !"

"પણ ભાઇ ! બહારવટાનો ધરમ તો જતિ ધરમ છે. જીવાતને મરવા ન દેવાય. એનાં જતન કરાય."

"તો તો ડીલને ફોલી ખાશે."

"તે સારુ તો આપણે રોજ પાઠામાં ગેર લોટનો પીંડો કરીને ભરીએ. જીવડાં લોટ ખાય ને કાયા બચી જાય: બે ય વાતે સગવડ."

દુઃખીઓ ડોસો લ્હેરથી દાંત કાઢવા લાગ્યો.

ધોળી ફરફરતી દાઢીના કાતરાવાળો મોટા બાપુ ગંગાજળ સંત સરખો દેખાતો હતો. બહારવટીયાના બાપનો એ સગો કાકો હતો. જુવાનીથી માંડીને આજ એંશી વર્ષ સુધી એ જુનાગઢ અમદાવાદની સામે ઝઝનો હતો. હવે બે ભત્રીજાના

દીકરાને તૈયાર કર્યા પછી પોતે થોડો થોડો વિસામો લેતો હતો. બહારવટાંના ઉંચા ધર્મોની તાલીમ એણે બે ય ભાઇઓને પહેલેથી જ દીધી હતી.

"મોટા બાપુ!" જેસાએ કહ્યું: "હવે તો સાવ વિસામો જ લ્યો. આ પાડા સોતા અમારી સાથે કેટલાક આવી શકશો? કયાંય લોટ મળ્યો, ન મળ્યો!"

"ભાઇ! વિસામો તે આ શરીર શી રીતે માણે? મન અમદાવાદ-જુનાગઢના કોટ કાંગરા માથે ઠેક દઇ રહ્યું છે. પણ શરીર મનના દોડમાં આંબતું નથી તેથી આંહીં એકું બેઠું જાણે રૂવે રૂવે શૂળા પરોવાના હોય એવું આકરું બને છે.

"મોટાબાપુ! હવે પ્રભુભજન!–

"બાપ! એકવાર અમદાવાદ શેરની બજારમાંથી સાચાં મોતીની માળા ઉપાડી આવું, છેલ્લીવાર પાદશાને જાસો દઇ આવું, પછી હાંઉ! કાયમનો વિસામો. બીજે અવતાર ક્યાં બારવટું ખેડવા આવવું છે?"

રાખમાં ભારેલા અગ્નિની માફક અંદરથી સળગતો ડોસો, ઉપરથી આવાં નિરાંતનાં વેણ બોલતો બોલતો પાડામાં લોટનો પીંડો ભરતો જાય છે, ને હેઠાં ઝરી જતાં જીવડાંને પાછાં ઉપાડી ખંભા નીચેના એ મોટા જખમમાં મૂકતો જાય છે. જીવડાં સુંવાળા સુંવાળા માંસના લોચામાં બટકાં ભરી રહ્યાં છે, પણ મોટાબાપુના મ્હોંમાં સીસકારો ય નથી. આ દેખાવ જોઇ બારવટીયાનાં કલેજાંમાં જાણે શારડી ફરે છે.

ભર જેજે ભાલાળા તણે ધાધુ એ ધમસાણ
અમદાવાદ અહરાણ, કાણું માંડે કવટાઉત !

[ભાલાવાળા બહારવટીયા જ્યારે અમદાવાદમાં જઈને ધમસાણ ચાવે છે ત્યારે ત્યારે મુસલમાનોને ઘેર કળ્પો-કલ્પાંતો મંડાય છે]

આવે ઘર અહરોતણા જેસંગ વાહળાં જાણ,
(આ તો) ખોદે લઇ ખરસાણ કબરૂં નવીયું કવટાઉત !

[જ્યારે જેસાજીની ફોજ મુસલમાનોના ઘર ઉપર આવે છે, ત્યારે (ખ)રસાણીઓને નવી કબરો ખોદવી પડે છે]

તેં માર્યાં મામદ તણા, ત્રંબસેં ઉપર ત્રીસ
(ત્યાં તો) વધીયુ વીઘા વીસ, કબરસ્તાનું કવટા.ત !

[ઓ કવાટજીના પુત્ર ! તેં મામદશા બાદશાહના ત્રણસો ને ત્રીસ પઠાણો માર્યાં, તેથી શહેરનું કબ્રસ્તાન વીસ વીઘાં વધારવું પડ્યું.]

⁂

અમદાવાદ શહેરની હીરામોતીની બજારમાં એક હાટ ઉપર ગગદાસ ડોસા બેઠા છે ઘોડાની વાઘ પોતાના હાથમાં જ છે હાથ, તલવાર ને ભાલો પોતપોતાના ઠેકાણાસર જ છે

પારખી પારખીને ડોસાએ મોતી સાટવ્યા

મોતીનો ડાબલો શેઠે એના હાથમાં દીધો. પલકમાં બુઢ્ઢો રજપૂત છલંગ મારી ઘોડાની પીઠ પર પહોંચ્યો ઝવેરી બેબાકળો બનીને દોડ્યો અને ખોંકારા દીધા કે “અરે દરબાર ! મોતીના આંકડા ચૂકવતા જાવ !”

"આંકડો ચૂકવશે મામદશા બાદશા! કહેજે કે કાકો ગંગદાસ મોતી સાટવી ગયા છે, અને જો નહિ ચૂકવે તો હું એનો મોલ ફાડીશ."

એટલું કહીને ડોસાએ હરણની ફાળે ફાળ ભરવાનો હેવાયો ઘોડો દેકાવ્યો અને વેપારીઓની ભૂમરાણ વચ્ચે કેડી કરતો, ઉભી બજાર ચીરીને છુટો નીકળી ગયો. માર્ગે આડા ફર્યા તેમાંના કૈંક પઠાણ પહેરગીરોના માથાં તલવારે રોળવતો રોળવતો ડોસો જાણે ગેડીદડાની રમત રમતો ગયો

કોપાયલા પાદશાહનાં પાણીપંથા ઉંટ અને ઘોડા બહારવટીયાની પાછળ ચડયા. કેડે કેડા ડ ધાઇ ગયા. કૈંક ગાઉની મઝલ કપાઇ ગઇ. પણ પાછળ ફોજના ઘોડાની પડઘી ગાજતી અટકતી નથી અને ગંગદાસનો ઘોડો ધીરો પડવા લાગ્યો.

"મોટા બાપુ! કેમ ઢીલપ વરતાય છે?" જેગો પુછે છે

"કાંઇ નહિ બાપ, ઇ તો ગળપણનું. લ્યો હાંકો!" વળી થોડીવાર હાંકયા પછી ધીરા પડે છે.

"મોટા બાપુ! ખરૂં કહો, શું થાય છે?"

"બાપ! પાંસમાં જીવાત્યની વેદના ખમાતી નથી."

"કાં! લોટ નથી ભર્યો!"

"ભર્યો'તો પણ ઘણા પહોર વીત્યા જીવાત્ય ભૂખી થઇ હશે."

"શું કરશું?"

"કણી અફીણ હશે? તો ઢીલને ટેકો થાય ને પીડ વિસરાય."

ત્રણેમાથી કોઇના ખડીયામાં કણી અફીણ નથી નીકળ્યું. ઘોડા પૂર પાટીએ લીધે જાય છે. ઉભું તો રહેવાય તેમ નથી. એમા જેસાજીને ઓસાણ આવ્યું.

કાળી ને જરાક પથરેળી જમીન આવી ત્યારે ભોમાં ભાલો ખુતાડીને એણે ઉંચો લઇ લીધો. ભાલાને કાળો ગારો ચોટી ગયો હતો તે ઉખેડી, જેસાજીએ અફીણ જેવી ગોળી વાળી.

"હો મોટા બાપુ અફીણ! ઠાકરની દયાથી મારા માથા-પાંથી આટલું જડી આવ્યું."

અફીણ જાણીને ગંગદાસજી આરોગી ગયા વેદના થોડી વાર વિસારે પડી ફરી ટટ્ટાર થઇને ઘોડો દોટાવ્યો પણ વેદના સહેવાતી નથી. પાઠામા ખદબદતી જીવાત શરીરની કાચી માટીમાં ઉંડી ને ઉંડી ઉતરતી જાય છે

ગગદાસજીએ ઘોડો ઉભો રાખ્યો, નીચે ઉતરીને ધરતી ઉપર બેસી ગયા, અને દીકરાઓને સાદ દીધો:

"જેસા વેજા! બાપ, બેમાથી એક જણો ઝટ મારૂં માથું વાઢી લ્યો. પછી માથું લઇને ભાગી નીકળો."

"અરે મોટા બાપુ! આ શું બોલો છો?"

"હા બાપ! હવે મારાથી ડગલું યે દેવાય તેમ નથી રહ્યું. હવે તો આ દેહ આની જ રાત રહેશે હમણાં જ દુશ્મનો આવી જાશે. પણ જો અહરાણ મારૂં માથું કાપશે તો હું અસર ગતિ પામીશ માટે મારી સદ્‌ગતિ સારૂ થઇને તમે માથુ વાઢી લો વાર કરો મા વાસે ઘોડાના ડાબા વગડે છે"

જેમોજી થંભી ગયો ગોત્રગરદનનું મહાપાપ એની નજર આગળ ઉભું થયું. એ બોલ્યો "ભાઇ વેજા! મારો હાથ તો ભાગી ગયો છે તારી હિમ્મત હોય તો વાઢી લે"

"વાઢી લે મારા દીકરા!" ગગદાસ બોલ્યો. "પાપ નહિ થાય, પુણ્ય થાશે"

ઘડીને માટે વેજો પરશુરામ જેવો બન્યો આંખો મીંચીને એણે ઘા કર્યો મોટા બાપુનું રેશમ જેવું સુંવાળું માથું પાવરામાં નાખીને ભાઇઓએ ઘોડા દોટાવી મૂકયા માર્ગે ઝાડવાં ને પંખીડાં

ચે જાણે કળેળતાં જાય છે કે અરે વેજા ! ગોત્રગરદન ! ગોત્રગરદન ! ગોત્રગરદન !

બહારવટીયા ઘણું ઘૂમ્યા પાદશાહી ફોજ મારગે ગગ દાસની લાશ ઉપર રોકાઇ ગઇ લાગી. ઓચીંતુ જેસાજીને ઓસાણ આવ્યુ.

"ભાઇ વેજા ! પાદશાહના માણસો મોટાબાપુના ધડને શું કરશે ?"

"દેન પાડશે."

"પણ ચેહમા માથા વગરતું ધડ બળે તો તો ગજબ થાય. મોટાબાપુ અસુર ગતિએ જાય."

"તો તો આ ગોત્રગરદન કરી એળે જાય ! શું કરશું ?"

"હાલો પાછા ! ચિતામાં માથું હોમ્યે જ છૂટકો છે."

બહારવટીયા પાછા આવ્યા. મરણીયા થઇને ફોજ માથે પડ્યા. ભાલાની અણીએ ચડાવેલું માથું ચ્હેમા હોમી દઇને અલોપ થયા.

૭.

જેસાના મારેલ જોય, હોદા કેક ખાલી હુવા
રહીયું બીબીયું રોય, કેકહુંદી કવટાઉત !

[કેટલા યે અમીરોને જેસાએ મારી નાખ્યા, તેથી કેટલા યે હાથીની અંબાડીઓ ખાલી પડી કેટલા યે મુસલમાનોની બીબીઓ રોતી રહી]

જેસાના જખમેલ જ્યાં ત્યાં ખબરૂં જાય,
(ત્યા તો) મામદના હૈયા માંય, ફૂદે હરણાં કવટાઉત !

[જેસાજીને હાથે અમૂક માણસો જખમી થયા, એવી ચોમેરથી ખબરો આવે છે, એ સાંભળીને મામદશા પાદશાહના હૈયામા હરણાં કૂદી રહ્યા હોય એવી વ્યાકુળતા ચાલે છે.]

ફર બગતર નર ફાડય, પાખર અસ વીંધી પૃથી
નડીયું સેંસ લલાટ ફૂંટ તાહળું કવટાઉત.

[ઓ કવાટજીના કુંવર ! તારા ભાલા કેવા જોરથી ભોકાયાં ! યવન યોદ્ધાઓના મસ્તક પર ઝીંકાતા એ ભાલાએ માથાના ટોપ વીંધ્યા, બખ્તર વીંધ્યા, પુરુષ વીંધ્યો, ઘોડાનું પલાણ વીંધ્યું, ને જાણે કે ધરતી વીંધીને એ ભાલો શેષનાગના લલાટ પર અડક્યો.]

મારી દળ મામદ તણા, ખુટવીયા ખાગે
જેસા .લોબાન જે કીધો મોંઘો કવટાઉત !

[ઓ જેસાજી ! તેં મામદશાના સૈન્યમાંથી એટલા બધા મુસલમાનોને મારી નાખ્યા છે કે એ બધાની કબર પર રોજ ધૂપ કરવાના લોબાનની માગ વધી પડવાથી લોબાન મોંઘો થઇ ગયો છે.]

* -

"વણારશી શેઠ ! થોડીક વાર આ ડગલો પેરી લ્યો. આજ તમે અમારા મેમાન છો. તમને ટાઢ્યું નો વાય, માટે આ ડગલો પેરી લ્યો"

જંગલમાં બાન પકડાયેલા, જુનાગઢવાળા વણારશી શેઠે કડકડતી ટાઢમાં બહારવટીયાનો ડગલો પહેર્યો થોડીવાર થઇ ત્યાં શેઠનું સુંવાળું શરીર સળવળવા લાગ્યું. ગુલાબી ચામડી ઉપર ચાઠાં ઉઠ્યાં શેઠ ડગલો કાઢવા લાગ્યા. પણ તુર્ત જ બહારવટીયાએ એને અટકાવ્યો:

"ના શેઠ, ડગલો એમ ન કઢાય. એ તો હવે જ્યારે તમારી ચિઠ્ઠી જુનેગઢ નેકનામદાર પાસેથી સીકરાઇને આવશે ને, ત્યારે જ ડગલો તમારા ડીલ માથેથી ઉતરશે."

"બાપા ભાઇ સાહેબ ! પણ આમાં મારું શરીર વીંધાઇ જાય છે. રૂંવે રૂંવે આગ હાલી છે"

"શેઠ, અમે ડગલામાં કાંઇ એક વીંછી થોડા ભર્યા હશે ?"

"પણ બાપુ ! એ જેસાજી બાપુ ! મને વેદના બહુ થાય છે."

"અરે વાણીયા ! એમાં બીજું કાંઇ નથી. અમારા ટોલા છે. અમારા ચાંચડ માકડ છે. ભાઇ ! અમે તો રોજ આ ડગલા પેરીએ છીએ. પણ ટોલા બાપડા હવે તો અમારાં ડીલમાં લોહી વિના શું પીવે ? આજ ટોલાને ઠીક તમારૂં મીઠું લોહી મળ્યું !

"એ બાપા ! આ તો ગઝબ ! નથી રેવાતું."

"ફકર રાખો મા શેઠ. શેર અધશેર લોહીમાં કાંઇ મરી નહિ જાઓ. તમને અમારે બરછીએ નથી વીંધવા. તમને વાણીયાને અમે વાઢીએ કાપીએ નહિ. બ્હાલું લોહી ભાળીને તમને ઉતાવ આવે. ઇ કરતાં આ ટોલા ભલા તમને ય પૂણ્ય થાય ને અમને ય એક દિ' પાશેર લોહીનો બચાવ થાય."

"પણ મારાથી આ નથી સહેવાતું. મને મોકળો રહેવા દો. તમે રાખશો એટલા દિ' આંહી રહીશ."

"ભાઇ વેજા !" જેસો બોલ્યો, "શેઠને હવે સંતાપ મા. ઉતારી લે ડગલો."

ડગલો ઉતારતાં જ વાણીઆએ 'હાશ' ઉચ્ચાર્યું. શરીર પર જીવાતના ચટકાનું ચિત્રામણ થઇ ગયું છે.

"વણારશી શેઠ !" બહારવટીયો બોલ્યો: "આ ડગલો અમે રોજ પહેરીએ છીએ. અમારા દુઃખનો કાંઇ ખ્યાલ આવે છે?"

"શા સારૂ ટોલા સાચવો છો બાપુ !"

"તમારા ઓલા ધોળાં પીળાં લુગડાંવાળા પૂજ શા સારૂ ટોલા સાચવે છે ? જાણતા નથી ?"

"એનાથી તો જીવ ન મરાય. એ તો સાધુ કહેવાય. જીવ દયા પાળવાનાં એનાં વ્રત લેખાય."

"ત્યારે શેઠ, અમારે ય બહારવટાંનાં વ્રત હોય છે. અમે બહારવટીયા પણ અરધા જતિ. અમારાથી અંગ માથેની જીવાત ન મરાય. નીચી પડી જાયને, તોય ઉપાડીને પાછી લુગડામાં મેલવી જોવે. નવાય નહિ. ધોવાય નહિ આજ અઠાવીસ વરસથી અમારા આવા હાલ છે.

ડોશો વણિક વિચારે ચડી ગયો થોડી વાર રહીને મ્હો મલકાવી બોલ્યો "બાપુ! જૂ લીખને જાળવો છો ત્યારે વેપારી વાણીઆને બાન પકડી નાણા કા છોડાવો? આટલી બધી હત્યા કા કરો? ખેડૂના ખેતર કા ઉજ્જડ કરો? એમા એમા દયા નહિ?"

"ના, તમ પર દયા ન હોય શેની હોય? તમારા તો માથા વાઢીને ગિરને ગાળે ગાળે એના તોરણ બાધવા જોવે"

"કા બાપુ?" શેઠની રોમરાઇ થરેરી ઉઠી

"કા? પૂછો છો? લાજતા નથી? જે પાદશાહ અમારે માથે માછલા ધોવે, એને તમે સનામુ કરો? વેરા ભરો? એ અધરમીને ખેડુતો કામી કામીને ખોગળ પૂરે? એનુ રાજ તમે આહી નભાવો? એક તો પરદેશી ને વળી અધરમી! તમે એના કૂતરા બનીને પગ ચાટો, અમારા માથે જુલમ ગુજારવાની બધી જોગવાઇ કરી આપો, અને અમારે તમને જાવા દેવા એમ ને?'

બહારવટીયાને બોલે બોલે જાણે ગિરના ડુંગરા સાદ પૂરાતી રહ્યા છે પખીડાં ઝાડના ઉપર બેઠા બેઠા અગ સંકોડીને લપાઇ ગયા બહારવટીયો ફરી બોલ્યો

"ઈસ્લામથી તો આ ટોના ને ચાચડ માકડ ભના! પાદશાહને પૈસા ય નથી દેતા સનામુ ય નથી ભરતા અમારા ડીન ઉપર એને ઇશ્વરે અવતાર દીધો, એટલે બાપડા કયા જાય? પાશેર લોહી પાને પડ્યા રહે છે એને અમે કેમ મારીએ? મારીએ તો તમને જ'

વાતો થાય છે ત્યા ઓચીંતો ગથ ગાજ્યો રાતોચોળ મોઢો દેખાણો ભાલો ઉપાડીને ઠેક દેતો પચકેશાળો સારજ વેજો ડુગરાની ટોચે ગયો

"મોટાભાઇ!" વેજાએ કહ્યુ 'એક બાઇ માણસ ઉતયુ દેખાય છે હારે પાચ આદમી લાગે છે"

"હથીઆરબંધ?"

"ના, માથા ઉપર અક્કેક કોથળી મેલી છે. મજૂર જેવા હાલ્યા આવે છે."

"વેજા ! બાપ, સામો જા. જે કોઇ બોન હોય એને સાચવીને તેડી લાવ. વગડામાં જનાવરનો બો છે."

થોડીવારે વેજોજી એક બાઇને અને પાંચ કોથળીવાળા મજૂરોને તેડી ભોંયરે આવ્યો. બાઇને જોતાં જ વણારશી શેઠની મુખમુદ્રા, દીવેલ પૂરાતાં જેમ ઠાકરની આરતી ઝળેળી ઉઠે, તેમ ચમકી ઉઠી. આવનાર સ્ત્રીએ નીચું નિહાળી સાડલાનો છેડો સરખો કર્યો.

બહારવટીયા સમજી ગયા. પાંચે થેલી બહારવટીયાની સન્મુખ મૂકાવીને એ સ્ત્રી આગળ વધી. ગરવી, ગોરી, પેટે અવતાર લેવાનું મન થાય તેવી એ બાઇએ ઝણઝણાટ અવાજે પુછ્યું "ભાઇ; તમે જ જેસાજી વેજાજી ?"

"હા બાઇ ! અમે પોતે જ."

"લ્યો તમારાં દુ:ખડાં લઉં." આગળ વધીને બેય બહારવટીયાનાં નીચાં નમેલ માથાંને વાણીઆણે વારણાં લીધાં.

"તમે કોણ છો બા !" બહારવટીઆએ પુછ્યું

"હું તમારી બેન છું વીરા ! ને આ તમારા કેદીનો તમે દંડ કર્યો છે, એ દંડની કોરીઓ લઇને ચુકવવા આવી છું."

બહારવટીયા અજાયબ બન્યા: "આ શેઠ તમારે શું થાય બોન ?"

"મારા માથાના મુગટ. તમે એને જીવતા રાખ્યા, એથી હું તમારાં બાળ બચ્ચાંને આશિષ દઉં છું કે ઇશ્વર એના અખંડ ચૂડા રાખે."

"અખંડ ચૂડા !" બહારવટીયા હસી પડયા. "બાર વરસ સથી તો બોન, રજપૂતાણીયુંના ચૂડા વગર ખંડયે ખંડેલા જ છે. હવે અખંડ ચૂડાના કોડ રજપૂતાણીયુંને નહિ રહ્યા હોય."

સાંભળીને સહુ અબોલ બની ગયા.

જેરાજી બોલ્યો "બોન! હવે તમે આ ડુગરમાથી પધારો વણારશી શેઠ! હવે તમે છૂટા છો અને આ થેલીયુ પણ પાછી લઈ જાઓ."

"કેમ બાપુ!"

"અમારી બોનને કાપડામા પાછી આપીએ છીએ"

બાઈ બોલી "ના બાપુ! તમે રાખો તમારે જોવે"

"અમારે નહિ જોવે બોન! અમારે રૂપાના ખુમચામા નથી જમવુ પરન્તુ અમારે પાદશાહને પકવાન પિરસીને ક્યા જમાડવો છે? તમે પાછુ લઈ જાવ અમારે તો તારી એક કોરી પણ અગનાજ છે બોન!"

વણારશીએ બહારવટીયાના પગની રજ લીધી હાથ જોડીને કહ્યુ "બાપુ! હુ તો વાણીઓ સ્વાર્થમા બુડબુડા છુ પણ તમારા બહારવટાનો અત આણવા માટે મારાથી બનશે એટલુ કરીશ"

"ભાઈ! વીરા!" શેઠાણી બોલી "જુનેગઢ આવો ત્યારે બોનની ગાર લેજો હો? અને સાત પાદશાહની પાદશાહી વચ્ચે પણ મારુ ખોરડુ માના પેટ સમુ માનજો તમે મને નવો અવતાર દીધો છે હુ કયે ભવ ઇ કરજ ઉતારીશ?"

"રંગ છે તુને બોન!"



૮

બેય બહારવટીયા ઘોડેસવાર બનીને ગીરમા ચાલ્યા જાય છે દિવસ આથમી ગયો છે ને અંધારા ઘેરાય છે એ વિકરાળ ઝાડીમા કોઈ માનવી કે કાગો કાગડો દેખાતા નથી જુવાનો ભૂખથી ને મુસાફરીથી થાકી લોથપોથ થઈ ગયા છે

ધાટા જગનમા નસાની એક બાજુએથી માદણામા બેઠેલી એક ભેસ ઉભી થઇ, અને ચાલવા લાગી

જુવાનો જોઇ રહ્યા કે આહી ભેસ કયાથી ?

વેજો બોલ્યો કે "ભાઇ, આજ તો આ ભેસના દૂધનુ જ વાળુ કરવુ છે"

"બહુ સારૂ !"

અધારે અધારે ભેસનુ પૂછડુ પકડીને અસવારો ચાલવા લાગ્યા. થોડીક વારે ઉજ્જડ વગડામા રૂપાળો દરબારગઢ દેખાણો. ને ભેસ એ ગઢની ડેલીમા ચાલી ગઇ

અસવારોએ પણ ડેલીમા જઇ ઘોડાની રકાબ છાડી ઉતરીને ચોપાટમા બેસી ગઢ મોટો, પણ પ્રમાણમા કાઇ બોલાચાલ સભળાતી નથી કોઇ દરવાન પણ હાજર નથી

ઘડીક થયુ ત્યા એક સફેદ વસ્ત્રોવાળો ખૂબસુરત જુવાન આવીને ઉભો રહ્યો મુગો મુગો બથ ભરીને એ મહેમાનો સાથે ભેટયો જઇને ઘોડારમા બેય ઘોડા બાધી આવ્યો

વાળુની વેળા થઇ જુવાને ઓરડામા ગાલીચા પથરાવીને બેય પરોણાને જમવા બેસાર્યા રૂપ જેના સમાતા નથી એવી એક સ્ત્રીએ આવીને શાક રોટલા ને દૂધ પીરસ્યા રાતે ઓસરીમા મહેમાનો માટે ઢોલીઆ ઢળાણા કોઇ કોઇની સાથે કાઇ વાતચીત કર્યા વિના સહુ સૂતા ગયા

મુસાફરો તો અજાયબીમા પડયા છે આવી અતરીયાળ આ દરબારગઢ કોણે બધાવ્યો ? આવડા મોટા ગઢમા આ બે જ સ્ત્રીપુરૂષ શી રીતે રહેતા હશે ? બોલતા ચાલતા કેમ નથી ? આવા રૂપાળા બે મોઢા ઉપર દુઃખની પીળાશ શા માટે ?

ત્યા તો અદરના ઓરડામા સૂતેલો એ પુરૂષ કણકતો હોય એવુ સભળાણુ કોઇ ભારી કારમી વેદના થાતી હોય એવી રીતે કણુખી રહ્યો છે આખી રાત કણક્યા જ કરે છે ઝપ લેતો જ નથી

મુસાફરો ચોંકીને સાંભળતા જ રહ્યા. બેમાંથી એકેયને ઉંઘ આવી જ નહિ. વિચારમાં પડી ગયા. ભળકડા ટાણે ઓરડામાં કણકારા બંધ પડયા તે વખતે મુસાફરોની આંખો પણ મળી ગઇ.

સવારે તડકા સારી પેઠે ચડી ગયા ત્યારે અને મુસાફરોની આંખ ઉઘડી. નજર કરે તો ન મળે દરબારગઢ ! કે ન મળે ડેલીઆ ! બેય જણા ધરતી ઉપર પડેલા, ને બેય ઘોડાં બોરડીનાં ઝાળાં સાથે બાંધેલાં : માથે વડલો છે, ને પડખે ઉંચી ભેખડો વચ્ચે ધોળે દિવસે યે બ્હીવરાવે તેવા અવાજ કરતી ધાંતરવડી નદી ચાલી જાય છે.

તાજુબ થઇને બેય બહારવટીયા ચાલી તો નીકળ્યા છે. એનાં કલેજાં પણ થડક થડક થાય છે, પણ સાંજ પડી ત્યાં બેમાંથી વેજો બોલ્યો:

"ભાઇ! એ ગમે તે હોય, પણ આપણે એનો રોટલો ખાધો: ને હવે શું એનું દુઃખ મટાડયા વિના ભાગી જશું ?"

"સાચું ! ન જવાય. આજ પાછા પહોંચીને પતો મેળવીએ."

રાત પડતાં પાછા એ જ ઠેકાણે જઇ બન્ને ભાઇ ઉભા રહ્યા : એજ દરબારગઢ: એ જ ચોપાટ: એ જ જુવાન: એ જ રાંધીને પીરસનાર રંભા: એની એ જ પથારી !

વાળુ કરીને ઉભા થયા એટલે બે ય મુસાફરો એ જુવાનની આડા ફરીને ઉભા રહ્યા, અને પૂછ્યું "બોલો, કોણ છો તમે ? ને આખી રાત કણકયા છો કેમ ?"

"તમને એ જાણીને શો ફાયદો છે."

"અમે રજપૂતો છીએ. જેનો રોટલો જમ્યા એનું દુઃખ ટાળીએ નહિ તો મરવું પડે"

"જુવાનો !" ભાવા ભરેલી નજર નોંધીને ધણધણી બોલ્યો. "જુવાનો ! ડરશો નહિ ને ?"

"ડર્યા હોત તો પાછા શીદ આવત ?"

છાતી ચીરી નાખે તેવો ભયંકર સ્વર કાઢીને જુવાન બોલ્યો-અંદરથી આંતરડાં કપાતાં હોય એવી વેદનાભરી વાણીમાં બોલ્યો કે "જુવાનો ! હું માંગડો વાળો !"

"માંગડો વાળો ! ! !"

મુસાફરોના મ્હોમાંથી ચીસ નીકળી ગઇ.

"હા, હું ધાંતરવડીનો ધણી માંગડો : કમોતે મુવો. ભૂત સરજ્યો છું. વણિક-પુત્રી પદમાને લઇને આંહી એનાં લોહી ચૂસતો પડ્યો છું. તે દિ' ચાવડા આયલની બરછી ખાઇને હું પડ્યો. એ બરછીની કરચ મારી છાતીના હાડકામાં વીંધાઇને ભાંગી ગઇ. હજી એ હાડકું ને એ બરછીની કરચ આ વડલાની વડયમાં ભરાઇને પડ્યાં છે. એ બરછીની કરચ મારી છાતીમાં દિવસ ને રાત ખટકે છે તેથી હું ધખું છું ભાઇ!"

"એનો ઇલાજ શો ?"

"તમારાથી બને તો તમે હાડકું ગોતીને બરછીની કરચ કાઢો, ને મારાં હાડકાં દામા કુંડમાં પહોંચતાં કરો. નીકર આ વાસના-દેહ ટકશે ત્યાં સુધી હું એ ખટકા ખમ્યા જ કરીશ."

એટલું બોલીને ઓહ ! ઓહ ! કરતો જુવાન ઓરડામાં ગયો. બારણાં બંધ થયાં. મુસાફરો સુતા. સવારે એની એ દશા દેખી-

' વડયના થડમાં ખોદાણ કામ કરીને ભૂતે કહેલું હાડકું ગોતી કાઢયું. બરછીનો ટુકડો જૂદો પાડીને એ હાડકાં ઉઠાવ્યાં. એ ય બહારવટીયા દામે કુંડ ચાલ્યા ગયા. "

૯

ભાદરવા મહિનાની મેઘલી રાતે અમદાવાદના મહેલને ઝરૂખે પાદશાહ અને હુરમ જાગતાં બેઠાં છે. નદીમાં પૂર ઘુઘવે છે, આસમાનમાં ગાજવીજ અને કડાકા થાય છે. વિજળીએ એની

તો ધૂમાધૂમ માંડી છે કે જાણે આકાશની જગ્યા એને ઓછી પડે છે. ધીરે રહીને હુરમ બોલીઃ

"ઓહોહોહો ! કેવી કાળી ઘોર રાત છે ?"

પાદશાહે કહ્યું, "આવી રાતે કોણ ઘરની બહાર ભમતું હશે ?'

"બીજું તે કોણ ભમતું હોય ? બિચારા મારા ભાઈઓ જેને માથે તમ સરખા સબાનું વેર તોળાઈ રહ્યું છે!"

"કોણ ? જેસો વેજો ?"

"હા ખાવંદ ! તમારા તો બારવટીયા, પણ મારા તો જન્મના માનેલા સાચા ભાઈઓ !"

"બેગમ ! અટાણે મને એનું શુરાતન સમજાય છે. આવી ભયંકર રાતે શું એ વગડો વીંઝતા હશે ? બખોલોમાં સુતા હશે ?'

"બીજું શું કરે, ખાવીંદ ! તમે એને સુવાનું બીજુ ઠેકાણું ક્યાં રહેવા દીધું છે ?"

"હુરમ ! અટાણે એ બેય ભાઈ હાજર થાય તો માફી આપું ! ગામડાં પાછાં સોંપીને બારવટું પાર પાડું ! એવું મન થઈ જાય છે."

"અરેરે ! અટાણે એ આંહી ક્યાંથી હોય ?"

"સાદ કરો તો ?"

"પાદશાની રખેવાળી કરવા, બોન !"

"પાદશાની–તમારા શત્રુની રખેવાળી ?"

"હા બોન !"

"કેમ ?"

"અમારે માથે આળ ચડે તે બ્હીકે "

"શેનું આળ ?"

"તે દિ બોનને પાદશા કાપડામાં દીધેલો છે કોઇ બીજો દુશ્મન આવીને માથું વાઢે, તો નામ અમારાં લેવાય ! અમે રહ્યા બારવટીયા ! અમારી મથરાવટી જ મેલી બોન ! અમારા માથે જ કાળી ટીલી આવે ! અમારૂં ખોટું નામ લેવાય એ કેમ સખાય ?"

"વાહ રે મારા વીરાઓ ! રોજ ચોકી કરો છો ?"

"ના બોન ! આવી કોઇ ભયંકર રાત હોય તે ટાણે જ."

મામદશાએ કનોકન આ વાતચીત સાંભળી અટારી પરથી કુદી પડીને એ રજપૂત-વીરને ભેટી લેવાનું દિલ થયું. છાતી ફાટવા લાગી. રાજા બોલ્યા :

"જેસાજી વેજાજી ! સવારે કચારીએ આવજો આપણે કસુંબા પીવા છે "

"પાદશા સલામત ! તમારો પરદેશીનો ભરોસો નહિ. રાજમાંથી કોઇને હામી થાવા મોકલજો. કાલે બોરીઆને ગાળે."

એટલું કહીને બહારવટીયા ચાલી નીકળ્યા.*

૧૦

આવ્યો ચવાણો નહિ, ભાંગ્યો નો ભંગાય
મામદના મુખમાંય થાંઓ કાંકરો કવટાઉત!

[અન્નના કોળીઆમા જેમ કાકરો આવી ગયો હોય, એ જેમ ચવાય કે ભગાય નહિ, અને બહાર જ કાઢવો પડે તેમ કવાટજીનો પુત્ર જેસોજી પણ મામદશા બાદશાહના મુખમા કાકરા જેવો થઇ પડયો. એના ગરાસનો કોળીઓ બાદશાહના મ્હોમાથી પાછો નીકળ્યા વિના ઇલાજ નથી]

આવતી કાલે સવારે બાદશાહની કચારીમા બહારવટીયાનું બહારવટું પાર પાડવાનો અવસર છે.

આજ પહેલા પોરની રાતે બેય ભાઇઓ વેશ-પાલટો કરીને પગપાળા નગરની વાતો સાંભળવા નીકળ્યા છે. ગઢની અંદરની રગે રગે ચાલ્યા જાય છે. માણસોનો પગરવ ત્યાં થોડે જ છે.

"જોયું મોટા ભાઇ! શે'રનાં માણસોને શરમ ન મળે!"

"હોય ભાઇ! બાઇયું તો બચારી અટાણે જ પોટલીએ જવા નીકળી શકે. અને અબળાની જાત! આ રોગું અહરાણું ગાજે! એમા કેટલેક આઘે જાય!"

"પણ પુરૂષ ભાળીને ઉભીયું યે ન થાય?"

"ચુપ ચુપ! સાંભળ! આપણી વાતો થાય છે."

બન્ને જણાએ અંધારે ખુણે પીઠ દઇ ઉભા રહીને કાન માંડ્યા. હંસલા મોતી વીણે એમ વેણે વેણ વીણી લીધું.

ગઢની રાંગે, દિશાએ - બેઠેલી વાણીયાણીઓ અરસપરસ આવી વાતો કરતી હતીઃ

"હાશ ! દાદાને પરતાપે કાલ્ય બારવટીયાનું પાર પડી જાશે!"

"હા બાઇ ! ઠાકોરને દેવે પાદશાદને મારી મત્ય સુઝાડી. બાર વરસથી રોજ સાંજે દિ' છતાં દુકાનો વાસવી પડતી !"

"પણ પીટયો પાદશાહ દગો કરીને પકડી તો નહિ લ્યે ને ?"

"ના રે ! આપણું મા'જન બારવટીયાનું જામીન થયું છે ને !

"અરે બાઇ ! માજને ય શું કરે ? ધણીનો કોઇ ધણી છે ? મા'જન પાસે કયાં ફોજ છે ? પાદશા તો પકડીને પૂરી દ્યે બહારવટીયાને."

"પૂર્યાં પૂર્યાં ! અમારા લાલચંદ શા ને પાનાચંદ ઝવેરી જોયા છે ? દગો થયા ભેળી તો આખા અમદાવાદમાં હડતાળ પડાવે, હડતાળ. ત્રણ દિ' સુધી હીરા મોતી ને રેશમનાં હાટ ઉઘડે જ નહિ."

"હા, હો ! ઇ ખરૂં. મા'જન હડતાળ પડાવે. ત્રણ દિ સુધી રાજને બકાલુ, તેલ કે લોટ કયાંઇ લાખ રૂપીઆ દેતાં ય મળે નહિ બેગમુને ફુલના હાર ગજરા ય ન મળે ને !"

"તો તો પાદશાહ બાપુ આવીને મા'જન આગળ હાથ જ જોડે હો બે'ન ! હડતાળ કાંઇ જેવી તેવી વાત છે ?"

વાતો સાંભળીને બહારવટીયા શ્વાસ લઇ ગયા.

"મોટા ભાઇ !" વેજો બોલ્યો, "આ મહાજન આપણા જામીન ! પાદશા દગો કરશે તો આપણા હામી હડતાળ પાડશે ! હાટડાં વાસીને પાછલે બારણેથી વેપાર કરશે ! વાહ હામી ! પણ એમાં નવાઇ નથી. જેની બેન-દીકરીયું આમ બેમરજાદ બનીને ગોટલીએ બેસે, એના બાપ બેટાથી બીજું શું બની શકે ? હડતાળું પાડશે ! હાલો ભાઇ પાછા ! હેમખેમ બહાર નીકળી જાયેં. આંહી જો ડાકાં ઉડશે તો માજન હડતાળ પાડશે !"

"લાટ! બાપ! સચવેં રહે. આકરો થા મા. તેગ જો! તેગની ધાર જો! જેવા આવ્યા છીએ તો પૂરું જોઈને પાછા વળીએ."

અંધારાની ઓથે ઓથે બહારવટીઆ આગળ ચાલ્યા. ઘુમતાં, ઘુમતાં, ઘુમતાં એક બીજો લતો આવ્યો. મકાનોનાં બારીબારણાં આગ ચક લટકતા દીઠાં. નગરા નગરીમાં પ્રેત ફરતા હોય તેવી સફેદ બુરખામાં ઢંકાએલી, પગમાં ચટપટ બોલતા સપાટ વાળી કોઇ કોઇ અમીર ઓરત ક્યાંઇક ક્યાંઇક વરતાતી હતી.

"ભાઇ! પહેલવાડો લાગે છે."

ત્યાં તો આઘેરેક ગલીની રાંગને અંધારે ઝીણો કલબલાટ ઉઠ્યો:

"હાય ખુદા! કોઇ મરદ!"

"હાય હાય! અપના મું દેખેગા!"

"અબ કહાં જાય!

"યે કોટમે"

"યે કૂવેમે."

બહારવટીઆ નજીક પહોંચ્યા ન પહોંચ્યા ત્યાં તો કૂવામાં ધબકારા સંભળાયા, અને પાંચ દસ બાઇઓને ઉંધે મોંએ કાંટાના ઝાળામાં પડતી દીઠી.

સડેડાટ પગ ઉપાડતા બે ભાઇ દૂર નીકળી ગયા.

જેસો બોલ્યો "બાપ વેજા! આ બીબડીયું ભાગી! એનાં મલાજો ને કુળલાજ જોયાં?"

"હા ભાઇ! આના પેટમાં પાકેલાઓ જો હામી થાય, તો હડનાણું ન પાડે, પણ માથાં આપે એવા પાણીનું લોહી તે આનું નામ. મતીન સાદુ વટલેવાની વાત હું નથી કરતો.

"ત્યારે પાતશાહની ફોજમાં પણ અસલ લોહીના પાણી રહ્યે છે ખરા. બધા ય બાંડાઓ નથી લાગતા."

૧૧

"શેઠીઆવ ! તમારી અમારે માથે મોટી મહેરબાની થઇ. પણ પાદશાને જઇને કે'જો કે માજનના હામીપણા માથે તો અમે નહિ આવીએ "

"કાં બાપુ !" અમદાવાદી પાઘડીઓ વાળા શેઠીઆઓ હાથ જોડીને પૂછવા લાગ્યા

"પાદશા દગો કરે તો તમે શું કરો ?"

"અમે શું શું ન કરીએ ? અમે હડતાળ પાડીએ હાટડે હાટડે ખંભાતી તાળાં દેવરાવીએ વાણીની ઘાણી ને કુંભારના ચાકડા બંધ કરાવીએ અમે માજન શું ન કરી શકીએ ? શાક પાંદડાં બકાલાં સડી સડીને ગામને ગંધાવી નાખે, જાણો છો ઠાકોર ? ભલેને અમને વેપારમાં હજારૂની ખોટ્ય જાય તોય શું ? તમારા માથા ઉપરથી ઓળઘોળ કરી નાખીએ દરબાર ?"

"હા શેઠીઆવ ! તમે તો સમરથ છો પણ હડતાળ પાડયે કાંઇ અમારા ડોકામાંથી નવા કોટા થોડા ફુટે છે ! લીના માથાં ફરીવાર નથી ઉગતાં ભાઇ !"

"ઇ તો સાચું બાપા ! અમે તો બીજું શું કરીએ ? અમારી પાસે કાંઇ લાવ લશ્કર થોડું છે ?"

"શેઠ ! મારી ન શકો, પણ મરી તો જાણો ને ?"

"ત્રાગાં કરવાનું કો'છો ? અરરર ! અમે ત્રાગાળુ વરણ નહિ ઇ તો ભાટ-ચારણુંના કામ !"

"સારૂ શેઠ ! જાવ ! પાદશાને કે'જો કે અમારા હામી માજન નહિ"

"ત્યારે?"

"કાં રાણીજાયા, ને કાં બીબીજાયા!"

"બીબીજાયા! મલેચ્છ તમારા હામી? મારાજ નહિ, ને મલેચ્છ? જેને મોવાળે મોવાળે હિંસા! અરરર!"

કુલબલાટ મચી ગયો. મહાજનના શેઠીઆ સામસામા લાંબા હાથ કરીને જાણે પરસ્પર વઢી પડશે એવે ઉગ્ર અવાજે બોલવા લાગ્યા. અરર! અરરર! એમ અરેરાટીનો તો પાર જ ન રહ્યો.

મહાજન વીંખાયું. માર્ગે મીચકારા મારીને વાતો કરતા ગયા:

"હંબ! થાવા દ્યો. પઠાણને હામી બનાવીએ. સામ સામા મર કપાઇ મરે. કાં એનું બારવટું પતે છે, ને કાં એને પગાણો કાપે છે: બેય રીતે કાસળ જાશે."

"હંબ! ઠીક થયું. નીકર ભાઇ, આ તો પાદશાહુંદા મામલા! સપાઇ ધોકે મારીને હાટડાં ઉઘડાવે અને આપણે સુંવાળું વરણ. ધોકા ખાય ઇ બીજા! આપણે કાંઇ કાંટીઆ વરણ જેવા પલીત થોડા છીએ, ને ધોકા ખમી શકાય?"

"હંબ! બલ્લા ટળી!'

"હંબ! બળતું ઘર કગે કૃષ્ણાર્પણ!"

૧૨

પાંચસો ઘોડાંનો ઉપરી પઠાણ: લાલ ચટક મોઢું: મુખમુદ્રા માથી ખાનદાની ટપકતી આવે છે: હાવ ભાવ કે હાથજો જાણુતો નથી: માથા પર સોનેરી પટાની કાળી લુંગી બાંધી છે પાંચ જ અસવારે ઝાડીમાં ઉતર્યો. બહારવટીયાની પાસે જઇને જરા ય નમ્યા વિના, વધુપડતું બોલ્યા વિના, જાણ કરી કે "હમ તુમારા જામીન!"

ચડાવ્યું મોગ રાતે થાક્યો રણમલ મકાને ખોળે માથું નાખી સૂઇ ગયો તે વખતે કાકીને દીકરાનું વેર સાંભર્યું કંઇક બ્હાને વેજાજીને બહાર મોકલી પોતે એ ગોઝારા રણમલની હત્યા કરી

રોયુ રણમલીયા, માથે કર મેલે કરે
મરકુ મરવૈયા, તું જોખમતે જેસાઉત

[હે જેસાના પુત્ર રણમલ ! તું મરતે આખી સોરઠ શિર પર હાથ મૂકીને રડી]

વેજાજીને આઘાત થઇ ઘણા વિલાપ કર્યા સ્ત્રીને ઠાર કરી પોતે વેજળ ગઢે રહેવા ચાલ્યો ગયો પણ રણમલના મામા મોસાળુ લઇને આવેલા તેઓ પોતાના ભાણેજના ઘાતકનો જાન લેવા ચાલી નીકળ્યા તેઓને પાછા વાળવા પ્રયત્ન કરતો, ઘણું ઘણું મનાવતો, કરગરતો, ક્ષમાવીર જેસોજી પણ સાથે ચાલ્યો વેજળ કોઠા પાસે પહોંચ્યા ત્યારે જેસાજીએ પોતાના ઝનૂની સગાઓને કહ્યું કે "ઘડીક થોભો હું છેલ્લી વાર મારા ભાઇને મળી આવું "

એટલો સમય માગીને એ વેજળ કોઠે ચાલ્યો જોયું તો જેસાધાર રાસે વેજોજી ભાલો લઇને એક સૂવરની પાછળ શિકારે નીકળેલ છે સૂવર ઝપટમાં આવતો નથી.

"હાં ભાઇ !" જેસો આડો પગને ઉભો રહ્યો, "તું હવે એને ન માર એ રણમલનો જીવ હશે અને રણમલ અટાણે તારે ભાગે ચડ્યો છે

વેજોજી નીચે ઉતર્યો પોતાના કરમાવત ભાઇને ભેટી પડ્યો

જેસો બોલ્યો "ભાઇ વેજા ! લાખ વાતે પણ તને રણમલના મામાઓ જીવવા નહિ આપે અને તું મુવા પછી મારે જીવીને શું કરવું છે ? માટે પરાયે હાથે કપાવા અને કમોતે મરવા કરતા બેય જણા આહીં જ અરસપરસ મળીને એક જ સાથરે સવાઇ કરીએ જીવ્યા ત્યાં સુધી ભાઇઓ જ હતા મોત વખતે પણ માડીજાયા જ રહીએ."

વેજે માથું નમાવીને બોલ્યો ભલે ભાઇ, પહેલો મને જ મારી નાખીને તમારા હાથ ઠારો "

"ના વેજા ! એમ નહિ પ્રથમ તું મને ઘા કર પછી હું મરતો મરતો પણ તુને મારીશ "

"ના, તમે મારું માથું ઉડાવો હું પછી તમને મારીશ "

"ભાઇ વેજા, તારે માથે બે ખતા છે મોટા બાપુની અને રણમલની એટલે તારૂં માથુ વઢાણા પછી તું મને નહિ મારી શકે માટે, પ્રથમ તારો ઘા "

બોય પર પછેડી પાથરી બન્ને ભાઇ બેઠા કસુંબા લીધા હેત-પ્રીતથી ભેટયા પછી વેજાએ જેસાની ગરદન પર ઘા કર્યો ઘા કરીને પોતે માથુ ઝુકાવી બેસી ગયો


જેસાએ એક હાથે પોતાનુ કપાએલ મસ્તક ધડ ઉપર ટેકાવી રાખ્યું અને બીજે હાથે વેજા ઉપર ઘા કર્યો

બન્ને ભાઇઓ આવી શાંતિથી વેજલ કોઠા પાસે કામ આવ્યા.

બન્નેના ચગના (પાવળીયા) જેસાધાર ઉપર રોપાયા. તે પછી જેમાજીના બ્હેન ભાઇની ખાંભી માથે નાળીએર ચડાવવા આવ્યાં જુવે તો બેયના મ્હો ઉગમણા હતા કોની કઇ ખાંભી, એ બ્હેનથી ન વરતાયું.

હાથ જોડીને બ્હેન બોલી "હે વીરા ! હુ તને કેમ ઓળખું ! મારા હેત સાચા હોય તો હુ માગુ છુ કે જેસોજી ઉગમણો જ રહે, અને વેજોજી ગોત્રહત્યારો હોવાથી આથમણે મોઢે થઇ જાય !"

, બ્હેનની વાણી સાંભળીને બેમાથી એક ખાંભી આથમણી ફરી ગઇ હતી, એમ કહેવાય છે





આના જેવી બીજી શક્તિની દવા મને જણાઇ નથી, એમ વાપરનારને જણાઇ આવે છે

વીરીયલ

કોઇ પણ જાતની નબળાઇ દૂર કરે છે

નિસ્તેજ અને અશક્ત શરીર વીરીયલ દવાથી મજબુત અને કાન્તિવાળુ બને છે

કારણ કે

વીરીયલ દવામા વપરાતી દવા કીમ્મતી વૈદીક હોય છે જેથી શરીરની કમતાકાત નાશ થાય છે

દમ ક્ષય, ઉધરસ, જીર્ણજ્વર, મગજની નબળાઇ, સાંધાનો દુખાવો, વીર્યસ્રાવ આ દર્દો પર મજબુત અસર કરે છે.

સેંકડો લોકોએ વીરીયલ દવા વાપરી છે તેઓ સુખી થયા છે તમો કોઇ પણ શક્તિની દવા લેતા પહેલા વીરીયલ વાપરશો તો તમોને બીજી કોઇ દવા પસંદ પડશે નહીં

મોટી બાટલી રૂા. ૫)

નાની બાટલી રૂા. ૨)

વીરીયલ એજન્સી
કેમીસ્ટ એન્ડ પરફ્યુમર્સ
પ્રીન્સેસ સ્ટ્રીટ,
મુંબાઇ.

દવા વેચનાર પાસે મળે છે.

નરોતમદાસ ભાઉ
ઝવેરી




લગ્નસરા તથા શુભ અવસરને માટે તરે
ાના ચાંદી તથા ઝવેરાતના દાગીના ખરી
જુનું અને જાણીતું મથક.



ઘણો લાંબો વખત ચાલતી **વીન્ડસન** બેટરી નં ૫૫૫ વાપરો કે જેને માટે સંખ્યાબંધ માણસોએ વાપરી સંતોષ જાહેર કર્યો છે,

દરેક ઠેકાણે આબરૂદાર વેપારી પાસેથી મળી શકશે.

કીમત ૦—૬—૦



પાટલુન, કોટ, તેમજ વાસ્કુટના ખીસ્સામાં સહેલાઇથી રહી શકે તેવા સારા લાઇટના વીન્ડસન ટયુબ લેમ્પ નં. ૨૩૧ વાપરો કીંમત રૂ. ૧।, ૧॥, ૨) કમ્પલીટ

પોસ્ટેજ રૂ, ૦—૬—૦.

આજ કાલ ઘણા લોકો બીન અનુભવી માણસો પાસેથી વધારે કિંમત આપી હલકા ચસ્મા લઇ આંખો ખરાબ કરી પસ્તાયા છે તેથી ઘણાખરા ગામના અમારા કદરદાન ગ્રાહકોના આગ્રહને માન આપીને ઓછી કિંમતે સારામાં સારી કવોલીટીના ચસ્મા આપવાને અમે નિશ્ચય કર્યો છે માટે તમારે અગર તમારા ગામમાં કોઇ પણ માણસને કોઇ પણ જાતની આંખના દરદની ફરીયાદ હોય તેમણે તે દરદની વિગત અને પુરા શીરનામા સાથે અમને ફક્ત એક પોસ્ટ કાર્ડ લખવાથી જરૂર જણાશે તો આંખના ખાસ અનુભવી માણસ અમારા ખર્ચે તમારે ત્યાં આવીને આંખનો નંબર સાયન્ટીફીક રીતે મફત કાઢી યોગ્ય ચસ્મા એકદમ ઓછી કીંમતે આપશે અગર ચસ્માની જરૂર નહિ હોય તો યોગ્ય સલાહ આપશે.

આંખના ગમે તેવા દરદો ઉપર ચમત્કારીક રીતે અસર કરતી—**વીન્ડસન આઇ ડ્રોપ્સ નં. ૪૪૪** ની એક શીશી આજેજ મંગાવી ખાત્રી કરો. કી. શીશી ૧ ના રૂ. ૨) પોસ્ટેજ ૦—૬—૦

લખો:—

દોશી બ્રધર્સ

પાડા પોળના નાકે રીલીફરોડ. **અમદાવાદ.**

કાઠિયાવાડી ગુજરાતી ઝવેરીઓને

ઝવેરાત વેચવાનું અને ખરીદવાનું

જયપુરમાં ભરોંસાદાર મથક

આજે ૨૦ વર્ષો થયા અનેક રાજારજવાડા, વેપારીઓ

અને શ્રીમંતોને સંતોષ આપેલ છે.

ઝવેરાતની કિંમત સૌ કોઇ જાણી શકતા નથી. એટલા માટેજ ઝવેરાત **ખરીદવાનું** અને **વેચવાનું** કામકાજ ખાત્રી-વાળા ઠેકાણેજ કરવું જોઇએ. માટેજ

દરેક ફેશનના જડાવ અવાજદાર દાગીના તથા છુટું દરેક જાતનું ઝવેરાત ખરીદતી વખતે તેમજ કોઇ પણ જાતના ઝવે-રાતના જુના દાગીના તથા છુટાં ઝવેરાતની સારી **કિંમત ઉપ-જાવવી હોય** તે વખતે ઉપયોગી થઇ પડે, એટલા ખાતરજ લખી રાખોઃ-